

ડૉ. અનંત સ્મારક અંક
ઑગસ્ટ
૧૯૫૨
સળંગ ૩૪૪ મો અંક

સ્વ. ડૉ. અનન્ત પંડ્યા સ્મારક અંક | કુમાર | ઑગસ્ટ '૫૨ · સળંગ ૩૪૪મો અંક

સાંકળિયું

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ · વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છુટક નકલ: આ અંકનો એક રૂપિયો



ભારતરાષ્ટ્રના વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ

ભારત સ્વતંત્ર થયાને આજ (૧૫મી ઑગસ્ટે) પાંચ વર્ષ પૂરાં થયાં તેના સ્મરણમાં

ફોટો · ચિત્તરંજન આચાર્ય



સરસ્વતી

પ્રાચીન જૈન ચિત્રની અનુકૃતિ · ચિત્રકાર : કે. કે. હેબર

શ્રી મુંબાઇ અને માંગરોળ જૈન સભાના સૌજન્યથી · કુમાર ઑાગસ્ટ 'પર



જ્ઞાન અને કળાની અધિષ્ઠાત્રી દેવી 'સરસ્વતી'નાં શિલ્પો તથા આલેખનો ઘણા પ્રાચીન કાળથી જુદે-જુદે રૂપે થતાં આવ્યાં છે. એવાં પ્રાચીન શિલ્પો તેમજ નવાં આલેખનો અવારનવાર 'કુમાર'માં પ્રકટ થતાં રહ્યાં છે. આ ઉપર આપેલું ચિત્ર એક પ્રાચીન જૈન ગ્રંથની પાટલી પરના તળપદી ગુજરાતી ચિત્રશૈલીના આલેખન ઉપરથી મુંબાઇના જાણીતા કલાકાર શ્રી. કે. કે. હેબરે નિર્માણ કરેલી મોટા કદની અનુકૃતિની છાપ છે. જૈન પાટલી પરના એ મૂળ ચિત્રની નાની છાપ અહીં સામે બતાવી છે. પદ્માસના એ વીણાધારિણીના એક હાથમાં પોથી છે અને બાજુએ તેનું વાહન હંસ છે. માનવ આકૃતિને સામે બેસાડીને ચીતરી હોય તેવી આબેહૂબ ચિત્રણા નહિ, પણ મનોકલ્પિત ધ્યાનચિત્રની પ્રાચીન ભારતીય પ્રણાલીનું એનું આલેખન છે. મીન જેવી લાંબી આંખોવાળી તથા ઝડપી રેખાઓની ચિત્રણાવાળી આ ગુજરાતી શૈલી ભારતીય કલામાં વિશિષ્ટ ગણાય છે. તેનું ચિત્રસંયોજન લયબદ્ધ હોય છે. વીણાના દંડ રૂપી કર્ણરેખાથી વિભાગાતા આ ચિત્રના બંને ભાગને ભર્યાભર્યા બનાવતી જુદીજુદી વિગતો જે ભારસામ્ય તથા તાલબદ્ધતાથી બંને બાજુ સંયોજી છે એ આ ચિત્રને શોભન સુંદર બનાવે છે.

શ્યામ

· સિંધી ભૈરવી : ઠુમરી ·

મેશ ન આંજું, રામ!
લેશ જગ્યા નહીં, હાય સખીરી! નયન ભરાયો શ્યામ.
એક ડરે હું રેખ ન ખેંચું ભલે હસે વ્રજવામ,
રખે નયનથી નીર વહે તો સંગ વહે ઘનશ્યામ.–મેશ૦
કાળાં કરમનો કાળો મોહન કાળું એનું નામ,
કાજળની વધુ કાળપ લાગે કરશે કેવાં કામ.–મેશ૦

નિનુ મઝુમદાર

આ વર્ષાની મોસમ

· ગઝલ ·

આ વર્ષાની મોસમ, આ દરિયાકિનારો,
ગગનગોખથી વીજ કરતી ઈશારો,
રહ્યો ઘૂઘવી એ વિધે સિંધુ મોજાં,
કે ગુંજી રહી લાખ સાથે સિતારો!

લહર પર લહર દૂર આરાથી આવે
તમારા સતત જેમ આવે વિચારો,
કુદે છે તરંગો ને ઢગલા રચે છે,
હશે લાખ જીવોની શું એ મજારો?

મને વ્યોમ! તારા ઉપર હસવું આવે!
તું વર્ષાને દરિયે કરીશ શું વધારો?
જીવન પાણી પાણી છે આપણુ હે સાગર!
હૃદયમાં છે વડવાગ્નિ કેવો અકારો!

બન્યો છું હું ગાફિલ, છતાં હોશમાં છું,
નથી કોઇ બાજુ ત્યજ્યો મેં કિનારો.

આકિલ

(કાણાવાળો) પૈસો

· પરંપરિત હરિગીત ·

રૂપિયામહીં રૂપું નહીં એનો મને ના ખેદ;
–જાણું થોડો ભેદ, ને હું મન મનાવું તોલ એનો એ જ.–
ને અવરની તો શી તથા?
પણ એક આ પૈસો ગયો પલટાઈ એની તો કથા
કૈંક મુજને આમ લાગે:
પ્રથમનો જે એ હતો તે એ જ છે; પણ તાકીતાકી રોજના જોનારની
(ક્યારેય ના ખોનારની)
શી નજર બસ સોંસરી ઉતરી ગઈ છે મધ્ય ભાગે?

પ્રિયકાન્ત મણિયાર

મોરનું પીછું

· મિશ્ર ·

'શહેરના વ્યસ્ત ધમાલિયા પથે
કયો કલાપી નિજની કળા થકી
વેરી ગયો એક સુશોભ પિચ્છ?'
'એ તો અહીં મેઘજળે ભિંજાવ્યો
નવોસવો ડામરપંથ, તે પરે
સરી ગઇ મોટર થોડું રેડી
પેટ્રોલ: તેથી અહિં સપ્તરંગનાં
સોહી રહ્યાં વર્તુલ મસ્ત સુંદર!'

'પ્રાસનેય'

આ ચાર કાવ્યો પૈકી બે પરંપરાગત શૈલીનાં ને બે નવી વિચારણાનાં છે. છતાં જૂનાંમાં યે નવી ચમક જણાશે. દયારામની ગરબી કે સૂરદાસના પદનું સ્મરણ કરાવે એવા 'શ્યામ'વાળા કાવ્યમાં મેશ ન આંજવાનાં નિમિત્ત કેવાં સુંદર બતાવે છે! 'નયનમાં શ્યામ એટલો ભરાયો છે કે મેશ જેટલી યે જગ્યા રહી નથી! વ્રજની વામાઓ ભલે હસે; પણ મેશની રેખ ખેંચતાં આંખમાંથી પાણી નીકળે તેની સાથે કદાચ કૃષ્ણ પણ નીકળી જાય તો? અને છેલ્લે: 'કાળાં કરમનો કરનારો કાળો (કૃષ્ણ) ક્યાંક મેશની કાળાશ વધવાથી કોણ જાણે કેવાં યે કાળાં કામ કરી બેસે' એવી તોફાની ગાળની ચોટ વડે કાવ્ય પૂરું કર્યું છે.

ગઝલમાં છેલ્લે પોતાના અને સાગરના જીવનની સરખામણીમાંની કલ્પનાઓ સરસ છે: બંનેનાં જીવન પાણીપાણી છે; બંનેનાં હૃદયમાં આગ ભભૂકે છે, અને બંને મસ્તીમાં છતાં મર્યાદા લોપતા નથી. 'પૈસા'ના કાવ્યમાંનો તીણો કટાક્ષ જુઓ: 'રૂપિયામાં રૂપું રહ્યું નથી તેનો ખેદ નથી, કેમકે એનો ભેદ જાણું છું; છતાં વજન એનું એ જ રહ્યું હોઇ મન મનાવી લઉં છું; અને અવર (પાવલી-બેઆની વગેરે)ની તો પરવા નથી. પણ આ પૈસામાં કાણું શાથી આવી ગયું?' કવિને લાગે છે કે એ તો બીચારો એ જ રહ્યો છે: માત્ર રોજ એની સામે તાકીને જોનાર અને જેને ખોવો કદિ પરવડે તેમ નથી એવાની નજર સોંસરી ઊતરી જવાથી જ એ કાણો થયો! અને છેલ્લું કાવ્ય આધુનિક જીવનમાંથી પણ સુંદર કલ્પના લાધ્યાનું ઉદાહરણ છે.

બધાંના મનમાં સુંદર-અસુંદરની એક પ્રકારની ધારણા રહેલી હોય છે, તેથી શું સુંદર અને શું નહિ એ વિષે લોકોમાં ઘણા મતમતાંતરો અને ઉહાપોહ પ્રવર્તે છે. આ લેખમાં

સુંદર

શું અને કેમ ગણવું એ વિષે

સ્વ. કલાચાર્ય
અવનીન્દ્રનાથ ઠાકુર

કવિત્વમય બાનીમાં સમજાવે છે

[અનુવાદક · મણિલાલ અલગારી]

જે ઓ કૃતિ સર્જે છે ને જેઓ કૃતિ જુએ છે, વાંચે છે કે સાંભળે છે તેમની વચ્ચે, શું 'સુંદર' છે અને શું 'સુંદર નથી' એ વિષે ભારે ઉહાપોહ મચી જાય છે. કારણ કે બધાના મનમાં સુંદર-અસુંદરની એક પ્રકારની ધારણા રહેલી છે, ને પોતાને મતે જે સુંદર લાગે તેને બધા જ મેળવવા ચાહે છે. એટલે જ લોકો બીજાની કૃતિના સૌંદર્યમાં જાતજાતની ભૂલો કાઢે છે કે જુએ છે.

કોઈ જાણી જોઇને કાંઇ પોતાની કૃતિ ખરાબ કરતું નથી. બની શકે તેટલી સુંદર કરવા જ બધા ઇચ્છે છે. ફેર માત્ર તેમ કરી શકવાની આવડતમાં રહેલો છે. કોઇ તેમ કરી શકે છે ને કોઈ નથી કરી શકતું. મારા હાથમાં વાંસળી આપો તો તે બસૂરી જ વાગવાની. જે કવિ નથી તે કવિતા લખવા જાય તો મુશ્કેલી પડે જ. કાચબો પાણીમાં સરસ તરે, પણ ઊડવાનું તેને માટે એક ક્ષણ પણ ન બને. એટલે, આકાશના ઊડવાની જેમ કવિતા, ચિત્ર વગેરે સર્જવાનું વલણ તેને યોગ્ય મનુષ્યોમાં જ હોય છે.

ગીત સાંભળીને આપણને એમ લાગે છે કે હું યે ગાઈ શકું. મન મસ્ત થઇને ગાવા પણ માંડે: પરંતુ ભૂલો એવી થાય કે સૂરો જ કંઠમાં કેમે કર્યા ન પકડાય! બાળક જ્યારે સૂર-બસૂરમાં કે તાલ-બતાલમાં નાચવા-ગાવા માંડે છે ત્યારે તેની બધી અશક્તિ અને દોષો ભુલાવી દઇ આપણી આગળ તેના શિશુકંઠ ને સુકુમાર દેહની ભાષાનું અપૂર્વ સૌંદર્ય પ્રગટ થાય છે. પણ મોટા થયા પછી આવી છોકરમત જરા યે ન શોભે. આ પરથી પ્રતીતિ થશે કે સ્થળ-કાળ-પાત્રને હિસાબે જ અનેક કૃતિઓમાં સુંદર-અસુંદરના આવા ભેદ પડે છે.

હરણ વાંસળી સાંભળીને મુગ્ધ થાય છે ને સાપ વાંસળી સાંભળી ફેણ ઊંચી કરી મારવા દોડે છે. સાપ રમાડવાની મોરલી સાપના કાનને સુંદર સૂર આપે છે. સંભવ છે કે મનુષ્યના કાનને પણ તે થોડોક સારો લાગે; પરંતુ તેથી કાંઇ લગ્નની રાતે શરણાઈવાળાને બદલે કોઇ વાદીને બોલાવે છે? અલબત્ત, રુચિભેદને લીધે પડઘમ ને ઢોલ જેવાં વાજિંત્રો લગ્નપ્રસંગે બોલાવાય છે ખરાં. સૂતી શેરીને અને કાનની શ્રવણશક્તિને તીવ્ર નિનાદ વડે જગાડી બૅન્ડવાળાનું ટોળું પણ ગલીઓમાં આવીને ખડું થાય છે. પણ પોતાના મનને પ્રશ્ન કરી જુઓ તો તે જરૂર એવો જવાબ આપશે કે તે ઘડીક માટે હોઇને જ બધા એ સહી લે છે. ઢોલ-ત્રાંસાં તો બંધ થાય એ જ સારું, એ પણ મનુષ્યના મને જ ઘણા વખત પહેલાં કહી દીધું છે. પણ દરરોજ સંધ્યા વખતે આકાશને ભરપૂર કરી દેતાં જે શંખઝાલર વાગે છે તેના સ્વર-માધુર્ય વિષે બે મત હોય એમ જાણ્યું નથી. રણવાદ્યો રણમેદાનમાં જ સારાં લાગે. મંદિરના શંખ ને ઝાલર દૂરથી જ સારાં લાગે. સભાસ્થાનમાં વીણા, વેણુ કે મંજીરાં. ઘરમાં સુવર્ણ ચુડીઓનો ઝણઝણાટ, એમ સ્થળ-કાળ-પાત્રને હિસાબે જ બધું સુંદર-અસુંદર લાગે છે. ઢોલ જો ઘરમાં વગાડાય તો તેમાં સ્થળ-કાળ-પાત્રનો વિચાર નથી; નદીના સામે કિનારેથી મંદિર જ્યારે આરતીનો ઝનઝન ધ્વનિ અને ઘંટનાદ પવન અને પ્રકાશમાં આપીને આ કાંઠે મોકલે છે ત્યારે જ તે સુંદર લાગે છે. સંધ્યા-પ્રદીપ અને સંધ્યાનો તારો—એમાંથી એક અત્યંત દૂર છે ને એક અત્યંત નજીક છે, પણ સુંદરતાની દૃષ્ટિએ બંને સમાન હોઈ પ્રકાશની તીક્ષ્ણતા ઓછી કરી મનુષ્યની આંખ આગળ બંને સુંદર થયા.

દક્ષિણનો સમીર, શરદનો પ્રકાશ, એ બધાંના માધુર્યનું માપ તાપ-માન યંત્ર (બૅરોમીટર) દ્વારા થતું નથી. મનની વીણા ઉપર તેઓ પોતાનો હાથ ફેરવે છે ત્યારે ખબર પડે છે કે તે કેવાં સુંદર અને કેટલાં મધુર છે! જે ઉસ્તાદ નથી તે માત્ર લાકડાની વીણા પર જ ઘા કરી જાણે મન પર ઘા કરવાનું કૌશલ તેઓ જાણતા નથી. મનુષ્યને સૌંદર્ય સંબંધી અંદરથી કે બહારથી કોઈ સ્પષ્ટ ઉત્તર નથી મળ્યો. તેથી જ દેશેદેશમાં ને યુગેયુગે મનુષ્ય સમાલોચના કર્યા જ કરે છે. પંડિત કે અપંડિત બધા જ જાણે છે કે વસ્તુ કેવી હોય તો સુંદર ને કેવી હોય તો અસુંદર લાગે. છતાં એનો નિર્ણય આજ લગી હજી થયો નથી.

સ્થળ-કાળ બંને સૌંદર્યની બાબતમાં અનુકૂળ-પ્રતિકૂળ હોય છે, એ કેટલેક અંશે નક્કી થઇ ગયું છે. પણ પાત્રની દૃષ્ટિએ કોની આંખે શું સુંદર લાગશે એનો નિર્ણય તો પ્રત્યેક જણ પોતે જ કરે છે. દૂરથી શંખધ્વનિ એકાદ વાર સારો લાગ્યો એટલે જો કોઇ તે કાનની પાસે વગાડી કહે, 'સાંભળો કેવો સુંદર લાગે છે!' તો તર્કનો વંટોળ ઊઠ્યા વિના ન રહે. આ વાત રણઢોલ ને મસ્જિદની આઝાને પણ તેટલી જ લાગુ પડે છે. દૂરતાને કારણે ઘણી વસ્તુઓ સુંદર લાગે, પણ એ દૂરતા નિવારી જો નજીક લાવવામાં આવે તો તેનું બધું સૌંદર્ય માર્યું જાય.

આ વ્યક્તિગત મતામત અને સુંદર-અસુંદર વિષેના નાનામોટા તર્કવિતર્કોનો કોઇ અંત દેખાતો નથી. પણ વિવિધ સૌંદર્યનું સર્જન કરીને મનુષ્યે જોવા ઇચ્છ્યું કે એનો અંત આવી શકે કે નહિ? મનુષ્યે કળાકૃતિને સ્થળ-કાળ-પાત્રાતીત કરવા ઇચ્છ્યું. જે સાંભળવા માટેની કૃતિઓ છે તેને છંદ તથા સૂરથી, જોવા જેવી કૃતિઓને યથાઉપયોગી રંગ-રેખાથી અને વિવિધ નિયમો વડે સર્વને નિત્ય ઉપભોગ્ય અને સુંદર લાગે એવી

કરવાની કોશિશ યુગેયુગે મનુષ્ય કરી ગયો છે. સૂરને સંગીતશાસ્ત્રમાં, કથાને છંદશાસ્ત્રમાં અને ચિત્રને વર્ણશાસ્ત્રમાં પકડી મનુષ્ય જોતો આવ્યો કે એમ કરવાથી તે કેટલું કરી શકે છે; પણ વાસ્તવિકરીતે જે સુંદર છે તે શેમાં યે પકડાયું નહિ. તે વિચિત્રતા(વૈવિધ્ય) અને વિસ્તાર ઝંખતો વારેવારે બંધન તોડતો રહ્યો. કોઈ ચિત્ર, વર્ણવગર, કેવળ રેખાનો છંદ ધારણ કરી બહુ સુંદર બની ગયું; કોઇ ગીત શાસ્ત્ર પ્રમાણેના તાલમાન સૂર તજી ફક્ત સહજ થવાને કારણે અત્યંત સુંદર થઇ ગયું. વળી ક્યાંક ચિત્ર છંદ બનીને સુંદર પ્રગટ થવા લાગ્યું. ત્રણે શાસ્ત્રનાં પાનાં ઉલટપાલટ થઈ એક થઈ ગયાં. છંદ મળવાથી ચિત્ર સુંદર બન્યું કે સચિત્ર થવાથી છંદ સુંદર બન્યો એ સમજવું કઠિન થઈ ગયું—સમજાવવું પણ મુશ્કેલ બન્યું.

સ્થળ-કાળ-પાત્રની સીમા ઓળંગવા માટે કળાકૃતિમાં નવાનવા ઉપાયોનું ઉદ્ભાવન થયા જ કર્યું. આકાશનો ચંદ્ર મોટેભાગે આપણને બધાને જ સુંદર લાગે છે, પણ શાને લઈને ચંદ્ર સુંદર છે એમ પૂછવામાં આવે તો ભારે ગોટાળો થાય. કોઇ કહેશે ચાંદનીને લઇને ચંદ્ર સુંદર છે; કોઈ કહેશે એના ગોળ ઘાટને લઇને જ તે સુંદર છે; કારણ કે ઘણા કળાકારોને કાળો ચંદ્રમા ચીતરતા જોયા છે ને છતાં ચિત્રના સૌંદર્યને જરા પણ હાનિ થઈ નથી. કળાકાર માણસમાં ઘણા પ્રકારનાં ગાંડપણ હોય છે. એટલે બધા જ કાંઈ કાળા ચંદ્રનું ઉદાહરણ સ્વીકારવા તૈયાર ન પણ હોય, પરંતુ પ્રકૃતિદેવીને પોતાની કૃતિ માટે બરોબર આ રીતનું જ અવલંબન લેતાં મેં જોઈ છે. એક વાર થોડા દિવસ માટે હું પહાડ ઉપર રહેતો હતો ત્યારે તેણે સફેદ તુષારને ઘેરો નીલો કરીને મને બતાવ્યો હતો! દરરોજ સવારે સોનેરી આકાશપટમાં ઘેરા નીલા તુષારનાં મોજાં હોવા છતાં દૃશ્યપટના સૌંદર્યને જરા જેટલી ય હાનિ થતી નહોતી.

ચાંદની રાતને આપણે ઉજળી દૂધ જેવી સુંદર રાત કહીએ છીએ, પણ અંધારી રાતને કાળી ઘોર સુંદર રાત કહેતા નથી. છતાં એ ય સુંદર છે એનાં અસંખ્ય પ્રમાણો કવિઓ આપી ગયા છે. એક દિવસ હું એક ચીનનો અને એક જાપાનનો પંખો જોતો હતો. જાપાનનો પંખો સફેદ ને તેની પર વિવિધ રંગવાળું ચિત્ર હતું. જાણે દિવસના પ્રકાશમાં સુંદર વસુંધરાનો થોડોક ભાગ દેખાઈ રહ્યો છે. પણ ચીનનો પંખો એથી તદ્દન ઉલટીરીતે ચીતરેલો હતો. એની ઉપર એવું હતું કે જાણે અંધારી રાતનો એક પ્રલેપ હોયની! એમાં નહોતું કોઈ ચિત્ર કે રંગ; છતાં તે સ્નિગ્ધ ગભીર અને ઊંઘાડી દે તેવો કાળો હતો, પરંતુ બહુ સુંદર હતો! જાણે બે દેશના બે કળાકારો ઊડ્યા. એક જણ પતંગિયા માફક ઘરના બારણે થઈ પ્રકાશમાં ઊડ્યો. બીજાએ તદ્દન અંધકારના સાગરમાં હોડી હાંકી મૂકી. એ બંનેએ સૌંદર્ય જોયું ને સૌંદર્ય દેખાડતા ગયા.

જેઓ બહુ મોટા પંડિત હોય છે તેઓ સૌંદર્યને દીવો લઇને જોવા જાય છે; અને જેઓ કવિ ને રૂપજ્ઞ (Artist) છે તેઓ 'સુંદર'ની પોતાની પ્રભાથી જ 'સુંદર'ને જોઈ લે છે. તેમનું મન અંધારામાં પણ અભિસાર કરતું હોય છે. પ્રકાશમાં જ 'સુંદર' દર્શન દેવા આવે છે અને અંધારાથી એ દૂર રહે છે એમ કેમે ય કહી ન શકાયું. ઉલટું અંધારાને 'વિષમ' ન કહેતાં 'વિશદ' કહેવામાં આવ્યું. જોકે ભાષાતત્ત્વવિદ્ આવા શબ્દપ્રયોગમાં દોષ જોશે. કાળા દ્વારા પ્રકાશ અને રંગ સુંદરરીતે વ્યક્ત કરી શકાય છે તે બધા જ કલાકારો જાણે છે. આ સુંદર-શ્યામની સાધના ભારે કઠોર સાધના છે. તે માટે જાપાન અને ચીનમાં કળાના વિદ્યાર્થીઓને અમુક ઉંમર પહેલાં કાળા રંગથી ચિત્રો ચીતરવાની આજ્ઞા ગુરુ પાસેથી મળતી નથી. જે કૃતિમાં રસ હોય તે કૃતિ જ સુંદર કહેવાય એ વાત નક્કી થઈ ગઇ છે, પણ રસ અનુભવવા જેવું મન બધાં મનુષ્યોમાં સમાનરીતે વિદ્યમાન હોતું નથી. એટલે જ આ સારું છે ને તે સારું નથી એવા સવાલ ઊઠે છે.

મેઘની સાથે મયૂરની મિત્રતા છે તેથી જ એક દિવસ ગંધર્વનગરના વિચિત્ર રંગોનાં તારાફૂલોથી ગૂંથેલી માળા પોતાના ગળામાંથી મયૂરના ગળે પહેરાવી દઈ મેઘે તેને પૃથ્વી પર મોકલી આપ્યો. પ્રથમ તો મનુષ્યને એમ લાગ્યું કે આવો સુંદર શણગાર કોઇનો નથી. ત્યાર પછી ઓચિંતા એક દિવસ તેણે જોયું કે બગલાની હાર પદ્મફૂલની માળાની જેમ મેઘના રાજ્યમાંથી પૃથ્વી ઉપર ઊતરી આવી! એટલે મનુષ્યે કહ્યું, 'મયૂર અને બગલો બંને જ સુંદર છે.' વળી એક દિવસ નદીતીરે કે સરોવરને કાંઠે સારસ પંખી દેખાયું. એને વળી મેઘે પોતાના દેહના રંગે જ રંગીને મોકલી આપ્યું હતું. આમ, એક પછી એક 'સુંદર'ને જોતાંજોતાં મનુષ્યે વર્ષાઋતુ વિતાવી ત્યાર પછી શરદમાં નીલપદ્મની બે પાંખડી પહેરી નીલકંઠે આકાશમાં દેખા દીધી. આમ પ્રત્યેક ઋતુમાં મનુષ્ય પાસે 'સુંદર'નો સંદેશવાહક એક પછી એક આવવા લાગ્યો. સૌ છેલ્લે પોતાની અંધારારૂપી બે પાંખો પસારી અને આકાશપટનો પ્રકાશ બુઝાવી રાતનું કાળું પંખી ઊતરી આવ્યું. પૃથ્વીના કોઇ ફૂલ કે આકાશના કોઈ તારા સાથે મનુષ્ય તેની તુલના ન શોધી શકવાથી આશ્ચર્યસ્તબ્ધ થઈ ગયો.

આ જે માણસની વાત કરી રહ્યો છું તેવા માણસ જગતમાં એકાદ બે જોવા મળે છે. એવાઓની પાસે સર્વ સ્થળે વિવિધ રૂપ, છંદ, વર્ણ કે સૂરમાં વ્યક્ત થતું સૌંદર્ય પકડાઈ જ જાય છે. બાકી તો મોરલો જ સુંદર છે અને કાગડો સુંદર નથી એમ કહેનારા લોકોથી જ પૃથ્વી ભરાઇ ગઇ છે.

સૂરની વિવિધ લીલા પર કાબૂ ન કરતાં ગવૈયો મોઢાના હાવભાવમાં જ જ્યારે સિદ્ધ થઇ જાય ત્યારે સાંભળનારા 'શું ધૂળ ગાતાં આવડે છે?' એમ કહી ધુત્કારી કાઢે. તેના પ્રયત્નમાં, અલબત્ત, સૂરનું સૌંદર્ય પ્રગટ ન થયું, પણ બીજી એક વસ્તુ પ્રગટ થઈ ગઈ, જે ચિત્રકારને હાથે એક સુંદર ચિત્ર બની ગયું. (આવતા અંકમાં પૂરું)

વિનિપાત

શિવકુમાર જોષી કૃત
રેડિયો-રૂપક

★

પાત્રો

ડૉ. જયાનંદ
હૈદર
ૐ
બૅરિસ્ટર અવિનાશ
ડૉ. લલિતમોહન
ૐ
પૂરણ
જમના
સોમેશ્વર
કેદાર
ૐ
શુભદા
શાકિની

[બહારથી બારણા ઉપર ખૂબ ઉશ્કેરાટથી કોઈ હાથ પછાડી રહ્યું છે અને સાથે એવા જ ઉશ્કેરાટથી બોલી રહ્યું છે: 'વકીલ સાહેબ, ...અવિનાશભાઈ, બારણાં ઉઘાડો... એ વકીલ સાહેબ, બારણાં ખોલો...']

અવિનાશ: કોણ? (સત્તાવાહી અવાજે) કોણ છે એ અત્યારે? આટલી મોડી રાતે—?

અવાજ: એ તો હું...હું પૂરણ...બારણાં ખોલો...

[બારણું ઉઘડે છે.]

અવિ૦: કેમ પૂરણ? અત્યારે—આટલી મોડી રાતે?

પૂરણ: શું કરું સાહેબ? હવે તો નથી સહેવાતું. અમે બધાં ખરેખર ડરી ગયાં છીએ.

અવિ૦: અરે પણ છે શું? આમ ડઘાઈ કેમ ગયો છે?

પૂરણ: અત્યારે ને અત્યારે મારી સાથે ચાલો ભાઈ.

અવિ૦: અત્યારે જ? કેમ, ડૉક્ટરની તબિયત તો સારી છે ને?

પૂરણ: એ જ માટે તો હું આવ્યો છું. અબઘડી જ ચાલો.

અવિ૦: કેમ? જયાનંદને કાંઈ થયું છે?

પૂરણ: કાંઈ જ સમજાતું નથી. છેલ્લા દસ દિવસથી એમનું મોં જ કોણે જોયું છે?

અવિ૦: કેમ, ક્યાંક ચાલ્યા ગયા છે કે શું?

પૂરણ: ના, ના, દસ દિવસથી પ્રયોગશાળાનાં બારણાં બંધ કરીને અંદર ભરાઈ બેઠા છે! અંદર કાંઈ...

અવિ૦: અંદર કાંઇ...શું?

પૂરણ: અંદર કાંઈક અતેરૂં બનતું હોય એમ વરતાય છે. તમે ચાલો અવિનાશભાઈ; તો જ હવે કાંઇક રસ્તો નીકળશે.

અવિ૦: ભલે ભલે; હું આ આવ્યો. (કપડાં પહેરતાં પહેરતાં) ઘરમાં કોણ કોણ છે?

પૂરણ: બધાંય નોકરચાકર—સોમેશ્વર, જમના, કેદાર, હું...છીએ તો બધાં ય. પણ હવે તો અમારી હિંમત નથી ચાલતી. બધાં જ ડરથી ફફડી ગયાં છીએ...અને સાહેબ, સાથે તમારી પેલી પિસ્તોલ પણ લેજો.

અવિ૦: અરે, પણ એવું તે શું છે?

પૂરણ: મારું ગરીબ માણસનું માનો ભાઈ...

અવિ૦: ભલે, લે; તમે બધાં ખૂબ જ બી ગયાં લાગો છો. હુંમ્! ઠીકઠીક ચાલ...

પ્રવેશ બીજો

[ડૉ. જયાનંદને ત્યાં]

જમના: હજી પૂરણ ન આવ્યો. અવનાશ ભૈ નૈં આવે તો શી વલે થશે? મારું તો આ પાંચ દનથી પેટમાં કાળજું જ નથી, સોમેશર.

સોમેશ્વર: મારી તો રાત્રે જરા ય આંખ મીંચાની નથી. મારો ય જીવ તાળવે ચોંટ્યો છે. દસદસ દિવસ થયાં એમણે કાંઇ ખાધું કે નહિ એ ય સમજાતું નથી.

જમના: હા જોને; આ રોજ થાળી પીરસીને બે વાર બારણાં પાસે મૂકીએ છીએ, તે કોણ જાણે ક્યારે ઉપાડી લે છે તેની ય કંઈ ખબર પડતી નથીને?

કેદારનાથ: સારા દિન ઔર રાતભર કોઈ આદમી પાગલ કી તરહ ભીતરમેં ઘૂમતા ફિરતા સુનાઈ દેતા હૈ; મગર રામજી કી કસમ! વો ડાક્ટર સા'બ નહિ હો સકતે.

જમના: સાચું કહું ભૈયાજી? મને તો ફિકર થાય છે કે ફરી પાછો પેલો—

કેદાર: કૌન?

જમના: એનું નામ દેતાં જ હું તો ફફડી મરું છું.

સોમેશ્વર: પણ...પણ...કોણ?

જમના: પેલો રોયો હૈદર તો પાછલે બારણેથી માંહ્ય નૈં પેઠો હોય ને? પાછળના દરવાજાની ચાવી દાક્તરે એને આપી મૂકી'તીને?

સોમે૦: અરે, એ અહીં ક્યાંથી આવવાનો હતો?... એ તો પેલા સર કિરતનલાલનું મધરાતે ખૂન કરીને ભાગી છૂટ્યો છે. એ ક્યાંથી આવે? એનો તો ક્યાંય પત્તો નથી.

કેદાર: હાં વો તો કભી કા લા-પત્તા હૈ...ઔર વો ભીતરમેં ઘુસે કહાંસે? પિછલે દરવજ્જે પર ભી ઈતને દિનમેં કિસીકો મૈંને આતે નહિ દેખા. દસ દિનસે જૈસા ભીતરસે બંધ હૈ વૈસા હી આગેસે ભી બંધ હી હૈ...

સોમે૦: પણ કેદાર, પાછલા મેડાની પેલી બારીએથી તો કોઇ અંદર નહિ પેઠું હોયને?

જમના: હા બાપ...એનું તો નર્યું દીપડા જેવું જોર છે એમ લોકો કે'છે. તે ઠેકીને માંહ્ય પેઠ્યો હોય તો?

કેદાર: નહિ માજી, ઐસા કભી નહિ હો સકતા: ખિડકિયાં ભી જૈસી મજબૂત બંધ થી વૈસી હી હૈ. સબ જગહ મેરી કડી નજર ફિરતી હૈ. સિર્ફ કભીકભી રાતકો બત્તી જબ જલતી હૈ તબ કોઇ આદમી કી પરછાઇ અંદર ઘૂમતી ફિરતી દિખાઇ દેતી હૈ. મગર મેરી ભી અબ જિગર નહિ કિ...

સોમે૦: તો પછી માંહ્યથી રોજ આ દવા લાવો ને તે દવા લાવો એવા હુકમ કોણ છોડતું હશે? તેં સાંભળ્યો છે અવાજ?

જમના: ના રે બાપ! મારી તો ત્યાં લગણ પોંકવાની હેમત જ નૈં ને! પણ પૂરણ કાંઈ દાક્તર સાહેબનો સાદ પારખ્યા વના રે'? એ તો કે' છે ને કે કોઇ માંહ્ય ઘૂરકતું હોય એમ... દીઠું નૈં એનું મોઢું? ધોળો પૂણી જેવો તો બીકનો માર્યો થઈ ગયો છે... અરે, પણ હજી એ આવ્યો નૈં કેમ?

[બહાર પગલાં સંભળાય છે.]

સોમેશ્વર: જુઓ તો ભૈયાજી, કોણ આવ્યું?

કેદાર: પૂરન ભૈયા હી હોગા... (બારણું ખોલતો) લો, બાલિસ્ટર સા'બ ભી સાથમેં હૈં.

જમના: હા...શ, હવે કાં'ક મારગ નીકળશે. અવનાશ ભૈ, તમે આવ્યા તે બો હારું કર્યું.

અવિ૦: કેદાર, તું તો પહેલવાન છે; આમ ડરી જવાય?

કેદાર: મગર સા'બ યહાં તાકત કી બાત થોડીહી હૈ..?

અવિ૦: પણ છે શું આ બધું? પૂરણ મને રસ્તામાં પણ ખાસ કહી શક્યો નહિ. આવો બધાં, અહીં મારી પાસે આવો.

સોમે૦: ખૂબ જ અચરજ પમાડે એવું છે. જ'દના અંદર પેઠા છે તા'રથી રોજ જમવાનું બે વાર પીરસીને થાળી બારણાની બા'ર રાખું છું.

પૂરણ: પણ એ થાળી ક્યારે ઉપાડી લે છે તેની ખબર પડતી નથી. બહાર તો ફક્ત કાગળના ટુકડા જ મોકલે છે. છેલ્લા ત્રણ દિ'થી હું ચિઠ્ઠીઓ લઈ લઇને ગામના બધા દવાવાળાને ત્યાં ભટક્યો; પણ જે દવા લાવું છું તે ખરાબ જ હોય છે... 'આ નહિ... બીજી; આ પણ બરાબર નથી...'

અવિ૦: એટલે?

પૂરણ: દવા અંદર લઇ લે છે; પણ પછી 'દવા બરાબર નથી', 'ફરી લઇ આવ' એમ ઉપરાઉપરી હુકમો છૂટે છે.

અવિનાશ: એ ચિઠ્ઠીઓમાંની એકેય તારા પાસે છે ખરી?

પૂરણ: આ ગજવામાં જ બધી રાખી છે ને.

અવિ૦: લાવ તો. કેદાર, જરા બત્તી પાસે લાવ... હું મ્ (વાંચે છે) 'મેસર્સ કાન્તિલાલ ઍન્ડ બ્રધર્સ, દવાના વેપારી. જત દવા મોકલી આપવા માટે આપનો ઘણોઘણો આભાર. પણ આપની મોકલેલી દવા શુદ્ધ નથી, ભેળસેળવાળી છે. નવેસરથી આપ મોકલશો તો જિંદગીભર હું આપનો અહેશાનમંદ રહીશ.' હં... અને આ પાછળથી શું ઉમેર્યું છે? 'થોડા દિવસ પર આપે મને આમાંની જે દવા મોકલી હતી તે જ જોઇએ. તેનો થોડોઘણો ભાગ પણ બચ્યો હોય તો મોકલી આપશો, સાભાર તમારો ડૉ. જયાનંદ', હં...

પૂરણ: જુઓ આ બીજી ચિઠ્ઠી...

અવિ૦: (વાંચે છે) 'આ દવા પણ એવી જ નકામી નીકળી. ઇશ્વરને ખાતર પેલી આગલી દવા થોડીક પણ મોકલીને તમારા જૂના સંબંધી ડૉ. જયાનંદનો જીવ બચાવશો.' આ તો ખરું વિચિત્ર છે!... આમાં તો કાંઈ જ સમજાય તેવું નથી.

પૂરણ: હું પણ એ જ કહું છું. દવાવાળાના માણસે તો કંટાળીને ચિઠ્ઠી ફેંકી દીધી.

અવિ૦: પણ અક્ષર તો ચોક્કસ ડૉક્ટરના જ છે.

પૂરણ: તેથી શું? પણ...પ-પણ...મેં અંદર કોઈ બીજો જ આદમી જોયો છે!



... શુભદા અને શાકિની ...

અવિ૦: તું શું કહે છે!?

પૂરણ: હા; વચ્ચે એક દિ' હું બગીચામાં થઇને પ્રયોગશાળા તરફ જતો હતો એ વખતે જ અંદરનો માણસ દવા કે એવું કાંઈ કચરાપેટીમાંથી ફંફોળતો હતો. મને જોયો ને ભયંકર ચીસ પાડીને એક જ કુદકે એ અંદર જતો રહ્યો.

અવિ૦: હં... પછી?

પૂરણ: એક પળ વાર જ મેં એને જોયો, પણ એને જોતાંવેંત મારાં રુંવાડાં ખડાં થઈ ગયાં!

અવિ૦: તો એ શું ડૉ. જયાનંદ નહોતા?

પૂરણ: એ મારા માલિક હોય તો એમ મોં ઉપર ઢાંકપિછોડો શા માટે રાખે? અને મને જોઇને એમ ચીસ કેમ પાડે?

અવિ૦: ખરેખર વિચિત્ર! કંઈક ખૂબ ભેદભર્યું લાગે છે... પણ, મને લાગે છે પૂરણ,—એમ તો ન હોય, કે ડૉક્ટર કોઈ ભયંકર રોગમાં સપડાયા હોય અને તેની પીડાથી એમનું આખું શરીર તદ્દન બદલાઇ ગયું હોય... અને એ કારણે ગળાનો અવાજ પણ જુદી જાતનો નીકળે કદાચ.

પૂરણ: પણ તો પછી...?

અવિ૦: પોતાનું મોં કેમ છુપાવી રાખે છે, એમને?

પૂરણ: હાસ્તો! એમ કરવાની શી જરૂર?

અવિ૦: એ રોગનાં ચિહ્નો છુપાવી રાખવા માટે. કોઇને એવું મોં બતાવવાની એમની હિંમત ન ચાલતી હોય, અને તેથી આમ સંતાતા ફરે, એમ બને.

પૂરણ: એમ કદી યે ન બને...

જમના: હે રણછોડરાય, દયા કરીને દાક્તર સાહેબને જલદી સાજાસારા કરી દે.

સોમે૦: અરેરે, ભલા ભગવાન! કેટલાય દરદીનાં દુઃખ

ટાળનાર આવા ધરમીને ત્યાં ધાડ ?!

પૂરણ : ના ના, અવિનાશભાઈ, એમ કદી ન બને...મેં... મેં એ માણસને મારી સગ્ગી આંખે જોયો છે ને...

અવિ૦ : એટલે કે—

પૂરણ : ડૉક્ટર સાહેબ તો ઊંચા ને પડછંદ; અને ચાલે ત્યારે તેમનો ટટાર સીનો જોઇને ભલભલા માન મૂકે—

સોમે૦ : ત્યારે તમે, પૂરણભાઇ, જેને જોયાનું કહો છો એ—?

પૂરણ : એ આદમી તો સાવ ઠીંગણો, અને બેહૂદા બાંધાનો, તથા તદ્દન કઢંગી ચાલે ચાલતો'તો.

અવિ૦ : પણ કદાચ--

પૂરણ : શું કદાચ ? તમે ય સાહેબ શું એમ માનો છો કે આવડો અમથો હતો ત્યારથી જે માલિકને જોતો આવ્યો છું તેમને હું પિછાની ન શક્યો હોઉં ?...હું તો કહું છું કે ચોક્કસ એ બદમાશે—

જમના : શું પૂરણ— ?

સોમે૦ : એ બદમાશે એટલે ? કોણે ?

પૂરણ : ચોક્કસ કહું છું કે એ બદમાશે અમારા શેઠનું પણ ખૂન કર્યું છે... (ગળગળો થઇ જાય છે.)

જમના : ઓ મા ! (ચીસ પાડી ઊઠે છે) ના, ના. એવું તે વળી બને ? (રોઈ પડે છે.)

અવિ૦ : ના ના, પૂરણ એવું તો કાંઇ ન હોય. ડૉક્ટર હયાત છે એ તો હું તમને હમણાં જ સાબિત કરી આપું.

પૂરણ : કયી રીતે ?

અવિ૦ : કેમ ? આ ચિઠ્ઠીઓ શું બતાવે છે ? આ હસ્તાક્ષર એમના જ છે અને એ જોઇને મને તો ખાતરી થઇ છે કે ડૉક્ટર જરૂર જીવે જ છે...ચાલો તો—

પૂરણ : ક્યાં ?

કેદાર : કહાં સા'બ ?

અવિ૦ : આ ભેદ ઉકેલવાનો એક જ ટૂંકો ને ટચ રસ્તો છે. આપણે એ પ્રયોગશાળાનાં બારણાં તોડી નાખીએ.

સોમે૦ : અરે પણ—

અવિ૦ : ગભરાવ નહિ સોમેશ્વર.

જમના : પણ પેલો અજાણ્યો માણસ કાંઈ કરી બેસે તો?

અવિ૦ : શેનો અજાણ્યો માણસ? એ તો પૂરણનો ભ્રમ છે. અને છતાં યે આપણે આટલાં બધાં તો છીએ, પછી બીવાનું શું છે ? અને તમે કોઈ નહિ જ આવો તો પછી મારા મિત્ર ડૉક્ટરના હિત માટે હું એકલો જોખમ લેવા પણ તૈયાર છું.

પૂરણ : ના ના, એ શું બોલ્યા વકીલ સાહેબ ? અમે બધા તમારી સાથે જ છીએ... કેદારભૈયા, અત્યાર સુધી આપણને આ સૂઝ્યું કેમ નહિ ? જાવ તો, બગીચામાંથી ત્રીકમ અને કોહાડી લઈ આવો તો. અને સોમેશ્વર, તમે પેલો તમારો પાપડનો લોટ ગૂંદવાનો ઘણ લાવો.

સોમે૦ : બારણાં તોડવાં પડશે ?

અવિ૦ : સમજાવી જોઇશું. ઉઘાડશે તો ઠીક, નહિ તો અંતે તો એ જ રસ્તો. કોઇ પણ ઉપાયે ભેદ તો ઉકેલવો જ છે.

જમના : તો પછી જલદી કરો સોમેશ્વર; આ કેદાર તો લઇને આયો જાણો...પણ ભઇ, તમે બધા સંભાળજો, કહું છું.

[કેદારના જવાનાં પગલાં]

અવિ૦ : અરે જુઓ કેદાર, તમે પ્રયોગશાળાના પાછળના બારણે ઊભા રહો, કે એ બાજુથી કોઈ નાસી ન જાય. સાથે પડોશના બીજા કોઇ ચોકીદારોને યે તકેદારી માટે ઊભા રાખજો.

કેદાર : અચ્છા સા'બ, મૈં સબ ઇન્તેજામ કરતા હૂં.

અવિ૦ : ચાલો પૂરણ...જલદી કરો સોમેશ્વર.

પૂરણ : ખૂબ હલકા પગે ચાલજો. ભાઈ, આમ, આ બાજુ થઇને મારી પાછળ પાછળ ચાલ્યા આવો...ધીરે...ધીમેધીમે. અરે સોમેશ્વર, એમ અત્યારથી હાંફે છે શું ? ગભરાય છે કે ?

અવિ૦ : ડરવાનું કાંઇ નથી. ચાલ્યા આવો...

સોમે૦ : અરે અરે, પણ આ પાછળ કોણ આવે છે ? (મોટેથી બૂમ પાડે છે) કોણ છે પાછળ ?

જમના : એ તો હું છું.

અવિ૦ : તું રોકાઈ જા જમના; તારું ત્યાં કામ નહિ.

જમના : ના રે ભઇ, હું વળી આટલી રાતે એકલી ક્યાં ઊભી રહું ? મને તો બીક લાગે છે.

અવિ૦ : ભલે, તો ચાલ; સોમેશ્વર લાવો એ ઘણ મારા હાથમાં આપો, અને તમે આ દીવો લઇને આસ્તેઆસ્તે પાછળ ચાલ્યા આવો. જમના, સોમેશ્વરનો હાથ ઝાલી લે તો.

જમના : એ હો ભઈ.

[શીશા ને શીશીઓ પર ચાલવાનો અવાજ—
થોડાં કાચનાં વાસણ ફૂટતાં હોય તેવો અવાજ
—કોઇકોઇ શીશા ગબડી પડવાનો અવાજ]

અવિ : આ કાચનો ઢગલો છે કે શું પૂરણ ?

પૂરણ : એ બાજુ પ્રયોગશાળાની જૂની બાટલીઓનો ઢગલો પડ્યો છે. આમ થઇને આવો ભાઈ: આટલા દિવસથી આ બાજુ કોઇની ફરકવાની હિંમત નથી ચાલી, એટલે બધું જેમતેમ પડ્યું છે; જરા સંભાળજો. હાં, હવે જુઓ આ જમણા હાથે સીડી આવે છે; ભાઈ, સીડી બહુ સાંકડી છે, પગથિયાં જરા આસ્તેથી ચડજો. સોમેશ્વર, હોશિયાર ! અવિનાશભાઈ સંભાળજો... એમ આગળ ક્યાં ચાલ્યા ?

અવિ૦ : હું આગળ જાઉં અને ડૉક્ટરનું ધ્યાન ખેંચું.

જમના : ના ભઈ, તમે સૌથી આગળ ન જશો.

પૂરણ : પણ સંભાળજો ભાઈ; તમે અંદર તો એકલા ન જ જશો. એ ભયંકર માણસ કોણ જાણે—

સોમે૦ : ભયંકર માણસ ?! હું-હું—પૂરણભાઇ, આગળ ન આવું તો ?—જમના આપણે અહીં જ બેસીએ.

જમના : અરે આ શું સોમેશ્વર ? આગળ થાવ. આટલી બધી જાતને વહાલી ક્યાંથી કરી મૂકી ?

અવિ૦ : ગભરાઓ નહિ, ચાલ્યાં આવો. હવે તો લગભગ આવી પહોંચ્યા છીએ. સોમેશ્વર બત્તી ઠારી નાખો—નહિતર એકદમ ઝાંખી કરી નાખો...તમારો હાથ આટલો ધ્રૂજે છે કેમ?

સોમે૦ : (દીન અવાજે) વકીલ સાહેબ--

પૂરણ : બીલકુલ અવાજ નહિ. જુઓ, સાંભળો સાહેબ, બારણે કાન માંડો : કંઈ સંભળાય છે ?

અવિ૦ : આટલી રાતે પણ કોઈ અંદર ઝડપથી આંટા મારતું હોય તેમ લાગે છે.

પૂરણ : હા, એ તો બરાબર. પણ ભાઇ આ ચાલ મારા શેઠની નથી. આવી ઉતાવળથી આવી વિચિત્રરીતે મેં એમને કોઈ દિવસ ચાલતા જાણ્યા નથી.

અવિ૦ : શું દિવસ ને રાત આ માણસ આમ ચાલ્યા જ કરે છે? જાણે કોઈ પાંજરામાં પુરાયેલું જંગલી રાછ!

પૂરણ : ક્યારેક ક્યારેક એ મોટેથી રોઈ પડે છે. કોઈ નિરાશ સ્ત્રીની માફક એ કોઈ વાર આક્રંદ કરી ઊઠે છે...એનું રોવું સાંભળીને તો મારી છાતી થીજી જાય છે.

અવિ૦ : એના દિલમાં અજંપો છે. મેં કહ્યું તેમ કદાચ એના પેલા અસાધ્ય ભયંકર રોગને લઇને—

પૂરણ : પણ ભાઈ, મારા દિલની વાત હવે કહું? આવી ચાલ મેં એક જણાની જોઈ છે.

સોમે૦ : (ભયથી) કોની?

અવિ૦ : કોની?

પૂરણ : કહું? કહું?— હૈદરની!

જમના : (ઊંડી ચીસ પાડી ઊઠે છે) બાપરે! કાળમુખો હૈદર!

સોમે૦ : હૈ...દ...ર...? ખૂની? (બીકથી થથરી ઊઠે છે)

અવિ૦ : ના હોય, એમ તો મેં પણ એક વાર એની સાથે વાત કરી છે. ડૉ. જયાનંદે એમના એ મિત્રને પોતાનો વારસદાર બનાવ્યો હતો ને? એક વાર એમનો પત્ર લઇને મારી પાસે આવ્યો'તો. પણ એ તો હવે ખૂન પછી ક્યાંય ગૂમ થઇ ગયો છે પૂરણ. એ વહેમ મનમાંથી કાઢી નાખ. અને જો, તું ડૉક્ટરને બોલાવ: કહે કે હું એમને મળવા આવ્યો છું.

પૂરણ : તમે માનતા નથી: ભલે. પણ હવે તમે એ અવાજ બરાબર સાંભળજો હોં. (મોટેથી) ડૉક્ટર સાહેબ! સાહેબ—

[અંદરથી ખૂબ કર્કશ, ઘોઘરો, રૂંધાએલો અવાજ સંભળાય છે] શું છે અત્યારે? મારે માટે બીજી દવા લાવ્યો છે?

પૂરણ : (મોટેથી) ના; આ તો અવિનાશભાઈ, વકીલ સાહેબ, આપના દોસ્તદાર આપને મળવા આવ્યા છે; બારણાં ખોલો.

[અંદરનો સાવ સૂકો અવાજ] : કહી દે, હું કોઇને અત્યારે મળવા માગતો નથી.

પૂરણ : [ધીમેથી] સાંભળ્યો આ અવાજ? હવે ભરોસો પડ્યો ને સાહેબ, કે અવાજ મારા માલિકનો ન હોય?

અવિ૦ : બરાબર; આ અવાજ મેં પહેલાં સાંભળ્યો છે.

પૂરણ : કોનો છે? ઓળખાય છે?

અવિ૦ : હા,...યાદ આવે છે. એક વાર ફરી બોલાવ જોઉં.

પૂરણ : (મોટેથી) પણ ડૉક્ટર સાહેબ, અવિનાશભાઈ જાતે આટલી અંધારી રાતે તમારી ખબર કાઢવા આવ્યા છે. થોડી વાર માટે બારણું ખોલો.

[અંદરથી ખીજભર્યો કર્કશ અવાજ]—કહ્યું ને, મારે કોઇને પણ નથી મળવું?

અવિ૦ : [ધીમેથી] એ જ...બરાબર એ જ અવાજ.

પૂરણ : કોનો?

જમના : કોનો, ભઇ?

અવિ૦ : હુંમ્. (રિવૉલ્વર કાઢે છે.)

પૂરણ : અરે, અરે, તમે આ શું કરો છો?

સોમે૦ : પિસ્તોલ?!



હૈદર

અવિ૦ : તમે કોઈ ડરશો નહિ. એ અવાજ છે પેલા ભયંકર ખૂની હૈદરનો. મને એની પૂરી ખાતરી થઈ ચૂકી છે.

પૂરણ : સાચે જ? તો હવે?

અવિ૦ : હવે શું વળી? ચલાવો તમારી કુહાડી, ત્રીકમ ને ઘણ...તોડી નાખો બારણાં. ડૉક્ટર જયાનંદનો જીવ જોખમમાં છે. (બારણા ઉપર ઘણનો ઘા પડે છે) (મોટેથી) ડૉક્ટર...જયાનંદ, ગભરાશો નહિ. હું અવિનાશ તમારી મદદે આવ્યો છું. (ધડધડ અવાજો)

[અંદરથી પેલો અવાજ : પણ હવે આજીજીભર્યો]: ભાઈ અવિનાશ, મારા તરફ નિર્દય ન બનો; બારણાં ખોલશો નહિ.

પૂરણ : બારણાં ખોલશો નહિ, શું વળી? લેતો જા (ધડાધડ અવાજ ચાલુ રહે છે.)

અવાજ : સબૂર, સબૂર! મારી વાત સાંભળો, અવિનાશ! મારે ખાતર, ઈશ્વરને ખાતર રહેવા દો, રહેવા દો એ બારણાં...

[ધડાધડ તો ચાલુ જ રહે છે.]

અવિ૦ : ના, રહેવા ના દેશો; આ જયાનંદનો અવાજ નથી. ચોક્કસ એ સર કીર્તનલાલના ખૂની હૈદરનો જ અવાજ. પૂરણ, તોડી નાખ પેલો નકૂચો, ને ખોલી નાખ બારણાં.

અવાજ : [વધુ આજીજીના સૂરે] રહેવા દો અવિનાશ, પ્રભુને ખાતર બારણાં ન તોડો. રહેવા દો, કહું છું. અંદર કોઈ ન આવશો. [એવી ચાલુ વિનતિ આવ્યા કરે છે અને બારણાં તોડવાનો અવાજ ચાલુ જ છે.]

જમના : દાક્તર સાહેબનું શું થયું હશે?

અવિ૦ : આપણે ગમે તે ભોગે એમને આ રાક્ષસના પંજામાંથી છોડાવવા જ જોઇએ. [બારણું કડાકા સાથે તૂટી

પડે છે] શાબાશ! ચાલો અંદર [એવામાં અંદર પણ કંઇક ધબ્બ લઇને પડે છે].

પૂરણ: સંભાળજો, ભાઇ.

અવિ૰: ફિકર નહિ, રિવૉલ્વર મારા હાથમાં જ છે... સોમેશ્વર, બત્તી તેજ કરો તો...અહીં તો બધું સૂમસામ છે ...કેવી બદબો મારે છે? (પડકારતાં) ક્યાં સંતાયો છે તું હૈદર! ચાલ નીકળ બહાર. એમ ભરાઈ શું રહ્યો છે? નામર્દ! ખૂની! [કાંઈક પડવા-આથડવાના અવાજો આવ્યા કરે છે.]

પૂરણ: આ ટેબલ ઉપર ધીમો સ્ટવ સળગે છે અને બાજુમાં તાજી બનાવેલી ચા ને દવાની જુદીજુદી ભૂકીઓ પડી છે; જુઓ તો ભાઈ...ભાઇ! ક્યાં ગયા? અરે અરે ભાઇ, એ તરફ ખૂણામાં ન જશો, વખતે એ ત્યાં ભરાયો હોય...

અવિ૰: (દૂરના એ ખૂણામાં પડકારતો) કોણ છે એ બાજુ? નીકળ બહાર; નહિતર ગોળી છોડું છું! [કાંઈ જવાબ મળતો નથી, માત્ર પડઘા ઊઠે છે.] ભાઈ જયાનંદ, તમે ક્યાં છો? હું અવિનાશ આવી પહોંચ્યો છું...

સોમે૰: કેમ કોઈ બોલતું નથી? [એટલામાં એને પગે કંઈ અથડાય છે અને મોટી બૂમ પાડી ઊઠે છે.] ઓ ભાઇ, અહીં આ જુઓ તો! આ કોણ પડયું છે?

અવિ૰: શું છે સોમેશ્વર? અરે! આ તો કોઇ ઊંધે મોંએ ભોંય પડયું છે! બત્તી ધર તો. અરે અરે! સાચે જ શું?

પૂરણ: આ તો હૈદર!

જમના: હૈદર?! (ચીસ પાડી ઊઠે છે.)

સોમેશ્વર: (અવાજ નીકળતો ન હોય એમ) બાપ રે...

અવિ૰: એમ ગભરાય છે શું? બત્તી અહીં ધર. આનામાં તો કશા હોશ નથી લાગતા. શરીર સાવ ઠંડું બરફ જેવું બની ગયું છે. કેવો ભયંકર કદરૂપો ક્રૂર એનો ચહેરો છે! અને એના હાથ?—જાણે રાની પશુ!

પૂરણ: પણ ભાઇ કપડાં તો ડૉક્ટર સાહેબનાં પહેર્યાં છે!

જમના: હા; એમનો જ આ નવો ગરમ કોટ, ને આ દસ દન ઉપર જ ધોબીને ત્યાંથી આવેલું લીટીવાળું પાટલુન.

અવિ૰: પણ કપડાં તો ખૂબ મોટાં પડે છે એને. જરૂર એણે...

પૂરણ: એણે...શું?

અવિ૰: શું, શું? આપણે ડૉક્ટરની તપાસ તો કરો! આ શેતાને એમને ક્યાંક વગે તો નથી કરી દીધા ને? અને સોમેશ્વર, અહીં બત્તી ધર તો...આણે તો ઝેર પીધું જણાય છે! આ તૂટેલી શીશી જોઇ? આ આગલા ઓરડામાં એની જ બદબો આવે છે. પણ ડૉક્ટર ક્યાં? (બૂમો પાડે છે) ડૉક્ટર! ...જયાનંદ...ભાઈ જયાનંદ! તમે ક્યાં છો? (માત્ર પડઘા પડે છે) હું અવિનાશ...તમારો મિત્ર...બહાર ચાલ્યા આવો. હવે ભય નથી ..

સોમે૰: પાછલે બારણે તો જુઓ; કદાચ એ રસ્તે—

પૂરણ: ના, ના, એ બારણું તો સજ્જડ બંધ છે અને એને તો અંદરથી તાળું લગાવ્યું છે. જાણે કેટલા યે દિવસથી એને કોઇએ ખોલ્યું નથી.

જમના: તો પછી દાક્તર સાહેબ ગયા ક્યાં?

સોમે૰: ઉપર માળિયામાં તો આ બદમાસે ગોંધી રાખ્યા નહિ હોયને?

પૂરણ: જોઉં, ત્યાં તપાસ કરું [‘ડૉક્ટર સાહેબ’, ‘ડૉક્ટર સાહેબ’ એમ બૂમો પાડતો માળિયા તરફ જાય છે].

અવિ૰: જીવતા કે મૂએલા ડૉ. જયાનંદને આપણે ખોળવા જ જોઈએ. આ ટેબલ ઉપર શું પડયું છે સોમેશ્વર? આ બધા સફેદ પાઉડર...તાજો જ કાંઈ પ્રયોગ કરતા હશે એમ સમજાય છે. ચીજ વસ્તુઓ એવી રીતે પડી છે કે જાણે હમણાં જ—કામ કરતાં જ ઊઠીને ક્યાંક ગયા છે!

સોમે૰: પણ ગયા ક્યાં હશે?

પૂરણ: (ઉપરથી બૂમો પાડતો નીચે ઊતરે છે) ઉપર નથી. ઉપર તો નર્યાં જાળાં બાઝયાં છે. ત્યાં તો વરસોથી કોઈ પેઠું હોય એમ લાગતું નથી.

અવિ૰: અજબ જેવી વાત છે...જો તો પૂરણ, આ એમની નોંધપોથી લાગે છે. એમાં તારીખવાર ટાંચણ કર્યું છે: તારીખ ૭મી ડિસેમ્બર: નિષ્ફળ પ્રયોગ-દવામાં ભેળસેળ...તા. ૮મી ડિસેમ્બર: મિશ્રણનો રંગ બદલાતો નથી, વધુ એક નિષ્ફળતા ...તા. ૯મી ડિસે૰: નિષ્ફળતા; તા. ૧૦મી ડિસે૰: નિષ્ફળતા ...આશ્ચર્યની વાત છે. આજની તારીખ સુધી નોંધપોથીમાં પોતાના નિષ્ફળ પ્રયોગ વિષે ટાંચણ કર્યે રાખ્યું છે. તો પછી એ ગયા ક્યાં? ચારે બાજુના બધા જ રસ્તા બંધ છે!

પૂરણ: આ જુઓ તો, વકીલ સાહેબ.

બધા: શું છે? શું છે પૂરણ?

જમના: આ ટેબલ પર આ નવું મોટું પરબીડિયું પડયું છે.

અવિ૰: લાવ જોઉં. ઓહો, આના પર તો મારું જ નામ છે ને. ‘મારા પરમ મિત્ર બૅરિસ્ટર અવિનાશ દેસાઇને—હું અદૃશ્ય થાઉં તો આપજો’...‘અદૃશ્ય’ થાઉં તો? .

પૂરણ: જુઓને અવિનાશભાઈ, એમાં શું છે?

અવિ૰: [ખોલે છે] આ તો ડૉક્ટરનું વિલ જણાય છે! ...અરે, આ સાથેનો કાગળ તો ડૉક્ટરે આજે જ લખ્યો છે! ચોક્કસ ડૉક્ટર આજ સુધી આ ઓરડામાં હતા જ, અને જીવતા પણ હતા, એ નક્કી. તો પછી—તો પછી ગયા ક્યાં?

પૂરણ: અને આ હૈદરે આપઘાત શા માટે કર્યો? એ કાગળમાં શું લખે છે?

અવિ૰: [વાંચતાં] ‘પ્રિય અવિનાશ, મારો આ પત્ર તમને મળશે ત્યારે હું ક્યાંય ચાલ્યો ગયો હોઈશ ..દૂર-ખૂબ દૂર. ક્યાં, તે હું પોતે પણ જાણતો નથી, પણ મારું મન સાક્ષી પૂરે છે કે હું તમારાથી કોઇ રીતે ય ન પહોંચી શકાય તેવા સ્થાને ચાલ્યો ગયો હોઈશ.

મને ખાત્રી છે કે જે આફતમાં હું સપડાયો છું તેમાંથી બચવાનો એક માત્ર ઉપાય છે: મૃત્યુ...’

પૂરણ: અરેરે, એમને શું થયું હશે?

જમના: ભગવાન એમને સાજાસારા રાખજે.

અવિ૰: [આગળ વાંચતાં] ‘આ સાથેનો મારો એકરાર વાંચવાથી તમને સઘળી હકીકત સમજાશે. લિ. તમારો અભાગી દુષ્ટ મિત્ર જયાનંદ.’...અભાગી, દુષ્ટ મિત્ર?!


(અનુસંધાન આગળ પૃ. ૩૨૯મે)







આ અંકમાં અન્યત્ર જેમનો પરિચય આપ્યો છે તે શ્રી શાંતિલાલ શાહનાં ત્રણ ચિત્રો. મથાળે : 'શ્રમજીવીઓ'; નીચે : ડાબી



સ્વ. ડૉ. અનન્ત હીરાલાલ પંડ્યા

એસ્‌સી. ડી. (એન્જિ.); એ. એમ. એએમ. એસ. સી. ઇ; એ. એમ. આઈ. (સ્ટ્રક્ટ.) ઈ.; એ. એમ. આઈ. (ઇન્સ્ટ.) ડબલ્યુ.

(જર્મનીમાં પાડેલો ફોટોગ્રાફ)

આમુખ

માણસ ભૂલકણું પ્રાણી છે. રામ, કૃષ્ણ, બુદ્ધ, મુહમ્મદ કે ઈશુની સ્મરણમૂર્તિઓ ધર્મ રૂપી સુવર્ણરસે રસેલી ન હોત તો એ પરમ ઉપકારક વિભૂતિઓ ને યે તે વિસરી જાત. સંવત રૂપી ચક્રને આધારે સદોદિત ગતિમાન રાખેલા વિક્રમના સ્મરણ સમી કોઈ ચિરંજીવી વ્યવસ્થાને અભાવે ગાંધીજી જેવાના સ્મરણની પણ એ જ દશા થવાની.

અને એની વીરપૂજા પણ, સ્વાભાવિકરીતે, એના ઐહિક વિકાસક્રમને જ અનુસરી છે પ્રથમ શૂરવીર, પછી દાનવીર અને ધર્મવીર. વચ્ચેવચ્ચે સાહિત્ય-કલા આદિની સંસ્કારદાતા વિભૂતિઓને એ યાદ કરી લે છે. સમસ્ત માનવજાતની કલ્યાણક અને પ્રગતિકારક શોધો બક્ષનાર વિજ્ઞાનીઓ જેવા પણ એને બહુ યાદ નથી રહેતા, તો 'રાષ્ટ્ર-નૌકાના ખીલા મજબૂત કરનાર અને સઢો તંગ રાખનાર શ્રમકાર્યોના નેતાઓની' તો શી વાત? આપણે ત્યાં ઉદ્ભવેલા એ કોટિના એક એવા મહાન અને વિરલ માનવીને આપણે ન ભૂલી જવા જોઈએ એ દર્શાવવાનો આ ખાસ અંક એક અલ્પ પ્રયત્ન છે.

સ્વ. અનંત કેવળ એક મહાન જગનામી ઈજનેર જ ન હતા; ઉચ્ચ સંસ્કારિતાના અમીસિંચનથી ખીલેલું માનવપ્રતિભાનું તે એક પ્રફુલ્લ પુષ્પ હતા. ઊંચી મેધા સાથે એટલું જ સરલ નિખાલસ હૃદય, પોતાના ક્ષેત્રમાં અપ્રતિમ પારંગતતા સાથે એટલી જ ઉત્કટ દેશદાઝ, વિચક્ષણ વ્યવહારબુદ્ધિ સાથે ભાવનાઓથી ભરીભરી પારગામી દૃષ્ટિ, એવાં વિરલગુણ-શક્તિનો એમનામાં સમન્વય હતો. એમના મુરબ્બીઓ ને મિત્રો, સ્વજનો ને સ્નેહીઓ, ગુરુજનો ને સહકારીઓ, પ્રશંસકો ને પ્રેમભાજનોએ આ સાથેનાં થોડાં પૃષ્ઠોમાં અર્પેલી અંજલિઓ અને આંકેલાં સ્મરણો એમના વિરલ વ્યક્તિત્વ તથા મહાન ગુણરાશિનો કાંઇક આછો જ ખ્યાલ આપી શકશે. પરંતુ એઓએઓ યે તે જુવાન વાચકોના મનમાં પ્રેરણાનો સ્ફુલિંગ મૂકવામાં નિમિત્તરૂપ થશે તો આ નાનો પ્રયત્ન લેખે લાગ્યો ગણીશું.

એ પ્રયત્નને સાકાર કરવામાં જે સૌએ સહાય કરી છે એમનો આભાર માનીએ છીએ. ખાસ કરીને એમનાં પત્ની શ્રી લીલીબહેનનો, એમના વડીલ છતાં સદા મિત્ર સમા પ્રેરક અને પ્રોત્સાહક રહેલા કાકા શ્રી મસ્તરામ પંડ્યાનો, તથા જોડિયા ભાઇ કરતાં યે વિશેષ નિકટત્વથી એમની સાથે ઊછરેલા શ્રી ઉપેન્દ્ર ભટ્ટનો. અને આ અંકના ખ્યાલના ઉદ્ભવથી માંડીને તેને મૂર્ત કરવાની સર્વ વ્યવસ્થા કરનાર તથા તેની સામગ્રીના સંચય અને સંપાદનનો લગભગ બધો જ બોજ ઉઠાવનાર શ્રી રવિશંકર સંતોષરામ ભટ્ટની સહાય ન હોત તો આ પ્રયત્ન કદાચ શક્ય જ ન થાત. એમનો આભાર તો કેમ ભુલાય?

ડૉ. અનંત પંડ્યાની ટૂંકી જીવનરેખા

ડૉ. અનંત હીરાલાલ પંડ્યાનું, તા. ૧લી જૂન ૧૯૫૨ના પ્રાતઃકાળમાં થએલા કરુણ અકસ્માતથી અકાળ અવસાન થતાં એમની પરમ તેજસ્વી ને અત્યંત આશાપ્રદ જીવનકલા એકાએક સંકેલાઈ ગઈ. અઠ્ઠાવીસ વર્ષની નાની વયમાં એમણે શિક્ષણ-વિષયક અને ધંધાદારી વર્તુલોમાં એક ઉચ્ચતમ ઇજનેર તરીકે ભારે પ્રતિષ્ઠા સંપાદન કરી હતી; અને એમનાં ચારિત્ર્ય તથા વ્યક્તિત્વના વિરલ ગુણરાશિથી હિંદમાં તથા પરદેશોમાં એમણે અનેક મિત્રો કર્યા હતા.

એમનો જન્મ તા. ૧૧મી જુલાઈ ૧૯૦૯ના દિને ભાવનગરમાં થયો હતો. એમનો બાલ્યકાળ, એમના પિતામહ શ્રી હરગોવિંદદાસ અજરામર પંડ્યાની છત્ર-છાયા નીચે રહેતા સંયુક્ત કુટુંબમાં પસાર થયો હતો. શ્રી હરગોવિંદદાસભાઈનું જીવન સાદું અને સાધુતામય હતું; એમની ધર્મપરાયણતા, સત્યનિષ્ઠા ને ઉચ્ચ ચારિત્ર્યના ગુણોની અસર એમનાં કુટુંબીજનો પર તલસ્પર્શી હતી અને અનંતના જીવનમાં આ ઉચ્ચ સંસ્કારોનું ઊંડું સિંચન થયું હતું. શ્રી હરગોવિંદદાસભાઈ ભાવનગરની સુવિખ્યાત સંસ્થા 'શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન'ના એક આદ્ય સ્થાપક હતા ને સંસ્થાના 'મોટા ભાઇ' તરીકે ઓળખાતા. એમના કુટુંબનાં અન્ય બાળકોની માફક અનંતે પ્રાથમિક ને માધ્યમિક કેળવણી શ્રી દક્ષિણામૂર્તિ ભવનની શાળામાં જ લીધી હતી. આ શિક્ષણસંસ્થાના સંચાલનમાં તેના આદ્ય સ્થાપકોનાં ઉચ્ચ ચારિત્ર્ય અને આદર્શપરાયણતા તેમજ નવીન શિક્ષણપદ્ધતિ ને રાષ્ટ્ર-ભાવના મુખ્ય પ્રેરક બળો હતાં, અને ભવનના જીવનમાં સાદાઈ, સત્યપ્રિયતા તથા ઉચ્ચ વિચારોનું વાતાવરણ હતું, એટલે ત્યાં શિક્ષણ લેતા વિદ્યાર્થીઓના ઘડતરમાં સ્વાભાવિકરીતે તેની પ્રબળ અસર થતી. અનંતના જીવનમાં આ શિક્ષણસંસ્કારો ખૂબ ઓતપ્રોત થએલા હતા. આ સમય દરમિયાન એમણે સાહિત્ય અને કલા તરફ અભિરુચિ કેળવેલી અને એ કાળનાં એમનાં ચિત્રો તથા લેખો હજુ હયાત છે. અનંત તથા ઉપેન્દ્ર ભટ્ટે 'કુમાર' હસ્તલિખિત માસિક તરીકે શરૂ કરેલું તે

પણ આ જ સમયે.

૧૯૨૫ના માર્ચમાં અનંત મુંબાઈ યુનિવર્સિટીની મૅટ્રિકની પરીક્ષા પસાર કરી ભાવનગરની સામળદાસ કૉલેજમાં દાખલ થયા; અને ત્યાં એક વર્ષ ગાળી એમણે ગુજરાત કૉલેજમાં ઇન્ટર સાયન્સનો અભ્યાસ કર્યો. અહીં તેઓ ઇતર પ્રવૃત્તિઓમાં પણ સારી પેઠે રસ લેતા તે વખતના 'યુનિવર્સિટી ટ્રેઇનિંગ કોર'માં પણ તેઓ લશ્કરી તાલીમ માટે દાખલ થએલા. ૧૯૨૭ના જૂન માસમાં તેઓ કરાંચીની એન.ઇ.ડી. એન્જિનીઅરિંગ કૉલેજમાં દાખલ થયા. એન્જિનીઅરિંગની શિલ્પ-વિદ્યા જાણે એમનામાં સ્વયંભૂ હોય એવી રીતે શરૂઆતથી જ વિવિધ વિષયોમાં એમણે નિપુણતા મેળવી લીધી. એમની તેજસ્વી મેધા ને ઉચ્ચ પ્રકારની શક્તિઓ એમના અધ્યાપકો તથા સમકાલીન વિદ્યાર્થીઓ મુક્ત કંઠે સ્વીકારતા. કૉલેજના પ્રિન્સિપલ શ્રી ગોખલે તથા પ્રો. જુન્નરકરના તેઓ અત્યંત માનીતા અને પ્રીતિપાત્ર શિષ્ય હતા. મુંબાઈ યુનિવર્સિટીની એન્જિનીઅરિંગની ત્રણે પરીક્ષાઓ પ્રથમ વર્ગમાં પહેલે નંબરે પસાર કરીને એમણે એક અપૂર્વ ને ઉજ્જવલ દાખલો બેસાડ્યો હતો. ઉપરાંત ઇ. ૧૯૩૦માં તેઓ એન્જિનીઅરિંગ વિદ્યાના સ્નાતક થયા ત્યાં સુધીમાં એમની કૉલેજની કારકિર્દી દરમિયાન એમને અનેક શિષ્યવૃત્તિઓ તથા ઇનામો એનાયત થયાં હતાં, જેમાં કહાનદાસ મંછારામ સ્કૉલરશિપ, કર્નલ પૅટ્રિક ફ્રેન્ચ સ્કૉલરશિપ, રાવબહાદુર રાજાધ્યક્ષ સ્કૉલરશિપ તથા જેઇમ્સ બર્કલી સુવર્ણચંદ્રક તથા ઇનામનો સમાવેશ થાય છે.

મુંબાઈ યુનિવર્સિટીની બી. ઇ.ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પહેલે નંબરે ઉત્તીર્ણ થતાં એમને ઉચ્ચ અભ્યાસ અર્થે સરકારી સ્કૉલરશિપ મળે તેવો પૂરો સંભવ હતો, પરન્તુ તેને લગતી શરત એ હતી કે એમણે કોઇ બ્રિટિશ યુનિવર્સિટીમાં આગળ અભ્યાસ માટે જોડાવું જોઇએ. બહુ લાક્ષણિકરીતે અનંતે આ શિષ્યવૃત્તિ જતી કરી ને તેને બદલે કુટુંબની મદદથી તેમજ ભાવનગર રાજ્યની અરધી સ્કૉલરશિપ મેળવીને અમેરિકાની વિશ્વવિખ્યાત સંસ્થા એમ. આઇ. ટી. (મૅસૅચ્યુસેટ્સ ઇન્સ્ટીટ્યૂટ ઑવ ટેકનૉલૉજી)માં ઉચ્ચ અભ્યાસ માટે જવા નિર્ણય કર્યો અને ઇ. ૧૯૩૦ના સપ્ટેમ્બર માસમાં ત્યાં દાખલ થયા.

અમેરિકામાં તેઓ આશરે ત્રણ વર્ષ રહ્યા. તેમાં લગભગ સવા વર્ષમાં જ એમણે એમ. એસસી.ની પદવી પ્રાપ્ત કરી લીધી અને ૧૯૩૨ના ઑગસ્ટ માસમાં અમેરિકન સોસાએટી ઑવ સિવિલ એન્જિનીઅર્સના સભ્ય તરીકે ચૂંટાયા. ૧૯૩૨-૩૩માં એમણે 'ઑઇલ મિકૅનિક્સ'ના વિષયમાં સંશોધન કરવા માટે 'ઑસ્ટિન રીસર્ચ ફેલોશિપ' પ્રાપ્ત કરી અને ૧૯૩૩માં 'ડૉક્ટરેટ ઑવ સાયન્સ'ની ઉચ્ચ પદવી મેળવી.

અમેરિકામાંના એમના આ સમગ્ર અભ્યાસની કારકિર્દી અત્યંત તેજસ્વી અને વિશિષ્ટ હતી. અહીં પણ એમની અસાધારણ મેધાશક્તિ અને ચારિત્ર્યના ગુણોથી એમણે ઇન્સ્ટીટ્યૂટના અધ્યાપકો તથા સહાધ્યાયીઓનાં પ્રીતિ અને સદ્ભાવ સંપાદન કર્યાં હતાં. 'વિશિષ્ટતાના અપૂર્વ ચિહ્ન' તરીકે એમને ઇન્સ્ટીટ્યૂટના 'ઑનરરી ફેલો' થવાનું બહુમાન મળ્યું હતું. અમેરિકાના નિવાસ દરમિયાન પોતાના અભ્યાસ-વિષયોમાં નિપુણતા મેળવવા ઉપરાંત એમણે એ સમૃદ્ધ દેશની વિપુલ સંપત્તિઓ, ત્યાંના સામાજિક જીવનના પ્રવાહો, આર્થિક તથા શિલ્પ-વિષયક પ્રગતિ અને રાજકીય પ્રશ્નોનો ઊંડા રસથી અભ્યાસ કર્યો હતો. સામાજિક નિરીક્ષણ ને તુલનાત્મક અભ્યાસથી એમની વિચારશ્રેણી અને જીવનદૃષ્ટિમાં સ્વાભાવિક પરિવર્તન થયું હતું અને એમના વિચારો તથા અનુભવો વધારે વિશાળ, ઉદાર, તલસ્પર્શી અને સહૃદય બન્યા હતા. એમના વિચારો, લાગણીઓ, મનોરથો અને આપણા દેશને માટે સંગીન તથા રચનાત્મક કાર્ય કરવાની રાષ્ટ્રભાવનાનું દર્શન તે સમયના એમના અસંખ્ય પત્રોમાંથી મળી આવે છે. અમેરિકાના નિવાસ દરમિયાન એમણે વિશાળ મિત્રમંડળ જમાવ્યું હતું અને એમાંના કેટલાક એમના જીવનભરના ગાઢ મિત્રો બન્યા હતા. અમેરિકામાં અભ્યાસ પૂરો કર્યા પછી એમણે યુનાઇટેડ સ્ટેટ્સનાં અન્ય રાજ્યો, કૅનેડા અને યુરોપની મોટી એન્જિનીઅરિંગ સંસ્થાઓ ને પ્રયોગશાળાઓની મુલાકાત લીધી ને ૧૯૩૩માં રશિયાના પ્રવાસે પણ ગયા.


ઈ. ૧૯૩૩ના અંતમાં એ હિંદ પાછા ફર્યા ત્યારે દેશમાં આર્થિક મંદીનું વાતાવરણ હતું એટલે એમની આટઆટલી ઊંચી શિક્ષણવિષયક લાયકાત તથા ઉત્તમોત્તમ ભલામણો હોવા છતાં એકાએક નોકરી કે યોગ્ય કામ મેળવવાની મુશ્કેલી હતી. એમના પ્રયાસ દરમિયાન એક મોટી હિંદી ઇજનેરી પેઢીએ એમને રૂ. ૧૫૦ની જગ્યા આપવા કહેલું! સુભાગ્યે એક હિતૈષી સદ્ગૃહસ્થની ભલામણથી તેઓ મુંબાઇની 'મૅકેન્ઝીસ લિમિટેડ'માં 'ડિઝાઇનિંગ એન્જિનીઅર' તરીકે જોડાયા અને ત્યાં લગભગ સવા વર્ષ સુધી કામ કર્યું.

પરંતુ આ પેઢીમાં અથવા અન્યત્ર એમને ઉત્કર્ષ પામવાનાં કશાં ચિહ્નો જણાયાં નહિ, એટલે એમણે ઇંગ્લંડ જઇને ત્યાં પોતાના ધંધામાં વિશેષ વ્યાવહારિક અનુભવ મેળવવાનો નિર્ણય કર્યો. નાણાંની બચત તો એમની

પાસે ન જેવી હતી, પરંતુ અપ્રતિમ આત્મ-વિશ્વાસ અને પોતાની શક્તિઓમાં અનન્ય શ્રદ્ધાથી એમણે ૧૯૩૫ના સપ્ટેમ્બરમાં લંડન તરફ પ્રયાણ કર્યું. લંડન પહોંચતાં વેંત ત્યાંની અગ્રગણ્ય ઇજનેરી પેઢીઓને પોતાનો પરિચય આપી મુલાકાતો લીધી; અને લગભગ પખવાડિયાની અંદર તો એમની મેધા અને શક્તિની કદર થઈ અને 'બ્રિટિશ ટ્રસ્ડ સ્ટીલ કૉન્ક્રીટ કંપની'એ એમની સેવાઓ અપનાવી લીધી. ખાસ કરીને 'વિધાનરચના'(designing)ના ક્ષેત્રમાં એમનાં જ્ઞાન ને કૌશલ્ય ખૂબ પ્રશંસાપાત્ર બન્યાં. ક્વેટામાં થએલા ધરતીકંપ પછી ત્યાં નવાં ભૂકંપ-રક્ષિત બાંધકામ કરવા માટે એક મોટી હિંદી ઇજનેરી પેઢીએ બ્રિટિશ ટ્રસ્ડ કંપનીને પોતાના નિષ્ણાતને સલાહકાર તરીકે મોકલવા વિનતિ કરી અને તે ઉપરથી એ અંગ્રેજ પેઢીએ પોતાના સૌથી લાયક નિષ્ણાત તરીકે ડૉ. પંડ્યાને જ મોકલ્યા.

૧૯૩૬ના માર્ચમાં એ કામ માટે સલાહ આપવા અનંત હિંદની ટૂંકી મુલાકાતે આવ્યા ત્યારે એમણે શ્રીમતી લીલાબ્હેન શાહ સાથે લગ્ન કર્યાં અને તેઓ બંને સાથે લંડન પાછાં ફર્યાં. લંડનના નિવાસ દરમિયાન સ્ટીલ અને રીઈન્ફોર્સ્ડ કૉન્ક્રીટની રચના તથા બાંધકામના નવીન વિધાનોના વિકાસ અને વેલ્ડેડ સ્ટ્રક્ચર્સના વિષય પરત્વેના સંશોધનમાં એમણે મહત્ત્વનો ફાળો આપ્યો હતો. ૧૯૩૭ના નવેમ્બરમાં ડાયગ્રીડ સ્ટ્રક્ચર્સ—જે બ્રિટિશ ટ્રસ્ડ કંપનીની પેટા કંપની હતી તે—ના ચીફ એન્જિનીઅર તરીકે એમની નિમણૂક થઈ, અને ૧૯૩૯ના સપ્ટેમ્બરમાં પોતાના એસિસ્ટન્ટ મિ. આર. જે. ફાઉલરની સાથે લખેલા 'ધી ઑલ વેલ્ડેડ ગ્રીડ ઍપ્લાઇડ ટુ પ્લૅઇન ઍન્ડ સ્પેશિયલ સ્ટ્રક્ચર્સ' પરના નિબંધ માટે 'ધી જેમ્સ એફ. લિન્કન આર્ક વેલ્ડિંગ ફાઉન્ડેશન' તરફથી રૂ. ૩૨૦૦૦નું આંતરરાષ્ટ્રીય ઇનામ એમને એનાયત થયું. ૧૯૩૮માં લંડનના ઇન્સ્ટીટ્યૂટ ઑવ વેલ્ડિંગના એસોસીએટ સભ્ય તરીકે એમની વરણી થઈ. આ સમય દરમિયાન એમણે ઇજનેરી-શિલ્પવિષયક સામયિકોમાં કેટલાક નિબંધો લખ્યા હતા તથા જુદાંજુદાં સ્થળોએ ઇજનેરી વિષયો સંબંધી વ્યાખ્યાનો આપ્યાં હતાં. ઉપરાંત તે ઘણી ઇજનેરી સંસ્થાઓના સભ્ય હતા.

લંડનના નિવાસ દરમિયાન તેઓ બે વાર અમેરીકાની મુસાફરીએ ગયા હતા. પ્રથમ વાર ૧૯૩૬માં સર પ્રભાશંકર પટ્ટણીના પૌત્ર શ્રી શશિકાન્ત બટુકભાઇ પટ્ટણીની સાથે તેમને મૅસેચ્યુસેટ્સ ઇન્સ્ટીટ્યૂટમાં દાખલ કરાવવા માટે ગએલા. બીજી વાર ૧૯૩૭માં પોતાની કંપની 'ડાયગ્રીડ કૉન્ક્રીટ' તરફથી એમને જવાનું હતું જ, એટલે



અનંત-ઉપેન્દ્રે ૧૩ વર્ષની ઉમરે શરૂ કરેલા હસ્તલિખિત 'કુમાર'ના પહેલા અંકનું સ્વ. અનંતે ચીતરેલું પૂઠું. ઉપર એમનાં નામ 'વ્યવસ્થાપકો' તરીકે છે, પરંતુ વસ્તુતઃ તેઓ તંત્રીઓ જ હતા, અને મોટે ભાગે તેઓ જ આખું પત્ર હાથે લખી તથા ચીતરીને ભરતા. એ પછી બરોબર બે વર્ષે, સંવત ૧૯૮૦ના પોષની પૂનમે આજના મુદ્રિત 'કુમાર'નો પહેલો અંક બહાર પડ્યો.

પટ્ટણી સાહેબની ઇચ્છાને માન આપી તેઓ લેડી રમાબેન પટ્ટણીના અવસાનના દુઃખદ સમાચાર એમના પૌત્રને જાતે આપવા અને એને દિલાસો દેવા માટે થોડા વહેલા ગયા. દરમિયાન પટ્ટણી સાહેબ અમેરિકાની મુલાકાત લેવા જવાના હતા, એટલે એમણે અનંતને ત્યાં રોકયા; અને પછી તેઓ પટ્ટણી સાહેબની આખી મુસાફરી દરમિયાન એમના સેક્રેટરી તરીકે સાથે જ રહ્યા હતા.

લડાઇની પૂર્વતૈયારીના કાળમાં તેઓ લંડનમાં હતા ત્યારે એમણે ઇંગ્લંડમાં 'હવાઇ હૂમલા' સામે ઇમારતી રક્ષણના વિષયનો ખાસ અભ્યાસ કર્યો. આ સંબંધમાં નોંધપાત્ર હકીકત એ છે કે ૧૯૩૯ના મે માસમાં તત્કાલીન લૉર્ડ પ્રિવી સીલ સર જૉન ઍન્ડર્સને સૂચવેલા 'હવાઇ હૂમલા આશ્રય' અંગે રીઇન્ફોર્સ્ડ કૉન્ક્રીટની એક ખાસ રચના એમણે તૈયાર કરી હતી અને તેમાં દર્શાવેલ

અતિશય બુદ્ધિચાતુર્ય' માટે તેની ઘણી તારીફ થઇ હતી. વળી ૧૯૩૯માં એમણે મકાનો વગેરેનાં છાપરાંના બાંધકામની સુધારણા માટે એક ખાસ 'પેટન્ટ' લીધો હતો. આ બધી પ્રવૃત્તિઓથી અને ખાસ કરીને લિન્કન ઇનામ મળ્યા પછી એક ઉચ્ચ કક્ષાના સિવિલ એન્જિનીઅર તરીકે એમની સર્વત્ર જાણ થઇ, એટલું જ નહિ પણ એમને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળી.

૧૯૩૮-૩૯નાં વર્ષોમાં યુરોપની રાજકીય પરિસ્થિતિ વિશ્વ-યુદ્ધ તરફ ઘસડાતી હતી અને અનંત તથા લીલી બહેનને સ્વદેશ પાછા ફરવાની તીવ્ર ઇચ્છા હતી. આ અરસામાં બંગાળ સરકારે હાવરાની બેંગાલ એન્જિનીઅરિંગ કૉલેજના પ્રિન્સિપલની જગ્યા માટે ઇંગ્લંડમાં જાહેર ખબર આપી હતી. અનંતે આ જગ્યા માટે અરજી કરી અને લંડનમાં હાઇ કમિસ્નરની ઑફિસમાં નિમાએલી સિલેક્શન કમિટીએ એમની પ્રથમ પસંદગી કરી ભલામણ મોકલાવી. પરન્તુ બંગાળ સરકારને એથી સંતોષ ન થયો, એટલે સિલેક્શન કમિટીને પુનઃ વિચારણા કરવા સૂચવ્યું. છતાં એ કમિટીએ એકમતથી ડૉ. પંડ્યાની ફરી ભારપૂર્વક ભલામણ કરી, એટલે ૧૯૩૯ના સપ્ટેમ્બરમાં બેંગાલ એન્જિનીઅરિંગ કૉલેજના પ્રથમ હિંદી પ્રિન્સિપલ તરીકે એમની નિમણૂક થઇ. આ સમયે અનંતનું વય માત્ર ૨૯ વર્ષનું હતું.

થોડા જ સમયમાં એમણે ઉત્તમ શિક્ષક અને અત્યંત કાર્યક્ષમ અધ્યક્ષ તરીકે પોતાનાં સાથીઓ તેમજ વિદ્યાર્થીઓનાં માન અને આદર સંપાદન કરી લીધાં. ઉપરાંત કલકત્તા યુનિવર્સિટીના કાર્યમાં પણ એમણે સેનેટ અને સિંડિકેટના સભ્ય તરીકે અગત્યનો ભાગ લીધો. ૧૯૪૧ના જાન્યુઆરીમાં 'ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસે' વડોદરામાં ભરેલા અધિવેશનના એન્જિનીઅરિંગ વિભાગના પ્રમુખ તરીકે એમની વરણી કરી અપૂર્વ માન આપ્યું.

ઉચ્ચ કક્ષાના ઇજનેર અને કાર્યદક્ષ વહીવટી અમલદાર તરીકે એમની ખ્યાતિ આમ ઉત્તરોત્તર વધતી હતી, એવામાં લડાઇ દરમિયાન જ્યારે ૧૯૪૨ના અરસામાં હિંદ લડાયક પૂરવઠાનું કેન્દ્ર બન્યું ત્યારે આપણા ઉદ્યોગો અને લશ્કરી કારખાનાંઓમાં પૂરતી સંખ્યામાં કારીગરો મળતા રહે એ હેતુથી 'ટેકનિકલ ટ્રેઇનિંગ'ની યોજના તૈયાર કરવામાં અને તેનો બંગાળમાં સફળતાપૂર્વક અમલ કરવામાં એમણે અગત્યનો ફાળો આપ્યો, અને ૧૯૪૨ના અંતમાં તો મધ્યસ્થ સરકારે એમની સેવાઓ માટે બંગાળ સરકાર પાસે માગણી કરી. એ ઉપરથી એન્જિનીઅરિંગ કૉલેજના પ્રિન્સિપલની જગ્યા પરનો હક રાખી એ મધ્યસ્થ સરકારના 'સપ્લાઇ ડિપાર્ટમેંટ' (પૂરવઠા ખાતા)માં જોડાયા. શરૂઆતમાં એમની નિમણૂક 'કંટ્રોલર ઑવ નૉન-ફેરસ મેટલ્સ' તરીકે થએલી; પરન્તુ નવીન અને સંકુલ બાબતોના શીઘ્રગ્રાહ તથા પ્રભુત્વને લીધે પોતાના કામમાં એમણે જે અસાધારણ ફતેહ મેળવી એથી ટૂંક સમયમાં જ 'ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ ઑવ મ્યુનિશન્સ પ્રોડક્શન' (દારૂગોળાના ઉત્પાદનના નાયબ સર્વાધિકારી)ના ઉચ્ચ હોદ્દા પર એમની નિમણૂક થઈ. હિંદમાં નૉન-ફેરસ મેટલના તથા ભારે અને હળવા પ્રકારના ઇજનેરી ઉદ્યોગોના વિકાસ માટે એમણે ખૂબ પ્રોત્સાહન અને મદદ આપ્યાં હતાં એ તો સુર્વસ્વીકૃત હકીકત છે.

કલકત્તા ગયા પછી એમની ઇચ્છા પોતાનો ઊંડો નિસર્ગ-પ્રેમ અને સૌંદર્યભાવના તૃપ્ત કરવા માટે હિમાલયનો પ્રવાસ કરવાની હતી, એટલે ૧૯૪૪માં રજા લઈ પોતાના મિત્ર સ્વ. કિરણ રૉય સાથે એ સીક્કીમના ઝીલી પ્લાથી હિમાલયના પ્રવાસે ગયા. એથી એમની સૌંદર્યભાવના વિશેષ ઉત્તેજિત થઇ, એટલે ફરી ૧૯૪૫માં સ્વ. કિરણ રૉય સાથે નાથુ લાથી તે કાંચનજંઘાના પ્રવાસે ગયા. આ બીજા પ્રવાસ દરમિયાન લગભગ ૧૬,૦૦૦ ફૂટની ઊંચાઈના સ્થળે એમના મિત્ર કિરણ રૉય મૃત્યુ પામ્યા. એ કરુણ ઘટનાથી એમના હૃદયને ઊંડો આઘાત લાગ્યો. આ બન્ને પ્રવાસોના એમણે લીધેલા સુંદર ફોટોગ્રાફો એમના સંગ્રહમાં છે.

લડાઇ પૂરી થયા બાદ એમને સરકારના પ્લૅનિંગ ને ડેવેલપમેંટ (આયોજન તથા વિકાસ) ડીપાર્ટમેંટ તરફથી નિમાએલ નૉન-ફેરસ મેટલની 'પૅનેલ'ના પ્રમુખ નીમવામાં આવ્યા, જે કામ એમણે ખૂબ ઉત્સાહ, ખંત અને કાર્યદક્ષતાથી પૂરું કર્યું. ઇન્ડિયન ઇન્સ્ટીટ્યૂટ ઑવ મેટલ્સના તેઓ આદ્ય સ્થાપક અને આજીવન સભ્ય હતા. લડાઇ પછી સરકારે તેમને અનેક સમિતિઓ તથા સલાહકાર મંડળોના સભ્ય તરીકે નીમ્યા હતા.

લડાઈના અંત પછી એમને હવે ભવિષ્યની કારકિર્દી વિષે નિર્ણય લેવાનો હતો. એમની સમક્ષ ત્રણ પસંદગીઓ હતી: (૧) બેંગાલ એન્જિનીઅરિંગ કૉલેજના પ્રિન્સિપલ તરીકે પોતાની કાયમી જગ્યા પર પાછા ફરવું, અથવા (૨) સરકારી ખાતામાં નોકરી ચાલુ રાખવી, અથવા (૩) પોતાના પ્રથમ પ્રેમાસ્પદ વિષય એન્જિનીઅરિંગના વ્યાવહારિક ક્ષેત્રમાં 'કન્સલ્ટિંગ પ્રૅક્ટીસ' શરૂ કરવી. બેંગાલ એન્જિનીઅરિંગ કૉલેજમાં પાછા ફરવાની એમની ઇચ્છા મુકાબલે ઓછી હતી, કારણ કે પોતાનું ભાવિ જીવન કેળવણીના ક્ષેત્રમાં વિતાવવાનું એમનું લક્ષ્ય નહોતું. સરકારી નોકરી માટે તો એમને એક વાર બેંગાલ સરકારના 'ડાયરેક્ટર ઑવ ઇન્ડસ્ટ્રીઝ'ની જગ્યા માટે કહેણ

આવેલું ને બીજી વાર પ્લૅનિંગ અને ડેવેલપમેંટ તરફથી સર અરદેશર દલાલે પણ એમને ઉચ્ચ હોદ્દા પર આવવા નિમંત્રણ આપેલું, પરંતુ સંયોગવશાત્ આ બન્ને જગ્યાઓનો એમણે સ્વીકાર કર્યો નહોતો. યુદ્ધોત્તર સમય સર્વત્ર સંક્રાન્તિનો હતો. ઇ. ૧૯૪૫માં બેંગાલ એન્જિનીઅરિંગ કૉલેજના 'વાર્ષિક'માં સંદેશો મોકલતાં અનંતે જણાવ્યું હતું એ અનુસાર 'યુરોપમાં લાંબા યુદ્ધનો અંત નજદીક છે ને સમગ્ર વિશ્વના લોકો શાંતિ, સુખ તથા આબાદીના આશાપ્રદ અને નવીન યુગ તરફ આતુરતાથી મીટ માંડી રહ્યા છે. હિંદમાં આપણે આપણા દેશબાંધવોના જીવનધોરણમાં સર્વદેશીય સુધારણા કરવાના હેતુથી આપણી વિપુલ નૈસર્ગિક સંપત્તિઓના વિકાસની યુદ્ધોત્તર યોજનાઓ તૈયાર કરવામાં ગૂંથાઈ ગયા છીએ. ભવિષ્યની આ સર્વ યોજનાઓ તૈયાર કરવામાં અને તેનો અમલ કરવામાં ઇજનેરોએ ઉત્તરોત્તર મહત્ત્વનો ભાગ ભજવવો પડશે એમાં શંકા નથી.' અનંતનું હિંદના ભાવિનું દર્શન દીર્ઘદર્શી અને વ્યાપક હતું. આપણા દેશના આર્થિક ને ઔદ્યોગિક વિકાસની શક્યતાઓ વિષે એમના વિચારો સ્પષ્ટ, વાસ્તવિક ને તલસ્પર્શી હતા. સ્વદેશની પ્રગતિમાં સંગીન ફાળો આપી શકે એવા રચનાત્મક લક્ષ્ય તરફ પોતાની પ્રવૃત્તિઓ વળે એવી એમની તીવ્ર ઇચ્છા હતી. એમની અંતરની મહેચ્છા પોતાના પ્રિય ધંધા પર કેન્દ્રિત થએલી હતી અને પ્રચંડ તેમજ વિશાળ ઇજનેરી વિકાસ-યોજનામાં એમને ખૂબ રસ હતો. એટલે એમણે આખરે ઇજનેરી ક્ષેત્રમાં 'કન્સલ્ટેશન' કામ કરવાનો નિર્ણય કર્યો, અને ૧૯૪૬માં એ કલકત્તાની હિન્દ કન્સ્ટ્રકશન કંપનીના ડાયરેકટર ને મુખ્ય સલાહકાર ઇજનેર તરીકે જોડાયા.

આ કામ ઉપાડી લીધા પછી એમને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડેલો. ઇજનેરી કામોના 'કંટ્રાક્ટ' વગેરેમાં જે વેપારી રીતોનો ઉપયોગ થાય છે એ પરત્વે જાહેર અણગમા ને અવિશ્વાસની એમને પૂરેપૂરી જાણ હતી એટલે શરૂઆતથી જ એમણે ઉચ્ચ પ્રામાણિકતા અને સીધા વ્યવહારના ધોરણે પોતાની પેઢીની પ્રતિષ્ઠા સ્થાપવાનો મક્કમ નિરધાર કર્યો. અસાધારણ ખંત ને પરિશ્રમથી, તેમજ પોતાની ઉચ્ચ ખ્યાતિમાં, એમણે બોરઘાટ પર ટનલનું કામ, મુંબાઈ મ્યુનિસિપાલિટીની 'વૈતરણા' યોજનાની ટનલ ખોદવાનું કામ અને દામોદર વૅલીની યોજના પરનો 'કોનાર બંધ' બાંધવાનું કામ —આવાં મોટાં કામો મેળવ્યાં. આ ઉપરાંત બીજાં નાનાં-મોટાં બાંધકામનાં ખર્ચ અંદાજવાની જૂની પદ્ધતિ સુધારીને એમણે વધારે સરળ બનાવી; કારણ કે એમનો મત એવો હતો કે જો ખર્ચનો વાસ્તવિકરીતે અંદાજ



૧૯૪૪માં અનંત હિમાલયના પ્રવાસે ગયા ત્યારે. ૧૬,૦૦૦ ફીટની ઉંચાઇએ 'ગ્રીન લેઈક' પાસે. ત્યાં જનાર એ પ્રથમ હિંદી હતા.

કાઢવામાં આવે તો મોટી ઇજનેરી યોજના પરનાં કામો મુકાબલે નફાના થોડા ટકાના ધોરણે પૂરાં કરી શકાય. અને નોંધપાત્ર હકીકત તો એ છે કે એમની પેઢીએ ખરેખર, કેટલાંક કામો 'ખર્ચ+નક્કી થએલ ટકા'ના ધોરણે કર્યાં હતાં. અનંતનું સૂત્ર હતું કે 'ઇજનેરી ક્ષેત્રમાં મોટાં કામો જેવાં કે બંધો, પૂલો, બંદરો વગેરેનાં બાંધકામમાં જ અમને રસ છે એટલે અમે એમાં જ નિપુણતા મેળવી છે.' અગ્રેસરનાં સાહસિક દૃષ્ટિ અને ઉત્સાહથી એમણે આ મોટાં કામોના અમલમાં પોતાની ઉચ્ચ શક્તિઓ પરોવી દીધી હતી; અને એમની સલાહ તથા દેખરેખ નીચે એમની પેઢી બધાં કામો સફળતાપૂર્વક પૂરાં કરતી હતી.

એમનાં સાહસિક સ્વભાવ અને દૂર અંદેશ દૃષ્ટિ એમની કોઈ પણ રચનાત્મક ને પ્રગતિશીલ યોજનામાં

રસ લેવા પ્રેરતાં. ૧૯૪૭ના અરસામાં સરકારે આન્દામાન ટાપુઓના વિકાસ માટે યોજના તૈયાર કરવાના હેતુથી હિંદનાં વેપારી મંડળોને ત્યાં જવાની સગવડ આપેલી. અનંતને આ વિકાસયોજનામાં ખૂબ રસ હતો, એટલે તેઓ બે સાથીઓ સાથે આંદામાનની મુલાકાતે ગયા હતા. પાછળથી આ યોજનાના આખરી સ્વરૂપમાં વિલંબ થયો એટલે એમાં કશી પ્રગતિ ન થઈ.

૧૯૪૯માં એમને કેન્દ્ર સરકાર તરફથી બૅંગલોરના 'હિંદુસ્તાન એરક્રાફ્ટ લિ.'ના જનરલ મૅનેજર તરીકે જવા માટે તેડું આવ્યું, એટલે પોતાની પેઢીની સંમતિથી એ બૅંગલોર ગયા. લડાઇ દરમિયાન 'હિંદુસ્તાન એરક્રાફ્ટ'નું સંચાલન અને નિયંત્રણ અમેરિકન શિલ્પ-નિષ્ણાતોના હાથમાં હતું. અનંતની નિમણૂક પ્રથમ હિંદી જનરલ મૅનેજર તરીકે હતી. અહીં એમણે લગભગ નવ માસ સુધી કામ કર્યું. આ સમય દરમિયાન 'હિંદુસ્તાન એરક્રાફ્ટ'માં એક નવીન હવાઈ જહાજનું વિધાન (design) રચવામાં આવેલું, જેના પરથી બનાવેલા હવાઇ જહાજના પ્રથમ ઉડ્ડયનનો પ્રયોગ થોડા સમય પર જ થએલો. અહીં પણ, પોતાની કાર્યદક્ષતાથી અને સહકર્મચારીઓ તથા કારીગરો તરફના ચારુ વર્તનથી એમણે સૌમાં માન ને આદરભાવ સંપાદન કર્યાં હતાં. 'હિંદુસ્તાન એરક્રાફ્ટ'ના બોર્ડ ઑવ ડિરેક્ટર્સે તથા મધ્યસ્થ સરકારે એમના કામની પ્રશંસાયુક્ત કદર કરી હતી.

બૅંગલોરના કામથી નિવૃત્ત થઇને ફરી પાછા એ પોતાની ધંધાદારી પ્રવૃત્તિઓમાં તનમનથી લાગી ગયા. એમને મોટી વિકાસયોજનાઓમાં અત્યંત રસ હતો અને તેઓ અતિશય ખંતપૂર્વક એ કામ કરતા હતા. 'સૉઇલ મિકૅનિક્સ'ના તો એ નિષ્ણાત હતા ને સ્ટ્રક્ચરલ એન્જિનીઅરિંગ—જેવાં કે પૂલો, બંદરો, નહેરો, બંધો વગેરેના બાંધકામની વિદ્યામાં પ્રવીણ હતા. આ કામો પરત્વે તેઓ સલાહ અને અભિપ્રાય આપતા. ૧૯૪૬માં ભાવનગર રાજ્યે પોતાનાં બંદરોના વિકાસના પ્રશ્નો અંગે તપાસ કરવા નીમેલી નિષ્ણાતોની કમિટીના સભ્ય તરીકે એમને પણ નીમ્યા હતા; અને ત્યાર બાદ સૌરાષ્ટ્ર સરકારે એ પ્રદેશનાં બીજાં બંદરોના વિકાસ માટે એમને સલાહકાર તરીકે રાખ્યા હતા.

એક આદર્શ ઇજનેરનું જીવન અને કાર્ય કેવાં હોવાં જોઇએ એની કલ્પનાનો ઉલ્લેખ એમણે 'ધી યંગ એન્જિનીઅર' (જાન્યુઆરી ૧૯૪૦) ના અંકમાં મોકલેલા સંદેશમાં આપ્યો છે. 'મૅસેચ્યુસેટ્સ ઇન્સ્ટીટ્યૂટ ઑવ ટેકનૉલૉજીના પ્રમુખ ડૉ. કાર્લ ટી. કૉમ્પટને 'ઇજનેર'ની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે: ''ઇજનેર એ કહેવાય જે ગણિત, ભૌતિક તથા પ્રાણિ-વિષયક વિજ્ઞાનોના અને અર્થશાસ્ત્ર સંબંધી પોતાના જ્ઞાનના નિયોગથી, તેમજ નિરીક્ષણ, અનુભવો, વૈજ્ઞાનિક શોધ અને નવરચનાનાં પરિણામોની મદદથી, સાધનોનો એવો ઉપયોગ કરે અને નૈસર્ગિક બળોનું એવું નિયંત્રણ યોજે, કે જેથી સમાજને એ સર્વકલ્યાણકારક નીવડે. ઇજનેર, શિલ્પ-નિષ્ણાતથી ભિન્ન છે, કારણકે તેણે પોતાના કાર્યમાં શિલ્પ-વિષયક પાસાંઓ ઉપરાંત વ્યવસ્થાત્મક, આર્થિક અને વહીવટી બાજુઓની પણ સંભાળપૂર્વક રચના કરવી જોઇએ.'' આ વ્યાખ્યા સ્પષ્ટ અને વ્યાપક છે અને ઉચ્ચ તથા સ્વેચ્છાથી પસંદ કરેલા ધંધામાં પ્રવેશ કરતા યુવાન ઇજનેરો માટે ઉત્તમ માર્ગદર્શન કરાવે તેવી છે. પરંતુ મને બે મુદ્દાઓ પર ખાસ ભાર મૂકવાની ઇચ્છા છે: 'પ્રથમ તો, સમાજના કલ્યાણનો વિચાર, જેને માટે આત્મ-બલિદાનની સાચી ભાવનાની જરૂર છે; અને બીજું, આધુનિક ઇજનેરી કામમાં વ્યવસ્થાત્મક પાસાનું મહત્ત્વ ઘણું છે, કારણકે એ દ્વારા આપણા દેશના શાસનતંત્રમાં ઇજનેરો વધુ મહત્ત્વનો ભાગ ભજવી શકશે.'

ડૉ. અનંત પંડયાનાં જીવન અને કાર્ય ઉપર્યુક્ત વ્યાખ્યામાં નિરૂપેલા આદર્શોને મૂર્તિમંત કરતાં હતાં એમ કહેવામાં અતિશયોક્તિ નથી. એન્જિનીઅરિંગના સિદ્ધાંતો અને પદ્ધતિઓમાં થતી વર્તમાન પ્રગતિથી તેઓ હમેશાં માહિતગાર રહેતા. જ્યારે એમણે મોટી યોજનાઓ અંગેનાં બાંધકામની જવાબદારી માથે લીધી ત્યારે એ ક્ષેત્રમાં આધુનિક ફેરફારો અને પ્રગતિ જાતે જાણવા અને જોવા માટે તેઓ ઇંગ્લંડ, અમેરિકા, જર્મની, સ્વિટ્ઝર્લૅંડ આદિ દેશોના પ્રવાસે ગયા હતા; અને ૧૯૫૧ના માર્ચ-મે અરસામાં 'કંડલા-બંદર'ના રચનાવિધાન (Construction Design) અંગે નિષ્ણાતોનો સંપર્ક સાધવા જર્મની ગયા હતા. જાહેર બાંધકામો અને અન્ય ધંધાદારી પ્રવૃત્તિઓને લીધે અનેક દેશી તેમજ પરદેશી નિષ્ણાતોનો એમને પરિચય થતો; અને એમાંના ઘણાને એમણે પોતાના તલસ્પર્શી તથા ઉચ્ચ જ્ઞાનથી અને અત્યંત ચારુ વ્યક્તિત્વથી મિત્રો તરીકે જીતી લીધા હતા. એમની માન્યતા હતી કે મોટી વિકાસયોજનાઓના વિધાન સંબંધે આપણે પરદેશી નિષ્ણાતોનાં જ્ઞાન ને અનુભવથી પક્વ થએલી સલાહ ભલે લેવી, પરંતુ ત્યાર બાદ એને અંગેનું બાંધકામ તો આપણા ઇજનેરોની દોરવણી અને દેખરેખ નીચે જ થવું જોઇએ. આ દૃષ્ટિબિંદુથી એમનું સ્વપ્ન એક સદ્ધર ઇજનેરી સલાહકાર પેઢી ઊભી કરવાનું અને બની શકે તેટલા પ્રમાણમાં હિંદી ઇજનેરોને, જવાબદારીવાળું કામ કરી શકે તેવી તાલીમ તથા અનુભવ

આપવાનું હતું. હિંદી ઇજનેરોને જો યોગ્ય તક ને અનુભવ આપવામાં આવે તો ગમે તેવાં કઠિન કામો તેઓ પાર પાડી શકે તેવી તેમની શક્તિ છે, એવી એમની દૃઢ માન્યતા હતી. આપણા દેશબાંધવોનાં કલ્યાણ અને આબાદી માટે પોતે જે કામોમાં વ્યાપૃત હતા એવાં કામો લાંબા કાળ સુધી કરવાનું એમનું મોંઘું સ્વપ્ન હતું; એ જ એમના જીવનની પરમ મહેચ્છા હતી.

અનંત પંડ્યાએ કદી માન, સત્તાસ્થાન, ધન કે કીર્તિ માટે ઝંખના કરી નહોતી; છતાં અનાયાસ અને સ્વાભાવિકરીતે એ સર્વની એમને પ્રાપ્તિ થઈ હતી. એ આપણા એક ખરેખર મહાન અને પ્રતિભાસંપન્ન પુરુષ હતા; અને એમની મહત્તાનાં મૂળ એમની ઉચ્ચતમ મેધા, સત્યનિષ્ઠા ને સહૃદયતામાં રહેલાં હતાં. એમની મૌલિક અને પર્યેષક બુદ્ધિ હમેશાં એમને વિવિધ વિષયોમાં રસ લેવા પ્રેરતી, અને એ રીતે એમની મનોસૃષ્ટિનો વિસ્તાર વિશાળ અને વ્યાપક હતો. પરંતુ તાત્ત્વિકરીતે એમને જીવનમાં મહાન અને કલ્યાણકારી વસ્તુઓમાં જ ખરો રસ હતો; કોઇ પણ બાબતમાં લઘુતાને વર્જ્ય ગણતા. શિક્ષણના કે ધંધાના ક્ષેત્રમાં ઉત્તરોત્તર ઉચ્ચ કક્ષાએ પહોંચતાં જેમજેમ એ વિશેષ માન અને આદર પામતા ગયા તેમતેમ અત્યંત લાક્ષણિકરીતે એ વધારે સરળ ને નમ્ર બન્યા હતા. એમના નિકટ સંપર્કમાં આવનાર જનોના મન ઉપર એમની પ્રતિભા અને ગુણરાશિની ઊંડી છાપ પડતી. એક શ્રેષ્ઠ બ્રિટિશ વૈજ્ઞાનિકે એમને મળ્યા પછી બીજા એક મિત્રને કહેલું : 'ડૉ. પંડ્યા એક વિશિષ્ટ હિંદી જન છે! એમના જેવા બીજા થોડા પુરુષો તમારા દેશમાં હોય એમ હું ઇચ્છું છું.'

તેઓ અનેક કેળવણીવિષયક અને વૈજ્ઞાનિક કે શિલ્પ-વિષયક સંસ્થાઓ સાથે જોડાએલા હતા. 'નૅશનલ ઇન્સ્ટીટ્યૂટ ઑવ સાયન્સીઝ ઑવ ઇન્ડિયા'ના તેઓ ફેલો હતા અને એ સંસ્થાની ઘણી કમિટીઓના પ્રમુખ હતા. 'ઇન્સ્ટીટ્યૂટ ઑવ એન્જિનીઅર્સ (ઇન્ડિયા)' તથા 'અમેરિકન સોસાએટી ઑવ સિવિલ એન્જિનીઅર્સ'ના તેઓ સભ્ય હતા. સરકારે નીમેલી 'કાઉન્સિલ ફૉર ધી એસ્ટાબ્લિશમેંટ ઑવ ધી ઇન્સ્ટીટ્યૂટ ઑવ ટેકનૉલૉજી'-ના તેઓ સભ્ય હતા. 'સૅંટ્રલ ઍડવાઇઝરી બોર્ડ ઑવ એડ્યુકેશન' તથા 'ઑલ ઇન્ડિયા કાઉન્સિલ ઑવ ટેકનિકલ એડ્યુકેશન'ના પણ તેઓ સભ્ય હતા. મુંબાઇ તથા વડોદરા યુનિવર્સિટીઓના તેઓ ફેલો હતા.

અનંત પંડ્યા ગમે તેવી માનવમંડળીમાં સહેજે તરી આવે એવી ઊંચી, વિશિષ્ટ અને સપ્રમાણ શરીરાકૃતિવાળા હતા. એમનું વ્યક્તિત્વ અત્યંત પ્રતિભાશાળી અને આહ્લાદક હતું; અને એમની ચારુતા તથા સહૃદયતાથી તેઓ એમના સમાગમમાં આવનારનાં મન જીતી લેતા. એમના સ્વભાવમાં હમેશાં આનંદ, ઉત્સાહ અને અસાધારણ ચેતનાનો આવિર્ભાવ જણાતો. જ્યારે વર્તમાન પરિસ્થિતિ અંગે નિરાશાજનક વાતો સાંભળતા ત્યારે તેઓ કહેતા કે 'એ બધું પસાર થઈ જશે, ચિંતા શું કામ કરો છો? હજુ વય આપણી તરફેણમાં છે.' આ કથન એમના આત્મ-દર્શનમાં અનન્ય શ્રદ્ધા વ્યક્ત કરે છે.



પંજાબમાં બંધાનારા ભાકરા જલબંધની વિચારણા માટે સતલજ નદીના કિનારે : એમનાં પત્ની તથા એક સહકારી સાથે

એમનું મિત્રમંડળ બહુ વિશાળ હતું અને અત્યંત સહૃદય, ઉદાત્ત તથા ઉદાર મિત્ર તરીકે એમણે સૌની પ્રીતિ અને સદ્ભાવ સંપાદન કર્યાં હતાં. એમની સ્નેહમય મમતા, તીવ્ર હાસ્યવૃત્તિ અને મુક્ત કંઠનું હાસ્ય એમના મિત્રોનાં હૃદયમાં સદાકાળ વસેલાં છે. પોતાનાં કુટુંબીજનો ને સંબંધીઓ તરફ એ ખૂબ મમત્વ ધરાવતા અને સૌના પ્રીતિપાત્ર હતા. એમનું ગૃહજીવન અત્યંત સુખી, શાંત, સ્નેહપૂર્ણ અને ઉલ્લાસમય હતું. એમના અકાળ અવસાનથી એમનાં કુટુંબીજનો, સંબંધીઓ અને મિત્રોને કદી ન પુરાય તેવી ખોટ પડી છે. દેશને માટે, અનંત અત્યારે જીવન્ત નથી એ પરમ દુર્ભાગ્ય છે.

જન્મકાળથી યુવાવસ્થા

—મસ્તરામ પંડ્યા—

ભાવનગર શહેરના રેલ્વે સ્ટેશનની બહારની હદને પશ્ચિમ છેડે સ્ટેશન માસ્તરને રહેવાનો એક બંગલો છે. એ બંગલાની હદ વળી પાછી બીજી લોખંડની જાળીથી બંધાએલી છે. એમાં બંગલાથી જુદી પડેલી, પણ બંગલાના ઉપયોગ માટેની ચાર ઓરડીઓ છે. પહેલી ઓરડીમાં સંડાસ, બીજીમાં ગાય બાંધવાની તથા નીરણ સંઘરવાની જગ્યા, ત્રીજીમાં રસોડું અને ચોથીમાં કોઠાર, એમ ત્યારે ગોઠવણ હતી.

આ બંગલામાં સ્વ. અનંતના પિતામહ સ્વ. હરગોવિંદ અજરામર પંડ્યા (મોટાભાઇ) 'સ્ટેશન માસ્તર' તરીકે રહેતા. અને ચાર ઓરડીઓમાંથી ગાય બાંધવા માટેની બીજી ઓરડી તે સ્વ. અનંતનું જન્મસ્થાન.

પિતા હીરાલાલ હરગોવિંદ પંડ્યા (પોપટભાઇ) તે વખતે કૉલેજમાં અભ્યાસ કરતા. માતા સ્વ. પૂરીબાઇ સાસુ-સસરાની સેવા કરતાં અને સૌને રાજી રાખવાનો પ્રયત્ન કરતાં કુટુમ્બ વચ્ચે રહેતાં હતાં. પહેલું બાળક—મોટી બહેન કાન્તા—ત્યારે, કુટુમ્બના હેતનું પાત્ર બનીને રમતી, કૂદતી, ઘરમાં પગલી પાડી રહી હતી. એ ગાય બાંધવાની ઓરડી રૂપાળી ગારથી લીંપાઇ રહી હતી, દીવાલો સાફ થઇ રહી હતી, નીરણ બીજી ઓરડીમાં ફેરવાઇ ગઇ હતી અને એ રીતે કુટુમ્બના ઉછરંગ વચ્ચે આ ઓરડીનું 'પ્રસૂતિગૃહ' બનાવી દેવામાં આવ્યું હતું.


સંવત ૧૯૬૫—આષાઢ વદિ ૯, તારીખ ૧૧મી જુલાઈ ૧૯૦૯ ને રવિવારે, બપોર પછીના ૪-૫૫ વાગ્યે (સ્ટાન્ડર્ડ ટાઇમ) સ્વ. અનંતનો જન્મ થયો. જન્મ થતાં જ જન્મસમય નોંધાયો. અગાઉથી રેલ્વે સ્ટેશનના ઘડિયાળ સાથે મોટાભાઈની ખિસ્સા ઘડીઆળ (રૉસ્કોપ) સાચો જન્મસમય નોંધવા માટે મેળવી રાખી હતી. પિતામહી સ્વ. ત્રિવેણીબા હર્ષિત વદને ઓરડીમાંથી બહાર આવ્યાં અને અમને કહ્યું 'પુત્ર'. અમે સૌ ઓરડીથી થોડે દૂર બંગલાની ઓસરીમાં આતુર નયને રાહ જોઇને જ ઊભાં હતાં, તે તાળીઓ પાડીને કૂદી ઊઠ્યાં અને તરત જ દોડ્યાં સ્ટેશન તરફ, મોટાભાઈ પાસે, વધામણી લઇને. સાંભળીને મોટાભાઇએ મોં મલકાવ્યું ને બોલ્યા, 'વાહ, બહુ જ સારું.'

અને ત્યારથી ઘરમાં એકને બદલે બે બાળકો થયાં. ઘરમાં સર્વ પ્રિય અનંતને પ્રપિતામહી, પિતામહ, પિતામહી, દૂરના એક કાકા-કાકી (નનુકાકા-કાકી), ફઇ, બે કાકા અને સ્વમાતા—એટલાં, તેડવામાંથી અને રમાડવામાંથી પરવારે ત્યારે ને ? વળી, હરતાંફરતાં નોકરો પણ તેડે—રમાડે. આ રીતે આખું ઘર અનંતની બાલસૃષ્ટિમાં ગાજતું ને ગાજતું રહ્યું.

જન્મ વખતે અનંતનું શરીર વજનદાર, લાંબું અને ભરાવદાર હતું. માથું પાછળથી ઊંચું અને આગળના ભાગે વધારેપડતું નીચું, નમતું, લાંબું; એટલે સૌકોઇએ એ 'બુદ્ધિશાળી થશે' એવી આગાહી એ વખતે પણ કરેલી.

માત્ર બે પેઢી પહેલાંનો કુટુમ્બનો ઇતિહાસ તળાજા પાસેના એક નાનકડા ગામ સાંગાણાને એક ખૂણે, અજાણ્યો, પડેલો છે. પ્રપિતામહ અજરામર પંડ્યા સાંગાણાના ગરાસિયાઓના ગોર. સરળ ને ભોળા માણસ. પણ ગામમાં તેમનું માન બહુ. તેઓ એક સુપાત્ર બ્રાહ્મણ ગણાતા. પ્રપિતામહી કહેતાં કે એક વખત સાંગાણામાં એક બાબી—મહાત્મા આવ્યા હતા. અજરામર પંડ્યાએ એમની સેવા કરીને એવા આશીર્વાદ મેળવ્યા કે 'તારો પુત્ર કુળ ઉજાળનારો અને "મહાત્મા" કહેવાશે!' એ કથન પિતામહ મોટાભાઇએ 'મહાત્મા' નામથી ખ્યાતિ મેળવીને સાચું ઠરાવ્યું. આખું પંડ્યા કુટુમ્બ જ્ઞાતિમાં 'ભોળું અને ભલું' ગણાતું. પરિણામે, પંડ્યા કુટુમ્બને વારસામાં સરલતા અને ભલમનસાઈ મળેલાં તે પરંપરાગત ઊતરી આવેલાં ગણાય. સ્વ. અનંતમાં આવી પ્રખર બુદ્ધિશક્તિની સાથે હમેશાં સરલતા અને ભલમનસાઇનું દર્શન થયા કેરતું.

ઘરમાં બબ્બે દૂઝણી ગાયોનાં દૂધ છૂટથી પીવા મળતાં એટલે અનંતના શરીરનો બાંધો મજબૂત રહ્યો. પિતામહ મોટાભાઇનો સ્વ. અનંતના ઉછેરમાં બહુ મોટો ફાળો છે. જન્મકાળથી માંડીને યુવાવસ્થા પ્રાપ્ત કરી ત્યાં સુધી—લગભગ ૧૫ વર્ષની ઉંમર સુધી, એટલે કે મોટાભાઈના દેહાન્ત સમય સુધી, સ્વ. અનંતને તેમનો સમાગમ અને સહવાસ હતાં. મોટાભાઈ કદી મોટા કેળવણીકાર તરીકે વિખ્યાત બન્યા નથી, પરંતુ તેમણે પોતાનાં પુત્ર—પૌત્ર—પુત્રી—પૌત્રી સમુદાય માટે પ્રેરણારૂપ બનીને એમનાં ચારિત્ર્ય ઘડ્યાં છે. સતત બાળકોની વચ્ચે વસીને, બાળકોની સાથે રહીને, બાળકોને સાથે ફેરવીને, સંસ્કારિતાનાં નાનાંમોટાં તમામ ક્ષેત્રોમાં બાળકોને રસ લેતાં કરીને અને હૈયાનું હીર નિચોવીને એમનામાં દાખલ કરીને, એમણે પિતામહનો કેળવણીકાર તરીકેનો આદર્શ જગતને સમજાવ્યો છે. આવા પિતામહ સાથે, આંગળીએ વળગીને, સામે બેસીને અને બાજુમાં લપેટાઇને સ્વ.



ભાવનગર પાસેના ભીકડા તળાવ. સ્વ. અનંતની વિદ્યાર્થીકાળની સ્કેચબુકમાંનું જલરંગી દૃશ્ય

અનંતે સંસ્કારનાં અમૃત પીધાં હતાં. આવી રીતે તેનામાં સાહિત્ય, સંગીત, કળા અને વિજ્ઞાનનાં ઊંડાં બીજ મોટાભાઈએ જ રોપ્યાં હતાં.

સ્વ. અનંતના સતત સહવાસી જોડિયા ભાઈ જેવા તેનાં ફઈના પુત્ર ઉપેન્દ્ર. એ બંને ભાઈઓ સાથે જ મોટાભાઈને ત્યાં ઊછર્યા, સાથે જ વિકાસ પામ્યા. કિશોરાવસ્થામાં એકબીજાથી ભાગ્યે જ થોડી ક્ષણો માટે કોઈ વિખૂટા પડેલા. બેસવું, ભણવું, ખાવું, પીવું, રમવું, સૂવું, બધું જ સાથે. મોટાભાઈની ડાબી જમણી બાજુએ તેમની આંગળી પકડીને બંને સાથે ચાલતાં શીખેલા. અને મોટાભાઈ જીવ્યા ત્યાં સુધી બંનેએ એમના સહવાસનું અમૃત ધરાઈધરાઈને પીધું. પિતામહની આંગળીએ વળગીને તખ્તેશ્વરની ટેકરી ઉપરથી સમુદ્ર વચ્ચેથી ઉદ્‌ભવતો કોઈ સૂર્યોદય નિહાળતા, કે પશ્ચિમને નારંગી રંગથી ભરી દેતો સંધ્યા સમય નિહાળતા, અથવા પિતામહના પડખામાં લપાઈને સ્વ. રહીમખાંનું સિતારવાદન કે સ્વ. દલસુખરામનો ગાન-આલાપ મંત્રમુગ્ધ બનીને સાંભળતા અને તલ્લીન બનતા આ બંને કોમળ બાળકોને જોઈને જોનારનું હૈયું હમેશાં ઠરતું. એવા અનુકૂળ અને અદ્‌ભુત વાતાવરણની વચ્ચે મોટાભાઈ બંને બાળકોને નિસર્ગની ખૂબીઓ સમજાવતા; સંગીતની રાગરાગિણીઓના પ્રકાર શીખવતા; રાત્રે સૂતાંસૂતાં, કાવ્યો, શ્લોકો અને વાતો વડે સાહિત્યમાં રસ જન્માવતા; દિવસે કાગળો ઉપર પીંછી ચલાવી, રંગોની જમાવટ કરવામાં ઉત્સાહ પ્રેરતા અને પુસ્તકો વાંચતા–વંચાવતા, વિજ્ઞાન વિષેની એમની ભૂખ ભાંગતા. આવી રીતે સાહિત્ય, સંગીત, કલા ને વિજ્ઞાનની પ્રવૃત્તિ લગભગ હમેશનો વ્યવસાય બની રહેતો. આવા સુંદર અને ઊંડા સંસ્કાર વડે સ્વ. અનંતને મહાન પુરુષ બનવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું.

અનંત ને ઉપેન્દ્રનો વિકાસ સાથે થયો, તોપણ બંનેના સ્વભાવ કેટલીક વખત એકબીજાથી સ્વતંત્ર દેખાતા. જોકે બંનેની સામાન્ય ખાસિયતો લગભગ એકસરખી દેખાતી : અનંતને દહીં ખાવાથી ઊલટી થાય; ઉપેન્દ્રને પણ થાય. અનંતને શીખંડ ન ભાવે; ઉપેન્દ્રને પણ ન ભાવે. અનંતને ભભકો ન ગમે સાદાઈ ગમે; ઉપેન્દ્રને પણ તે જ ગમે. અનંતને માથું દુ:ખવા આવે ત્યારે ઉપેન્દ્રને પણ દુ:ખવા આવે જ. અને છતાં અનંત શરમાળ; ઉપેન્દ્ર સહસા ન શરમાય. અનંત વાતવાતમાં કે ઠપકો મળતાં રડી પડે; ઉપેન્દ્ર નૈતિક બળાવો ઉઠાવીને દલીલો કરવા લાગે. વળી, કેટલીક બાબતોમાં બંને સરખા પણ દેખાય. અનંત જે પ્રવૃત્તિ શરૂ કરે તે પ્રવૃત્તિ વધારે વેગવાન બને તેવા પ્રયત્નો ઉપેન્દ્રે પણ આદરી દીધા જ હોય; ત્યારે અનંત એથી પણ વધારે વેગવાન બને તેવી તનતોડ મહેનત કરે. આ રીતે બંને વચ્ચે કોઈકોઈ વખત સ્પર્ધા જામતી, પણ એ સ્પર્ધાએ બાલ્યાવસ્થામાં જેટલું ઉગ્ર સ્વરૂપ પકડેલું તેટલું મોટી ઉંમરે તે જ સ્પર્ધાએ ઘણું ગૂઢ, સ્થિર અને નિર્દોષ–નીરોગી સ્વરૂપ પકડેલું, અને વિજ્ઞાનની ઉચ્ચ કક્ષા મેળવ્યા પછી એનું પરિણામ એ આવ્યું કે પોતે આરંભેલું કાર્ય અદ્વિતીય અને અપ્રતિમ હોવું જ જોઈએ એવો છંદ સ્વ. અનંતને જીવનના અંત સુધી રહ્યો.

દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાં એણે વિદ્યાર્થીજીવન શરૂ કર્યું. એમ તો થોડો વખત પ્રાથમિક નિશાળનાં પણ એણે દર્શન કરેલાં. લાંબું પાટલૂન, તેમાં ભરાવેલા ખમીસ ઉપર હાફકોટ અને માથે મખમલની હીરથી ભરેલી ટોપી. સ્લેટ, પેન ને દફતર. પણ એ બહુ ચાલ્યું નહિ; કેમકે, મોટાભાઈ–સ્થાપિત અને સંચાલિત દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન કરતાં પોતાના જ પૌત્રો માટે બીજી રૂડી કઈ સંસ્થા હોય ? દ. મૂ. સંસ્થામાં દાખલ થયા ત્યારે તો મોટાભાઈ પાસેથી કેટલુંયે અગાઉથી શીખી-જાણી લીધેલું, એટલે શાળા તો એને એક રમત-વાત લાગી. શાળામાં એનો શારીરિક અને માનસિક વિકાસ ઘણો

થયો. પરીક્ષાની ચિંતા નહિ, એટલે ખોટી હરીફાઇ અને રૂપાળાં પરિણામ માટેની ઝંખનાને જરા યે પોષણ ન મળ્યું અને વિકાસ ઊંડો ને ઊંડો અને દૃઢ ને સુદૃઢ થતો જ ચાલ્યો. શાળામાં ઇતર પ્રવૃત્તિઓ અનેક, એટલે વાચનનો શોખ વધ્યો. શરીરવિકાસમાં પણ મન લાગ્યું અને કુટુમ્બસંસ્કારની વેદિ ઉપર ઊભા રહીને શાળામાં અનંત-ઉપેન્દ્રે 'આદર્શ-બાળકો' તરીકેની નામના મેળવી. સામાન્ય જ્ઞાનની સામાયિક પરીક્ષાઓમાં તેમનાં નામ હમેશાં પહેલાં રહેતાં, અને એમ દેખીતીરીતે આંજી નાખે એવાં વાર્ષિક પરીક્ષાનાં પરિણામો દેખાડયા વિના જ્ઞાન તથા સંસ્કાર-સમૃદ્ધિ એમની રગેરગમાં વ્યાપી રહ્યાં.

માધ્યમિક શિક્ષણ લેતાંલેતાં સ્વ.અનંતની બે પ્રવૃત્તિઓ ખાસ ધ્યાન ખેંચે એવી બની રહી. એ બે પ્રવૃત્તિઓ તે ચિત્રકળા અને સાહિત્ય. નાનપણથી જ રેખાંકન વડે સુરેખ આકૃતિઓ દોરવામાં તેનો હાથ સ્થિરતા મેળવી ચૂક્યો હતો. મોટાભાઈએ રંગીન પેન્સિલો વડે કાગળોના થોકડાઓ ચીતરી મૂકવાની સંપૂર્ણ છૂટ આપેલી હતી, એટલે એ વ્યવસાયમાંથી ચિત્રકલા ખૂબ વિકસી. રેખાંકનમાંથી ધીમેધીમે ચિત્રાલેખનમાં પ્રવેશ કર્યો. વખત જતાં એ છન્દ જળરંગ (Water Colour) ચિત્રો દોરવામાં એટલી હદ સુધી સિદ્ધહસ્ત થયો કે સૌએ માની લીધું કે અનંત મહાન ચિત્રકાર થશે. અને અનંતનો એ વ્યવસાય, એ કાળમાં અતિ પ્રિય બની રહ્યો.

બીજી બાજુ માધ્યમિક શાળાનો અભ્યાસ તો સ્થિર પ્રગતિથી ચાલુ જ રહ્યો હતો. શાળાની અનેક ઇતર પ્રવૃત્તિઓમાં પણ એણે પહેલેથી રસ લીધેલો, એટલે જ્યારે વિનીતની પરીક્ષા પસાર કરી ત્યારે એના મનમાં ચિત્રકાર બનવાના કોડ જાગ્યા. વડીલો જ્યારે એને માટે જીવનપ્રવૃત્તિનાં અનેક દ્વારો સૂચવી રહ્યા હતા ત્યારે આ મૂક અને પરવશ જેવો દેખાતો કિશોર મનમાં ને મનમાં મૂંઝાઈ રહ્યો હતો: 'મારે તો ચિત્રકાર થવું છે'; 'શા માટે હું ચિત્રકાર ન બનું?' 'શું જીવન એકલું પૈસા કમાવા માટે છે?' 'પોતાને ઇષ્ટ લાગતી પ્રવૃત્તિ છોડી દઇને શું પૈસા કમાવાના લોભે તણાઇ જવું અને એ પ્રવૃત્તિ છોડી દેવી?' આવાઆવા અનેક પ્રશ્નો એણે પોતાની જાતને, વિશ્વાસપાત્ર વડીલોને અને શિક્ષકોને પૂછી જોયા. સર્વત્ર એક જ અવાજ એને સાંભળવા મળ્યો કે 'ચિત્રકળામાં શું બળ્યું છે? ચિત્રકારની કિંમત ક્યાં છે? ચિત્રકાર તે કોઈ દિવસ પોતાનું કે પારકાનું ભલું કરી શકે?'

અને દુભાએલા દિલથી, આંખમાં ઊભરાતાં આંસુઓ સાથે અને અંધકારમાં ઝંપલાવનારની જેમ, એણે મુંબાઈ યુનિવર્સિટીના મૅટ્રિકના અભ્યાસની શરૂઆત કરી.



'બંસીધર': એ નામના શ્રી રવિશંકર રાવળના એકરંગી ચિત્ર ઉપરથી સ્વ. અનંતે કિશોર વયે હૂબહૂ અને વળી પૂર્ણરંગી અનુકૃતિ કરેલી તેની આછાપ, એનામાં નાનપણથી પડેલા ચિત્રકળાના સંસ્કાર તથા લગની દર્શાવે છે. એ સંસ્કાર અને લગની શ્રી રવિશંકર રાવળના એ કુટુંબ સાથેના ઘનિષ્ટ સંબંધને આભારી હતાં, અને જ્યારે પણ શ્રી રાવળ ત્યાં જતા ત્યારે કુટુંબનાં હસબાર બાળકોનો ઘેરો તેમને વીંટળાઇ વળતો. સ્વ. અનંતના ભાઈ વિનાયક પંડ્યા તો આજે પણ ચિત્રકાર તરીકે જાણીતા છે અને બીજાં બાળકોમાં પણ એ રસ ખીલેલો છે.

બરાબર આ જ અરસામાં રાષ્ટ્રીય ચળવળને લીધે દેશના દરેક યુવાનના દિલમાં સ્વદેશપ્રેમ ઊભરાવા લાગ્યો હતો. દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનનું વાતાવરણ પણ સ્વદેશ માટે યુવાનોને પ્રેરણા આપે એવું પ્રબળ હતું, એટલે રગેરગમાં વ્યાપી રહેલો સ્વદેશપ્રેમ એમને આ યુનિવર્સિટીના શિક્ષણ પ્રત્યે સૂગ ઉપજાવી રહ્યો હતો. છેવટે અભ્યાસપ્રેમી અનંતની જ્ઞાનપ્રાપ્તિ ને ગુણવિશિષ્ટતા માટેની ઝંખનાએ ઘડીભર એ સૂગ ઉપર આધિપત્ય મેળવ્યું ને એણે મૅટ્રિકનો અભ્યાસ આદર્યો.

ચિત્રકળાની પ્રવૃત્તિની સાથેસાથે, અગાઉ જણાવ્યું તેમ, સાહિત્ય પ્રત્યેની અભિરુચિથી અનંત-ઉપેન્દ્રે સાથે મળીને હસ્તલિખિત 'કુમાર' માસિક જન્માવ્યું. સમયાન્તરે શ્રી રવિશંકર રાવળે આજનું કિશોર-પ્રિય 'કુમાર' માસિક જ્યારે પ્રથમ પ્રસિદ્ધ કર્યું ત્યારે તેમણે આ બંને કિશોરોને ભાવભરી અંજલિ સાથે એમને 'કુમાર'ના મૂળ ઉત્પાદક અને આદ્ય તંત્રી જાહેર કર્યા. એ વખતે હસ્તલિખિત અને હસ્ત-ચિત્રિત 'કુમારે' વાંચકોની વિશાલપ્રિયતા મેળવી લીધી હતી અને તેથી જ આવું



સ્કેચ બુકમાંનાં શોભન-સ્વરૂપો : ફૂલ અને મોરનાં હૂબહૂ રૂપ નહિ, પણ આકૃતિના મૂળ મુદ્દા પર ભાર મૂકી ઉપજાવેલાં શોભન માટેનાં આલેખનો. ઉપર 'મયૂર'ના બધા અક્ષરોના છેડા પણ તેની સાથે તાલ લે છે. 'કુમાર'માં વર્ષોથી વપરાતા આવતા સાથિયા તેમણે જ યોજેલા.

બહુમાન એમને મળ્યું હતું.

સ્વ. અનંતને વિશાળ વાચનનો ઘણો છન્દ હતો અને તે જીવનભર કાયમ રહ્યો. તેનો અથાગ સાહિત્યપ્રેમ આ વિશાળ વાચનને આભારી છે. વિશાળ વાચન વડે તો એણે શાળા ને વિદ્યાલયની સામાન્ય જ્ઞાનની પ્રાસંગિક પરીક્ષાઓમાં હમેશાં પહેલા આવવાનું સન્માન મેળવેલું. શાળામાં દર વર્ષે જ્યારે 'ઉત્તમ અને આદર્શ' વિદ્યાર્થીની ચૂંટણી થતી ત્યારે જ્યાં સુધી શાળામાં રહ્યા ત્યાંસુધી અનંત-ઉપેન્દ્રે એમાં કાયમ પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

સંસ્કૃત ભાષા પ્રત્યે એને પક્ષપાત હતો. બાલ્યાવસ્થામાં મોટાભાઈ સાથે રહીને લગભગ બધાં જ ઈશ્વર-સ્તવનનાં સ્તોત્રો એણે મુખપાઠ કર્યાં હતાં. એવી જ રીતે યજુર્વેદ સંહિતાના મોટા ભાગનો પણ એણે મુખપાઠ કરેલો, એટલે સંસ્કૃત ભાષા એને સુલભ બની હતી.

અભ્યાસકાળ દરમ્યાન શાળામાં અને સમાજમાં દેશને સ્વતંત્ર બનાવવાની અનેક પ્રવૃત્તિઓ શરૂ થઈ ચૂકી હતી તેની અસર અનંત ઉપર થયા વિના રહી નહિ. ઈ.સ. ૧૯૨૫માં મૅટ્રિકની પરીક્ષા પસાર કર્યા પછી એના મનમાં વળી પાછો અંગ્રેજ-સ્થાપિત વિદ્યાપીઠ પ્રત્યેનો અણગમો જાગ્યો. સ્વદેશપ્રેમ દિલમાં છલોછલ ભર્યો હતો, એટલે એવી વિદ્યાપીઠમાં જવાને બદલે એને રાષ્ટ્ર-માન્ય સંસ્થામાં જોડાવાના કોડ જાગ્યા. એ કાળ એવો હતો કે પૈસા કમાવાની દૃષ્ટિએ રાષ્ટ્રમાન્ય સંસ્થામાં જોડાવાનું ઊગતા વિદ્યાર્થી માટે નિરર્થક ગણાતું, એટલે વડીલોની સંમતિ સહેલાઈથી મળે એમ નહોતું. છેવટે બીજું કાંઈ નહિ તો ચિત્રકલા શીખવા જવા દેવા માટે એણે સંમતિ માગી. 'એ તો વળી એથી યે વધારે નિરર્થક' એવો વડીલોનો ચુકાદો આવ્યો, ને ફરી પાછી અનંતને નિરાશા સાંપડી. જીવન-વ્યવસાય નક્કી કરવામાં પ્રાપ્ત થએલી આ નિરાશામાં એના મનની મૂંઝવણ એટલી બધી વધી ગઈ કે વારંવાર આ માટેની ચર્ચાઓ વખતે એનાથી શૂન્યમનસ્ક થઈ જવાતું; કોઈકોઈ વખતે એને રડવું પણ આવી જતું. આખરે વડીલોની ઇચ્છાને, કચવાતે મને, માન આપ્યું અને એણે કૉલેજનો અભ્યાસ શરૂ કર્યો. કૉલેજમાં અભ્યાસ કરતી વેળા એણે લાંબા વખત સુધી જીવનમાં નીરસતા અનુભવી અને એની અસર નીચે કેટલાક વખત સુધી પોતાની બુદ્ધિમત્તા એણે જગાડી જ નહિ. અને આવી સ્થિતિમાં ઇન્ટર સાયન્સ સુધીની બધી પરીક્ષા જીવન પ્રત્યેની ઉદાસીન-વૃત્તિથી પસાર કરી.

આમ, સાહિત્ય અને કલા પ્રવૃત્તિને એક બાજુએ દબાવી રાખીને એણે જીવનવ્યવસાય તરીકે પૌર-નિર્માતા (Civil Engineer) થવાનું નક્કી કર્યું ને કરાંચીની 'સિવિલ એન્જિનીઅરિંગ કૉલેજ'માં પ્રવેશ મેળવ્યો. આજ સુધીની એના અભ્યાસની કારકિર્દી બહુ જ્વલંત દેખાવા પામી નહોતી, પણ પૌર-નિર્માણ-વિદ્યાનો સ્વીકાર કર્યા પછી એકાએક, એણે જ્ઞાનપ્રાપ્તિની જાણે દીક્ષા લીધી હોય તેમ સ્વાધ્યાય પ્રવૃત્ત રહેવા માંડ્યું, અને પ્રથમ વર્ષના વાર્ષિક પરિણામ વખતે એણે, અનાયાસે, આખી મુંબાઈ વિદ્યાપીઠમાં પ્રથમ પંક્તિએ સર્વાગ્રસ્થાન પ્રાપ્ત કર્યું. અને પછી તો, દરેક વર્ષે એવી જ રીતે પ્રથમ પંક્તિમાં સર્વાગ્રસ્થાન મેળવ્યા કર્યું ને બી.ઈ.ની ડિગ્રી ઇ.સ. ૧૯૩૦માં, જેમ્સ બર્કલી ઇનામ અને સુવર્ણચંદ્રક સાથે સૌથી પ્રથમ આવીને મેળવી.

આ દેશમાં આવી કીર્તિ મેળવીને એણે અમેરિકાના ઉચ્ચ અભ્યાસ માટે પ્રયાણ કર્યું; યંત્રવિદ્યા માટેની એમ. આઈ. ટી. નામની જગમશહૂર નિર્માણસંસ્થામાં માસ્ટર ઑવ સાયન્સ બનીને સંસ્થાના પ્રમુખ વગેરેનાં સન્માન મેળવ્યાં; અને તે પછી તે જ સંસ્થામાંથી જ્યારે તેણે ડૉક્ટર ઑવ સાયન્સની ડિગ્રી મેળવી તે વખતે, અમેરિકાના માત્ર સાત ડૉક્ટરોની સંખ્યામાં એણે આઠમા 'ડૉક્ટર ઑવ સાયન્સ' બનીને વધારો કર્યો.



કૉલેજમાં 'યુનિવર્સિટી ટ્રેઇનિંગ કોર'માં જોડાએલા તે વખતની સ્વ. અનંતની સ્કેચ-બુકમાંનું દોડતા વિદ્યાર્થીનું કાર્ટૂન.

આવી જ્વલંત કારકિર્દી છતાં એના મુખ ઉપર કદી નહિ ગર્વ, નહિ અભિમાન. ચોવીસ વર્ષ જેટલું નાનું વય, એટલે ચહેરા ઉપર તરી આવતી નરી નિર્દોષતા! કોઇ કલ્પી શકે નહિ કે આ યુવાન આટલો મોટો વિદ્વાન છે!


પરન્તુ વિદેશ વસવાટ પછી એનો દૃષ્ટિકોણ બદલાયો હતો. એની દૃષ્ટિ પૂરેપૂરી વિશાળ પણ બની હતી. સ્વદેશની અને ધર્મની સંકુચિતતા એને ખૂંચતી હતી, સમાજસુધારણા માટેનો તરવરાટ જાગ્યો હતો, સ્વદેશાભિમાનમાંથી રાષ્ટ્રીય ઉદ્ધારના કોડ જન્મ્યા હતા ને તેની ધર્મબુદ્ધિએ પણ એક નવીન સ્વરૂપ પકડ્યું હતું.

આટલો સ્વ. અનંતના જન્મકાળથી યુવાવસ્થા સુધીનો પરિચય આ પછીના એના જીવનવ્યવસાયના વર્ણનનો અહીં ઉદ્દેશ નથી. એના કીર્તિ-કળશ સાથે એની 'શિક્ષક' અને 'વ્યાપારી' તરીકેની સફળતા કોઇથી અજાણી નથી. એ મનોરથભર્યા જીવનનો સહસા આવેલો અંત પણ એટલો જ જાણીતો, દારુણ ને કરુણ છે.

અકસ્માત થયા પહેલાં બરાબર એક મહિને જર્મનીથી પાછા ફર્યાને દિવસે જ એક શાન્ત સન્ધ્યાએ અમે બે બેઠા હતા. 'આટલો બધો પ્રવાસ? આટલી બધી પ્રવૃત્તિ?' એમ મારાથી બોલી જવાયું. ઉત્તરમાં એણે ગંભીરતાથી કહ્યું, 'વેગ—મહાવેગ(Speed—Great Speed)એ આપણા દેશનો હવે મહામંત્ર બનવો જોઇએ. સમય ગુમાવવો હવે દેશને પોસાય નહિ. દેશની સ્વતંત્રતા સાચવી રાખવી હોય, ટકાવી રાખવી હોય તો સૌ કોઇએ પ્રવૃત્તિમાં જ ડૂબેલા રહેવું જોઇએ. મોજશૉખ અને આરામને હજી વાર છે, બહુ વાર છે.' અને એ 'વેગ-મહાવેગ' જ એના મૃત્યુનું નિમિત્ત બન્યો! કેટલું કરુણ!

અને વાતવાતમાં, એ જ સંધ્યાએ, એની કલ્પનાના તરંગો ઊછળતા હતા: "પ્રવૃત્તિમાંથી છૂટીશ ત્યારે 'હાશ' મેળવવા માટે મારી કલ્પનામાં શું છે તે કહું?" અને પછી દૂર દૂર જોતાં જોતાં એણે એક કલ્પનાચિત્ર ખડું કરવાની શરૂઆત કરી. 'વતનને કોઇ એક ખૂણે, એક નાનકડો જમીનનો ટુકડો લઇને હું તેમાં જાતમહેનતથી એક બાગ બનાવીશ. વનસ્પતિશાસ્ત્રના અભ્યાસને લઇને બાગમાં તો લીલીને પણ રસ છે, એટલે અમે બન્ને, બાગને સુંદર બનાવવામાં સાથે શ્રમ આદરશું. બાગ તો પુષ્પોથી ભરપૂર બનશે; ફળોથી લચી પડતાં વૃક્ષો પણ ઊગશે. એ બાગની વચ્ચે એકાદ નાની ટેકરી હશે. એ ટેકરી ઉપર મારું નાનું એવું સુન્દર ઘર બાંધીશ. એ ઘરમાં એક ખંડ મારો અભ્યાસખંડ હશે. એ મુખ્યત્વે શાનો અભ્યાસખંડ હશે તે કહું? ત્યાં તો હું મારો ચિત્રકળાનો વિકાસ સાધીશ. રંગબેરંગી ચિત્રો દોરીશ. કુદરતને ખોળે બેસીને, નિસર્ગલીલાને મારી પીંછીના રંગો વડે ચિત્રમાં ઉતારીશ; અને એ રીતે મારી અતૃપ્ત વાંછના પૂરી કરીશ.'

'વાંછના!' 'અતૃપ્ત વાંછના!' કોણે કલ્પ્યું હશે, એ 'અતૃપ્ત વાંછના' અતૃપ્ત જ રહેશે? વિશ્વવ્યાપી ઓ વિરાટ સ્વરૂપ! તેં એ તેજ-પુંજને તારામાં ક્યાં શમાવ્યો છે? કહીશ, બતાવીશ, અમને, કદી યે?



ગોપનાથનું ઝાડ.

વિદ્યાર્થીકાળની સ્કેચ-બુકમાંનું ઝાડ (એમના હસ્તાક્ષર સાથે) જેમાં ગોપનાથને દરિયાકિનારે સમુદ્ર પરથી સતત સૂસવતા પવનના જોશ આગળ નમી પડેલા ઝાડની લાક્ષણિકતા એમણે ઉતારી છે.

વહાલો ભાઈ·સહાધ્યાયી·પરમ મિત્ર

ઉપેન્દ્ર ભટ્ટ

છેક જન્મથી અમે બન્ને જોડિયા ભાઈઓ જેમ ઊછરેલા. વિક્રમ સંવત ૧૯૬૫ના અષાડમાં ભાઈ અનંતનો જન્મ, ફાગણમાં મારો જન્મ. અમારી વચ્ચે માંડ પાંચ માસનું અંતર. અનંતના પિતા હીરાલાલ અને મારાં માતા હીરાલક્ષ્મી ભાઈબહેન થાય. મોટાભાઈ—સ્વ. શ્રી હરગોવિંદ પંડ્યાનાં બન્ને સંતાનો. અનંતની ત્રણ વર્ષની ઉમરે તેમના પિતા વિદ્યાભ્યાસ માટે અમેરિકા ગયા, મારા પિતા મધ્યપ્રાંતમાં નોકરીમાં હતા; તેથી અમે બન્ને બાળકો દાદા-દાદી—મોટાભાઈ અને ત્રિવેણીબા—પાસે રહેતા. ધંધે સ્ટેશન માસ્તરની નોકરી હોવા છતાં મોટાભાઈ જીવનની વિવિધ પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા. ચારિત્ર્ય દ્વારા શિક્ષણના આગ્રહને લઈ શ્રીદક્ષિણામૂર્તિ સંસ્થાની સ્થાપના, હિંદના અનેક પ્રવાસો, સાહિત્ય, સંગીત, કલા વગેરેના સર્વદેશીય રસ અને આદર્શ જીવન, આ બધાં માટે મોટાભાઈ કાઠિયાવાડ બહાર પણ જાણીતા હતા. દેશપરદેશના મહેમાનો, વિદ્વાનો, કલાકારો, સાધુસંતો હમેશ મોટાભાઈને ત્યાં આવતા-જતા. આ બધાના સમાગમનો લાભ અમને મળતો.

રામાયણ–મહાભારતની કથાઓ અને દેશપરદેશની વાતો અમને ઊંડી અસર કરી જતી. ધ્રુવ, હરિશ્ચંદ્ર અને બીજાં કથાનકો અતિ સહજ અને સાચાં લાગતાં. મોટાભાઈના નિવાસસ્થાને સાહિત્યચર્ચા, શાસ્ત્રીય સંગીત, આયુર્વેદ અને વિજ્ઞાનના અખતરા વગેરે પ્રવૃત્તિઓ સતત ચાલ્યા કરતી. પરંતુ સવિશેષ તો મોટાભાઈનું વ્યક્તિત્વ બાળકોને આવરી લેતું. મોટાભાઈ જાતે વાત્સલ્ય અને પ્રેમથી આ પૌત્રોનું ઘડતર કરતા. સવારના પાંચ વાગે એ બાળકોને પોતાની સાથે જ ઉઠાડતા, સ્તોત્રો સંભળાવતા ને શીખવતા; જાતે વ્યાયામ કરતા અને કરાવતા. જાતમહેનત કરતાં અને ઠંડા પાણીએ સ્નાન કરી નહાતાં શીખવતા! આમાંથી મેળવેલ જાતમહેનત અને નિયમિતતા જીવનભર મદદરૂપ થઈ પડ્યાં.

અક્ષરજ્ઞાનની શરૂઆત તો અમે ઘેર શિક્ષક પાસે છ વરસની ઉમરે કરી, પરન્તુ પાંચ વરસની વયથી અનંતના પિતાએ અમેરિકાથી આણેલા લાકડાના દટ્ટા અને ચિત્રોથી અમે રમતા. મોટાં ગગનચુંબી મકાનો, નાયગરાનો ધોધ, જંગી પૂલો અને પનામા કૅનાલની વાતો પૂછતાં ઇજનેરી સિદ્ધિઓથી ચકિત થતા. કદાચ ઇજનેરીના ઊંડા સંસ્કારો ત્યારથી પડ્યા હોય!

સાતમે વર્ષે અમે પ્રાથમિક શાળામાં ગયા. દોઢ વરસ ભાવનગર અને આઠનવ મહિના વાંકાનેર એમ મળી સવા બે વરસમાં ચાર વર્ષનો અભ્યાસક્રમ પૂરો કર્યો અને નવમે વરસે ભાવનગર આવી દક્ષિણામૂર્તિ વિદ્યાલયમાં અંગ્રેજી પહેલા ધોરણમાં દાખલ થયા. આ તો હતી મોટાભાઈ–નાનાભાઈએ સ્થાપેલી ઘરની સંસ્થા. બાળપણમાં જે ગિજુભાઈ–હરભાઈના ખોળા ખૂંદેલા તે શિક્ષકો. આમ, શાળા અને ઘર અમારે મન એક હતાં. માનસ અને શરીર, બુદ્ધિ અને લાગણીના વિકાસને અબાધિત તક મળી, સ્વયંસ્ફૂર્તિ અને કલ્પના પૂરાં પાંગર્યાં. ઇતર પ્રવૃત્તિ અને વાચનથી સાચી મુક્તિની ઝાંખી થઈ. જાણવાનું જાણે બધું એ ૯ થી ૧૫ વર્ષની ઉમરમાં વિનીત થતાં સુધીમાં દક્ષિણામૂર્તિ વિદ્યાલયમાં મળી ગયું. આમ, એક બાજુ પ્રાચીન સંસ્કૃતિ અને ચારિત્ર્યઘડતરના પાયા ઉપર રચાએલો અભ્યાસક્રમ હતો, અને બીજી બાજુ રાષ્ટ્રપ્રેમ, સ્વમાન તથા સ્વાધીનતાની ઝુંબેશનાં જે પૂર દેશભરમાં ફરી વળ્યાં હતાં તેમાં નહાતાં ને તરતાં શીખ્યા. તે ઉપરાંત અદ્યતન શિક્ષણપદ્ધતિની પ્રયોગભૂમિ જેવી એ સંસ્થામાં આંતર્પ્રાંતીય સરહદ વટાવી આંતર્રાષ્ટ્રીય વાતાવરણ જામી જતું તે પણ સહજ અનુભવ્યું.

એ અરસામાં અમે બાલકોએ કુટુંબમાં હસ્તલિખિત ‘કુમાર’ માસિક શરૂ કર્યું. અનંત–ઉપેન્દ્ર સંયુક્ત તંત્રીઓ. સુશોભન અને ચિત્રોનું કામ ભાઈ અનંત ઉપર; સંપાદન, નોંધલેખન મારા ઉપર. ભાઈ અનંત અચ્છા ચિત્રકાર હતા. ઇંગ્લંડના જાણીતા માસિક ‘My Magazine’ના colour-competition (રંગ પૂરવાની ચિત્રહરીફાઈ)માં તેમને ઇનામ મળેલું! એમના water-colour landscapes(જલરંગી નિસર્ગદૃશ્યો)માં રંગમેળવણી ઉત્તમ પ્રકારની હતી. એ હસ્તલિખિત ‘કુમાર’ અમારા કુટુંબના મિત્ર અને ગુજરાતના તરવરિયા ચિત્રકાર શ્રી રવિભાઈ રાવળે જોયું અને ગુજરાતભરના તરુણવર્ગને માટે મુદ્રિત ‘કુમાર’નો જન્મ થયો.

એ અરસામાં ગાંધીજી કાઠિયાવાડ રાજકીય પરિષદ નિમિત્તે ભાવનગર આવ્યા ત્યારે અનંત–ઉપેન્દ્ર તેમના નિવાસસ્થાને સ્વયંસેવક હતા. કવિવર રવીન્દ્રનાથ ભાવનગર આવ્યા ત્યારે દક્ષિણામૂર્તિમાં તેમનાં પણ દર્શન-પરિચય થયાં. તે જ રીતે અનેક દેશનેતાઓ, પંડિતો વગેરે સંસ્થામાં જતાઆવતા અને આમ બાલકોને સંસ્કાર આપી જતા.

સ્વામી રાવે ભાવનગરમાં લાંબો વખત રહી વ્યાયામને લોકપ્રિય બનાવ્યો. રોજ વહેલી સવારે તે દક્ષિણામૂર્તિમાં નિયમિત વ્યાયામ શીખવતા. અમે ઉત્સાહથી તેમાં ભાગ લેતા અને ત્યારથી પડેલી નિયમિત વ્યાયામની ટેવ કૉલેજજીવન પૂરું થયા પછી પણ ચાલુ રહી.

શ્રી દિલીપકુમાર રૉય ભાવનગર આવી બે અઠવાડિયાં રહી ગએલા. વિખ્યાત સિદ્ધહસ્ત બીનકાર શ્રી રહીમખાંનું બીન તો અવારનવાર સાંભળતા, અને ચંદ્રપ્રભાનું ગાન પણ સાંભળેલું. શ્રી નારાયણ મો. ખરે, પ્રો. વ્યાસ, પ્રો. પાઠક અને ભાવનગરના દલસુખરામ તો અવારનવાર વિદ્યાલયમાં આવતાજતા અને શુદ્ધ સંગીત રેલાવતા. એ બધા જલસામાં અમે પહોંચી જતા. આમ, ઉચ્ચ કક્ષાના શાસ્ત્રીય સંગીતપ્રેમનાં બીજ રોપાયાં ને સિંચન મળ્યું. ત્યાર પછી યુરપ-અમેરિકા જતાં એથી પાશ્ચાત્ય સંગીતની જિજ્ઞાસા ને રસ પણ પોષણ પામ્યાં.

દક્ષિણામૂર્તિના શિક્ષણક્રમમાં પ્રવાસને તો ઘણું જ સ્થાન હતું. ભાવનગરની આસપાસના ખોખરા અને પાલીતાણાના ડુંગરો, ઘોઘા, હાથબ, ગોપનાથ ને ઝાંઝમેરના સમુદ્રતટ, અને ત્યાં જતાં રસ્તે આવતાં નદી ઝરણાં તથા ગામડાં પગપાળા મુસાફરી કરી જોએલાં. એમાંથી ખડતલપણું કેળવાયું, અને ત્યારે જન્મેલો નિસર્ગશોખ ભારત-પરિભ્રમણ અને યુરપ-અમેરિકામાં પૂર્ણ વિકાસ પામ્યો. અનંત જ્યારે કલકત્તામાં એન્જિનીઅરિંગ કૉલેજના પ્રિન્સિપલ હતા ત્યારે તેમણે સિક્કિમનો વિકટ પ્રવાસ પગપાળા કરેલો અને હિમાલયનું અપ્રતિમ સૌંદર્ય માણેલું. જીવનના છેલ્લા વર્ષમાં સ્વિટ્ઝર્લૅન્ડ, નૉર્વે અને સ્વીડનમાં પ્રવાસ કરી તેમનું મન તૃપ્ત થએલું.


એકસરખો ખોરાક, એકસરખાં કપડાં, એકસરખી દિનચર્યા, એકસરખું વાતાવરણ, એકસરખા લાગણી-સંયોગો અને અમુક અંશે એકસરખું લોહી; તેથી અમને બન્નેને માંદગી પણ એકસરખી અને સાથે આવતી-મટતી! સામાન્ય માથું દુઃખવાનું પણ સાથે થતું ને મટતું. કુટુંબમાં અમે દસબાર ભાઈબહેનો સાથે મોટાં થયાં અને કાકા-મામા-ફોઈ પણ ઠીક સંખ્યામાં હતાં, તેથી, પરસ્પર સહકાર ને સહાનુભૂતિથી કામ કરવાનું તથા જવાબદારી વહેંચી લેવાનું અમને સુલભ થતું.

પંદરમે વરસે દક્ષિણામૂર્તિનો અભ્યાસ પૂરો થયો અને અમે ગૂજરાત વિદ્યાપીઠની વિનીતની પરીક્ષામાંથી પસાર થયા. એ વખતે પ્રથમ વાર અગત્યનો નિર્ણય લેવાનો—જાણે કે જીવનપંથ બદલવાનો પ્રસંગ ઉપસ્થિત થયો. રાષ્ટ્રીય વાતાવરણ તથા સાહિત્ય-અર્થશાસ્ત્રનો અભ્યાસ કરવો હોય તો ગુજરાત વિદ્યાપીઠમાં જવાનું, વિજ્ઞાન ઇજનેરી શીખવાં હોય તો સરકારી નિશાળે મૅટ્રિકની પરીક્ષા આપી મુંબાઇ યુનિવર્સિટીની કૉલેજમાં જવાનું. ઉગ્ર રાષ્ટ્રપ્રેમના એ કાળના જુવાળમાં સરકારી નિશાળે જવાનું પાપ રૂપ જણાતું. બીજી બાજુ દેશપરદેશની વાતો વિચારતાં રાષ્ટ્રરચનાના અગત્યના વિષયો રૂપ વિજ્ઞાન—ઇજનેરી સરકારી શાળા સિવાય શીખવા ન મળે ત્યાં સુધી શો ઉપાય? મોટું મનોમંથન ઊભું થયું. નાનાભાઇ-હરભાઇ ગુરુપદે. એમની દૃષ્ટિએ આ 'શ્રેયસ્-પ્રેયસ્'નો પ્રશ્ન. લંબાણથી ચર્ચા થઇ. દેશસેવા અને આત્મકલ્યાણ એ શ્રેયસ્‌નો પંથ, જે વિદ્યાપીઠમાં જવાથી સધાય; વિજ્ઞાન ઇજનેરી એ પ્રેયસનો માર્ગ, જે સરકારી શાળા સૂચવે. પરિણામે કાંઇક અકથ્ય વાંછના, કાંઇક અસ્પષ્ટ વલણ અમને વિજ્ઞાનપંથે થઇ ગયું.

તદનુસાર ઈ. ૧૯૨૫માં મૅટ્રિક થઈ ૧૯૨૫-૨૬માં સામળદાસ કૉલેજમાં પ્રથમ વર્ષનો અભ્યાસ પૂરો કર્યો. કૉલેજ ભાવનગરમાં જ, એટલે માતૃસંસ્થા દક્ષિણામૂર્તિના અધ્યાપકોનો સંપર્ક તો ચાલુ જ હતો. સરકારી શિક્ષણ-પદ્ધતિ ને કૉલેજના વાતાવરણની ત્રુટિઓ ઉપસી આવતી અને મનને સંતોષ નહોતો થતો. એટલે પ્રથમ વર્ષની પરીક્ષા પસાર કરીને '૨૬ના જૂનમાં અમે અમદાવાદ ગુજરાત કૉલેજમાં ઇન્ટર સાયન્સમાં પ્રવેશ મેળવ્યો.

અમદાવાદ ગુજરાતનું પાટનગર, સંસ્કૃતિનું કેન્દ્ર, ગાંધીજીનું નિવાસસ્થાન, ગુજરાત વિદ્યાપીઠનું સંસ્કારધામ. નવયુગ ને અહિંસક ક્રાંતિનું જાણે ઉદ્‌ભવસ્થાન. તેથી કૉલેજજીવન ઉપરાંત અનેકવિધ પ્રવૃત્તિઓ અનાયાસે ત્યાં મળી રહી. તે વર્ષ દરમિયાન 'કુમાર' કાર્યાલયના રવિભાઈ, બચુભાઈ, બલવન્ત ભટ્ટ ને બીજા ભાઇઓનો ગાઢ સંપર્ક થયો. દર રવિવારે 'કુમાર'ની અચૂક મુલાકાત. નવયુવાનને ઉપયોગી સાહિત્ય કેમ 'કુમાર'માં આવે તેની ચર્ચા ને દેશપરદેશની વાતો. તેવી જ રીતે ગુજરાત કૉલેજમાં રહ્યા છતાં વિદ્યાપીઠની ઇતર પ્રવૃત્તિઓમાં સામેલ રહેતા: ત્યાંના અધ્યાપકો-વિદ્યાર્થીઓમાંથી ઘણાખરા તો પરિચિત હતા. ઘણી વાર તો આગલી રાતે સાબરમતી આશ્રમમાં સૂઈ, બીજે દિવસે સવારની વહેલી પ્રાર્થનામાં પણ હાજર રહેતા.

કૉલેજ હૉસ્ટેલની અમારી દિનચર્યા તથા સામાન્ય ક્રમ અન્ય વિદ્યાર્થીગણથી અનોખાં હતાં. રાત્રે દીવાના પ્રકાશમાં વાચન બંધ હતું, કારણ કે રાત્રે પણ અભ્યાસ માટે વાચનની જરૂર હોય એ ત્યાં સુધી તો કલ્પનામાં પણ નહોતું. સવારના પાંચ વાગ્યે ઊઠી એક માઈલ દોડ અને વ્યાયામ; ઠંડા પાણીથી સ્નાન; જાતે જ કપડાં ધોવાનાં; પછી તાજું દૂધ પી ૬-૩૦થી ૯-૩૦ વાચન.



અનંત-ઉપેન્દ્ર દસ વર્ષની ઉમરના હતા ત્યારે તા. ૩૦-૧૦-૧૯૧૮ના રોજ શ્રી રવિશંકર ર.વળે કરેલો, તેમનો બંનેનો આબેહૂબ સ્કેચ: અસલ કદમાં (શ્રી રાવળની સ્કેચબુકમાંથી)

એક બાજુથી દક્ષિણામૂર્તિમાંથી વારસામાં મળેલાં સાદાઈ અને ખડતલપણું, બીજી બાજુથી બધી નવી ને પ્રગતિશીલ પ્રવૃત્તિઓમાં રસ, તેથી કૉલેજની રમતગમતો, વિજ્ઞાન પ્રદર્શનો અને તે જ વર્ષે શરૂ થએલી લશ્કરી તાલીમ-યુનિવર્સિટી ટ્રેઇનિંગ કોર-માં પણ ભાગ લીધો.

ઇન્ટર સાયન્સ પાસ કરી ૧૯૨૭ના જૂનમાં ભાઈ અનંતે કરાચી એન્જિનીઅરિંગ કૉલેજમાં દાખલ થવાનું ઠરાવ્યું. ઇતર પ્રવૃત્તિઓ ને લશ્કરી તાલીમના કૅમ્પમાં નાતાલ ગાળેલી, તેથી પરીક્ષામાં એમને પ્રથમ વર્ગ નહોતો મળ્યો, એ કારણે ત્યાં તરત પ્રવેશ ન મળ્યો. એમનું નામ waiting listમાં ૧૧મું હતું! પણ કૉલેજ ચાલુ થયા પછી અઠવાડિયે પ્રવેશનો તાર આવ્યો એ વખતે કોને ખબર હશે કે ઇજનેરીમાં જ્વલંત સિતારો પ્રવેશ મેળવે છે? છેક બાલ્યાવસ્થાથી સાથે ને સાથે રહેનાર તથા વિદ્યાભ્યાસ કરનાર અમે પ્રથમ વાર છૂટા પડ્યા. સાબરમતી આશ્રમ અને ગુજરાત વિદ્યાપીઠના સતત સંપર્કથી મારું મનોમંથન વધેલું. વિજ્ઞાનની કલ્યાણકર શાન્તિમાં શ્રદ્ધા વસતી નહોતી. હું અમદાવાદ રોકાયો. પણ ભાઈ અનંતે એક વરસમાં મને કરાચી ખેંચી લીધો. સપ્તાહમાં બે વાર એમ નિયમિત પત્રવ્યવહાર દ્વારા અમે પરસ્પરની રોજેરોજની પ્રવૃત્તિ ને મનતરંગથી પરિચિત રહેતા. છેવટ રાષ્ટ્રોન્નતિ માટે વિજ્ઞાન-ઇજનેરી પણ અનિવાર્ય છે એમ મનનું સમાધાન થયું અને '૨૮ના જૂનમાં કરાચી એન્જિનીઅરિંગ કૉલેજમાં જોડાઈ ફરી ભાઈ અનંત અને હું સાથે થઈ ગયા.

ત્યાંના પ્રિન્સિપલ ગોખલે, મોટી સરકારી નોકરી છોડી દઈને ઇજનેરી શિક્ષણ દ્વારા નવયુવાન ઇજનેરોને આદર્શપ્રેરણા સીંચવા એન્જિનીઅરિંગ કૉલેજમાં જોડાયા હતા. તેમનાં ત્યાગ, દેશદાઝ, સાદાઈ ને ચારિત્ર્યની વિદ્યાર્થીઓ પર સચોટ ને ઊંડી છાપ પડેલી. પ્રોફેસર જુન્નરકરે પણ પોતાની તેજસ્વી કારકિર્દી, વિદ્વત્તા, અનુપમ અધ્યાપન ને સહજ પ્રેમથી વિદ્યાર્થીઓને જીતી લીધેલા: ભાઈ અનંત, રમેશ ને હું એમના પ્રિય શિષ્યોમાં ગણાતા.

પ્રથમ વર્ગમાં અને પ્રથમ સ્થાને આવી માતૃસંસ્થાનું ગૌરવ વધારવાનું ને નામ ઉજ્જ્વલ કરવાનું પ્રોત્સાહન એ બે ગુરુઓ પાસેથી અમને સતત મળ્યા કરતું. અને દિનચર્યામાં કડક શિસ્ત, નિયમિતતા, અદમ્ય ઉત્સાહ અને પૂર્ણ આત્મશ્રદ્ધાના સુમેળથી એ સાધ્ય પણ બન્યું.

ત્યાં અમારો દૈનિક કાર્યક્રમ આવો રહેતો: વહેલી સવારના ૩-૧૫ વાગ્યે ઊઠવાનું; ૩-૩૦થી ૭-૩૦ નીરવ શાંતિમાં એકચિત્તે અભ્યાસ; ૭-૩૦થી ૮-૦ વ્યાયામ; ૮-૦થી ૯-૦ સ્નાન વગેરે; ૯-૦થી ૯-૩૦ ઇતર વાચન; ૯-૩૦થી સવારનું ભોજન અને કૉલેજ પહેલાં ૨૦ મિનિટ આરામ (વામકુક્ષી). પરીક્ષાના દિવસોમાં પણ અમારો આ ક્રમ જોઈ બીજા વિદ્યાર્થી ભાઈઓ વિસ્મય પામતા! સાંજના કૉલેજ પછી બરાબર એક કલાક—પૂરા ચાર માઈલ—ઝડપથી ચાલીને ફરવા જવાનું તે પછી વહેલા જમી બરાબર ૮-૦ વાગ્યે શયન. આસપાસના ધમાલિયા વાતાવરણમાં પણ આ ક્રમથી અમે ટેવાઈ ગએલા. ઘણી વાર તો બીજા વિદ્યાર્થીઓને આ ઉપહાસપાત્ર પણ જણાતું. પરંતુ પરિણામે આ ક્રમ સફળ નીવડ્યો. શરીર-મન સ્વચ્છ રહ્યાં ને બુદ્ધિને પૂરો અવકાશ મળ્યો. પરીક્ષાઓ જિતાઈ: પણ ખાસ તો ઇજનેરી વિષયોમાં સાચો અને તલસ્પર્શી રસ જાગ્યો. આજે પણ સવારના એ વાચનનું સ્મરણ પ્રેરણાદાયી જણાય છે. કલાકો સુધી એક પણ અક્ષર બોલ્યા વિના અમે વાંચતા; માત્ર એકબીજાના વાચનમાં ખાસ ખૂબી જણાય ત્યારે પરસ્પરને વાંચી સંભળાવવા તે થોડી ક્ષણ મૌન તૂટતું. દર અઠવાડિયે અમે ૩૦ કલાક વાંચવાનું ધ્યેય રાખેલું. તેના ખૂટતા કલાકો રવિવારે અને રજામાં પૂરા કરવાના. ત્યાર પછી વધે તે ફાજલ વખતમાં ઇતર

પ્રવૃત્તિઓને સ્થાન મળતું.

આવી જ ચુસ્ત નિયમિતતા અને કડક શિસ્ત ઑક્ટોબરની એક મહિનાની રજામાં પણ પાળવાના. મુસાફરીના જતાં-આવતાંના બબ્બે દિવસ અને નૂતન વર્ષનો એક દિવસ, એમ પાંચ દિવસ સિવાય એ મહિનાના બાકીના ૨૫ દિવસમાં હમેશના બરાબર ૧૦ કલાક અમારો અભ્યાસ અને વાચન ચાલતાં. ઉપરાંત રોજ સવાર-સાંજ વ્યાયામ તથા ફરવાનું અને હમેશાં થોડું ઇતર વાચન પણ એટલી જ નિયમિતરીતે ચાલતાં.

સિંધની કૉલેજો મોજશોખ અને ખર્ચાળ જીવન માટે પંકાએલી. તેમાં અમે નવી ભાત ને નવો ચીલો પાડી, સાદો ખોરાક અને સાદી રહેણીકરણી દાખલ કરેલાં. ફલબના ખોરાકમાં પૂરતાં પૌષ્ટિક તત્ત્વો ન મળે તેથી સૂકો મેવો નાસ્તામાં દાખલ કરેલો.

૧૯૨૮ના રેલસંકટનિવારણ વખતે વિદ્યાર્થીઓમાંથી ફાળો ઉઘરાવ્યો. માબાપની કમાણીમાંથી ફાળો આપવાનો કેટલો અધિકાર? ટૂંક વખતમાં આપકમાઈ કરવી પણ કેવી રીતે? તેથી આખી ગુજરાતી ક્લબે એક માસનું સાંજનું ભોજન બંધ કરી તે બચત સંયુક્તરીતે ફાળામાં આપી હતી.

'૨૯માં ગાંધીજી જેલમાં ગયા ત્યારે દર માસે તે તારીખે કૉલેજ બંધ રાખવાનું ઠરાવવા સૌ મળ્યા. પ્રિન્સિપલ ગોખલેએ તેમાં ટકોર કરી કે ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમમાંથી એકાદ મુદ્દો થોડા વિદ્યાર્થીઓ પણ આચરણમાં મૂકે તો તેમને રજા માગવાનો અધિકાર થાય. તરત જ ભાઇ અનંત અને અમે આઠદસ મિત્રોએ નિયમિત અરધો કલાક કાંતવાનું વ્રત લીધું ને પ્રિન્સિપલ ગોખલેને જીતી લીધા. તેમણે આખી કૉલેજને દર માસે તે તારીખે રજા આપી.

આચાર્ય ગિદવાણી એ અરસામાં ગુજરાત વિદ્યાપીઠમાંથી છૂટા થઈ કરાચી કૉર્પોરેશનમાં શિક્ષણ વિભાગના નિયામક તરીકે આવ્યા હતા. એમની સાથેનો અમદાવાદનો સંબંધ ત્યાં તાજો થયો. દર અઠવાડિયે એમને ત્યાં અમારી યુવક મંડળી જામતી અને રાષ્ટ્રોન્નતિની ચર્ચા ઊપડતી. પ્રથમ કૉંગ્રેસ યુવક મંડળ (First Congress youth League)ની સ્થાપના થઇ; અને પરિણામે ગાંધીજીની કરાચીની મુલાકાત વખતે ભાઈ અનંત, રમેશ ને મેં ઠીક આગળપડતો ભાગ લીધેલો.

કરાચી એ હિન્દનું નવું શહેર, તેથી સુઘડતા અને સ્વચ્છતામાં મોખરે હતું. ત્યાંના નગરપતિ શ્રી જમશેદ મહેતાની આગેવાની નીચે ત્યાં જોતજોતાંમાં, નવા વસવાટ, ડ્રેનેજ ને પાણીની યોજનાઓ વિકસ્યાં, અને ઊછરતા ઇજનેરોને તે પ્રત્યક્ષ જ્ઞાન તથા પ્રેરણાનાં સાધન બની ગયાં. ત્યાંનો ક્લિફ્ટન (clifton)નો સમુદ્રતટ, મનોરાનો સુંદર બેટ, મલીરની વાડીઓ, એ બધાં ટૂંકાં પર્યટનો માટે સુંદર સ્થળો હતાં, અને રજામાં અવકાશ મળ્યે ત્યાં પહોંચી જતા. એ સમુદ્રતટના શોખમાંથી સમુદ્રયાનની ઉત્કંઠા જામી. એમાંથી સાગરસંગીત અને ઊર્મિનૃત્યનો નાદ જાગ્યો ને જીવનભર ઉલ્લાસ મળતો ગયો.


કરાચીથી મોટી રજાઓમાં લાહોર, અમૃતસર, ખેવરા, દહેરાદુન, મસૂરી, દિલ્હી ને આગ્રાના પ્રવાસે પણ જઇ આવ્યા અને તે પછી આખી કૉલેજની ટૂર તે બાજુ ગોઠવવામાં કારણભૂત બન્યા. સક્કર બરાજના જગવિખ્યાત ઇરીગેશનનાં કામો કરાચી નજીક હતાં તે પણ કલ્પનાને ઉત્તેજિત કરનારાં નીવડ્યાં. એવા જ એક પ્રવાસ દરમિયાન, ૧૯૩૦ના જાન્યુઆરીની ૨૬મીએ લાહોર કૉંગ્રેસમાં પંડિત જવાહરલાલજીએ મુકમ્મિલ આઝાદીની ઘોષણા કરી દેશનું સુકાન કૉંગ્રેસ-પ્રમુખ તરીકે હાથ ધર્યું ત્યારે પણ અમે હાજર હતા.

કરાચીમાં સિંધી, પંજાબી, બંગાળી, દક્ષિણી, એમ પરપ્રાંતના વિદ્યાર્થીઓ સાથે ખૂબ હળીમળી ગયા હતા અને પ્રાંતીય ભેદભાવની ગંધ સરખી જણાતી નહોતી.

તેજસ્વી કારકિર્દી પ્રતિવર્ષ વધતી ગઇ. પ્રથમ વર્ષે, પ્રથમ વર્ગમાં, પ્રથમ સ્થાને પાસ થઈ ભાઇ અનંતે રેકર્ડ તોડી કરાચી કૉલેજનું ગૌરવ વધારેલું. આખરી પરીક્ષા પછી પ્રિન્સિપલ ગોખલે અને બીજા પ્રોફેસરોએ તો તેમને સલાહ આપેલી કે તેઓ જો ઉચ્ચ સરકારી નોકરી (Indian Service of Engineers) માટે પ્રયત્ન કરે તો નિશ્ચિત મળી જશે; પણ તેમને પરદેશી સરકારની નોકરી રુચી નહિ. કરાચી કૉલેજ તરફથી તેમજ આગળ અભ્યાસ કરવા રૂ. ૬૦૦૦)ની 'પ્રિન્સ ઑવ વેલ્સ સ્કૉલરશિપ' મળી, પણ તેમાં તો ઇંગ્લંડ કે ડુમીનિયનના કોઇ દેશમાં જ અભ્યાસ થઈ શકે તેવી મર્યાદા હતી, એટલે તેમણે તે સ્વીકારી નહિ અને અમેરિકા જવાનું નક્કી કર્યું, અને વિશ્વવિખ્યાત M. I. T. (Massachusetts Institute of Technology)માં પ્રવેશ મેળવી ૧૯૩૦ના ઑગસ્ટની પહેલી તારીખે તે મુંબાઇથી રવાના થયા. જ્યારે તેમના આગ્રહને વશ થઇ કરાચીથી મુંબાઇ તેમને વિદાય આપવા મારે જવું પડ્યું ત્યારે બરાબર વરસ પછી અમેરિકા જઈ તેમને જોડાવું તેવું વચન મેળવીને જ તે રવાના થયા.

બધી રીતે સહકાર, સહજ મેળ, સહાધ્યાય અને સહવાસ ભાગ્યે જ સંભવે. બન્ને અમારા સંયુક્ત ખર્ચનો હિસાબ વારાફરતી રાખતા; અને વ્યક્તિગત જરૂરિયાતો













અભ્યાસકાળ

મથાળે ડાબી બાજુ : સ્વ. અનંત ગુજરાત કૉલેજમાં હતા ત્યારે (ફોટો બલવન્ત ભટ્ટ);જમણી બાજુ : ગુજરાત કૉલેજમાં યુ.ટી.સી.ના ગણવેશમ સ્વ. અનંત, શ્રી બલવંત ભટ્ટ, શ્રી ઉપેન્દ્ર ભટ્ટ; નીચે ડાબી બાજુ : અમેરિકામાં એમ.આઇ.ટી.માં અભ્યાસ કરતા હતા ત્યારે; વચ્ચે : અમેરિકામ શ્રી રમેશ મહેતા, સ્વ. અનંત, શ્રી ઉપેન્દ્ર ભટ્ટ; છેલ્લે : અમેરિકામાં એન્જિનીઅરિંગમાં ડૉક્ટરેટની પદવી મળી ત્યારે.







ઉપર : સરકારની સેવાઓમાં

મથાળે ડાબી બાજુ : બેંગાલ એન્જિનીઅરિંગ કૉલેજના પ્રિન્સિપલ તરીકે; જમણી બાજુ : હિંદુસ્તાન ઍરક્રાફ્ટના મૅનેજર તરીકે; નીચે જમણી બાજુની છબિ : અમેરિકામાં સર પટ્ટણી સાથે ગયા ત્યારે, તેમાં આગળ : (ડાબી બાજુથી) શ્રી કિર્લોસ્કર. શ્રી કમુબહેન પારેખ, સ્વ. સર પ્રભાશંકર પટ્ટણી, શ્રી ચંદુબહેન પારેખ, શ્રી શશિકાન્ત પટ્ટણી; પાછળ ઊભેલા : સ્વ. અનંત પંડ્યા. શ્રી નૌતમ ભટ્ટ. શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી. શ્રીમતી ઑબ્સી શાહ, શ્રી મનુભાઈ પારેખ, શ્રી કૃષ્ણન., શ્રી રસિક પારેખ, શ્રી કાન્તિલાલ શાહ, શ્રી શાસ્ત્રી

જુદી હોવા છતાં વર્ષ આખરે સરખે ભાગે વહેંચી લેતા. દરેક કાર્યક્રમ, દરેક યોજના એકમતે જ નક્કી કરતા. વૅકેશનમાં એમના પિતાને ત્યાં ગ્વાલિયર કે મારા પિતાને ત્યાં મધ્યપ્રદેશમાં ક્યારે ને કેટલો વખત રહેવું તે પણ એકમતે નક્કી કરતા. મતભેદો ન થતા એમ નહિ, પણ ચર્ચાને અંતે દરેક પ્રસંગમાં સંતોષપૂર્વક સમાધાન મેળવતા અને ખેલદિલથી તે પાળતા. ભાઈભાઈ વચ્ચે પણ આવો સ્વતંત્ર છતાં નિકટ સંબંધ ભાગ્યેજ હોય; મિત્રમિત્ર વચ્ચે ભાગ્યે જ તે લાંબો વખત ટકી રહે. પણ અમારો એ સંબંધ અખંડ અને સદૈવ રહ્યા, તે કદાચ અમે ભાઈઓ મિત્રરૂપે રહ્યા તેથી હોય.

ટેકનૉલૉજી અને એન્જિનીઅરિંગના વિષયમાં વિશ્વ-વિખ્યાત વિદ્યાલય એમ. આઇ. ટી.—મૅસાચ્યુસેટ્સ ઇન્સ્ટીટ્યૂટ ઑવ ટેકનૉલૉજીમાં તેમની બુદ્ધિશક્તિ અને એન્જિનીઅરિંગના વલણને પૂર્ણ અવકાશ મળ્યો. સ્વતંત્ર વિચારશક્તિ, મહેનત અને પ્રયોગશીલ તાલીમ એ આ વિદ્યાલયની પદ્ધતિનાં ખાસ લક્ષણ હતાં. તે ભાઇ અનંતને સહજ અનુકૂળ થઇ પડ્યાં અને દરેક વિષયમાં પૂરેપૂરા (૧૦૦ ટકા) ગુણ મેળવી તેમણે અધ્યાપકગણ,—જેમાં ખાસ કરીને પ્રેસિડેન્ટ કૉમ્પ્ટન, પ્રોફેસર સ્પૅફર્ડ, પ્રોફેસર મૉરિસ, પ્રોફેસર સ્ટ્રૉઇક મુખ્ય હતા. તેમનાં સૌનાં પ્રેમ ને આદર સંપાદન કર્યા, એટલું જ નહિ પણ ભારત-વર્ષના વિદ્યાર્થીઓની [illegible].

૧૯૩૨ના ઉનાળામાં ખાસ વધારે કામ લઈ એક વરસમાં એમણે S. M. (માસ્ટર ઑવ સાયન્સ ઇન સિવિલ એન્જિનીઅરિંગની) લાયકાત મેળવી.

તેમણે માત્ર પુસ્તકિયા જ્ઞાન અને ધંધાધારી તાલીમ ઉપર એકચિત્ત કર્યું નહોતું, પણ અમેરિકાના જીવનનાં વિવિધ પાસાંઓ સાથે સંપર્ક કેળવી અવિરત વિકાસ સાધ્યો હતો. સવારના વ્યાયામ અને સાંજે ૧ કલાકના ચાર માઇલ ફરવા જવાનું અતિ નિયમિતરીતે ચાલુ હતું. વરસાદ અને હિમ પડતું હોય ત્યારે પણ અમે ત્રણચાર વિદ્યાર્થીઓ તો દૂર સુધી ચાર્લ્સ નદીના કિનારે ફરવા નીકળી પડતા. રવિવારે વાચન તદ્દન બંધ. સવારના લાંબે સુધી પર્યટને જતા કે કૉમ્યુનિટી ચર્ચમાં આંતરરાષ્ટ્રીય વિદ્વાનોનાં ભાષણોમાં શામેલ થતા. ધીમેધીમે અમને પશ્ચિમના શાસ્ત્રીય સંગીતનો પરિચય બૉસ્ટન સિમ્ફની ઑર્કેસ્ટ્રાની મારફત થયો. તેવી જ રીતે 'થીએટર ગિલ્ડ'ના સભ્ય થઈ સર્વોત્તમ નાટકો જોવાનો ક્રમ પણ ચાલુ રહેલો. પ્રોફેસર ધર્માનંદ કોસાંબી અમારા મુરબ્બી મિત્ર જેવા હતા. તેમની દ્વારા હાર્વર્ડ યુનિવર્સિટીના વિદ્વાન અધ્યાપકો સાથે પરિચય થતો. ઉનાળામાં ચાર્લ્સ નદી પર હોડી હંકારવાની કસરત પણ નિયમિત કરતા ને તરવા જતા.

અમેરિકાનો સ્વતંત્ર દેશ એટલે ત્યાંની સમાજવ્યવસ્થા, વ્યક્તિસ્વાતંત્ર્ય વગેરેનો પણ પ્રત્યક્ષ અભ્યાસ થતાં 'હિન્દુસ્તાન એસોસીએશન' મારફત આપણી રાષ્ટ્રીય આકાંક્ષાઓ વ્યક્ત કરતાં પણ અમે અચકાતા નહિ. અમેરિકાએ પોતાની વિપુલ સાધનસામગ્રીથી કુદરતી સમૃદ્ધિનો જે વિકાસ કર્યો તે પોતાના દેશમાં અપનાવવા અનેક યોજનાઓ અમે વિચારી જતા.

બરાબર એક વરસ પછી ૧૯૩૨ના ઑક્ટોબરમાં ભાઇ રમેશ અને હું અમેરિકા આવી અનંતને એમ.આઇ. ટી.માં જોડાયા. અમારા મંડળમાં ભાઇ કિરણ રૉય ચોથા મિત્ર તરીકે ભળ્યા અને એ મૈત્રી છેવટ સુધી રહી. ભાઈ રૉયે હિંદ પાછા ફરી કલકત્તામાં વીજળીના ગોટા બનાવવાનું સ્વતંત્ર કારખાનું કર્યું હતું. ભાઈ અનંત અને બીજા મિત્રો સાથે સિક્કીમમાં હિમાલયનું અપ્રતિમ સૃષ્ટિસૌંદર્ય નિહાળવા પગપાળા પ્રવાસ કર્યો તે દરમિયાન ન્યૂમોનિયાથી ભાઈ કિરણ રૉયનું અકસ્માત અવસાન થયું.

એમ.એસસી.નો 'થીસિસ' (મહાનિબંધ) પૂરો કર્યા પછી એક અમેરિકન મિત્ર સાથે ભાઈ અનંત અને હું મૅસાચ્યુસેટ્સ સ્ટેટની દક્ષિણે આવેલા Martha's Vineyard (માર્થાના વાઇનયાર્ડ) નામના ટાપુ ઉપર આરામ અને પર્યટન માટે ગયા હતા. આ ટાપુ માત્ર ૨૦ માઈલ લાંબો ને [illegible] માઈલ પહોળો છે, અને ફળફૂલથી ભરેલો છે. ત્યાં દરિયાકિનારે એક નાની ઝૂંપડીમાં રહેતા અને જાતે રસોઈ, સાફસૂફી, પાણી ભરવાનું, વાસણ ધોવાનું કામ કરતા તથા દરિયામાં તરતા કે હોડી ચલાવી બેટ ઉપર લાંબી ગજલો કરતા. એ રજાની મઝા તો કાયમ યાદ રહેશે. આ 'માર્થા વાઇનયાર્ડ'ની સફર જાણે કે વારસામાં મળી હોય તેમ અમારી પછીના ઘણા હિંદી વિદ્યાર્થીઓએ ત્યાં જવાનો ચીલો પાડ્યો હતો.

અંગ્રેજ અમલ નીચે હિન્દની ધારાસભાના પ્રથમ ચૂંટાએલા હિંદી પ્રમુખ શ્રી વિઠ્ઠલભાઈ પટેલ અમેરિકા આવ્યા ત્યારે બૉસ્ટનના હિંદી વિદ્યાર્થીઓએ તેમનું સન્માન કરેલું અને ભાઈ અનંતના પરિશ્રમથી એમ. આઇ.ટી.ના પ્રેસિડેન્ટ કૉમ્પ્ટને, મૅસાચ્યુસેટ્સના ગવર્નર સહિત અગ્રણી અમેરિકન નાગરિકોને બોલાવી પ્રેસિડેન્ટ પટેલને માટે ભોજનસમારંભ યોજ્યો હતો. દેશના ઉજ્જ્વલ ભાવિમાં અમેરિકામાં અને ખાસ કરીને એમ.આઈ.ટી.માં તાલીમ લીધેલા ઇજનેરો અસરકારક ફાળો આપશે તેવી શ્રદ્ધા તેમણે તે વખતે વ્યક્ત કરી હતી.

ભાઈ અનંતે 'માસ્ટર'ની ડિગ્રી બહુ ઉચ્ચ કક્ષાએ મેળવી તેથી તેમને ડૉક્ટરેટના આગળ અભ્યાસ માટે

ઑસ્ટીન રીસર્ચ ફેલોશિપ મળી. '૩૨ના ડિસેમ્બરમાં મને એસ.એમ.ની ડિગ્રી મળી અને ડૉક્ટરેટ માટે રોકાવાનો ભાઈ અનંત તેમજ અધ્યાપકોનો આગ્રહ હોવા છતાં, કુટુમ્બની આર્થિક પરિસ્થિતિ અનુકૂળ ન હોવાથી મારે હિંદ આવવા પાછા ફરવું પડ્યું ત્યારે ભાઇ અનંત બૉસ્ટનથી ન્યૂ યૉર્ક મને વિદાય આપવા આવેલા, અને ઘણાં વરસોના સહાધ્યાય પછી વિખૂટા પડતાં આંસુભીની આંખે અમે પરસ્પરની વિદાય લીધી.

૧૯૩૩માં ડૉક્ટરેટનું કામ પતાવી સપ્ટેમ્બરમાં ભાઇ અનંત લંડન આવ્યા. મને ધંધાદારી તાલીમ માટે ખાસ શિષ્યવૃત્તિ મળવાથી હું વિલાયતમાં રોકાયો હતો, તેથી ત્યાં મળ્યા અને અમે ભાઈ અનંતનો યુરોપનો પ્રવાસક્રમ ગોઠવ્યો. તેઓ યુરોપનો પ્રવાસ ખેડી ૧૯૩૪ની શરૂઆતમાં હિંદ પહોંચ્યા. બેલ્જિયમ, હૉલૅન્ડ, જર્મની, ઈટલી અને પોલૅન્ડ ઉપરાંત નીપર ડૅમ વગેરે મોટાં ઇજનેરી કામો જોવા એમણે રશિયાનો પ્રવાસ પણ કરેલો. એમ.આઈ.ટી.માંના અભ્યાસકાળ દરમિયાન રશિયન સરકારે તાલીમ માટે મોકલેલા ૩૦ ઇજનેરોનો પરિચય થએલો એટલે તેમના આમંત્રણથી તેમણે ત્યાં આ કામો જોયાં.

ઉત્સાહથી ભરેલા, અતિ તેજસ્વી કારકિર્દીવાળા અને દેશપરદેશનાં કામો જાતે જોએલા એવા આ યુવાનની શક્તિનું સાચું માપ, ઘરેડમાં પડેલા અને સ્થિતિચુસ્ત અસર તળે રહેલા આપણા દેશના ઉદ્યોગપતિઓ કે સરકારમાં જવાબદાર સ્થાન ભોગવતા અમલદારોને કાઢતાં આવડ્યું નહિ. ૭ માસ સુધી તે દિલ્હી, મુંબાઇ, કલકત્તા વગેરે સ્થળે અનેક લોકોને મળ્યા, પણ તેમને યોગ્ય કામ કે કદર ન મળ્યાં. અમેરિકામાં તો આવા શક્તિશાળી ઇજનેરને તે એમ.આઇ.ટી. જેવી શાળા છોડે તે પહેલાં જ કન્સલ્ટિંગ ઇજનેરી પેઢીઓ કે ઉદ્યોગો ઝડપી લેવા તત્પર હોય છે. તે ઉપરાંત એ જમાનામાં ઈંગ્લિશ ડિગ્રીઓને વધારે મહત્ત્વ અપાતું હતું. છેવટે અનિચ્છાએ પણ નિશ્ચેષ્ટ બેસવાને બદલે મુંબાઇની મૅકેન્ઝી ઍન્ડ કંપનીમાં 'ડિઝાઇનિંગ એન્જિનીઅર' તરીકે તે દાખલ થયા. પણ પોતાની શક્તિને પૂરો અવકાશ નથી મળતો અને એન્જિનીઅરિંગના ક્ષેત્રમાં ઉમદા યોજના—ડિઝાઇન—ની અહીં પૂરી કિંમત જ નથી એવી ક્ષણેક્ષણે ખાત્રી થતાં ૧૮ માસમાં તો કંટાળી તેમાંથી છૂટા થવા સંકલ્પ કર્યો. દિવસોના તુમુલ પછી એક આખી રાત્રિ અમે સાથે વિચારણા કરીને જે દેશમાં બુદ્ધિશક્તિની કદર થાય ત્યાં જવા સંકલ્પ કર્યો, અને ઈંગ્લંડ જવાનો નિર્ણય લીધો. પ્રથમ વિલાયતના જાણીતા સર ઍલેકઝાન્ડર ગિબ્ઝ ઍન્ડ પાર્ટનર ને પછી ટ્રસ્ડ કૉન્ક્રીટ કન્સ્ટ્રક્શન કંપનીમાં તે દાખલ થયા ને પોતાની પ્રતિભાની છાપ પાડી. ત્યાં કામ કરતાં અમેરિકાના ક્લીવલૅન્ડની 'લિંકન આર્ક વેલ્ડિંગ કંપની' તરફથી 'વેલ્ડિંગ'ના કામમાં નવી તરકીબ અને ડિઝાઇનથી પોલાદની કરકસર અને ફાયદો થાય તેવું બતાવવા માટે ઇજનેરી દુનિયામાં જંગી ઇનામની હરીફાઇ જાહેર થએલી, તેમાં પોતાના નિબંધથી તે ૧૨૦૦૦ ડૉલરનું મોટું ઈનામ જીત્યા અને ઇજનેરી ક્ષેત્રમાં બહુમાન પામ્યા.

ધરતીકંપમાં તારાજ થયા પછી ક્વેટાનું નગરવિધાન એવી રીતે કરવાનું હતું કે ભવિષ્યમાં ભૂકંપથી મકાનોને નુકસાન ન થાય. તે માટે પણ દેશપરદેશથી ડિઝાઇનની હરીફાઈ થઈ હતી અને ભાઈ અનંતને તેમની કંપનીએ ખાસ તે માટે ૧૯૩૭ની શરૂઆતમાં વિમાનમાર્ગે હિંદ મોકલ્યા હતા. તેમાં ટેન્ડર ભરી તે મુંબાઇ આવ્યા અને શ્રી લીલીબહેન હીરાલાલ શાહ સાથે તેમનાં લગ્ન થયાં. અમેરિકાથી પાછા ફર્યા પછી હિંદમાં યોગ્ય ધંધાની શોધમાં હતા ત્યારે અને પછી મુંબાઇમાં કામ કર્યું ત્યારે તે લીલીબહેનના પરિચયમાં આવ્યા હતા અને લગ્ન કરીને તરત લીલીબહેન સાથે જ તે સ્ટીમર રસ્તે વિલાયત ગયા, ને લંડનમાં ગોલ્ડર્સ ગ્રીનમાં મકાન રાખીને રહ્યા.

લંડનનિવાસ દરમિયાન તે હિંદથી જતા ઘણા નામાંકિત પુરુષોના પરિચયમાં આવ્યા એટલું જ નહિ પણ ત્યાં આવેલા ગમે તે હિંદી ભાઈ કે વિદ્યાર્થીને તે મદદ ને કિંમતી સલાહ આપતા. લંડનમાં તેમના બંનેના આદરસત્કાર ને મળતાવડા સ્વભાવની ખૂબ સુવાસ ફેલાઈ હતી.

વિલાયતમાં રહેવાથી અનુકૂળ કામ તો મળ્યું, પણ પોતાના દેશમાં આવીને કામ કરવાનો આત્મસંતોષ નહોતો, તેથી સારી તક મળતાં સ્વદેશ આવવાને તે તત્પર હતા. એવામાં ૧૯૩૯માં હિંદની ચાર મુખ્ય ઇજનેરી સંસ્થાઓમાંની એક, બૅંગાલ એન્જિનીઅરિંગ કૉલેજના પ્રિન્સિપલની જગ્યા ખાલી પડી અને તે પૂરવાની જાહેરખબર ઈંગ્લંડમાં તેમની નજરે પડી; કેમકે આ કૉલેજમાં સદા અંગ્રેજ પ્રિન્સિપલ જ આવતા. છતાં તેમણે અરજી કરી. હિંદ ને વિલાયતમાંથી આવેલી બધી અરજીઓમાં તેઓ ઉમરમાં ૩૦ જ વરસના છતાં જ્ઞાન ને અનુભવમાં સૌથી ચડિયાતા હતા એટલે અંતે તેમની વરણી થઈ.

તે દરમિયાન હિંદમાં કામ કરતાં મને પાંચ વરસ થએલાં. તેમણે મને સહકુટુંબ ઈંગ્લંડ આવવા આગ્રહ કર્યો અને '૩૯ના જૂનમાં અમે વિલાયતમાં મળ્યા. પરંતુ મારે અઠવાડિયામાં અચાનક રાજ્યના કામે અમેરિકા જવું પડ્યું, તેથી નિરાંતે પાંચ અઠવાડિયાં સાથે રહેવાનો જે ક્રમ ગોઠવ્યો હતો તેમાં ભંગ પડ્યો. છતાં મારાં પત્ની

ઇન્દિરા અને નાનો પુત્ર તો લીલીબહેન ને અનંત સાથે લંડનમાં મહિનો રહ્યાં. અમેરિકામાંથી સપ્ટેમ્બરમાં પાછા ફરી અમારી સાથે રહેવાની ધારણા હતી, પણ ત્યાં તો બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું. ભાઈ અનંતે લડાઇ શરૂ થતાં પહેલાં જ તેમની નિમણૂક બંગાળ એન્જિનીઅરિંગ કૉલેજના પ્રિન્સિપલ તરીકે થવાથી, સુએઝ નહેરમાંથી છેલ્લી સ્ટીમર હિંદ આવવા લીધી અને મારે પાછા અમેરિકા જવું પડયું. ૧૯૩૯ના ઑકટોબરમાં એમણે પ્રથમ હિન્દી પ્રિન્સિપલ તરીકે એ જવાબદારીવાળી જગ્યાનું સ્થાન લીધું, અને યુવાનવર્ગને પ્રેમથી જીતી લેવાની તેમની કુશળતા તથા વિદ્વત્તાથી ત્યાં વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકગણ બન્નેમાં પ્રિય થઈ પડયા.

રાષ્ટ્રવિકાસમાં ઇજનેરી શિક્ષણ મહત્ત્વનું સ્થાન ભોગવે છે એટલે તેના પાયા સાબૂત કર્યા છતાં પણ તેમને પોતાને વિવિધ જાતના ક્ષેત્રમાં જે પ્રત્યક્ષ કામ કરી બતાવવાની તમન્ના હતી તે એ કૉલેજમાં રહ્યે પોષાય તેમ નહોતી, તેથી ફરી 'કન્સલ્ટિંગ એન્જિનીઅર' કે કન્સ્ટ્રકશનનાં જંગી સાહસમાં પડવાની તે તૈયારી કરતા હતા. એવામાં યુદ્ધ-તૈયારી અને આયોજનમાં સરકાર તરફથી તેમની માગણી થઈ અને ૧૯૪૨માં સરકારના ઉદ્યોગ ને પૂરવઠા ખાતામાં દારૂગોળા-ઉત્પાદનના ખાસવિભાગમાં પ્રથમ 'ડાયરેકટર ઑવ મેટલ્સ' તરીકે અને પછી ડેપ્યુટી ડાયરેકટર ઑવ મ્યુનિશન્સ પ્રોડકશન તરીકે નિમાયા. ત્યાં તેમની કાર્યદક્ષતા અને પ્રામાણિકતા જોઇ સરકારે તેમને કાયમી રીતે રોકી લેવાનો પ્રયત્ન કર્યો, પણ લડાઇ પૂરી થતાં જ ૧૯૪૫માં તેમણે સરકારી નોકરીમાંથી છૂટા થઇ શ્રી બિરલાના હિતવાળી હિન્દ કન્સ્ટ્રક્શન કંપનીમાં બાંધકામના મોટાક્ષેત્રમાં ઝંપલાવ્યું.

તેમનો આશય યુદ્ધોત્તર વિકાસમાં પરદેશી કંપનીઓની હરીફાઇ કરીને, જે મોટા બંધ, પૂલ વગેરે કામો આજ સુધી દેશી કંપનીઓ નહોતી કરતી તે જીતવાનો હતો. આ દેશમાં સ્વતંત્ર 'કન્સલ્ટિંગ' ઇજનરો કામ કરી શકતા નથી, પણ મોટી કન્સ્ટ્રકશન કંપનીઓ પોતાની જ ડિઝાઇન કરી બાંધકામ અને ડિઝાઈનનું સાથે કામ કરે છે. તેથી ભાઇ અનંતને તે રસ્તો લેવો પડયો. જો કે અગારી વિચારણા તો ધીમેધીમે સ્વતંત્ર થઇને કેવળ ઉચ્ચ કક્ષાએ ડિઝાઈન જ કરી આપનાર કન્સલ્ટિંગ એન્જિનીઅર તરીકે તેઓ કામ કરે તેવી હતી. ઓરિસ્સા અને બિહારમાં દામોદર વૅલીનાં જંગી કામો તેમને મળવા લાગ્યાં. એટલામાં મુંબાઈ તરફ જી. આઈ. પી. રેલવેની ટનલ અને તાનસા-વૈતરણાની બૃહદ્ મુંબાઇની પાણીની મોટી યોજના નીકળતાં તે માટે તેમણે પ્રયત્ન કર્યો અને તેમાં સફળ પણ થયા. એટલે કલકત્તામાં દસ વરસ કામ કર્યા પછી એમણે ૧૯૪૯માં પોતાનું થાણું મુંબાઇ બદલ્યું અને હિંદ કન્સ્ટ્રકશન ઉપરાંત પટેલ એન્જિનીઅરિંગ કંપની સ્થાપવામાં આગળપડતો ભાગ લીધો.

મુંબાઈ આવતાં પહેલાં મધ્યસ્થ સરકારના આગ્રહથી તેમણે બૅંગ્લોરની હિન્દુસ્તાન ઍરક્રાફ્ટ ફૅકટરીના જનરલ મૅનેજર તરીકે ૭ માસ સફળ કામ કર્યું. ત્યાંનો અમેરિકન મૅનેજર જતાં તેને પુનઃ વ્યવસ્થિત કરી સધ્ધર પાયા પર મૂકવાનું અગત્યનું કામ હતું તે પૂરું કરીને તે પાછા પોતાના પ્રિય બાંધકામના ક્ષેત્રમાં જોડાઇ ગયા.

૧૯૪૬-૪૭માં ભાવનગર બંદરની સુધારણા માટે તે રાજ્યે તેમની સલાહ લીધી હતી અને વિલાયતથી આવેલા અંગ્રેજ એન્જિનીઅરોના સરખા દરજ્જે નિષ્ણાત સલાહ આપી હતી. ત્યાર પછી સૌરાષ્ટ્ર સરકારે પણ ભાવનગર અને સિક્કા બંદરના વિકાસ માટે તેમની નિષ્ણાત સલાહ મેળવી હતી.

૧૯૫૦માં ફરી કેન્દ્ર સરકાર તરફથી દિલ્હીમાં ડાયરેક્ટર જનરલ ઑવ ઇન્ડસ્ટ્રીઝ ઍન્ડ સપ્લાઇની જગ્યા લેવા માટે પૂછાણ આવ્યું અને મિત્રોની સલાહથી ત્યાં જવા તે તૈયાર પણ થયા, પરંતુ બીજી વ્યવસ્થા થતાં એ અગત્યના સ્થાને જવાનું બંધ રહ્યું.

બાંધકામમાં મગ્ન રહેવા છતાં હિંદમાં એમ. આઇ. ટી. જેવી ઉચ્ચ ઇજનેરી તાલીમ (હાયર ટેકનિકલ એડ્યુકેશન) માટેની સંસ્થા સ્થાપવા સરકારની સર્વોચ્ચ કમિટીમાં તે કામ કરતા હતા. '૪૧માં વડોદરામાં ભરાએલી અખિલ હિંદ સાયન્સ કૉંગ્રેસના ઇજનેરી વિભાગના પ્રમુખ તરીકેનું તેમનું ભાષણ ઘણું મનનીય અને દેશના ઇજનેરી શિક્ષણ માટે અત્યંત માર્ગદર્શક નીવડયું. ૧૯૫૦માં હિંદમાં સ્થાપેલી એમ. આઈ. ટી. ઍલમ્ની એસોસીએશન (એમ. આઈ. ટી. ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળ)નું એમણે પ્રમુખપદ શોભાવ્યું. તે વખતે એ મંડળે મધ્યસ્થ સરકારને પ્લૅનિંગ કમિશન ઉપર પ્રતિષ્ઠિત ઇજનેરની નિમણૂક કરવાની આગ્રહપૂર્વક ભલામણ કરી હતી.

કરાચી પાકિસ્તાનમાં જતાં જે મોટું બંદર હિંદના પશ્ચિમ કિનારે વિકસાવવાનું નક્કી થયું તે કચ્છના અખાતમાં આવેલા કંડલા બંદરની યોજના અને વૈતરણા બંધની યોજના માટે તેમણે વિવિધ અને ઉચ્ચ કક્ષાની ડિઝાઇનો રજૂ કરી હતી; એટલે એ કામ પોતાની કંપનીને મળે તો તેમાં અદ્યતન સાધનસામગ્રી તથા બાંધકામપદ્ધતિ અપનાવવા તેમણે ૧૯૫૦ના ઑકટોબરમાં જર્મની, ફ્રાન્સ અને અમેરિકાનો ઝડપી પ્રવાસ કર્યો, અને ફરીથી બીજી જર્મન કંપનીનો સહકાર મેળવવા ૧૯૫૧ના માર્ચ-

એપ્રિલમાં લીલીબહેન સાથે યુરોપનો પ્રવાસ ખેડ્યો. બીજા વિશ્વયુદ્ધ પછી બાંધકામમાં જે નવા અખતરા અને પદ્ધતિઓ અમલમાં આવેલાં તેનો તેમને પ્રત્યક્ષ પરિચય હતો, પરંતુ તે આ દેશમાં અમલમાં લાવે તે પહેલાં જ તેમણે ચિરવિદાય લીધી.

આ બે પ્રવાસ વચ્ચે, દિલ્હીમાં ૧૯૫૧ના જાન્યુઆરીમાં જે આંતરરાષ્ટ્રીય ઇજનેરી પરિષદો થઈ તેમાં ભાગ લેતાં ભાઇ રમેશ, અનંત અને હું છેવટ આઠેક દિવસ સાથે રહ્યા તે વખતે દેશના ઇજનેરી પ્રશ્નો ઉપર અમે તલસ્પર્શી વિચારણા કરી શકેલા. ભારત સ્વતંત્ર થયા પછી કામનો સારો અવકાશ મળેલો નહિ તેથી હજી ઇજનેરોમાં રહેલી થોડી ભીરુતા તથા જવાબદારી લેવાની ઓછી તૈયારી વગેરે તેમને ખૂંચતાં. સરકારી ઇજનેરો સિવાય પ્રતિષ્ઠાનું સ્થાન આવા વિખ્યાત સ્વતંત્ર ઇજનેરને મળતું નહિ તે પણ અમને સાલતું હતું. હજી દેશમાં સ્વતંત્ર 'કન્સલ્ટિંગ'ને યોગ્ય સ્થાન મળતું નહોતું—મળ્યું નથી, તેથી જરૂર કરતાં વધારે સંખ્યામાં પરદેશી ઇજનેરોને આપણે લાવવા પડે છે તે રાષ્ટ્રના હિતમાં નથી એમ જણાતું હતું. એ પરિષદના અનુસંધાનમાં, હિન્દમાં મોટા બંધ અને જલસિંચનનાં જંગી કામો —જેવાં કે, ભાખરાનંગલ, દામોદરવૅલી, હીરાકુંડ, તુંગભદ્રા, મેટુર, કૃષ્ણરાજસાગર, વગેરેનો પ્રવાસ ગોઠવાયો હતો તેમાં પોતે સામેલ રહી શક્યા નહોતા, પણ તે પ્રવાસમાં, દામોદર વૅલીમાં તેમણે લીધેલું કોનારનું કામ રસપૂર્વક જોવા અને બીજાને બતાવવા મને કહ્યું હતું. તે મુસાફરીમાંથી પાછા ફરતાં આપણા આઝાદીના પર્વ ૨૬મી જાન્યુઆરીએ અમે મુંબાઈમાં મળ્યા ત્યારે પરદેશનાં ઈજનેરી મંડળો પર આપણાં કામોની કેવી છાપ પડી તે વિષે તેમણે આતુરતાથી મને વિગતો પૂછી હતી.

તે જ સાંજે અમે લાંબે ચાલીને ફરવા ગયા હતા, અને વાલકેશ્વરના ફીરોઝશાહ મહેતા ગાર્ડનમાં ચારપાંચ ચક્કર ફર્યા છતાં પણ અમારી વાત પૂરી થતી નહોતી. જાણે વરસો સરી પડ્યાં, અને અભ્યાસકાળ દરમિયાન કરાચીમાં તથા પછી અમેરિકામાં બૉસ્ટનમાં સાંજે ફરવા જતાં ભવિષ્યનાં જેવાં સ્વપ્ન ઘડતા, તે જ રીતે અમે રાષ્ટ્રના નવનિર્માણની વાતો શરૂ કરેલી. આજ સુધી માત્ર ધરખમ પરદેશી પેઢીઓને જ જે કામ મળતાં તેવાં મોટાં ઇજનેરી કામોમાં પોતે સારી કરકસરવાળી અને ઉમદા ડિઝાઈનથી હરીફાઇમાં જીતીને સારું ધન સંપાદન કરી શક્યા હતા અને હિંદી ઇજનેરોનું તેમજ કન્સ્ટ્રક્શન કંપનીનું ગૌરવ એકલા હાથે વધાર્યું હતું તેનો સંતોષ તેમનામાં જણાતો હતો. પણ, તેની નીચે રહેલી ધંધાની આંટીઘૂંટી અને કાવાદાવા વિષેનો પોતાનો કંટાળો પણ વ્યક્ત કર્યો હતો. અવારનવારની ચર્ચાઓમાં મારું તો સ્પષ્ટ માનવું હતું કે ભાઇ અનંત આમ કન્સ્ટ્રક્શન કંપનીના મૅનેજિંગ ડાયરેક્ટર થવા સર્જાયેલા ન હતા. તેમની બુદ્ધિશક્તિ અને પ્રતિભા તો રાષ્ટ્રોત્થાનના કામમાં પ્રતિષ્ઠાપૂર્વક વપરાવી જોઇતી હતી. અમારા નિકટના પરિચિત મિત્રોને એ પ્રશ્ન ઘણી વાર વિસ્મય પમાડતો હતો કે ભાઇ અનંતે આમ વિપુલ ધંધાના સાહસમાં ઝંપલાવ્યું અને ઉપેન્દ્ર કેમ શામેલ નથી. પણ ભાઈ અનંતની ગણતરી હતી, અને મને કહેતા, કે એક વાર જગતને સિદ્ધ કરી આપું કે હિન્દી ઇજનેરો કન્સ્ટ્રક્શનદ્વારા હરીફાઇ કરી બીજાની આગળ આવી શકે છે, અને ઉચ્ચ કોટિના ઇજનેરો પણ ઉદ્યોગપતિઓથી કોઇ રીતે ઊતરતા નથી, અને દ્રવ્યસંચય કરવો પણ અઘરો નથી. તે પછી કન્સલ્ટિંગ ઇજનેર તરીકે, કે ઇજનેરોની રાષ્ટ્રસંસ્થામાં બેસીને, કે નવવિધાન ને યોજનામાં રહી સરકારને મદદ કરવી. ત્યાં સુધી સૌરાષ્ટ્રની જલસિંચન અને વાહન વ્યવહાર કામની યોજના દ્વારા કાયાપલટનું કામ મને સોંપડયું છે તે ન છોડવું. મેં પણ માન્યું હતું કે તેમની પ્રતિભા તેમજ મુલાયમ સ્વભાવને આ 'ધંધો' અનુરૂપ નહોતો, અને જો આજ સુધી સેવેલા આદર્શને સચેત રાખવામાં આવશે તો વહેલામોડા તે અવશ્ય ધંધામાંથી છૂટા થશે, ને તે વખતે અમારાં કાર્યક્ષેત્ર સંયુક્ત થઇ શકશે. એ તક લગભગ આવી પહોંચી હતી. ૨૬મી જાન્યુઆરી '૫૧ની તે સાંજે આ વિચાર પર અમે સંમત થયા હતા અને બે વર્ષમાં ભાઈ અનંત સમાજમાં અને રાષ્ટ્રમાં પોતાના યોગ્ય સ્થાને આવશે જાણી ઊંડો આત્મસંતોષ થયો હતો. તે રાત્રે ભોજન પછી જાણે પૂર્વવત્ શાંતિથી અમે વાતો કરી અને તૃપ્ત મને તથા સ્વસ્થ ચિત્તે ઊંઘ્યા હતા. ૨૭મીની સવારે મેં વિદાય લીધી તે વખતે જરાકે ખ્યાલ નહોતો કે આ છેલ્લી વિદાય હશે. અકળ વિધિનિર્માણની કોને ખબર હોય? ૧લી જૂનની સાંજે તાર અને ટેલિફોન આવ્યા અને વીજળી પડે તેમ સ્તબ્ધ થઇ ગયો! દામોદરવૅલીના કોનારનું કામ તપાસી કલકત્તા આવતાં મોટર-અકસ્માતમાં ભાઇ અનંતનો દેહવિલય થયો! અકસ્માત વખતે તેઓ તો આરામથી મોટરમાં ઊંઘતા હતા અને એ સ્થૂલ નિદ્રામાંથી જ ચિરનિદ્રામાં પોઢી ગયા. વહાલો ભાઇ, સહાધ્યાયી, પરમ મિત્ર પોતાનું નામ સાર્થક કરતો અનંતમાં ભળી ગયો! સાથે સેવેલા આદર્શો, બને તેટલા એકલા અટૂલા સિદ્ધ કરવા પ્રયત્ન કરવો એ જ કર્તવ્યનું ભાન આજે હિંમત આપે છે.

ડૉ. અનન્ત પંડ્યા

નાનાભાઈ ભટ્ટ

મારા જેવા જે અનેક માણસો ડૉ. અનંત પંડ્યાના નિકટના પરિચયમાં આવ્યા છે તેઓ તેમને 'અંતુભાઈ' તરીકે જ પિછાને છે. પવિત્રતા અને સાધુતાના વાતાવરણમાં જ એમનો જન્મ અને ઉછેર થયાં હતાં. તેમના દાદા શ્રી હરગોવિંદદાસ પંડ્યા હતા તો ભાવનગરની સ્ટેટ રેલવેના સ્ટેશન માસ્તર, પણ તેઓ સારા યે કાઠિયાવાડમાં 'મહાત્મા'ના નામે ઓળખાતા. એમના વિષે આવા લોક-અભિપ્રાયનું કારણ નહોતી એમની ધાર્મિકતા કે નહોતાં યોગ કે ધ્યાન. પણ હીરા જેવી પારદર્શક તેમની પ્રામાણિકતા ને સ્વચ્છ સહૃદયતા જ આવા લોક-અભિપ્રાયના પાયામાં રહેલાં હતાં. એમનું પુણ્યનામ હજુ પણ એ પ્રદેશના રેલવે ખાતાના નોકરો-ને પ્રેરણારૂપ બન્યું છે.

અંતુભાઈના જીવનનાં શરૂઆતનાં વર્ષો તો બહુ જ સામાન્યરીતે પસાર થયાં. ત્રીજા ધોરણ સુધી એમણે સ્થાનિક શાળામાં અભ્યાસ કર્યો અને પછી શ્રી દક્ષિણા-મૂર્તિની સંસ્થામાં દાખલ થયા. આ સંસ્થા એમના દાદાના હાથે જ સ્થપાઈ હતી અને પાછળથી નવા શિક્ષણ માટેની મહાન રાષ્ટ્રીય સંસ્થામાં તેનો વિકાસ થયો હતો.

પછીથી જ્યારે તેઓ કરાચીની એન્જિનીઅરિંગ કૉલેજમાં અભ્યાસ કરતા હતા એ વખતે પ્રાધ્યાપક જુન્નરકરે એની મહાન શક્તિઓ તરફ મારું ધ્યાન દોર્યું, અને જેમજેમ એ એમના અભ્યાસમાં અને પાછળથી એમના જીવનમાં પ્રગતિ સાધતા ગયા તેમતેમ એમની આ શક્તિઓ અનેકધા વિકસતી અને વધતી ગઈ.

અંતુભાઈ સારા એન્જિનીઅર તો હતા જ, પણ માનવ તરીકે વધુ મહાન હતા એમ હું માનું છું. અંતુ-ભાઈને એક પુત્ર તરીકે, પ્રિયજન તરીકે, પતિ તરીકે અને મિત્ર તરીકે નિકટથી નીરખવાના ઘણાય પ્રસંગો મને મળ્યા છે. એમના જીવનમાં બધાં સાથેના વ્યવહારમાં એમનામાં કુસુમ સરખું કોમળ હૃદય રહેલું મેં નિહાળ્યું છે. પરંતુ જ્યારે ફરજનો પ્રશ્ન ઉપસ્થિત થતો ત્યારે વજ્ર સમા કઠોર અને એટલા જ અડગ નિશ્ચયી બની જતા મેં એમને જોયા છે.

એમની અને મારી ઉમરમાં ઘણો મોટો તફાવત હતો અને એના કરતાં યે મોટો અને દેખીતો તફાવત તો એમના અને મારા જીવનમાર્ગોમાં હતો; પરંતુ મારા જીવન-માર્ગ માટે કે મારા વિચારો પ્રત્યે મેં કદી યે એમને અ-સહિષ્ણુ બનતા જોયા નથી. એથી ઊલટું મેં ઘણી વાર એમને દેશદાઝથી પ્રજ્જ્વલિત અને પોતાની માતૃભૂમિની સેવા માટે ઝંખતા અને તલસતા જોયા છે.

તંદુરસ્તીને ભોગે પણ દિવસ રાત જે અવિરત શ્રમ એ કરતા તેની પાછળ ઊંડી દેશદાઝ રહેલી હતી; અને એક યોજના પૂરી કરી કે તરત જ બીજી પાર પાડવામાં તેઓ પરોવાઈ જતા તેનું કારણ પણ બીજું શું હોઈ શકે?

પરંતુ વિધિની ગતિ અગમ્ય છે. આ દુઃખદ બનાવ બન્યો એની એક મહિના પહેલાં મુંબાઈમાં અમે છેલ્લી વખત મળ્યા ત્યારે એમણે સસ્મિત વદને મને કહ્યું, 'નાનાભાઈ, તમે જણાવો છો તે મુજબ કોણ કહી શકે કે મારું કાર્ય શ્રેષ્ઠ છે કે તમારું ! મેં ગમે તેટલી સિદ્ધિઓ મેળવી હોય તો પણ આંબલા ખાતેના તમારા કાર્યની મને ખરેખર ઈર્ષ્યા થાય છે. ચાલો આપણે એક એવો ઉપાય શોધીએ કે જે વડે બન્નેના કાર્યનું મૂલ્યાંકન આપણે કરી શકીએ. પણ ત્યાં સુધીમાં તો સૌસૌએ પોતાના માર્ગે જ જવું રહ્યું.'

પછી અમે છૂટા પડ્યા. કોણ જાણતું હતું કે એ અમારું છેલ્લું મિલન હતું ? તેઓ ચાલ્યા ગયા,—હમેશ માટે. પરંતુ આપણા દેશને અને આપણને વધુ સમૃદ્ધ કરીને, વધુ સુશોભિત કરીને, સમુન્નત કરીને. ૐ ! શાંતિઃ શાંતિઃ શાંતિઃ!

'કુમાર'નો જન્મ

કાઠિયાવાડમાં રેલવેના એક સ્ટેશનમાસ્તર. અરધી સદી પહેલાં જેવું ભણતર લભ્ય હતું તેવું માંડ પામેલા. પણ એનાં પુરુષાર્થ ને પ્રારબ્ધ બહુ જોરૂકાં. ક્યાં રેલગાડીનું ધમાલિયું ને નીરસ જીવન ! પણ એમાંથી એણે વખત ને શક્તિ બચાવી એક વિદ્યાધામ કાઢયું: દક્ષિણામૂર્તિ.

બે કિશોરો: તેરચૌદ વર્ષના માંડ હશે. હેતાળ ને શરમાળ. રમતિયાળ બહુ નહિ. ભણતર કોઈ દિ ચૂકે નહિ. દાદાની ડાબી-જમણી બાંહ્ય જેવા દક્ષિણામૂર્તિમાં ભણે.

તે દિ' હસ્તલિખિત માસિકો આટલાં બધાં ન હતાં. ક્યાંક હતાં. ગાંધીજીના આશ્રમમાં, કે દક્ષિણામૂર્તિમાં, કે ગોંડળમાં 'જ્ઞાનાંજલિ' સંતાતું સંતાતું ડોકિયું કરતું.

કિશોરોને રઢ લાગી માસિક કાઢવાની. શી એમની હોંશ ! ચિત્રો કાઢે ને લેખો લખે. પૂઠાં ચીતરે ને સુશોભનો ગોઠવે. પણ નામકરણવિધિનું સદ્‌ભાગ્ય મને સાંપડ્યું. 'નામ કહો, બસ નામ કહો.' એ માસિકની ઓળીઝોળી થઈ: 'કુમાર'.

એ કિશોરો આજે તો મોટા થઇ ગયા છે. ભણવા ગયા છેઠેઠ અમેરિકા સુધી. એ અનંત-ઉપેન્દ્ર 'કુમાર'ના પ્રથમ ઉત્પાદકો.

ભાવનગરમાં આ છોકરા રવિભાઈને રેઢા ન મૂકે. રવિભાઈ મુંબાઇથી અમદાવાદ આવી સ્થિર થયા ને જૂનાં સ્વપ્નાં સાચાં કરવા પ્રયત્ન આદર્યો કિશોરોનું 'કુમાર' રવિભાઇએ હાથ લીધું: લાલનપાલન ને પોષણ-રક્ષણ માટે. આમ 'કુમાર' જન્મ્યું.

['કુમાર'ના ૧૦૦મા અંકમાંથી]

'ગિરીશ'

પ્રથમ વિદ્યાર્થી

—મુનિકુમાર મ. ભટ્ટ—

પ્રથમ એ વિચાર ક્યારે ને કેવા સંયોગમાં આવ્યો તે અત્યારે બરાબર યાદ નથી, પણ હું ગંભીર માંદગીને બિછાને પડ્યો હતો, અને તે જ અરસામાં 'ટાઇમ્સ ઑવ ઇન્ડિયા'માં ડૉ. અનંત પંડ્યાના ફોટોગ્રાફ સહિતની એક ટૂંકી નોંધ મારા વાંચવામાં આવેલી, તે પરથી મને એવો વિચાર આવેલો કે મારા આયુષ્યની અવધ પૂરી થશે તો બીજું કાંઈ નહિ તોપણ મને સંભારનારા કે મારી મૃત્યુનોંધ લખનારામાં ડૉ. અનંત પંડ્યા પણ હશે. પણ વિધિની એ ક્રૂર વિચિત્રતા છે કે હું એ માંદગીમાંથી ઘણો સાજો થઈને ઊભો થયો અને ડૉ. અનંતને તેણે માંદગીનું યે કારણ આપ્યા વિના અચાનક ઝડપી લીધા,—વાતચીત કરવાનો યે વખત ન આપ્યો; અને જે માત્ર માંદા મગજનો ખાલી તરંગ હતો તેથી ઊલટું બનીને આજે મારે તેને અંજલિ આપવાનો વખત આવ્યો છે.

સને ૧૯૨૩-૨૪નું વર્ષ દક્ષિણામૂર્તિના વિકાસની શરૂઆતનું વરસ હતું. તે વખતે એ સંસ્થાની શાળાનો વિનીતવર્ગ બુદ્ધિશાળી ને મહેનતુ વિદ્યાર્થીઓથી ભરેલો હતો. સંખ્યા એટલી થોડી હતી કે દરેક ઉપર વ્યક્તિગત ધ્યાન આપી શકાય તેમ હતું. એ બધા વિદ્યાર્થીઓ ટૂંકા બારીક કાપેલા વાળવાળા, ઉઘાડે માથે અને શરીર ઉપર જાડાં છતાં સ્વચ્છ–ડાઘ વિનાનાં કપડાં—ખાદીની ધોતી અને ખાદીનું પહેરણ પહેરેલા હતા. તેમાં પરીક્ષામાં ગુજરાતીમાં પ્રથમ આવનાર અનંત પંડ્યા હતા તેની ગ્રહણ-ધારણ શક્તિ મુકાબલે સતેજ હતી, અને તેની સાથે ખંતથી અભ્યાસ કરવાની ટેવ હતી. દક્ષિણામૂર્તિ ભવનના બે સંસ્થાપકો નાનાભાઈ (નૃસિંહપ્રસાદ કા. ભટ્ટ) અને મોટાભાઈ (હરગોવિંદ અજરામર પંડ્યા) પૈકી મોટાભાઈના અનંત પૌત્ર થાય, એટલે અનંતભાઈને મન દક્ષિણામૂર્તિ એ પોતાના ઘરના નિજમંદિર જેવું જ હતું, એટલું જ નહિ પણ અનંતને વારસામાં મોટાભાઈનાં ખંત, ચીવટ, સફાઈ અને ચોક્કસાઈના ગુણો ઊતર્યા હતા. તે વખતે શિક્ષણ પ્રાયોગિક દશામાં હતું, એટલે વિદ્યાર્થીઓ ઉપર જુદાજુદા પ્રયોગો થયા જ કરતા. તે પ્રમાણે આ ભાઈઓ (એટલે 'કુમાર'ના આદ્ય સ્થાપકો અને હવેના ડૉ. સ્વ. અનંત હી. પંડ્યા, અને ઉપેન્દ્ર જી. ભટ્ટ) ઉપર પણ થયા. એ પ્રયોગોને કારણે, કે એ પ્રયોગો છતાં, તેમાંથી અનંતનો વિકાસ જુદી દિશામાં અને અસાધારણ થયો. અમેરિકા જઈ આવેલા પિતાના પુત્ર પણ અમેરિકા જાય તેમાં તો કાંઈ નવીનતા નથી; અમેરિકા જઈને, અથવા બીજે કોઈ સ્થળે જઈને, પ્રથમ હરોળના વિદ્યાર્થી બનવાનું પણ ઘણા કરી શક્યા છે; પણ અનંતમાં ભારતમાતા પ્રત્યેની એક એવી ઊંડી ભક્તિની લાગણી સતત વહેતી હતી કે ભારતના પુત્ર તરીકે પ્રથમ સિવાયનું બીજું એકે સ્થાન તેમને રુચે તેમ નહોતું. તે વખતના તેમના પત્રોમાં અમેરિકાના સારા અંશો ભારતમાં નથી તેનું ઊંડું દુ:ખ પણ વ્યક્ત થતું દેખાય છે.

એન્જિનીઅરિંગના અભ્યાસ માટે એ કરાંચી ગયા અને પછી અમેરિકા ગયા તેથી તેમના જીવન સાથેના નિત્યના મારા સંપર્કમાં વિક્ષેપ પડ્યો. માત્ર જ્યારે અમેરિકામાં તેમણે ઇનામ મેળવ્યું ત્યારે મેં તેમને એક પત્ર લખ્યો હતો અને ભણતરનું ઇનામ તો મેળવ્યું, હવે સંસારનું ઇનામ ક્યારે લેવું છે તેવો કાંઈક પ્રશ્ન કર્યો હતો. તેનો જવાબ માત્ર ટૂંકો આવેલો તે તો પત્રની પહોંચ માત્ર છે. મૂળ પ્રશ્નનો ઉત્તર આપવાપણું નહોતું, પણ મેં તેમને સંભારીને પત્ર લખ્યો તે માટે સંતોષ, આનંદ, આભારનાં વધારે વાક્યો હતાં. પત્ર મારી પાસે સચવાયો નથી.

અમેરિકાનો અભ્યાસ પૂરો કર્યા પછી તેમની પ્રવૃત્તિનાં વિધવિધ પાસાંની ખબર મને મળ્યા કરતી. એક વાર તેઓ મુંબાઈ ગામદેવીમાં પ્રો. શાહને મળવા આવેલા. તેમની જ નીચેનાં ભાડુતોને ત્યાં હું હતો. તેમને ચિઠ્ઠી લખી મારી હાજરીની ખબર આપી અને હું રાહ જોતો બેઠો. મને ખબર નહિ કે ઉપર બધાં જમવા બેઠાં હશે. થોડી વાર રાહ જોઈ હું તો ચાલ્યો ગયો, પણ પછી તેમણે નીચે આવીને ખેદ વ્યક્ત કર્યો. તે એટલો સહૃદય અને ઊંડો હતો કે એ સાંભળ્યા પછી મારાં ચિઠ્ઠી લખવાનાં અને રાહ ન જોવાનાં બંને પગલાં માટે મને શરમ ઉપજી. પણ તેમના ખેદ પાછળ શિક્ષક તરફનો લગભગ ધાર્મિક પૂજ્યભાવ હતો.

એક વેળા ભાવનગરમાં ડૉ. સુમન્ત મહેતાનું વ્યાખ્યાન સાંભળી હું ધીમેધીમે બહાર નીકળતો હતો, ત્યાં કોઈનો મજબૂત હાથ મારા ખભા ઉપર પડ્યો. હું એ હાથ મૂકનારને નખશીખ નિહાળી જ રહ્યો. રજ વિનાના ચકચકિત પૉલિશ કરેલા જોડા, ખભાને બરાબર ખૂણો મેળવીને સીવેલો હાફકોટ, તેની અંદર સમબાજુ ત્રિકોણ બનાવતી ટાઈ, ઓછા થતા જતા વાળને બરા-

બર હોળીને રાખેલું માથું, અને જેમાંથી ધવલ દંત-પંક્તિ દેખાતી હતી તેવું હાસ્ય અને ક્યારે ઓળખાય છે તેવાં કુતૂહલભરી પણ ચિરપરિચિત—અને ઘણાં જૂનાં સ્મરણો આપતી આંખ. એ ચહેરો હું પહેલી વાર જોતો હતો, પણ અપરિચિત નહોતો. થોડા જ દિવસ પહેલાં એક વિખ્યાત છાપામાં વડોદરાની સાયન્સ કૉન્ફરન્સના ઇજનેરી વિભાગના પ્રમુખસ્થાને બેઠેલો એ ચહેરો મેં જોયો હતો. પણ જેણે મને મુગ્ધ કર્યો તે તો ભાવનગર અને ગુજરાતના વર્તુલમાંથી બહાર જઈ, પોતાના ક્ષેત્રમાં જેમણે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવી હતી તેવા એક મોટા માણસ, તેમના એક જૂના અને તે પણ અનેક શિક્ષકો પૈકીના એકને આટલા સૌહાર્દથી મળે તે વસ્તુ હતી. મને લાગે છે કે ડૉ. અનંત પંડ્યાને પોતે અસાધારણ છે, ખૂબ શક્તિશાળી છે, એવો ખ્યાલ કદાચ કદી યે આવ્યો જ નહોતો. જોકે તેની સાથેસાથે જ તેમના ક્ષેત્રમાં બીજાને મુશ્કેલમાં મુશ્કેલ લાગતું કામ તેમને સહેલું લાગતું અને તે પોતે કરી જ શકશે એવો દૃઢ આત્મવિશ્વાસ હતો. છતાં મને લાગે છે કે એ આત્મવિશ્વાસ કે એ આજન્મ શક્તિ કેટલાં વિરલ હતાં તેનો તેમને ખ્યાલ નહિ હોય, અને હશે તો તે એવી જ વિરલ નમ્રતામાં ઢંકાએલો રહ્યો હશે. ગમે તેમ હો, પણ બધા જ શિક્ષકો માટેનો તેમનો આદર એવો જ વિરલ હતો. છેલ્લેછેલ્લે મુંબાઈ અંધેરીમાં એક લગ્નપ્રસંગે હાજરી આપતાં ખબર પડી કે તેમના દક્ષિણામૂર્તિના એક શિક્ષક પણ એ જ લગ્નમાં હાજરી આપવા હાજર છે. અને તરત પોતાનાં અનેક રોકાણોને બાજુ ઉપર મૂકીને જ્યારે એ શિક્ષકને મળ્યા ત્યારે જ જંપ્યા. તેમના સ્વભાવનું આ લક્ષણ સ્વ. મોટાભાઇની ગુરુભક્તિને તેમના વારસે આપેલું પુનર્જીવન હોય તો નવાઈ નહિ.

છેલ્લે પણ અમારે ભાવનગરમાં જ મળવાનું નિર્મિત હતું. જે નિર્મિત નહોતું—કે નહોતું જણાયેલું—તે એ કે એ મુલાકાત છેલ્લી જ હતી. શ્રી ગગનવિહારી મહેતા કામ પ્રસંગે ભાવનગર આવ્યા હતા. ડૉ. અનંત પંડ્યા પણ કામ પ્રસંગે ત્યાં હતા અને ગગનભાઇનું ભાવનગરની રોટરી ક્લબમાં ભાષણ હતું. ગગનભાઈનાં બધાં ભાષણોની જેમ તે પણ વિશદ અને રમૂજેથી ભરપૂર હતું. માત્ર એક મુદ્દો જરા અસ્પષ્ટ રહી જતો હતો. ડૉ. પંડ્યાએ એ મુદ્દા ઉપર એક સવાલ પૂછીને તે ઘણો સ્પષ્ટ કરાવ્યો. તે પ્રશ્ન ગગનભાઇને એટલો બધો ગમી ગએલો કે 'અનંતભાઈના સવાલ'ની વાત ત્યાર પછી ઘણા દિવસો સુધી એમણે કર્યા કરેલી. ગગનભાઈ સાથેનો સંબંધ તો કલકત્તામાં શરૂ થયો અને પ્રતિદિવસ વધતો જ ગયો. તેમની ખોટથી જેમનાં હૈયાં આળાં બન્યાં છે તેવા અનેક હશે, પણ તેમાં ગગનભાઇને સવિશેષ સાલે એટલા તેઓ નિકટ અને ઘનિષ્ઠ હતા.

આ સાથે બીજી વાત કહેવાનું પ્રાપ્ત થાય છે. વિધિના જે ક્રૂર અને અણધાર્યા ફટકાએ ડૉ. પંડ્યાને આપણી પાસેથી ઝૂંટવી લીધા તે પ્રહારની અસર તેમના સ્નેહીઓને તો લાગે જ, પણ કેટલાક સ્નેહી-સંબંધીને એ ઘા એટલો ઊંડો પડ્યો છે, એવો મર્મદારક છે કે કદાચ તે તેમના જીવનભર નહિ રૂઝાય. ગુજરાતી સાહિત્યના એક છૂપા સેવક મસ્તરામભાઈ તે માત્ર એમના કાકા નહોતા. અનંતભાઈ માત્ર તેમના ભત્રીજા નહોતા. તેમને માટે તો ડૉ. અનંત પંડ્યા પોતાની આશા અને કલ્પના અને આદર્શોની પૂર્તિ સમા હતા. શ્રી હરભાઇને મન તે માત્ર મિત્રના પુત્ર કે વિદ્યાર્થી નહોતા; અપત્ય-વાત્સલ્યથી યે વિશેષ શિક્ષકના જીવનમાં જે કાંઇ હોય છે તે એ હતા. પરન્તુ તેમના ક્ષેત્રમાં તલસ્પર્શી જ્ઞાન અને શક્તિને કારણે જગતભરમાં ભારતનું તેમણે જે નામ જમાવ્યું હતું, એ ક્ષેત્રમાં ભારતનું જે અભિનવ દૃષ્ટિબિન્દુ તેમણે જમાવ્યું હતું તે સ્થાન પુરાતાં તો હજી ઘણો વખત લાગશે. તેની બરાબર કદર થતાં પણ હજી એટલી જ વાર લાગશે. તેમના સ્નેહની ખોટ તેમના મિત્રોને છે, પણ તેમની પ્રતિભાની ખોટ તો સારા યે હિન્દને છે.

જે વિચક્ષણ પુરુષ ચાલીસ-બેંતાલીસ વરસના ટૂંકા જીવનમાં ભક્તિમાન શિષ્ય, સ્નેહાળ મિત્ર, પ્રતિભાવાન વિશ્વકર્મા અને માતૃભૂમિનો પનોતો અને એકનિષ્ઠ પુત્ર બની શકે તે ડૉ. અનંત ચાલ્યા જતાં, વર્ષોથી જતનપૂર્વક પાઇપાઇને ઉછેરેલા અને ઘેઘૂર બનેલા વૃક્ષને કોઇ ઝંઝાવાત ક્ષણમાં ઉખેડીને અનેક દાયકાની મહેનતને વિફલ કરી આસપાસનાંને નિરાધાર કરી મૂકે ત્યારે જેવી શૂન્યતા વ્યાપે છે તેવી શૂન્યતા ગુરુઓમાં, મિત્રોમાં, સ્નેહીઓમાં ને સહયોગીઓમાં વ્યાપે તે કુદરતી છે.

આવા પ્રસંગે પ્રભુ તેમના આત્માને શાંતિ આપો એમ કહેવાની પ્રથા છે. પણ તેમના આત્માને તો શાંતિ છે જ; માટે એવી પ્રાર્થના કરવી ઘટે કે પ્રભો! તેમની ખોટ જેમને સાલે છે તેમના ચિત્તની શાન્તિ કર.

સ્મરણાંજલિ

પ્રો. જ્હૉન બી. વિલ્બર
(એમ. આઇ. ટી.ના સિવિલ અને સૅનીટરી એન્જિનીઅરિંગના પ્રાધ્યાપક)

આ શબ્દો હું લખી તો રહ્યો છું મૅસૅચ્યુસેટ્સ ઇન્સ્ટીટ્યૂટ ઑવ ટેકનૉલૉજીના સિવિલ અને સૅનિટરી એન્જિનીઅરિંગ ખાતાના નિયામક તરીકે, છતાં, અંગત કારણોને લીધે ડૉ. પંડ્યા માટે લાંબા સમયથી મને અત્યંત ઊંચું માન હતું. એનો મારી શક્તિ પ્રમાણે નિર્દેશ કરવાની તક મળી છે એથી મને આનંદ થાય છે.

ડૉ પંડ્યાએ આ સંસ્થાના સિવિલ એન્જિનીઅરિંગ ખાતામાં સ્નાતક વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરી ૧૯૩૧માં સિવિલ એન્જિનીઅરિંગમાં માસ્ટર ઑવ સાયન્સની તથા ૧૯૩૩માં ડૉ. ઑવ સાયન્સની પદવીઓ મેળવી હતી. અમારી પાસેનો એમનો વિદ્યાભ્યાસ ઉચ્ચતમ શક્તિથી ભરપૂર હતો. તેઓ એમનું કામ હમેશાં અત્યંત પ્રશંસાપાત્રરીતે અને એટલી વિશિષ્ટતાથી કરતા કે એમ. આઈ. ટી. માં જે સૌથી ઊંચામાં ઊંચો માનનો દરજ્જો ઉપલબ્ધ છે તે એમણે મેળવ્યો હતો.

બનેલું એવું કે ૧૯૩૦ની પાનખર ઋતુમાં હું સિવિલ એન્જિનીઅરિંગ ખાતાના સભ્ય તરીકે એમ. આઈ. ટી. માં પાછો ફર્યો હતો, ત્યાં એક યુવાન શિક્ષક તરીકે ડૉ. પંડ્યાના વિશેષ નિકટ પરિચયમાં આવવાનો મને પ્રસંગ મળેલો. જોકે મારા એક વર્ગમાં તેઓ વિદ્યાર્થી હતા, પરંતુ બીજા ઘણા વિષયોમાં હું એક વિદ્યાર્થી તરીકે તેમની સાથે અભ્યાસ કરતો હતો. ૧૯૩૩ના જૂનમાં જ્યારે એમણે ડૉક્ટરેટ મેળવ્યું ત્યારે બૉસ્ટનના સિમ્ફની હૉલના તખ્તા પર એ જ ક્ષેત્રમાં ડૉક્ટરેટની પદવી મેળવવા હું એમની પાછળ જ હતો; અને એ વર્ષમાં સિવિલ એન્જિનીઅરિંગમાં ડૉક્ટરેટ મેળવનાર અમે બે જ હતા. આ બાબતનો ઉલ્લેખ એટલા માટે કરું છું કે ડૉ. પંડ્યા સાથે મારો પરિચય કેટલો ગાઢ અને એક શિક્ષક તથા શિષ્ય વચ્ચે સામાન્યરીતે જે સંબંધ હોય તે કરતાં કેટલો નિકટવર્તી હતો એ સમજી શકાય.

એટલે, જ્યારે અમારા ખાતામાં ડૉ. પંડ્યાના અભ્યાસ અંગે રખાએલી અમારી પ્રતિવર્ષની નોંધો ફરી તપાસું છું ત્યારે, સામાન્યરીતે હોય તેના કરતાં મને એ વિશેષ અર્થપૂર્ણ લાગે છે. એમનું ચારિત્ર્ય ઉત્તમોત્તમ હતું એવી નોંધ છે; એમનો સ્વભાવ શાંત, ધ્યાનમગ્ન, ચપળ અને કાર્યક્ષમ તથા એમની ઉત્સુકતા ઊંચા પ્રકારની હોવાની નોંધ છે; અને 'ખાસ લક્ષણો'ના મથાળા નીચે એવી નોંધ છે કે તેઓ 'હિંદના અપવાદરૂપ ગણાય એવી ઉચ્ચતમ શક્તિવાળા બ્રાહ્મણ' હતા. અમારી નોંધોમાંનાં આ સર્વોત્તમ વિશેષણોનો નિર્દેશ એમની અસાધારણ અભ્યાસવિષયક શક્તિઓ ને ઉત્તમોત્તમ અંગત ગુણોના મારા પોતાના જ્ઞાન સાથે પણ અનુરૂપ છે. ૧૯૩૨માં ડૉક્ટરેટ માટેના એમના અભ્યાસના છેલ્લા વર્ષમાં એમને ઇન્સ્ટીટ્યૂટ તરફથી ઑસ્ટિન રીસર્ચ ફેલોશિપ એનાયત થએલી એમાં કશું આશ્ચર્યજનક નહોતું, કારણ કે એક સુજન અને વિદ્યાર્થી તરીકેના એમના અસામાન્યત્વની એ એક ખરેખર સુંદર કદર હતી.

એમ. આઈ. ટી.માં અભ્યાસ પુરો કરીને જ્યારે એ ઇંગ્લંડ ગયા ત્યારે પત્ર દ્વારા, તેમજ તેઓ જ્યારેજ્યારે અમેરિકાની મુલાકાતે આવતા ત્યારે મિલનથી, મેં એમની સાથે સંપર્ક ચાલુ રાખ્યો હતો. તેમાં ૧૯૩૮માં એક પ્રસંગ બન્યો તે ખાસ ઉલ્લેખને પાત્ર છે. એ વર્ષના ઉનાળામાં 'જેમ્સ એફ. લિન્કન આર્ક વેલ્ડિંગ ફાઉન્ડેશન' તરફથી જાહેર થએલાં ઇનામોની જ્યૂરીનો હું એક સભ્ય હતો. બે લાખ ડૉલરની કિંમતનાં ઇનામોના એ કાર્યક્રમમાં 'આર્ક વેલ્ડિંગ'ના ઉપયોગ અંગે થએલી વૈજ્ઞાનિક પ્રગતિના વિષયને લગતા જે મોટી સંખ્યામાં શાસ્ત્રીય નિબંધો પેશ થએલા તેની પરીક્ષા કરતી વેળા તે નિબંધોના લેખકો કોણ હતા એ સંબંધી કશી પણ માહિતી વિના જ્યૂરીએ નિર્ણયો કરેલા. એ હરીફાઈમાં બીજું મોટું ઇનામ 'The All Welder Grid adapted to Plane and Spatial Structures' એ વિષયના નિબંધને એનાયત થએલું. મને જ્યારે પાછળથી ખબર મળ્યા કે એ નિબંધ ડૉ. પંડ્યાએ લખ્યો હતો ત્યારે મેં અત્યંત સંતોષ અનુભવ્યો હતો.

છેવટનાં વર્ષોમાં અમારી વચ્ચે વારંવાર પત્રવ્યવહાર થતો; અને એમની અનેકવિધ પ્રવૃત્તિઓને લગતી જે કંઈ માહિતી મેળવવા તેઓ લખતા ત્યારે એ મોકલવામાં હું એમને થોડોઘણો મદદ રૂપ થયો હોઇશ એવી મને આશા છે. એન્જિનીઅરિંગ, કેળવણી અને સરકારી નોકરીનાં વિવિધ ક્ષેત્રોમાં એમની પ્રગતિ હું રસપૂર્વક અને ગૌરવથી જોતો હતો અને હું માનું છું કે હિંદના વિકાસમાં એ કેવો મહત્ત્વનો ભાગ લઇ રહ્યા હતા.

૧૯૫૧ના જૂનમાં થએલા એમના કરુણ મૃત્યુથી મૅસૅચ્યુસેટ્સ ઇન્સ્ટીટ્યૂટ ઑવ ટેકનૉલૉજીએ એક સૌથી વિશિષ્ટ વિદ્યાર્થી અને હિંદે એક અગ્રગણ્ય ઇજનેર,

કેળવણીકાર ને રાજ્ય-પ્રવીણ સુજન ગુમાવ્યો છે. એથી પણ વિશેષ તો, જગતે એક એવો પુરુષ ગુમાવેલો છે કે જેણે અત્યારની સંકુલ વિશ્વ-પરિસ્થિતિમાં હજુ વધુ મહત્ત્વનો ભાગ ભજવ્યો હોત. એમના વિરલ વ્યક્તિત્વના ગુણો અને પૂર્વ તથા પશ્ચિમની દુનિયાઓનાં એમનાં જ્ઞાન અને સમજનો સમન્વય એવા પ્રકારનો હતો કે જે જવલ્લે જ જોવા મળે છે. છતાં એમણે અપનાવેલા આદર્શો અને એમના જીવન દરમિયાન દુનિયાને સારી બનાવવા માટે એમણે કરેલાં નોંધપાત્ર કાર્યો આપણે માટે હમેશાં પ્રેરણાદાયી અને માર્ગદર્શક રહેશે.

ડૉ. અનંત પંડ્યા

પ્રો. ડર્ક જે. સ્ટ્રોઈક
(એમ. આઈ. ટી.ના પ્રોફેસર ઑવ મૅથમૅટિક્સ)

ડૉ. અનંત પંડ્યાના અવસાનના સમાચારથી મિસિસ સ્ટ્રોઈકને તથા મને ઘણો આઘાત થયો. મૅસાચ્યુસેટ્સ ઈન્સ્ટીટ્યૂટ ઑવ ટેકનૉલૉજીમાંના એમના અભ્યાસકાળ દરમિયાન અમારા વચ્ચે ગાઢ મૈત્રી થઈ હતી, અને એમણે અમેરિકામાંથી વિદાય લીધી ત્યારથી અમે એકબીજાનો સંપર્ક રાખેલો. હિંદની સ્વરાજ્યપ્રાપ્તિ પછી એમની કાર્યસિદ્ધિનું ક્ષેત્ર વિશાળ બન્યું હતું અને એમના વહાલા દેશના નવજીવનની રચનામા તેઓ પોતાની અનેક શક્તિઓ સમર્પી શક્યા હતા એ હકીકતથી અમને ઘણો હર્ષ થતો.

વિદ્યાર્થી અનંત પંડ્યાને અમે ગણિત અને ઇજનેરી વિષયોના સૈદ્ધાંતિક તેમજ વ્યાવહારિક જ્ઞાનમાં પારંગત ને વિચારશીલ વિદ્યાર્થી તરીકે જ નહિ, પરંતુ સમાજના એક આતુર નિરીક્ષક તરીકે ઓળખતાં હતાં. સામાજિક જવાબદારીની એમની ઊંડી લાગણી, ભૂત વર્તમાન અને એદ્વારા ભવિષ્યના સામાજિક પ્રશ્નોને સમજવાની એમની ઉત્સુકતા જેટલી જ પ્રબળ હતી. આ અભ્યાસક્રમમાં એક તરફ એમનું યુરોપ-અમેરિકામાં સંબંધનું જ્ઞાન અને બીજી તરફ હિંદનું જ્ઞાન સહાયરૂપ બન્યાં હતાં. સિદ્ધાંત અને વ્યવહારની એકતાને સમજવાની આ તક પાછળથી પોતાના દેશમાં કરેલા કાર્યમાં તેઓને ઉપયોગી બની હતી એમ અમને આશા છે.

લગભગ એકે વર્ષ એવું નથી પસાર થયું કે જ્યારે ડૉ. પંડ્યાનાં અભિનંદન લઈને હિંદી વિદ્યાર્થીઓ ઈન્સ્ટીટ્યૂટમાં ન આવ્યા હોય. આ રીતે એમની કારકિર્દીનાં પાસાંઓ ગ્રહણ કરવાનું તથા એમના વ્યક્તિત્વ અને કાર્ય સંબંધે જે પ્રીતિ અને માનનું વાતાવરણ એમણે સરજાવ્યું હતું એની ઝાંખી મેળવવાનું સદ્‌ભાગ્ય અમને પ્રાપ્ત થતું. અમે એમના સહકર્મચારીઓ, મિત્રો, વિદ્યાર્થીઓ અને કુટુંબીજનોને મળીને વર્તમાન હિંદના પ્રશ્નો તથા સિદ્ધિઓ અંગે માહિતી મેળવતા.

થોડા મહિના અગાઉ ડૉ. પંડ્યાની અમેરિકાની છેલ્લી સફર દરમિયાન એમણે ન્યૂ યૉર્કથી ટેલિફોન કરેલો. અમને ઇન્સ્ટીટ્યૂટ સુધી મળવા આવવા જેટલો સમય તો એમને નહોતો, પણ અમે એમનો અવાજ સાંભળ્યો. અમને આશા છે કે એન્જિનીઅરિંગ શિલ્પવિદ્યાના સંપૂર્ણ ઉપયોગ તથા સામાજિક વિવેકબુદ્ધિમાંથી પરિણમતા શાણપણ દ્વારા હિંદને એક સમૃદ્ધ દેશ બનાવવાના સતત પ્રયત્નમાં એમના મિત્રો ને વિદ્યાર્થીઓનાં કાર્યોમાં અમે એમનો અવાજ સાંભળતાં રહીશું.

એક સ્મરણ

સી. એમ. સ્પૅફર્ડ
(ફે, સ્પૅફર્ડ અને થૉર્નડાઈક એન્જિનીઅર્સના ભાગીદાર · એમ.આઈ.ટી.ના ભૂતપૂર્વ પ્રાધ્યાપક)

ડૉ. એ. એચ. પંડ્યા ૧૯૨૮થી ૧૯૩૩ સુધી મૅસાચ્યુસેટ્સ ઈન્સ્ટીટ્યૂટ ઑવ ટેકનૉલૉજીમાં સિવિલ એન્જિનીઅરિંગના વિદ્યાર્થી હતા. ૧૯૩૧માં 'માસ્ટર ઑવ સાયન્સ'ની અને ૧૯૩૩માં 'ડૉક્ટર ઑવ સાયન્સ'ની ડિગ્રીઓ એમને એનાયત થએલી. સ્નાતક વિદ્યાર્થીઓ (ગ્રૅડ્યુએટ સ્ટુડન્ટ્સ)નો અમારો વર્ગ ખૂબ જ નાનો હોવાથી હું એમના ગાઢ સંપર્કમાં આવેલો.

એમનામાં મોહક વ્યક્તિત્વ, વિરલ એવી પ્રખર શક્તિ અને વિશુદ્ધ ચારિત્ર્ય હતાં. સ્નાતક ને અનુસ્નાતક તરીકેની એમની અતિ ઉજ્જ્વલ કારકિર્દી એ પોતાના વિષયને લગતા એમના નૈપુણ્યનો અચૂક પુરાવો છે.

આ પ્રખ્યાત સંસ્થામાં સિવિલ એન્જિનીઅરિંગની ડિગ્રી સૌથી પહેલાં મેળવનાર વિદ્યાર્થીઓમાંના તેઓ એક હતા. ૧૯૩૩માં સ્નાતક થઇને એ હિંદ થઇ લંડન ગયા. ત્યાં 'ડાયાગનલ સ્ટ્રક્ચર્સ'ના મુખ્ય એન્જિનીઅર તરીકે તેમણે કામ કર્યું ને 'ડાયાગ્રિડ' ઉપરના મહાનિબંધ પર એમણે ૧૯૩૮માં 'જેમ્સ એફ. લિંકન વેલ્ડિંગ ફાઉન્ડેશન'નું બીજું મોટું ઇનામ મેળવ્યું. ૧૯૪૬માં એમને 'અમેરિકન સોસાએટી ઑવ સિવિલ એન્જિનીઅર્સ'ના 'ફુલ મેમ્બર' તરીકે ચૂંટવામાં આવ્યા.

છેલ્લાં થોડાં વર્ષોમાં એમની સાથે મને બહુ ઓછો સંપર્ક રહ્યો હતો, પણ અમે પત્રવ્યવહાર ચાલુ રાખ્યો હતો ને હિંદ ખાતેની એમની કારકિર્દી હું ખૂબ જ રસપૂર્વક નિહાળી રહ્યો હતો. એમણે નક્કી કરેલી અમેરિકાની મુલાકાતની હું આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યો હતો.

તેમના મૃત્યુથી જગતે માત્ર પ્રતિભાશાળી 'સિવિલ એન્જીનીઅર' જ નહિ, પરંતુ એક વિશુદ્ધ ચારિત્ર્યસંપન્ન વ્યક્તિ અને વિરલ શક્તિશાળી માનવી ગુમાવ્યો છે.

સંસ્મરણ

ઈ. એમ. પાવલો

(કન્સલ્ટિંગ એન્જિનીઅર : ન્યૂ યૉર્ક)

લગભગ વીસ વર્ષ પૂર્વે જ્યારે એમ. આઇ. ટી.માં ડૉક્ટરની પદવી માટે અમે બન્ને અભ્યાસ કરતા હતા ત્યારે હું પહેલવહેલો અનંત પંડ્યાને મળેલો. અનંત એક તેજસ્વી વિદ્યાર્થી હતા. અતિ સંકુલ વિષયોને પણ ત્વરાથી અને સારી પેઠે ગ્રહણ કરી તેના પર પ્રભુત્વ મેળવી લેતા. એમનું વ્યક્તિત્વ એટલું મોહક અને મિત્રતાભર્યું હતું કે સિવિલ એન્જિનીઅરિંગના વિષયમાં એમના સહાધ્યાયીઓમાંથી ઘણા લોકો તુરત એમના મિત્ર બની ગયા હતા. અનંત અને હું બહુ સારા મિત્રો થયા હતા.

ડૉક્ટરેટ મેળવ્યા પછી અમારા રાહ જુદા થયા; હું ન્યૂ યૉર્કમાં કામે વળગ્યો અને અનંત હિંદ પાછા ફર્યા ને ત્યાં તેમજ પછી ઇંગ્લંડમાં કામે લાગ્યા. પરંતુ વખતોવખત પત્રો દ્વારા એમની ધંધાવિષયક ફતેહો ને સિવિલ એન્જિનીઅરિંગનાં શાસ્ત્ર તથા કળામાં એમના મૌલિક ફાળા સંબંધી સમાચાર જાણી મને ખૂબ આનંદ થતો. ત્રીશીના દાયકાની મધ્યમાં તેઓ અમેરિકા આવ્યા ત્યારે એમને તથા એમનાં ચારુ અને અત્યંત બુદ્ધિશાળી પત્નીને મળવાથી મને બહુ આનંદ થયો હતો. કેળવણીના ક્ષેત્રમાંની અનંતની સિદ્ધિઓ ને તેમની ધંધાદારી નિપુણતાને હું અત્યંત રસપૂર્વક નિહાળતો. એમની ફતેહથી મને ખૂબ આનંદ થતો અને એમના દેશના શાશ્વત હિત માટે તેઓ મોટી સિદ્ધિઓ મેળવશે એવી મને સંપૂર્ણ આશા હતી; —અને એમાંની કેટલીક તો એમણે જરૂર મેળવી હતી.

ગયા વર્ષની શરૂઆતમાં જ્યારે તેઓ અમેરિકા ને હિંદ વચ્ચે શિલ્પવિષયક તેમજ વેપારવિષયક સંબંધો વધારે ગાઢ બનાવવા માટે અહીં આવેલા ત્યારે એમને ફરી વાર મળવાથી હું ખૂબ પ્રસન્ન થયો હતો. અનંત ખૂબ આશાભર્યા હતા અને એમના મહાન દેશનાં પ્રગતિ અને કલ્યાણ માટે બને તેટલું કરવા માટે તેઓ ખૂબ ઉત્સુક હતા. અનંત અત્યારે આપણી વચ્ચે નથી એ કલ્પવું પણ મુસ્કેલ છે. એમના અકાળ અવસાનથી એમના મિત્રોને, કુટુંબને અને દેશને મોટી ખોટ પડી છે.

પ્રેમાળ પ્રતિભા

—મગન પારેખ—


ભાઈ અનંતને આ જિંદગીમાં મારાથી કદી નહિ ભૂલી શકાય. એમની સાથેનો મારો સંબંધ કૌટુંબિક હતો. ઉમરે મારાથી પાંચ-છ વર્ષ નાના હોવા છતાં અમેરિકામાં અમે જ્યારે સાથે રહેતા ત્યારે હું એમના નિકટ સંબંધમાં આવ્યો અને અમે સગા ભાઈ જેવા બની ગયા. એમ. આઈ. ટી.માં અમે જોકે જુદાજુદા વિષયોમાં અભ્યાસ કરતા, પણ અમે રહેતા એક જ બ્લૉકમાં, એટલે એમના સ્વભાવનો, આવડતનો અને અભ્યાસનો મને ત્યાં પૂરેપૂરો પરિચય થયો. સ્વભાવ ખૂબ જ પ્રેમાળ. અને અભ્યાસની તો શી વાત કરવી? દરેક વિષયમાં ઊંચામાં ઊંચો ગ્રેઈડ (એટલેકે ૯૦ અને ૧૦૦ ટકા માર્ક) જ મેળવે! ગમે તે ટેકનિકલ વિષય પર એટલી સ્પષ્ટ અને મુદ્દાસર ચર્ચા કરે કે સામા માણસ ઉપર છાપ પડ્યા વગર ન જ રહે કે એ વિષયનું એમનું જ્ઞાન કેટલું ઊંડું અને એ વિષયની સ્પષ્ટતા એમના મગજમાં કેટલી તીવ્ર છે. ઉપરાંત એક બીજો ગુણ એમનામાં એ હતો કે સામા માણસની દલીલ તોડીને એમને નીચા પાડવાનો પ્રયત્ન એ કદી ન કરે, પણ એવી ખૂબીથી અને દાખલા દલીલથી સમજાવે કે સામા માણસને એમના માટે માન ઉપજે. એમની ગ્રહણશક્તિ અને યાદદાસ્ત તો કોઇ અજબ હતાં! એક વખત અર્થશાસ્ત્રની છેવટની પરીક્ષાની આગલી સાંજે તે વાંચતા હતા અને મેં દરરોજની માફક ફરવા આવવા માટે કહ્યું. 'આજ તો હું નહિ આવું. આવતી કાલે 'ફાઇનલ' છે અને આ અર્થશાસ્ત્રનું પુસ્તક વાંચ્યું નથી, એટલે જરા ઉપરઉપરથી જોઇ જવું પડશે. P (એટલે કે પાસિંગ માર્ક્સ) આવે તોપણ ઘણું સારું.' પછી તો કલાક–દોઢ કલાકમાં ૨૦૦-૨૫૦ પાનાંનું એ પુસ્તક નવલકથાની જેમ એમણે વાંચી નાખ્યું અને બીજે દિવસે પરીક્ષા આપીને આવ્યા. ત્રણ-ચાર દિવસ પછી એ વિષયનો ગ્રેઈડ આવ્યો જે H હતો!

(H એટલે 'પાસિંગ વિથ હાઇએસ્ટ ગ્રેઈડ—જે ૯૦થી ૧૦૦ ટકા વચ્ચે માર્ક વાળાને જ મળે!) આવા H તો એમને લગભગ બધા વિષયોમાં મળતા. આટલા તેજસ્વી અને બુદ્ધિશાળી હોવા ઉપરાંત તેઓ બહુ જ પ્રેમાળ, લાગણીપ્રધાન અને મિલનસાર હતા.

મારા અમેરિકા ગયા પછી એક વર્ષે તેઓ ત્યાં આવેલા એટલે મારે એમનાથી લગભગ એક વર્ષ અગાઉ અભ્યાસ પૂરો કરી હિંદ આવવાનું હતું. મારા આવવાના આગલા દિવસથી એ ઢીલા થઈ ગએલા, ને મને ઘણી વખત કહેતા, 'તું કેવો ભાગ્યશાળી કે અભ્યાસ પૂરો કરી દેશ ઊપડ્યો. હું કોણ જાણે ક્યારે આવીશ.' જવાને દિવસે સ્ટેશન પર આવેલા ને ટ્રેઇન ઊપડવાની તૈયારી હતી ત્યાં તેઓ રડી પડ્યા! આવીરીતે જ્યારેજ્યારે કોઈ પણ હિન્દી મિત્ર—અને તેમાં ખાસ કરીને ભાવનગરનો વિદ્યાર્થી દેશમાં જતો ત્યારે તે ગળગળા થઈ જતા.

હિન્દ આવ્યા પછી અવારનવાર અમે મળતા અને જ્યારેજ્યારે મળીએ ત્યારેત્યારે એમની વાતો ઉપરથી તેઓ હિન્દને ઇજનેરી ક્ષેત્રમાં આગલી હારમાં લાવવા માટે કેટલા બધા ઉત્સુક હતા તે જણાતું. પરદેશી એન્જિઅરો અને પરદેશી પેઢીઓ કામના ખોટા ડોળ કરી આપણા દેશને ચૂસતાં એ એમનાથી સહન થઇ ન શકતું, અને તેથી તેઓ જ્યારે અમેરિકામાં ભણતા ત્યારથી જ ચોક્કસ નિરધાર ઉપર આવ્યા હતા કે હિન્દ જઇને સ્વતંત્ર એન્જિનીઅરિંગ પેઢી જ સ્થાપવી, અને બતાવી આપવું કે આપણે પરદેશીઓ કરતાં બધી રીતે ચડિયાતું કામ કરી શકીએ છીએ. એ પેઢીમાં પરદેશથી અભ્યાસ કરી આવેલા બધી જાતના—સિવિલ, મિકૅનિકલ, ઇલેક્ટ્રિકલ અને કેમિકલ—બાહોશ એન્જિનીઅરો રાખવા. આવી પેઢી કરવાની રૂપરેખા પણ અમેરિકામાં દોરી રાખી હતી. પણ દેશ આવ્યા પછી શરૂઆતમાં બહુ કડવા અનુભવો થવા લાગ્યા. શરૂઆત કરવા માટે પૂંજી ન મળે; કોઈ અભ્યાસની યે કદર ન કરે; ન કોઇ કશું પ્રોત્સાહન આપે કે ન કોઇ વિશ્વાસ કરે. બસ પરદેશીઓનો જ મોહ! પરિણામે એ વિચાર ઉપર આવ્યા કે જ્યાં સુધી નોકરી કરી જનતા પર આપણે આપણી શક્તિની છાપ ન પાડી શકીએ ત્યાં સુધી સ્વતંત્ર કંઇ જ નહિ થઇ શકે. એટલે એવું ઠરાવ્યું કે નોકરી કરતાંકરતાં અનુભવ મેળવવો, અને નોકરી પણ બને ત્યાં સુધી હિંદમાં હિંદીઓ નીચે ન કરવી; કેમકે આપણા દેશી ભાઇઓ સાચી કદર કરી જ નથી શકતા. શરૂઆતમાં જ હિંદ આવીને નોકરી શોધતાં એમને એવો તો કડવો અનુભવ થયો હતો કે એ ઘડી મનમાં એમ પણ થઇ ગયું કે 'અમેરિકા જઈ આટલા બધા રૂપિયા ખર્ચી આવીને આટલું ઊંચું જ્ઞાન નકામું લીધું!' આથી જ એમણે પરદેશમાં (ઇંગ્લંડ) જઇને નોકરી લીધી અને ત્યાં એમની એવી છાપ પડી કે હિંદમાં એમણે જે પહેલવહેલી નોકરી—કલકત્તા એન્જિનીઅરિંગ કૉલેજના પ્રિન્સિપલની જગ્યા—માટે અરજી કરી તે માટે ફરીફરીને બે વાર પુછાવવા છતાં લંડનની કમિટીએ બંને વાર એમની જ ભલામણ કરી અને એ કૉલેજના ઇતિહાસમાં એ પહેલા હિંદી પ્રિન્સિપલ થયા. એમના ત્યાં નિમાયા પછી તરત જ એમને કલકત્તામાં મળવાનો મને પ્રસંગ મળ્યો હતો. ત્યારે કેવા સંજોગોમાં પોતે આ જગ્યા સ્વીકારી તે સમજાવતાં કહ્યું કે જે પરદેશી પ્રિન્સિપલોએ આ કૉલેજ ચલાવી છે તેમના કરતાં એક હિંદી વધારે સારી ચલાવી શકે છે એ બતાવવા માટે જ મેં આ તક મળી એટલે લીધી છે.

પછી તો ધીરે ધીરે એ આગળ ને આગળ વધતા જ ગયા અને અમને મળવાના પ્રસંગો પણ ઓછા થવા લાગ્યા. પણ જ્યારેજ્યારે મળતા ત્યારેત્યારે એ એવા ને એવા જ પ્રેમાળ અને લાગણીવાળા લાગતા અને પોતાથી બની શકે તેટલી રીતે બીજાને મદદરૂપ થતા. આ રીતે કામ કરતાં છેવટ એ એવી કક્ષા ઉપર આવી ગએલા કે જ્યાં રહી સ્વતંત્રરીતે કામ કરી હિંદને તેમજ પરદેશીઓને બતાવી શકત કે એક હિંદી પેઢી માત્ર પરદેશી પેઢીઓ જેવું જ નહિ બલ્કે તેમનાથી ચડિયાતું કામ કરી શકે છે. પણ આપણું એ ખરેખર દુર્ભાગ્ય કે મોટર અકસ્માતે અકાળે એમને ઝડપી લીધા અને પ્રભુએ એમનું ધાર્યું ન થવા દીધું. ઘણીઘણી વખત પ્રભુને પૂછવાનું મન થાય છે કે તેં શા માટે એમને આટલા વહેલા અમારી વચ્ચેથી ઉપાડી લીધા? હિંદમાં એવું કોઈ પુણ્યશાળી ન હતું કે જેમનાં પુણ્ય પણ આ જીવલેણ અકસ્માતને અટકાવી ન શક્યાં?



ડૉ. અનંત પંડ્યા

ઈ. આર. હોલ
બ્રિટિશ ટ્રસ્ટેડ કૉંક્રીટની પેઢીના ભૂતપૂર્વ ચીફ એન્જિનીઅર
——હૉલૅન્ડ ઍન્ડ હૅનન ઍન્ડ ક્યૂબિટ્સ લિ. ના જૉઇન્ટ મૅનેજિંગ ડાયરેક્ટર

ડૉ. અનંત પંડ્યાના મૃત્યુના દુઃખદ સમાચાર સાંભળી મને ખૂબ આઘાત લાગ્યો, કેમકે હું માનું છું કે એમના મૃત્યુથી માત્ર મને જ એક અંગત મિત્રની ખોટ પડી છે એમ નથી, પરંતુ જગતને એક મહા પ્રતિભાશાળી ને શક્તિશાળી ઇજનેરની ખોટ પડી છે.

૧૯૩૫માં લંડનમાંની મારી ઑફિસમાંના એમના આગમન વખતનું દૃશ્ય આજે ફરી મારી નજર સમક્ષ ચિત્રવત્ ખડું થાય છે. જોકે એ વખતે અમે એકબીજાથી તદ્દન અજાણ હતા, પરંતુ થોડા વખતમાં જ અમે મિત્રતા અને એકતાનું વાતાવરણ અનુભવતા થઇ ગયા. તરત જ મારા મન પર એમના વ્યક્તિત્વની ઊંડી છાપ પડી, અને જે ધંધાના વિષયના અભ્યાસમાં એમણે જ્વલંત સિદ્ધિ પ્રાપ્ત કરી હતી એ ધંધા માટેનો એમનો ઉત્સાહ અને એ માટે નિર્માણ થએલા કાર્ય વિષેના એમના સ્પષ્ટ ખ્યાલોથી હું મુગ્ધ બન્યો. અમારી મંત્રણાનું અગત્યનું પરિણામ એ આવ્યું કે એમણે એન્જિનીઅર તરીકે અમારી સાથે કામ કરવાનું નક્કી કર્યું ને કલકત્તાની એન્જિનીઅરિંગ કૉલેજના પ્રિન્સિપલ પદે જવાનું થયું ત્યાં સુધી એટલેકે ૧૯૩૯ના ઑગસ્ટ સુધી એ અહીં જ રહ્યા.

એમનું મોહક અને પ્રેમાળ વ્યક્તિત્વ, વિશુદ્ધ ચારિત્ર્ય ને સાથેસાથે એક બાહોશ એન્જિનીઅર તરીકેની એમની શક્તિ, આ ત્રણે વિરલ ગુણોને લીધે તેઓ ચાર વર્ષ દરમ્યાન અમને ખૂબ જ ઉપયોગી સહકાર્યકર્તા બની શક્યા. જોકે એન્જિનીઅરોનો અમારો સ્ટાફ તો ઘણો મોટો અને જુદાજુદા દેશોમાંથી આવેલા ઓછીવત્તી શક્તિવાળા અનેક માણસોનો બનેલો હતો, પરંતુ જેના જેના સંપર્કમાં ડૉ. પંડ્યા આવ્યા એ દરેકનો અગાધ પ્રેમ અને અનન્ય માન એ મેળવી શક્યા હતા એમ કહું તો તેમાં જરા યે અતિશયોક્તિ નથી.

તેઓ ખૂબ ઝડપથી આગળ વધતા ગયા અને 'રીઇનફોર્સ્ડ કૉન્ક્રીટ' તથા 'વેલ્ડેડ સ્ટ્રક્ચરલ સ્ટીલ' એ બંને લાગુ પડે એવાં ડિઝાઈન તથા બાંધણીની નવી ઢબને વિકસાવવાનું કાર્ય કરવામાં ગૂંથાઈ ગયા. પોતે એક કુશળ ગણિતશાસ્ત્રી હોવાથી અઘરા અને ગૂંચવણવાળા પ્રશ્નો ભારે બાહોશીથી ને સંપૂર્ણરીતે ઉકેલી શકતા.

'ડેવેલપમેન્ટ-વર્ક'(યોજના મુજબનાં બાંધકામો)માં તેમણે જે ફતેહ મેળવી હતી તે ઉપર્યુક્ત એમની શક્તિ ઉપરાંત એન્જિનીઅરિંગ માટેની તેમની વ્યવહારુ અને સર્વગ્રાહી બુદ્ધિનો પૂરો ખ્યાલ આપે છે.

અમારી સાથેના જોડાણ પછી થોડા જ વખતમાં એક યુવાન બ્રિટિશ એન્જિનીઅરની સાથે મળીને તેમણે 'ધી ઑલ-વેલ્ડેડ ડાયાગનલ ગ્રિડ' એ વિષય પર એક લાંબો અને માહિતીપૂર્ણ નિબંધ તૈયાર કર્યો અને એ બંનેના સંયુક્ત નામે તે અમેરિકાની 'જેઇમ્સ એફ. લિંકન આર્ક વેલ્ડિંગ ફાઉન્ડેશન ઑવ ક્લીવલૅન્ડ' તરફથી યોજાએલી જગત-હરીફાઈમાં આપવામાં આવ્યો, જેમાં દુનિયાના બધા દેશોના એન્જિનીઅરોને ભાગ લેવાનું આમંત્રણ હતું. તેમાં આ નિબંધને સૌથી મોટાં ઇનામોમાંનું એક મળ્યું. એ નિબંધ એ વિષયના અભ્યાસમાં એક મૂલ્યવાન ફાળા તરીકે આવકાર પામ્યો છે. દુનિયાભરના અનુભવી અને નામાંકિત એન્જિનીઅરો પોતાના અભ્યાસ માટે હજુ પણ તે વાંચે છે.

આ દેશમાં તેમજ અન્યત્ર 'વેલ્ડેડ સ્ટીલ' તથા કૉંક્રીટ એ બંનેમાં ઊંચા પ્રકારનાં બારીક ડિઝાઇનોનો જેમાં ખૂબ ખપ છે તેવા કૉન્ટ્રૅક્ટો થઈ શકે છે તે ડૉ. પંડ્યાને આભારી છે. અને આ કૉન્ટ્રૅક્ટો, મોટી ફૅક્ટરીઓ, એરક્રાફ્ટ હૅંગર, રહેઠાણનાં મકાનો, કારખાનાંઓ તેમજ જાહેર સંસ્થાનાં મકાનોને લગતા હોય છે.

જોકે ભારત પાછા ફરવાની એમની ઇચ્છાને અમે સૌએ વધાવી હતી, પરંતુ એમના જવાથી અમને પડનાર ખોટ પૂરવી મુશ્કેલ છે એમ અમે માનતા હતા. અમે એ પણ જાણતા હતા કે જે ઘટના અમને ખોટ રૂપ છે એ ભારતને લાભરૂપ નીવડવાની છે. એમનું મોહક વ્યક્તિત્વ, અથાક ઉદ્યમ અને વિદ્વાન વૈજ્ઞાનિક તરીકેની શક્તિ એ ત્રણે એમના દેશને સમૃદ્ધ કરવામાં ખૂબ જ મૂલ્યવાન ફાળો આપશે અને જે મહાન જવાબદારીવાળી જગ્યા લેવા માટે અમને તેઓ છોડી જતા હતા તેમાં તેઓ ફતેહ પામશે એ નિઃશંક હતું. વળી અમને તો ખાતરી હતી કે એમની અસર તળે આવનાર યુવાન એન્જિનીઅરોને એ પોતાના ઉદાહરણથી જે રીતે પ્રેરણારૂપ થવાના હતા તેની કિંમત આંકવી એ ખૂબ જ અઘરું છે.

જેની સાથે એ કામ કરતા હતા અને મિત્રતાની અતૂટ સાંકળે બંધાયા હતા એવા બ્રિટિશ એન્જિનીઅરોની મંડળીને અને ઇંગ્લંડને છોડતાં એમને પણ દુઃખ થયું

હતું એ હું સારીરીતે જાણું છું. પણ જતી વખતે એમણે અમને જણાવ્યું હતું કે ભવિષ્યનાં સુખ અને સફળતા માટે એ અમારી શુભેચ્છાઓ સાથે છૂટા પડે છે. અમને સંપૂર્ણ વિશ્વાસ હતો કે જે શક્તિઓ એ ધરાવે છે એને કારણે જ એ સફળતા પામશે. જે લોકો એમની સાથે કામ કરવા ભાગ્યશાળી બનેલા તેઓ આ શક્તિથી સંપૂર્ણ પરિચિત હતા. અને એમણે ભારતમાં મેળવેલી સિદ્ધિઓએ અમારા વિશ્વાસને સાચો ઠરાવ્યો હતો.

અમે એમનો વિકાસ તથા સિદ્ધિઓ ખૂબ જ રસપૂર્વક અને પ્રશંસાપૂર્ણ હૃદયે નિહાળી રહ્યા હતા. એમની સાથે કામ કરતાં અમને જે આનંદદાયક અનુભવો થયા હતા અને એમની શક્તિઓ દ્વારા જે લાભ અમે મેળવ્યા હતા તેનું અમને ગૌરવ હતું. અને અમારા સહકાર્યકર્તા તરીકે એમને જે આનંદદાયક અનુભવો થયા તથા જનરલ એન્જિનીઅરિંગ અને ટેકનિકલ બંને દૃષ્ટિએ એમણે જે લાભો મેળવ્યા છે એનો સ્વીકાર એમણે સૌથી પ્રથમ કર્યો છે એવી પણ અમને ખાતરી છે. એમણે મેળવેલા વધુ અનુભવો નકામા નહિ જાય પરંતુ જે જે પ્રશ્નો એમની સામે ઉપસ્થિત થશે તેના ઉકેલ માટે ખૂબ જ ઉપયોગી થઈ પડશે એમ અમારું માનવું હતું.

અહીંથી ગયા પછી એમના મૃત્યુ સુધી એમણે મારી સાથેનો સંબંધ ખૂબ જ આનંદપૂર્વક જાળવી રાખ્યો હતો, અને જે વિશાળ કાર્યોમાં એ રોકાઈ રહ્યા હતા એની જાણ મને તેઓ પત્રવ્યવહાર દ્વારા કરાવતા રહેતા હતા. જે મોટાં કાર્યોમાં એ રસ લઈ રહ્યા હતા તે પૂરાં થતાં અમે ફરીથી મળી શકીશું એવી આશા અમે બંને સેવી રહ્યા હતા. કામની તેમજ મિત્રતાની દૃષ્ટિએ એમની સાથે ગાઢ સંબંધ રાખવામાં મને જે આનંદ મળતો હતો એવો કોઈ બીજા સાથે મળ્યો હોત કે કેમ એ હું કહી શકતો નથી. જ્યારે તેઓ છેલ્લી વખતે ઈંગ્લેંડ આવ્યા ત્યારે તેમણે આજ સુધીમાં કરેલાં કામો વિષે અને ભવિષ્યનાં કામોના સંબંધમાં મારી સાથે સવિસ્તર ચર્ચા કરી હતી. ભવિષ્યની કારકિર્દી માટે જે ઉત્સાહપૂર્વક તેઓ તૈયારી કરી રહ્યા હતા એ જોવું અને સમજવું એ મારા માટે એક પ્રેરક અનુભવ હતો. પોતાની શક્તિ ને બુદ્ધિનો ઉપયોગ કરીને એમાંથી તેઓ જે સંતોષ પામતા એ જોવું એ પણ એક સુખદ અનુભવ હતો. એ સંતોષ એન્જિનીઅરિંગ ને બાંધકામને લગતાં કાર્યોમાંથી મળતી માત્રફતેહનોજનહતોપરંતુ આયોજનાઓની સંપૂર્ણતાથી પોતાના દેશને થતા લાભમાંથી એ જન્મ્યો હતો.

ડૉ. પંડ્યાને ફરીથી મળી નહિ શકાય એવું જ્યારે ભાન થાય છે ત્યારે ખૂબ જ આઘાત લાગે છે. આવા વિશુદ્ધ ચારિત્ર્ય અને મહાન શક્તિવાળો આવો અદ્ભુત પુરુષ—જેના વિચારો પોતાના દેશની શાંતિદાયક પ્રગતિ માટે ખૂબ જ ઉપયોગી અને મૂલ્યવાન હતા અને ખાસ કરીને આજે જ્યારે એ દેશને જે ગુણોની જરૂર છે એ એમનામાં સારા પ્રમાણમાં હતા ત્યારે—એવા પુરુષને આપણે ગુમાવ્યો છે એવું જ્યારે ભાન થાય છે ત્યારે આપણી દિલગીરીનો પાર રહેતો નથી. આપણે એટલી જ આશા રાખીએ—અને મને ખાતરી છે કે એમ જ થશે—કે એમના ટૂંકા જીવનનાં આટલાં વર્ષો પણ પ્રમાણમાં મહાન હેતુની સિદ્ધિ માટે એવી સફળતાપૂર્વક એમણે ગાળ્યાં છે કે ભવિષ્યની પ્રજા માટે વિશદ ચારિત્ર્યની અને મહાન શક્તિની તેઓ ઊંડી છાપ મૂકતા ગયા છે, અને આ પ્રવૃત્તિ સાથે જેમને સંબંધ છે તેમના માટે એક સદા અનુકરણીય દૃષ્ટાન્તરૂપ એ બનવાના છે.

આપણે આશા રાખીએ કે ભારતને એમના અવસાનથી જે મહાન ખોટ પડી છે તે તેમના માર્ગે ચાલતા અને ભારતની નિઃસ્વાર્થ સેવા કરતા યુવાન એન્જિનીઅરો દ્વારા પુરાશે. એમનાં પત્ની અને એમના કુટુંબને જે ખોટ પડી છે તે તો વર્ણવવી અશક્ય જ છે અને આ દેશમાં અમારા જેવા તેમના અનેક મિત્રોને જે ખોટ પડી છે તેનો ખ્યાલ આપવો એ ખૂબ અઘરું છે. જેમને ડૉ. પંડ્યાના વ્યક્તિત્વ ને બુદ્ધિનો પરિચય છે એ એમની ગૌરવપ્રદ ને સુખી સ્મૃતિઓને ચિરંજીવ રાખશે.

(અનુ પૃ. ૨૮૯થી) આપવામાં આવી હતી. તેમનાં સુખસગવડ માટે ડૉ. પંડ્યા જાતે ધ્યાન રાખતા અને તે કામ માટે પોતાનો ઘણો સમય આપતા.

તેમના મૃત્યુથી આ કૉલેજે નિકટમાં નિકટનો મિત્ર ગુમાવ્યો છે. તેમને દેશના યુવાનોમાં ખૂબ જ શ્રદ્ધા હતી ને આપણી માતૃભૂમિને આજની નવી પેઢી જ સમૃદ્ધ કરશે એમ તેઓ હમેશાં માનતા. અમારા પ્રયત્નોને તેમની આવી સુદૃઢ શ્રદ્ધામાંથી સદા પ્રેરણા ને દોરવણી મળતી રહી છે; અને જો એમાં અમે સફળતા પામીશું તો તે સફળતા ડૉ. પંડ્યા જેને અમે માનવ તરીકે અને એન્જિનીઅર તરીકે ખૂબ ઊંડા ભાવથી ચાહતા હતા તેમની સ્મૃતિને ચિરંજીવ રાખવાના નિમિત્તરૂપ લેખાશે.

ડૉ. પંડ્યાના કાર્યની નોંધ લેતી વખતે શ્રીમતી પંડ્યાનો ઉલ્લેખ ન કરીએ તો એ નોંધ અધૂરી જ ગણાય, કારણ એમના દરેક કાર્યમાં એમનાં પત્નીનો એમને સંપૂર્ણ સહકાર અને સંગીન ટેકો મળતો હતો; અને એમની સાદાઈ, સરળતા અને માયાળુપણાને સ્ટાફના જૂના સભ્યો તથા તેમનાં કુટુંબો હજુ પણ યાદ કરે છે.

બેંગાલ એન્જિનીઅરિંગ કૉલેજના પ્રિન્સિપલ ડૉ. અનંત હીરાલાલ પંડ્યા

ડૉ. એસ. આર. સેનગુપ્તા બી.એસસી., પીએચ.ડી.
પ્રિન્સિપલ : બેંગાલ એન્જિનીઅરિંગ કૉલેજ

૧૯૩૯ની ૨૧મી સપ્ટેમ્બરે અમે સ્ટાફના સભ્યો તથા વિદ્યાર્થીઓ અમારા નવા પ્રિન્સિપલ સ્વ. અનંત હીરાલાલ પંડ્યાને મળ્યા અને તેમને જોઈ આનંદ તેમજ આશ્ચર્ય અનુભવ્યું. તેઓ Sc. D. (Eng.) A. M. I. Struct. E., A. M. Am. Soc. C. E., A. M. I. E. (Ind.), A. M. Inst. W., M. A. R. P. I. ઉપાધિઓ ધરાવતા હતા. તેમનામાં યૌવનનો થનગનાટ અને જીવન વિષેની તાઝગીનો તરવરાટ હતો. પાછળથી જ અમારા જાણવામાં આવ્યું કે તેમની ઉંમર માત્ર ૩૦ જ વર્ષની હતી. તેમની પ્રતિભા અને રીતભાતથી અમે સર્વ અત્યંત મુગ્ધ થયા હતા.

આ કૉલેજના પ્રિન્સિપલની જગ્યા માટેની જાહેરાત લંડન ખાતેના હિંદી હાઈ કમિશ્નર દ્વારા કરવામાં આવી હતી. પ્રખ્યાત એન્જિનીઅરો, કેળવણીકારો ને નિષ્ણાતોની બનેલી સમિતિ દ્વારા લંડનમાં જ દેશપરદેશથી અરજી કરનારાઓની મુલાકાતો લેવાઇ હતી; અને તેમાં ડૉ. પંડ્યા સૌથી શ્રેષ્ઠ અને સૌથી વધુ યોગ્ય ઉમેદવાર ગણાયા હતા. હાઈ કમિશ્નરે કરેલી ભલામણ બંગાળ સરકારે આનંદપૂર્વક સ્વીકારી તેનું કારણ ડૉ. પંડ્યાએ મોટી ડિગ્રીઓ મેળવી હતી કે આ ધંધાનો એમને સારો અનુભવ હતો એટલું જ નહોતું, પરંતુ એ પહેલા જ હિંદી એન્જિનીઅર હતા કે જે પરદેશી નિષ્ણાતો સાથે સફળતાપૂર્વક હરીફાઈ કરી શક્યા, અને આ કૉલેજની સ્થાપનાની શરૂઆતથી જ્યાં પરદેશી નિષ્ણાતોએ જ કામ કર્યું હતું એ જગ્યા માટે તેમની વરણી કરવામાં આવી.

એમના આગમન પછી થોડા જ વખતમાં ડૉ. પંડ્યાએ શિક્ષણની પદ્ધતિમાં જ નહિ પણ કૉલેજના વહીવટમાં પણ કેટલાક અગત્યના અને ફાયદાકારક સુધારાઓ કર્યા, ને શરૂઆતથી અમારી સાથેના એમના વર્તનમાં એમની મમતા અને મૃદુતાનો અનુભવ અમને થવા માંડ્યો. સ્ટાફના સભ્યો અને વિદ્યાર્થીઓનો મોટો ભાગ તેમના અંગત સંપર્કમાં આવ્યો અને સૌ પોતાની વ્યક્તિગત મુશ્કેલીઓ તથા ગૂંચવણો ઉકેલવા માટે સલાહ અને દોરવણી લેવા નિઃસંકોચપણે તેમની પાસે જવા લાગ્યા. તેમના સંપર્કમાં જેનેજેને આવવાનું બન્યું તે દરેક તરફ તેઓ વિનમ્ર અને વિવેકી હતા, પછી ભલેને એ સ્ટાફનો સભ્ય હોય કે વિદ્યાર્થી હોય, ઓછામાં ઓછો પગારદાર પટાવાળો હોય કે વૃદ્ધ અનુભવી પ્રાધ્યાપક હોય. પોતાના માયાળુ અને હસમુખા સ્વભાવ દ્વારા એમણે બધાને પોતાની ઉદાર નીતિનો પરિચય કરાવ્યો હતો. આમ છતાં એ કહેવું જોઇએ કે જ્યારે જરૂર પડે ત્યારે એ પોતાની નીતિમાં અડગ અને નિશ્ચલ પણ રહી શકતા હતા. આ કૉલેજ સાથેનો એમનો સંબંધ પૂરો થયા પછી પણ જ્યારે તેઓ આ કૉલેજમાં આવતા ત્યારે જૂના માણસોની ખબર પૂછતા, અને એ માણસો પણ તેમને મળીને આનંદ અનુભવતા. બધાને એ પોતના ભાઈ જ ગણતા.

૧૯૪૦માં છેલ્લું વિશ્વયુદ્ધ શરૂ થયા પછી યુદ્ધ માટે લડાયક શસ્ત્રોનું ઉત્પાદન વધારવા માટે ટેકનિકલ ટ્રેઇનિંગ—ખાસ કરીને કારીગરોની તાલીમ માટે સગવડો વધારવી એ ખૂબ જ અગત્યનું છે એમ સૌથી પ્રથમ વિચારનારાઓમાંના ડૉ. પંડ્યા એક હતા. હું એ પણ જાણું છું કે આવી યોજનાઓની શરૂઆત કરવાની જરૂરિયાત માટે હિંદી સરકારના બધા જ મુખ્ય મુખ્ય અમલદારોને આગ્રહપૂર્વક લખવાની શરૂઆત પણ એમણે જ કરી, ને તે માટે આ કૉલેજમાં તેમણે બધી જ સગવડ તથા વ્યવસ્થા કરી આપી. આવી અગત્યની તાલીમની યોજનાઓનો પ્રારંભ ૧૯૪૧ની શરૂઆતમાં જ કરવામાં આવ્યો અને એનો યશ મોટે ભાગે ડૉ. પંડ્યાને ફાળે જ જવો જોઈએ. આ કૉલેજમાં એમણે બે જુદી જાતના તાલીમ-અભ્યાસક્રમની વ્યવસ્થા કરી: એક તો 'ડિરેક્ટર જનરલ ઑવ સિવિલ ઍવીએશન'ની નીચે વિમાની મિકૅનિકોની તાલીમ-યોજના, અને બીજી મિનિસ્ટ્રી ઑવ લેબરના હાથ નીચે ટેકનિકલ તાલીમી યોજના. આ બન્ને યોજનાઓ માટે નવી જ વ્યવસ્થા કરવાની હતી, તેથી નવાં સાધનો વસાવ્યાં અને સગવડો વધારી. આ કાર્યમાં એમણે ખૂબ જ રસ લીધો અને આખી યોજના એના યોગ્ય રસ્તે આગળ ધપે એ માટે તેમણે અંગતરીતે ધ્યાન આપ્યું. ટેકનિકલ તાલીમની યોજના માટે ઇસ્ટર્ન સર્કલના પ્રાદેશિક ઇન્સ્પેકટર તરીકે એમની નિમણૂક થઈ હતી અને ઇસ્ટર્ન સર્કલના બિહાર, ઓરિસ્સા, બંગાળ અને આસામના ટેકનિકલ તાલીમનાં કેન્દ્રોની વ્યવસ્થા તેમના જ હાથમાં હતી. એ જગ્યાના એમના અનુગામી તરીકે હું જાણું છું કે આટલી મોટી સંખ્યાનાં તાલીમી કેન્દ્રોની વ્યવસ્થા કરવા માટે કેટલી અથાક મહેનત એમને લેવી પડી હતી અને એમણે કેવા અપૂર્વ કૌશલ્યથી એ કામ પાર પાડ્યું હતું. એ કામમાં એ ખૂબ જ રોકાએલા હતા,

તોપણ જેમાં તેમને અપૂર્વ સફળતા મળી હતી એવું કાર્ય તે શિક્ષણનું, અને એ તેમણે છોડયું નહોતું. શિક્ષક તરીકે વિદ્યાર્થીઓમાં એ ખૂબ જ પ્રિય થઇ પડયા હતા.

આ સમય દરમ્યાન આ સંસ્થાને તદ્દન અદ્યતન સાધન-સગવડોવાળી પરદેશી સંસ્થાઓ જેવી બનાવવા માટે તેમણે કેટલીક પ્રવૃત્તિઓ શરૂ કરી અને પ્રાંતિક સરકારના કેટલાક અમલદારો તથાયુનિવર્સિટીના કેટલાક નામાંકિત કેળવણીકારોને એમાં રસ લેતા કર્યા. આ રીતે ઉત્તરોત્તર થતા વિકાસ-કાર્યનું નિરીક્ષણ કરવા માટે કેળવણીકારો અવારનવાર કૉલેજની મુલાકાત લેતા. કમનસીબે લડાઇને લીધે સરકાર કૉલેજની સુધારણા માટે પૂરતી નાણાંકીય મદદ આપી શકી નહિ.

અમને ભય હતો જ કે આવી અપૂર્વ શક્તિવાળા ને સન્નિષ્ઠ માણસને લાંબા વખત સુધી એન્જિનીઅરિંગ કૉલેજના માત્ર પ્રિન્સિપલ તરીકે રાખવામાં નહિ આવે, અને અમારા કમનસીબે અમારો એ ભય સાચો પડયો. ૧૯૪૩ના એપ્રિલમાં યુદ્ધની તૈયારી વધારવા માટે દારૂગોળા ઉત્પાદનના ડાયરેક્ટર જનરલના હાથ નીચે કામ કરવા માટે હિંદી સરકારે એમની સેવાઓ માગી. આ જ વિભાગમાં ડેપ્યુટી ડાયરેક્ટર જનરલની કક્ષા સુધી તેઓ પહોંચ્યા અને આ રીતે દેશની સેવા માટે અને યુદ્ધની તૈયારીમાં એમણે અગત્યનો ફાળો આપ્યો.

જોકે આ કૉલેજના પ્રિન્સિપલ તરીકે તેઓ ૫૫ વર્ષની વય સુધી કામ કરી શકે એવી સમજૂતી એમની નિમણૂક વખતેસરકારતરફથીસ્વીકારાઈ હતી,તોપણકૉલેજની નોકરી માટે પાછા ન ફરતાં ઉદ્યોગમાં જ જોડાવાનું એમણે વધુ પસંદ કર્યું. હું જાણું છું, અને મને તેમણે પોતે જ કહ્યું હતું કે, શિક્ષણ માટેનો તેમનો પ્રેમ પહેલાંના જેટલો જ છે; પરંતુ એમણે વિચાર્યું કે એન્જિનીઅરિંગની અગત્યની યોજનાઓ માટે 'ઈજનેરી સલાહકાર' તરીકે જો એ વધારે વર્ષો ગાળે ને પછી આ ધંધાના સંપૂર્ણ જ્ઞાન સાથે પાછા ફરે તો પોતે શિક્ષણ માટે વધુ સારું કામ કરી શકે. તેથી તેઓ 'હિંદ કન્સ્ટ્રક્શન કં૦' માટે બિરલા બ્રધર્સ સાથે સલાહકાર એન્જિનીઅર તરીકે જોડાયા.


જોકે પ્રિન્સિપલ તરીકે આ કૉલેજની સેવા માટે તે પાછા ન ફર્યા, પરંતુ કૉલેજનું હિત એમને હૈયે હતું જ. બંગાળમાં એન્જિનીઅરિંગ ને ટેકનિકલ શિક્ષણનાં ઊંચાં ધોરણોના વિકાસ માટે ૧૯૪૫માં સરકારે નીમેલી સમિતિના એક સભ્ય તરીકે એમણે ખૂબ ઉત્સાહપૂર્વક કામગીરી બજાવી હતી. આભાર માનીએ એ સમિતિનો અને ડૉ. પંડયાનો, કે જેમની સલાહ અને ભલામણોથી વિકાસની યોજના માટે સરકારે દોઢ કરોડથી પણ



બેંગાલ એન્જિ. કૉલેજના વિદ્યાર્થીએ કરેલું કાર્ટૂન

વધારે રૂપિયા ખર્ચવાનું નક્કી કર્યું.

જીવનના અંત સુધી ડૉ. પંડયા આ કોલેજ સાથે સતત સંપર્કમાં રહ્યા કર્યા હતા અને સ્ટાફના નવા સભ્યો સાથે ઓળખાણ કરવા તેમજ કૉલેજના નવા મકાનના બાંધકામનું નિરીક્ષણ કરવા તેઓ વારંવાર મુલાકાતે આવતા. અને મને પોતાને તો ઝાંખીઝાંખી યે આશા હતી જ કે જે કાર્યમાં એમને ખૂબ જ રસ છે એવા સંશોધનના કાર્યના વિકાસ માટે યોગ્ય દોરવણી આપવા માટે કૉલેજના વડા તરીકે થોડાં જ વર્ષોમાં તેઓ જરૂર પાછા આવશે. મેં એમને આ કાર્ય માટે ઘણીવાર વિનતિ કરેલી,



બેંગાલ એન્જિ૦ કૉલેજના વાર્ષિકમાં છપાએલું, કૉલેજના પ્રાધ્યાપકોનું કાર્ટૂન : જેમાં મોખરે પ્રિન્સિપલ ડૉ. અનંત છે.

પરંતુ દામોદર વૅલી કૉર્પોરેશનનું જંગી કામ એમણે હાથ ધર્યું હતું અને એવી અગત્યની યોજનાઓ માટે આવી શક્તિવાળો માણસ હિંદમાં મળવો મુશ્કેલ છે એ બાબતનું પણ મને પૂરું ભાન હતું.


તેઓ જોકે આ કૉલેજના સ્નાતક નહોતા કે આ રાજ્યમાં એમનો જન્મ પણ થયો નહોતો, પરંતુ દરેક રીતે એ આ પ્રાન્તના પોતાના બનીને રહ્યા હતા અને પોતાની સર્વોત્તમ શક્તિઓ કામે લગાડીને પ્રશસ્ય સફળતાપૂર્વક આ પ્રાન્તની સેવા એમણે બજાવી હતી. તેઓ મને કહેતા કે જ્યારે તે નાના હતા ત્યારે તેમના કાકા પાસેથી (જેઓ આ કૉલેજમાં માઇનિંગ એન્જિનીઅરિંગ માટે અભ્યાસ કરતા હતા) તેમણે આ કૉલેજ માટે ઘણું સાંભળ્યું હતું અને ત્યાંથી જ ભવિષ્યમાં આ કૉલેજ સાથે પોતે કોઈ ને કોઈ રીતે સંબંધમાં આવશે એવી આશા પોતે સેવી હતી. એમની એ આશાઓ સફળ થઇ, અને હું મારા અંગત અનુભવથી કહી શકું છું કે એમના કોઈ પણ પુરોગામી કે અનુગામી કરતાં પણ એમણે આ કૉલેજની સેવા વધારે સારી રીતે કરી છે, ને વિદ્યાર્થીઓ તથા સ્ટાફના સભ્યો કે જેમનાં હૃદયમાં તેમને માટે માન ને પ્રેમની લાગણી અખંડ રહી છે તેમણે એકીઅવાજે તેમણે કરેલી સેવાનાં ગુણગાન ગાયાં છે. આ કૉલેજ સાથે સંબંધ ધરાવતા દરેકે તેમના કરુણ મૃત્યુથી પોતાનું અંગત માણસ ગુમાવ્યું હોય તેવી લાગણી અનુભવી છે.

એક માનવી તરીકે, પ્રિન્સિપલ તરીકે અને કેળવણીકાર તરીકે ડૉ. પંડ્યાનું માત્ર શબ્દોમાં મૂલ્યાંકન કરવાનું મારા માટે ખૂબ જ અઘરું છે; કારણ કે જ્યારથી તેમણે આ કૉલેજની સેવા સ્વીકારી ત્યારથી તે તેમના મૃત્યુ સુધી અમારા બન્ને વચ્ચેનો સંબંધ મિત્રો અને સહકાર્યકર્તાઓ કરતાં પણ ભાઈઓ જેવો વધુ રહ્યો છે.

'ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસ' અને 'નૅશનલ ઇન્સ્ટીટ્યૂટ ઑવ સાયન્સ' એ બન્નેએ એમની એન્જિનીઅર તરીકેની શક્તિઓને બિરદાવી છે. વડોદરામાં ભરાએલી 'ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસ'ના એન્જિનીઅરિંગ વિભાગના એ પ્રમુખ હતા. 'નૅશનલ ઇન્સ્ટીટ્યૂટ ઑવ સાયન્સ'ના એ ફેલો તરીકે ચૂંટાયા હતા. સ્ટ્રક્ચરલ એન્જિનીઅર તરીકે તો જગત-હરીફાઈમાં 'લિંકન આર્કવેલ્ડિંગ ફાઉન્ડેશન'નું ઇનામ જીતીને એ દુનિયાભરમાં પ્રખ્યાત થયા.

એન્જિનીઅરિંગને લગતા સંશોધનમાં એમને ખૂબ રસ હતો અને એ કાર્યને આગળ વધારવા માટે ઉત્તેજન આપવા આ કૉલેજમાં અને જાદવપુરની 'કૉલેજ ઑવ એન્જિનીઅરિંગ ઍન્ડ ટેકનૉલૉજી'માં એમનાથી શક્ય હતું તે બધું જ તેઓ કરી ચૂક્યા હતા. આ કૉલેજમાં પ્રિન્સિપલ તરીકે એમના આવ્યા પછી થોડા જ વખતમાં એન્જિનીઅરિંગનો સંશોધન વિભાગ સ્થપાયો તે એમની જ પ્રેરણા અને દોરવણીને આભારી છે, અને સ્નાતક થયા પછીના વધુ શિક્ષણ માટે તથા એન્જિનીઅરિંગના સંશોધન માટે સગવડ તથા દોરવણી આપવા માટે આ કૉલેજ સંપૂર્ણ શક્તિમાન બની છે એ પણ એમના પ્રયત્નોને આભારી છે.

આ કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓને કૉલેજની હોસ્ટેલમાં રહેવાની સગવડ છે. પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ બધા જ તેમાં સાથે રહે છે. યુદ્ધના સમય દરમ્યાન લશ્કરી સ્ટાફના ને તેના રસાલાના માણસોને બહુ મોટી સંખ્યામાં અહીં રહેવાની સગવડ કરી (અનુસંધાન પૃ. ૨૮૬)








વિવિધ પ્રવૃત્તિઓ

મથાળે : ઈ. ૧૯૪૨માં વડોદરામાં ભરાએલી ૨૯મી 'ઇંડિયન સાયન્સ કૉંગ્રેસ'ના એન્જિનીઅરિંગ વિભાગના પ્રમુખપદે; નીચે : ૧૯૫૧માં ન્યૂ દિલ્હીમાં ભરાએલી 'વર્લ્ડ પાવર અને એન્જિનીઅરિંગ કૉન્ફરન્સ' સમયે જગતના નિષ્ણાતો સાથે—જમણેથી બીજા સ્વ. અનંત પંડ્યા; ડાબી બાજુએ પહેલાં શ્રી લીલાબહેન પંડ્યા; જમણી બાજુનું ચિત્ર : બૅંગલોરમાં હિંદુસ્તાન ઍરક્રાફ્ટ લિ.ના મૅનેજર હતા ત્યારે તેના કારખાનામાં હિંદના પીઢ અને પ્રતિભાશાળી ઇજનેર તથા નિયોજક સર એમ. વિશ્વેશ્વરૈયા સાથે.







કુટુંબજીવન

ઉપર ડાબી બાજુ : અમેરિકાથી આવ્યા બાદ નોકરીની શોધમાં હતા ત્યારે તથા પછી મુંબઇમાં કામ કર્યું ત્યારે સ્વ.અનંત શ્રીલીલીબહેન શાહસાથે પરિચયમાં આવ્યા તે સમયે લગ્ન પહેલાંનો ફોટોગ્રાફ(ફોટો·બલવન્ત ભટ્ટ) ઉપર જમણી બાજુ: પતિપત્ની લંડનમાં; નીચે ડાબી બાજુ: ત્રણ બાળકો(ડાબેથી)કલ્યાણી, આનંદ,માધવી.

ડૉ. અનંત પંડ્યા

ડૉ. દારા આંટિયા ડી.એસસી., (એમ.આઈ.ટી)
હિંદ સરકારના ભૂતપૂર્વ ડાયરેક્ટર ઑવ મેટલ્સ
—ઍલ્યુમીનિયમ હિંદુસ્તાન લિ.ના મેટલર્જિસ્ટ—

૧૯૪૦માં જ્યારે હું 'એમ.આઇ.ટી.'માં જોડાવા માટે હિંદથી અમેરિકા જતો હતો ત્યારે રસ્તામાં જ મેં પહેલી વાર ડૉ. પંડ્યા વિષે સાંભળ્યું. બંગાળ એન્જિનીઅરિંગ કૉલેજનો એક મુસલમાન વિદ્યાર્થી મારી કૅબિનમાં મારો સાથી હતો. તેણે મને કહ્યું કે અનુસ્નાતક વર્ગના અભ્યાસ માટે એમ. આઈ. ટી.માં જોડાવા માટે ડૉ. પંડ્યાએ પોતાને શિષ્યવૃત્તિ મેળવી આપી છે. જ્યારે મેં ડૉ. પંડ્યા કોણ છે એમ એને પૂછ્યું, ત્યારે ડૉ. પંડ્યા વિષેનું મારું અજ્ઞાન જાણીને એને ખૂબ જ દુઃખ થયું. વધુ અભ્યાસ માટે એમ. આઇ. ટી.માં જોડાવા સારુ શિષ્યવૃત્તિ મેળવી આપવી એ ડૉ. પંડ્યાને માટે કૉલેજના પ્રિન્સિપલ તરીકેના કાર્યપ્રદેશની બહારની બાબત હતી, છતાં તેમણે તે મેળવી આપવા બનતા પ્રયત્નો કરેલા ને એ સિવાય પણ બીજી બાબતોમાં મદદ કરેલી, એમ તેણે મને જણાવ્યું; અને પોતાની વાત પૂરી કરતાં એણે મને કહ્યું કે 'ડૉ.પંડ્યા ભારે સરસ માણસ છે અને તમારે એમને મળવું જ જોઇએ.' પછીથી જ્યારે અનંતના ગાઢ સંપર્કમાં હું આવ્યો ત્યારે 'ભારે સરસ' માણસ કેવો હોવો જોઇએ તેનો મને ખરો ખ્યાલ આવ્યો. અનંતનો આ વિદ્યાર્થી અત્યારે પશ્ચિમબંગાળ સરકારમાં એક શિલ્પશાસ્ત્રી તરીકે કામ કરે છે અને તેણે ખૂબ જ નામના મેળવી છે.

એમ.આઈ.ટી. એ અમેરિકાની એક મહાન સંસ્થા છે. સર્વશ્રેષ્ઠ શિક્ષકોને પોતાના છત્ર તળે ભેગા કરવાના એ હમેશાં પ્રયત્નો કરે છે. એ મહાન સંસ્થા છે એનું બીજું કારણ એ પણ છે કે દુનિયાના બધા દેશોના વિદ્યાર્થીઓ ટેકનૉલાૅજીની લગભગ દરેક શાખાના વિશિષ્ટ અભ્યાસ માટે ત્યાં પ્રવેશ મેળવવા પ્રયત્ન કરે છે. કેટલાક વિદ્યાર્થીઓ તેમના સહાધ્યાયીઓ તેમજ શિક્ષકો ઉપર ઊંડી છાપ મૂકી જાય છે, તો કેટલાક સામાન્ય કક્ષાના હોય છે. આ સંસ્થામાં રહીને અનંતે માત્ર એક તેજસ્વી વિદ્યાર્થી અને સંશોધનકાર તરીકે જ નહિ પરંતુ મિત્ર અને સાથી તરીકે પણ એક ચિરંજીવ છાપ પાડી હતી. જેના સંપર્કમાં હું આવ્યો છું તેમાંના એવા કેટલાક શિક્ષકોએ એમને દરેક રીતે એક સર્વશ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે વર્ણવ્યા છે.

૧૯૪૪માં હું અમેરિકાથી પાછો ફર્યો એ પછી થોડા જ વખતમાં કલકત્તામાં એમ.આઈ.ટી.ના વિદ્યાર્થીઓ માટે ખાણું યોજાયું હતું. એ વખતે ડૉ. પંડ્યાની ઓળખાણ મને કરાવવામાં આવી. એમણે મને હૃદયપૂર્વક આવકાર્યો. મેં તો એમને આધેડ વયના, ચશ્માં પહેરેલા પ્રાધ્યાપક તરીકે જોવાની આશા રાખી હતી, પરંતુ એને બદલે તો મારા કરતાં થોડાં જ વર્ષે મોટા એવા માણસ મને જોવા મળ્યા. હું તો દ્વિધામાં પડ્યો કે જે ડૉ. અનંત પંડ્યા માટે ઘણુંઘણું સાંભળ્યું છે તે આ જ હશે કે કોઇ બીજા? પરંતુ જ્યારે અમે ખૂબ વાતો કરી ત્યારે આ બધી શંકાઓ દૂર થઈ ગઈ. હિંદીઓ માટે એક કરુણ ઘટના એ છે કે પરદેશમાં તેઓ વિશિષ્ટ વિષયમાં જ નિષ્ણાત થાય છે, પણ જ્યારે સ્વદેશ પાછા ફરે છે ત્યારે તેમને ભારે નિરાશા પ્રાપ્ત થાય છે; કારણકે તેમણે જે કામનો અભ્યાસ કર્યો હોય છે તેના કરતાં જુદી જ જાતનું કામ તેમને મળતી નોકરીમાં કરવાનું હોય છે. આ વસ્તુસ્થિતિએ તે વેળા મારું ધ્યાન સારીરીતે રોકેલું હોવાથી મેં એ બાબત અનંતને પણ વાત કરી. એમને પણ એવો જ અનુભવ થયો છે એ એમણે ખુલ્લા દિલથી પરંતુ પોતાની લાક્ષણિક ઢબે કહ્યું! એમણે મને મારા અનુકૂળ સમયે તેમની ઑફિસ પાસેથી હું નીકળું ત્યારે મળવાનું મને આમંત્રણ આપ્યું. એ વખતે તેઓ યુદ્ધસામગ્રી ઉત્પાદન માટેના ડેપ્યુટી ડિરેક્ટર જનરલ હતા.

આ રીતે અમારી મિત્રતા બંધાઇ અને એ દ્વારા જ હું એમના ખરા વ્યક્તિત્વને પારખી શક્યો. હું અત્યારે જે કક્ષાએ પહોંચ્યો છું એનો યશ હું અમારી એ મિત્રતાને જ આપું છું. એમની દોરવણી અને મદદને મેં હમેશાં આનંદપૂર્વક સ્વીકાર્યાં છે અને તેમનામાં રહેલો આત્મશ્રદ્ધા અને સેવાના આદર્શો અપનાવવા મેં પ્રયત્નો કર્યા છે. જ્યારેજ્યારે તેમના ઘેર હું ગયો હોઇશ ત્યારે મને આદર મળ્યો છે અને તેમનાં પત્ની, કુટુંબીજનો તથા મિત્રોએ તેમનામાંનો એક મને ગણ્યો છે.

અનત જેવા શક્તિશાળી માણસના વિવિધ ગુણોને શબ્દોથી વર્ણવવા એ ઘણું અઘરું છે. એમના વ્યક્તિત્વને અનેક પાસાં હતાં અને અનેક રીતે એમણે પોતાના દેશની સેવા કરી છે. તેમણે પોતાના કાર્યથી સ્પષ્ટ બતાવ્યું છે કે કોઈ પણ કામ સારીરીતે કરવા માટે આટલી યોગ્યતા તો હોવી જ જોઈએ: સામાન્ય જ્ઞાનની વિશાળતા, સ્પષ્ટ અને તાર્કિકરીતે વિચારવાની શક્તિ, પ્રશ્નોની મૂળમાંથી તપાસ તથા તેની સમજ, અને કાર્યને ઝીણ-

અનુભવી એન્જિનીઅરોની' એમ તેઓ હમેશાં કહેતા. એટલે જ તેમણે વિશાળ ને રાષ્ટ્રીય પાયા પર બાંધકામો-ની યોજનાઓ માટે અનુભવી એન્જિનીઅરોના જૂથને તૈયાર કરવા માટે સરકારી નોકરી છોડી અને તેમાંની કેટલીક યોજનાઓનું કામ શરુ કર્યું. ટેકનિકલ અને વહીવટી શક્તિની જ્યારેજ્યારે સરકારને જરૂર પડતી ત્યારે-ત્યારે, તેમણે એ જગ્યા છોડી હોવા છતાં પણ, સરકાર તરફથી તેમને વારંવાર બોલાવવામાં આવતા, અને સરકારનું કામ તેઓ કરી આવતા. વળી સરકાર તરફથી કે વિદ્વાનોની સંસ્થાઓ તરફથી ટેકનિકલ કમિટીઓ નિમાતી ત્યારેત્યારે પણ એમની અચૂક જરૂર પડતી. આ હકીકત તેમની મહત્તામાં ખૂબ વધારો કરે છે.

મેટલ્સ પૅનલના અમારા કામ દરમ્યાન મેં એમને સૂચન કર્યું હતું કે હિંદમાં આપણે ધાતુઓ માટે એક સંસ્થા શરૂ કરીએ.પરંતુ આ યોજના શરૂ કરવામાં નડતી જુદીજુદી જે મુશ્કેલીઓ એમણે મને ગણાવી તેથી મને થયું કે એમને મારો વિચાર ગમ્યો નથી. પરંતુ આ બધી મુશ્કેલીઓનો નિર્દેશ કર્યા પછી પણ ભારતમાં આવી સંસ્થાની અનિવાર્ય જરૂર છે એમ જ તેમણે કહ્યું, ને એ દરેક મુશ્કેલીને દૂર કરવામાંતથાતેનાં બીજાં કામોમાં બધી મદદ કરવાનું તેમજ એ યોજનાને સંપૂર્ણ ટેકો આપવાનું તેમણે મને વચન આપ્યું. એ સંસ્થાનો એમણે પાયો નાખ્યો તથા તેના આજીવન સભ્ય બન્યા. અને અત્યારે પણ એ સંસ્થા જે કામ કરી રહીછે એનો યશ ડૉ. અનંતની દીર્ઘદૃષ્ટિ અને યોગ્ય દોરવણીને ફાળે જાય છે.

એક વિજ્ઞાની તરીકેની તેમજ તેમની બીજી શક્તિ-ઓની નોંધ ન લઈએ તો પણ તેમનામાં રહેલી ઉદાત્ત માનવતાએ તથા તેમના મોહક વ્યક્તિત્વે તો જે જે તેમના સંપર્કમાં આવ્યા છે તે સૌને મુગ્ધ કર્યાં જ છે. યોગ્ય નોકરી શોધી આપી તેમણે કેટલા યે યુવાનોને તેમની કારકિર્દીની શરૂઆત કરવામાં મદદ કરી છે. ટેકનૉલૉજી-ની ઉચ્ચ સંસ્થાઓ શરૂ કરવા માટેની સમિતિના સભ્ય તરીકે તેમણે ઘણી જ કીમતી સલાહ આપી છે. તેમણે વિદ્યાર્થીઓને પરદેશ ભણવા જવા માટે ઉત્તેજન આપી કેટલાયે પ્રકારે મદદ કરી છે. યુવાન માણસો પર સારી અસર કરી શકાય એવી એક પણ તક એમણે જતી કરી નથી, કેમકે એમને સદા થયા જ કરતું કે રાષ્ટ્રના ઘડતરનું કામ ઘણું મોટું છે ને એ માટે સમય ઘણો ઓછો છે. જેટલું જલદી એ કામ કરી શકાય તેટલું વધુ સારું.

તેમના જીવનના એક નાનકડા ભાગનું જ ચિત્ર મેં તો દોર્યું છે. હિંદનો ધાતુઉદ્યોગ આજે સ્થિર પાયા પર મુકાવા માટે હિંદવાસીઓ તેમનો જેટલો આભાર માને તેટલો ઓછો છે. એમની સાથેના સંબંધથી મેં મૂલ્યવાન અનુભવો અને મારી મનપસંદગીનું કામ મેળવ્યું છે, અને એમની મદદ વડે જ મને આ નોકરી મળી છે, જ્યાં રહીને હું માનવતાની કંઈક સેવા બજાવી શકું છું.

અનંત પંડ્યા: એક સ્મરણાંજલિ

આના કિરણ રૉય

(સ્વ. કિરણ રૉયનાં પત્ની)—

મારાં વહાલાં બાળકો,

અત્યારે તો તમારી માતા આ શબ્દો તમને વાંચી સંભળાવશે; અને હું આશા રાખું છું કે જ્યારે તમે મોટાં થશો ત્યારે તમારી જાતે જ આ વાંચી લેશો.

તમારા પિતા અને હું ૨૦ કરતાં પણ વધારે વર્ષોથી —એટલે કે એમની અર્ધી જિંદગીનાં મિત્રો હતાં. અમારી મિત્રતા અદ્‌ભુત હતી. કલ્પના કરો! અમારી મિત્રતા-રૂપી માળા સહનશીલતા અને પરસ્પર સમજણના તાણા-વાણાથી ગૂંથાઈ હતી અને લાગણી તથા લેણદેણના મીઠા સંબંધોએ એને શણગારી હતી. એ માટે જ એ કદિ તૂટી શકે નહિ, કદિ તૂટશે પણ નહિ.

અમે ત્યારે નસીબદારહતાં.લાખોમાંથી ભાગ્યે જ કોઈને આવી અતૂટ મિત્રતા હોઈ શકે. હિમાલયનાં ઊંચાં શિખરો-જ્યાંથી અમે તિબેટ નિહાળ્યું હતું ત્યાંથી શરૂ કરી, સમુદ્રોની પેલે પાર બૉસ્ટનની ચાર્લ્સ નદી-જ્યાં અમે પહેલી વાર મળેલાં ત્યાં સુધી અમે સાથે ફર્યાં હતાં. તમારા પિતાએ વિદ્યાર્થી તરીકે એમ.આઈ.ટી.માં કરેલાં કેટલાંક સુંદર કામ માટે ઇનામો મેળવ્યાં હતાં. હું હજુ યે તેમને જવાબ દેતા સાંભળી રહી છું: 'હા, હા, એમ જ.'

એમ લાગે છે કે હજુ કાલે જ એમનું હસતું મુખ જોવાને મેં બારણું ખોલ્યું હતું;...ને મને એટલું આશ્ચર્ય થયું કે હું ન કંઈ બોલી શકી, ન હલનચલન કરી શકી: પથ્થર જેવી તદ્દન જડ થઈ ગઈ! તમારા પિતાને જોતાં જ મારો આત્મા હિમાલયના શિખરે જઈ પહોંચ્યો, જ્યાં તમારા પિતા અને કિરણ છેલ્લી વખત સફરે ગયા હતા. ત્યાં હિમાચ્છાદિત શિખર પર અને સુસવાટા મારતા પવનમાં કિરણના જીવનનો અંત આવ્યો.તમારા પિતાને એથી ખૂબ જ આઘાત લાગ્યો અને એમણે પોતાના

મિત્રના છેલ્લા સંસ્કાર પોતાના હાથે પતાવ્યા.

કાળની આ ઘટનામાં હવે કશો ફેરફાર થઈ શકે એમ નથી એ વસ્તુસ્થિતિના ભાને મને ગાઢ તિમિરમાં ડુબાવી દીધી. પણ તમારા પિતાને આવકારવા મેં એ મૂર્છિત દશામાંથી મારી જાતને મુક્ત કરી અને હું સચેત બની.

'હવે તમારે ભૂલી જવું જોઇએ' એવી સાધારણ વ્યવહારુ શિખામણ તમારા પિતાએ મને કદી ન આપી. આવી માગણી તેઓ ન જ કરે એટલા બધા ઉમદા સ્વભાવના એ હતા; પરંતુ એમની આંખો જાણે નમ્રરીતે મને વીનવ્યા કરતી હતી કે 'હવે શોક ન કરો'.

દુનિયાના ઘણા માણસો કરતાં એમના વિચારો વધારે વિશાળ અને સમતોલ હતા. ગમે તે રીતે પણ અશક્યને તે શક્ય બનાવતા. સંગીત, પુસ્તકો અને હિમાલય કે પરદેશના પ્રવાસ માટે તેઓ પોતાના કામમાંથી વખત કાઢતા, અને એ કારણે જ એમનો સહવાસ હમેશાં પ્રેરણાદાયી બનતો. તમે ખચિત માનજો કે ગમે તેવી અર્થહીન અને અસ્પષ્ટ વાતો કરવામાં તેઓ કદી વખત ગાળતા નહિ. એમનો શબ્દેશબ્દ ડહાપણથી ભરેલો હતો. ઘણી વખત અમુકરીતે માથું હલાવીને, અથવા સ્મિત કરીને અને દૂર નજર નાખીને પોતાનો ખ્યાલ કે અભિપ્રાય તેઓ વ્યક્ત કરતા. બીજા કોઈ યોગ્ય શબ્દના અભાવે તેમની વિચાર વ્યક્ત કરવાની આ પદ્ધતિને હું 'બુદ્ધના મૌન સંદેશ' તરીકે વર્ણવતી.

જ્યારેજ્યારે તેઓ વાતો કરતા ત્યારેત્યારે તેમાં આનંદનાં મૃદુ આંદોલનો ઊઠતાં, અને સાથોસાથ એમનાં મોહક નયનોમાંથી મીઠું હાસ્ય ઝરતું. જ્યારે એ તમારી અને તમારી માતા વિષે વાતો કરતા ત્યારે તો કદી યે ન હોય તેવો આનંદ એમના મુખ પર વિલસી રહેતો. તમારાં તોફાનો, પુસ્તકો, સંગીત અને રમતગમત માટેનો તમારો પ્રેમ એ બધાંની વાતો કહી મારી પાસે સુખદ ભૂતકાળ તેઓ ફરીથી ખડો કરતા. તમારાં ચિત્રો તો ખરેખર અદ્‌ભુત છે! અરે, હું કબૂલ કરું છું કે તમે મારે મન તમારા પિતાનું સંગીત (symphony) છો: તમારા પિતાને જે બહુ ગમતું એ બાખ, બીથોવન અને બ્રાંસના જેટલું જ સુંદર અને અર્થપૂર્ણ સંગીત.

હું જ્યારે એમને કહેતી કે તમારાં (બાળકોનાં) મુખ પર માતાની માયાળુ દૃષ્ટિ ને પિતાનું સમુલ્લાસભર્યું હાસ્ય પ્રતિબિંબિત થાય છે ત્યારે એ કેવા ખડખડાટ હસતા?

તમે જાણો છો કે હું તો જુનવાણી વિચારની છું અને વારસાદ્વારા ઊતરતા ગુણોમાં માનું છું; તેથી મને તો શ્રદ્ધા છે કે તમારા ત્રણેમાં તેમની શક્તિ આવી છે. અનેક મહત્ત્વની શક્યતાઓથી ભરેલી એવી તમારી ત્રિપુટી છે. કુલક્રમાગત પુરાણા તેમજ વર્તમાન વારસાને ઉજ્જ્વલ કરવાની તમે આશા આપો છો. તમારે તો તમારાં માતાપિતાના ઉદાહરણને જ અનુસરવાનું છે.

ભારતના ભવ્ય ભૂતકાળનાં આકસ્મિતરીતે એ બન્ને વારસદારો અને રક્ષકો બન્યાં હતાં. તમારા પિતાનું હૃદય કોઇ મહાન હેતુની સાધના માટે ઝંખતું હતું. એ હેતુ શું છે એ જાણવું મારા માટે કે મારા જેવાં બીજાંઓ માટે ખૂબ જ અઘરું હતું. હૃદયપૂર્વક કહું તો પીડાતી માનવજાત માટે એમણે જે લાગણી બતાવી છે એમાં મને એમની અજોડ પ્રમાણિકતા ભાસી છે.

આજે મારા મનમાં કેટલાંયે સંસ્મરણો ઊભરાય છે જેણે મારી એકતાને સહ્ય બનાવી છે. એવો એક કદી યે ન ભુલાતો પ્રસંગ મારી સમક્ષ આજે ખડો થાય છે, અને તે એ કે તમારા પિતાએ એક બાળકની માફક રડતા અને ધ્રૂજતા અવાજે મને કહ્યું હતું કે 'કિરણે જીવનના અંત સુધી તમારું નામ ઝંખ્યું હતું.'

મોટી વયનાં માણસો ઘણી વાર વિચિત્ર હોય છે. અજ્ઞાતરીતે પણ તમારા પિતાના આ શબ્દોએ મને આશ્વાસન આપ્યું અને તેમના ગાઢ સ્નેહબંધને બંધાએલી હું એ વખતની જેમ આજે પણ દુઃખદ શબ્દો યાદ કરું છું:

'મૃત્યુએ પોતાનું છેલ્લું સીલ મારી દીધું.

"એમ કેમ" એ પૂછનાર હું કોણ?

જગન્નિયંતાની યોજનાને પરીપૂર્ણ કરવા માટે માણસે જન્મવું અને મરવું રહ્યું જ.'

આ સમજવાને માટે તમે હજુ ઘણાં નાનાં છો, પણ જ્યારે તમે એ સમજશો ત્યારે તમારા પિતાને તમે પ્રેમના સંદેશવાહક તરીકે ઓળખશો. તેમને આ પદવી ગમી હોય એમ હું કહી શકું તેમ છું. હા; અને એ જ હકીકત વડે દૈવી પ્રેમના કેટલા યે વાહકો—શિક્ષાગુરુઓનાં સ્મરણને તાજું કરો! તમારા પિતાની કક્ષાના માણસો તો વિરલ જ હોય છે. અને એ માટે જ, ખરેખર, આ જગત ગાંધીજી, મારા શ્વસુર, તમારા પિતા અને કિરણ જેવાં માણસો વિના નિર્ધન બની ગયું છે.

બીજાઓએ કહેલું છે એની હું પુનરુક્તિ કરું તો એ માટે મને માફ કરજો; પણ તમને એ જાણીને આનંદ થશે કે અમારું મંડળ ઉત્તમ મિત્રતાના જીવંત નમૂનારૂપ હતું, ને અમે જાતજાતનાં બંધનો સંપૂર્ણરીતે વટાવી શક્યાં હતાં. તમારાં માતાપિતા, કિરણ અને હું—અમે સર્વે આ વિષયમાં એકસરખું સંવેદન અનુભવતાં હતાં એની વાસ્તવિકતામાં અમે કદી શંકા કરી નડોતી. કાંચનજંઘાના શિખર પરના સૂર્યપ્રકાશની સાક્ષીએ ને એની લાગણીભરી હૂંફ અનુભવતાં એ મિત્રતાનો અમે સ્વીકાર કર્યો હતો.

જ્યારેજ્યારે ભારતમાંના મારા દિવસો હું યાદ કરું છું ત્યારેત્યારે મારી આંખો આંસુથી ઊભરાય છે. એ પ્રાચીન ભૂમિમાંના મારા વસવાટ દરમ્યાન મારાં સુખ-સગવડ માટે તમારાં માતપિતાએ ખૂબ જ ચિંતા સેવી હતી. જ્યારેજ્યારે મારા માટે અસહ્ય યાતનાઓ ઊભી થઈ હતી ત્યારેત્યારે એમણે સહૃદયતાથી મદદ કરી મને તેમાંથી બચાવી હતી. એ વખતે તમારાં માતાપિતાએ અત્યન્ત લાગણીપરાયણતા દાખવીને અમારા સંબંધમાં ઊંડી નિષ્ઠા પેદા કરી હતી. એમાંથી જ મેં જીવવા માટેનું બળ મેળવ્યું હતું. અને, તમે જાણો છો? જે મધુરતા-ભર્યા સ્મિત વડે તેઓ બન્ને મને વારંવાર નિહાળ્યા કરતાં તેની પાછળ કેટકેટલી લાગણીઓ હતી?

'પંડ્યા ન હોત તો અમે શું કરી શક્યા હોત?' એવાં વચનો અનેકે ઉચ્ચાર્યાં હશે. અને તેમાંની હું પણ એક છું.

જૂની-નવી અનેક સ્મૃતિઓથી મારું મન ઊભરાય છે અને ચૂમ, કલકત્તા, લંડન, શિકાગો, મુંબઈ ને બૉસ્ટન-ના પ્રસંગો એક પછી એક યાદ આવે છે. ત્યારે તમારા પિતા, હું ને કિરણ બધાં નાનાં હતાં, અને હાસ્ય, સંગીત તથા અનેક આનંદદાયક નાની-મોટી વાતોથી અમારાં જીવનને સુખદ બનાવતાં. અમારા તેમજ જગતના પ્રશ્નો-ને સમજવાની મહેનત કરતાં અમે કદી થાકતાં નહિ તેમજ હિંમત હારતાં નહિ. અમે અનેક આશાઓ સેવી રહ્યાં હતાં અને એ આશાઓએ જ અમને અદ્ભુત બળ આપ્યું હતું. અમે સાથે મળીને માત્ર ભારતના જ નહિ પણ જગતના સ્વાતંત્ર્યનાં સ્વપ્નાંઓ સેવ્યાં હતાં.

અમે યોજેલા ઉત્સવોની સ્મૃતિઓ પણ સુખદ છે તમારા પિતા સંગીતપ્રેમી હતા અને પોતાના આત્મા-ની સુંદરતા સંગીતમાં જ નિહાળતા. જ્યારેજ્યારે સંગીત સાંભળવામાં તેઓ એકતાન બનતા ત્યારે તેમની આંખો આનંદથી પ્રકાશિત અને વિસ્ફારિત બનતી અને ચાર્લ્સ નદીનાં કાળાં પાણી જેમ અનેક દીવાથી ચમકે છે તેમ ચમકી ઊઠતી. અને એવો જ ભવ્ય આનંદ જ્યારે હિમા-લયનું ગહન સૌંદર્ય તેઓ જોતા ત્યારે તેમને થતો.

હું તમને આ એ માટે કહું છું કે બીજા અનેકો કરતાં ઘણા વધારે કીમતી વારસાનાં તમે વારસદાર છો. મારા આ વિધાનને તમારાં માતપિતા કદાચ એક નમ્ર હકાર વડે સ્વીકારે અને આજે જ્યારે અમારું દિલ પો-કારી ઊઠે છે કે આ દુનિયા તમારા વિના અને કિરણ વિના સૂની છે, ગમગીન છે, ત્યારે તમારા પિતા જાણે કે ઉત્તર આપતા સંભળાય છે કે 'હા, હા, એ બરોબર છે. છતાં આ દુનિયા આશાવિહીન છે જ નહિ.'

આ રીતે તમારે ત્રણેએ આગળ વધવાનું છે. આ પ્રમાણે આગળ વધવાની જવાબદારી તમારા ત્રણ પર છે એ જોઈને હું આનંદ પામું છું, કારણ એકને માટે આ કાર્ય વિકટ થઈ પડત. તમારી માતાને આશ્વાસન આપવું, ધીરજ આપવી એ તમારાં ત્રણેનો ધર્મ છે. તમારા પ્રયત્નોને ઈશ્વર મદદ કરો!

અનેક શુભાશિષ અને પ્રેમપૂર્વક **આન્ટી આનાં**

સ્મરણાંજલિ

સી. વી. એસ. રાવ

હૈદરાબાદ (દક્ષિણ) રાજ્યના નાણાં, વ્યાપાર અને ઉદ્યોગના ભૂતપૂર્વ પ્રધાન—

એવી કહેવત છે કે 'જેને દેવો ચાહે છે એ નાની વયમાં જ સ્વર્ગવાસી થાય છે.' સ્વ. ડૉ. પંડ્યા અંગે આ ઉક્તિ યથાર્થ જણાય છે, કેમકે તે ભરયુવામાં સ્વર્ગવાસી થયા, ને જેમના સંપર્કમાં તે આવેલા તે સર્વનાં એમણે અતિશય પ્રેમ ને આદર મેળવેલાં.

ડૉ. પંડ્યા સાથેનો મારો પરિચય માત્ર ચાર વર્ષ પર્યંતનો હતો. ૧૯૪૮ની શરૂઆતમાં 'હિંદુસ્તાન ઍર-ક્રાફ્ટ લિ.'માં અમે સાથે હતા ત્યારથી જ અમારો સંબંધ શરૂ થએલો. એ વખતે એ સંસ્થામાં એક જનરલ મૅનૅ-જરની જરૂર હતી. ૧૯૪૮ના ફેબ્રુઆરી માસમાં જ્યારે ગવર્ન્મેંટ ઑવ ઇન્ડિયા તરફથી મને તાર દ્વારા સમાચાર મળ્યા કે જનરલ મૅનૅજરની જગ્યાએ ડૉ. પંડ્યાની નિમ-ણૂક થઈ છે ત્યારે મને ઘણો આનંદ થએલો એ મને બરાબર યાદ છે. જનરલ મૅનૅજરની જગ્યા પર નિમાનાર તેઓ પ્રથમ હિંદી હતા, અને જોકે હું એમને પહેલાં કદી મળ્યો નહોતો છતાં એમની વરણી પરત્વે મને સ્વયંભૂ હર્ષ થએલો. બીજે દિવસે સાંજે હું એમને ઍરપોર્ટ પર મળ્યો. એક ઊંચી કાઠીના, સપ્રમાણ, સુસજ્જ અને હસતા મુખવાળા સજ્જન ઍરોપ્લેનમાંથી ઊતરી મારી તરફ આવ્યા અને અમે થોડી વાતચીત કરી છૂટા પડચા. ઘેર ગયા પછી મારા મન પર પડેલી છાપનું હું શાંત ચિત્તે પૃથક્કરણ કરી રહ્યો હતો ત્યાં મને આશ્ચર્યપૂર્વક જણાયું કે હું પ્રથમ દર્શને જ એમની સાથે લગભગ પ્રેમમાં પડ્યો હતો! મારા મનમાં આવી વિચારસરણી ઊભી થઈ: આ એક સર્વોચ્ચ વિદ્યાવિષયક પ્રતિષ્ઠાવાળા ઇજનેર છે, લડાઈ દરમ્યાન એમણે જવાબદારીવાળું વહીવટી સ્થાન

સંભાળ્યું છે અને અણુએ અણુમાં તેઓ સજ્જન છે. મને લાગ્યું કે ડૉ. પંડ્યાને જનરલ મૅનેજર તરીકે મેળવવામાં 'હિંદુસ્તાન ઍરક્રાફ્ટ લિ.' અત્યંત ભાગ્યશાળી હતું. વિશેષમાં, આ મહત્ત્વના ઉદ્યોગનું સુકાન એક હિંદીના હાથમાં સુપ્રત થએલું હોઈ હવે મને લાગ્યું કે મારે તબિયતના કારણે નિવૃત્ત થવાની જરૂર હતી એટલે મને છૂટો કરવા માટે હું ગવર્નમેન્ટ ઑવ ઇન્ડિયાને વિનતિ કરી શકીશ. ડૉ. પંડ્યાને આ વાતની ખબર પડતાં જ મને મળવા આવ્યા અને મને ચાલુ રહેવા માટે ખૂબ આગ્રહભરી વિનતિ કરી. મને કહ્યું કે મારે જરૂર પડે ત્યારે એમને હુકમ કરવો અને એમને મારા પુત્ર કે નાના ભાઈ તરીકે રાખવા. કામનો બધો બોજો તે પોતાને શિરે લેવા તૈયાર હતા અને મારા તરફથી તો માત્ર મિત્રાચારી તથા દોરવણીની એમને અપેક્ષા હતી! જે થોડા મહિના અમે સાથે કામ કર્યું એ દરમ્યાન, અને ત્યાર બાદ પણ, અમારો સંબંધ સાદ્યંત કુટુંબના એક સૌથી મોટાભાઈનો સૌથી નાના ભાઈ તરફ હોય એવો રહ્યો હતો.

હિંદુસ્તાન ઍરક્રાફ્ટના મુખ્ય અધિકારી તરીકેના ડૉ. પંડ્યાના કાર્યની લાંબી રૂપરેખા આપવાનો મારો વિચાર નથી; કારણકે અહીં એમના કાર્ય કરતાં એમના વ્યક્તિત્વ સાથે મારે વધારે નિસ્બત છે. એમના કાર્ય વિષે એટલું જ કહેવું પ્રસ્તુત છે કે એ સંસ્થામાં એમણે નવો પ્રાણ પૂર્યો અને નવું જ વાતાવરણ સરજાવ્યું. એમણે ચારુતાથી અને સંસ્થાના કાર્યકરોના અનુભાવી તથા ચતુર નિયોગથી નાનામોટા સૌનાં હૃદય જીતી લીધાં હતાં; અને સામાન્ય ઇજનેરી વિદ્યા પરના પોતાના પ્રભુત્વને લીધે હવાઈ જહાજની યંત્રવિદ્યાના નિષ્ણાતોની પણ તેમના પ્રત્યે માનવૃત્તિ હતી. જોકે તેઓ પોતે તો કહેતા કે એ ક્ષેત્રનું એમનું જ્ઞાન પરિમિત હતું.

એમની ટૂંકી કારકિર્દીનો સૌથી વિશિષ્ટ પ્રસંગ તો સંસ્થાના વિધાન (design) પ્રમાણે 'ટ્રેઇનર ઍરક્રાફ્ટ' બનાવવા માટે ચોક્કસ યોજનાનું નિરૂપણ થએલું તે હતો. આ 'ટ્રેઇનર ઍરક્રાફ્ટ'ના ઉડ્ડયનનો તાજેતરમાં સફળ પ્રયોગ થયો હતો. આ સંસ્થા સાથેનો તેમનો સંબંધ અલ્પજીવી—માત્ર નવ માસ પર્યંતનો—હતો એ દુર્ભાગી ઘટના હતી. ઉચ્ચ પ્રકારનું શિલ્પવિદ્યાનું જ્ઞાન અને શ્રેષ્ઠ પંક્તિની વહીવટી શક્તિનો સમન્વય હિંદમાં ઘણા વિરલ માણસોમાં જોવામાં આવે છે; અને હિંદમાં હવાઈ જહાજ બનાવવાના નવીન ઉદ્યોગના સંચાલન માટે આવા પુરુષોની સેવા આવશ્યક છે.

સ્વભાવે ડૉ. પંડ્યા જંપીને બેસી રહે તેવા નહોતા. એમને સાહસ ગમતું અને જોખમ ખેડવાનો એમને શોખ હતો. એમનું વ્યક્તિત્વ અત્યંત પ્રભાવશાળી હતું—સગભગ અંશુશક્તિપૂર્ણ (એના નવીન અર્થમાં) હતું એમ કહું તો ચાલે. મને ઘણી વાર આશ્ચર્ય થતું કે કેટલાંક વર્ષો સુધી એ કૉલેજના મુખ્ય સંચાલક તરીકે ત્યાંના શાંત વાતાવરણમાં કેમ રહી શક્યા હશે? એનું મૂળ કારણ એ જણાય છે કે ખરી રીતે એમને વિદ્વત્તા પ્રત્યે ખૂબ અનુરાગ હતો, એટલું જ નહિ પરંતુ બધા સાચા શિક્ષકો અને લોકનાયકોની માફક, સમભાવી આત્માઓની સોબતમાં જ એમને ખરો હર્ષ અને ચિત્તશાંતિ પ્રાપ્ત થતાં. એમના મનમાં કોમળતા અને આતુરતાના પ્રબળ અને અવિરત આંતરપ્રવાહો રહેતા એટલે એમના તરફ સૌકોઇને સહજ સ્નેહાકર્ષણ થતું. પણ કેટલીક વાર તેઓ સંગ્રામ ચાલુ હોય ત્યારે પણ, એવી ચિત્તશાંતિ અને સ્વસ્થતા માટે ઝંખતા કે જે સામાન્યરીતે વિદ્યાપીઠ કે ગ્રામજીવનમાં જ ઉપલભ્ય છે. ટૉમસ કાર્લાઇલે એક ઐતિહાસિક વિભૂતિ માટે વાપરેલા શબ્દોમાં કહું તો 'આ માણસ આત્મ-નિર્ભર જીવન ગાળી શકે છે, છતાં અન્ય માણસોનાં જીવનમાં એ ઓતપ્રોત છે; બીજાનો પ્રેમ આકર્ષે છે અને એની સાથે કામ કરવા પ્રેરે છે. સાચે જ એક આજન્મ નરપતિ!'

ડૉ. પંડ્યાની શક્તિઓ માટે હવાઇ જહાજના ઉત્પાદન જેવા હિંદના ઊગતા ઉદ્યોગ કરતાં વધારે વિશાળ ક્ષેત્રની જરૂર હતી. એટલે થોડા સમયમાં જ એ તેમના પ્રથમ પ્રેમાસ્પદ વિષય–સિવિલ એન્જિનીઅરિંગ–તરફ વળ્યા એથી આશ્ચર્ય પામવા જેવું નથી, કારણકે જ્યારે દેશમાં મોટા પ્રમાણની યોજનાઓનું નિરૂપણ થઇ રહ્યું હોય ત્યારે તેના અમલ માટે હિંદના અગ્રગણ્ય ઇજનેરોની સેવાની જરૂર પડે એ દેખીતું છે. એટલે દામોદર વૅલી જેવી મહત્ત્વની યોજનાઓમાં એમણે લાક્ષણિક ઉત્સાહથી ઝંપલાવ્યું અને એને અંગે ઉપસ્થિત થતા મોટા પ્રશ્નોના નિરાકરણમાં એમને ખૂબ આત્મસંતોષ મળતો. આ દરમિયાન મારા નિમંત્રણને માન આપી તેઓ હૈદરાબાદ આવ્યા હતા ને મારી સાથે બે દિવસ રહ્યા હતા. ત્યારે અમે અનેક વિષયો ચર્ચેલા જેમાંનો એક એમની પોતાની ભવિષ્યની પ્રવૃત્તિને લગતો હતો. મેં કહ્યું કે આપણા રાજપુરુષોમાં મેધા અને વહીવટી અનુભવ જોઇએ તેટલા પ્રમાણમાં નથી અને જો દેશમાં ખરી પ્રગતિ સાધવી હોય તો રાજપુરુષોની પંક્તિઓમાં નવું લોહી લાવીને તેને બલવત્તર બનાવવી જોઇએ. મેં એમને પૂછ્યું કે રાજકારણમાં પ્રવેશ કરવાનું એ કેમ વિચારતા નથી. આ પ્રશ્નથી એમને જરા આશ્ચર્ય થયું ને એમણે નમ્રતાપૂર્વક ઉત્તર આપ્યો કે એમનામાં રાજપુરુષ થવાના ગુણો

વટપૂર્વક અવલોકવાની તથા સંભાળપૂર્વક આગળ વધારવાની આવડત. હિંદમાં ઘણા યે લોકો એમ માને છે કે યુવાન એન્જિનીઅરો અને વિજ્ઞાનશાસ્ત્રીઓને ઊંચા પ્રકારની વહીવટી પદવીઓ આપવી જોઇએ નહિ. પરંતુ આવું માનનારને ખ્યાલ નથી કે વ્યવસ્થાશક્તિ તથા કાર્યશક્તિ માગી લેતી આવી ઊંચા પ્રકારની વહીવટી જગ્યાઓ માટે આવા માણસો જ સૌથી વધુ યોગ્ય છે, કેમકે તે જાતઅનુભવે જ કેળવાયા હોય છે. ગમે તેમ, પણ એન્જિનીઅરિંગનું મોટું કામ એટલે જ સંભાળપૂર્વકની યોજના અને એનો વ્યવસ્થિત અમલ. સારી યોજનાઓ ઘડી શકનાર એક તેજસ્વી એન્જિનીઅર ઉપરાંત ડૉ. અનંત કાર્યકુશળ અને સમર્થ વ્યવસ્થાપક પણ હતા. એમની આલાયકાત એમના જ્ઞાન તથા વહીવટી કુશળતાના જ સંમિશ્રણરૂપ હતી. અને જ્યારે યુદ્ધકાળ દરમ્યાન ભારત સરકારને એમણે પોતાની સેવાઓ આપી તે વેળા યુદ્ધસામગ્રીના ઉત્પાદમના જે પ્રશ્નો એમણે ઉકેલ્યા હતા તે એમની દીર્ઘદૃષ્ટિનું પરિણામ હતું.

દરેક જાતના ઔદ્યોગિક વિકાસ માટે મુખ્ય જરૂર ધાતુઓની હોય છે. આધુનિક યુદ્ધશસ્ત્રોનો મુખ્ય આધાર પણ ધાતુઓ પર જ છે, અને દરેક સ્વરૂપે આ ધાતુઓનું મિશ્રણ થઈ શકે છે. યુદ્ધની શરૂઆતમાં જ અનંતને સૌથી પહેલાં 'ડાયરેક્ટરઑવનૉનફેરસમેટલ્સ' તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ એક અગત્યની જગ્યા હતી, કારણકે મધ્ય પૂર્વ અને દૂર પૂર્વના દેશોની લડાઇની સફળતાનો આધાર તેના પર હતો. તેઓ આ જગ્યા પર હોઇ તેમને જુદીજુદી ધાતુઓ તથા મિશ્રિત ધાતુઓને મેળવવી, તેની વહેંચણી પર અંકુશ રાખવો અને સંપૂર્ણ તૈયાર ન થયા હોય તેવા પદાર્થોને યુદ્ધનાં સાધનો તૈયાર કરતાં કારખાનાંઓમાં મોકલી આપવા વગેરે કરવું પડતું. આ કામ ખૂબ જ અગત્યનું હતું, કારણ કે જ્યારે હિંદ યુદ્ધમાં ઊતર્યું ત્યારે દેશમાં ભાગ્યે જ નામને યોગ્ય એવો 'નૉનફેરસ ધાતુઓનો ઉદ્યોગ' હતો. તેનું કારણ એ હતું કે આપણા ઔદ્યોગિક વિકાસ પર અંકુશ હતો. વળી દુશ્મનોની દરિયા પરની પ્રવૃત્તિને લીધે પરદેશી માલની આયાત પર આધાર રાખી શકાય તેમ નહોતું. આવી વિકટ પરિસ્થિતિમાં પણ મોટા ઉદ્યોગોની જુદીજુદી શાખાઓને વ્યવસ્થિત કરવાની હતી. અનંતે આ પ્રશ્ન ઉકેલવા માટે કમર કસી અને યુદ્ધસામગ્રી તૈયાર કરતાં કારખાનાંને ધાતુઓ પૂરી પાડવી અને ધાતુઓ બનાવવી વગેરે મોટાં કાર્યો કુશળતાથી પાર પાડ્યાં. તેમણે આપેલી હિંમત અને મદદથી કેટલીક પેઢીઓએ ધાતુઓના વધેલા ટુકડાને વપરાશમાં લેવા માટે રોલિંગ, કાસ્ટિંગ અને શેપિંગ માટે વ્યવસ્થા કરી તેમજ ઍલ્યુમીનિયમ, સુરમો અને સીસા જેવી ધાતુઓ બનાવવા માંડી. આજે હિંદમાં ઠીકઠીક કહી શકાય તેવા જે ધાતુઉદ્યોગો શરૂ થયા છે અને જુદીજુદી દિશામાં ઝડપી વિકાસ સાધી રહ્યા છે તે અનંતે યુદ્ધ દરમ્યાન કરેલી શરૂઆતને આભારી છે.

બારી અનન્ત પરે

કાંચનજંઘાની જાંઘ પરે
એક ગામડામાં એક ઓરડું છે,
એ ઓરડામાં એક ઓરડો છે.
એક બારી ખરી એ ઓરડામાં;
સાંકડી બારીમાં દશ્ય મઢ્યું વિરાટતણું;
કાળ અનન્ત ને સર્જન સર્વ પરે
સાંકડી બારી ડોકિયું દે.

માણસ માણસને મન છે,
મગજ છે, જિગર છે,
એક માપના ઓરડા સમ.
એક માપની બારી ખરી
મનને, મગજને, જિગર પર, બંધે.
કદ માનસનાં આંહી ઘટે તો આંહી વધે:
ક્યાં બારી પડે?—
(જાળિયું કૂપતળે અરીસા ઉપરે?)
—કાંચનજંઘાની હાર પરે?

કૃષ્ણલાલ શ્રીધરાણી

યુદ્ધસામગ્રીના ઉત્પાદનના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ તરીકે કામ કરતાં અનંતે એન્જિનીઅરિંગની એકેએક શાખાને ઉપયોગમાં લીધી હતી; ને ગમે તેની ગમે તે મુશ્કેલી હોય, પરંતુ જેવા અનંત તેના ઉત્પાદનના પ્રશ્નો હાથ લે કે તરત બધી મુશ્કેલીઓ આપમેળે દૂર થઇ જતી. તેમના સહકાર્યકર્તાઓ ને અનુગામીઓ તેમના માટે અને તેમની સાથે કામ કરવામાં ગૌરવ લેતા. અનંતનું લક્ષ લડાઇની સફળ પૂર્ણાહુતિ પૂરતું જ નહોતું, પરંતુ યુદ્ધ પછી થનારા દેશના ઔદ્યોગીકરણના વિકાસની તકો પણ તેમના ખ્યાલમાં હતી. યુદ્ધની તૈયારી માટે જે કાર્ય તેમણે કર્યું એ તો હજુ તેમના કાર્યની શરૂઆત જ કહેવાય. પરંતુ પીડાતા માનવબંધુઓના સુખદ ભવિષ્ય માટે કેટલું યે વિશાળ કાર્ય તો હવે કરવાનું હતું.

આયોજન અને તેના વિકાસ માટેના ખાતાએ ઈ. ૧૯૪૫માં તેમને 'નૉન-ફેરસ ધાતુઓના ઉદ્યોગની પૅનલ'-ના પ્રમુખ બનવાનું કહ્યું; અને ખરેખર, બીજા કોઇની પસંદગી એ કરતાં વધુ સારી ન હોત. આ જગ્યાએ આવ્યાં પછી એમણે આ ઉદ્યોગને માટે યંત્રો, તેનો વિકાસ તથા તેની યોજનાનું કામ કરવાનું હતું અને એ તેમને ખૂબ જ પ્રિય હતું. તેમણે મને પૅનલના મંત્રી બનવાનું કહ્યું, અને આખું યે વર્ષ હું તેમની સાથે તેમની ઑફિસમાં રોજના ત્રણથી ચાર કલાક બેસતો અને ઔદ્યોગીકરણના જુદાજુદા પ્રશ્નોની ચર્ચા કરતાં અમે

હિંદના મોટા નકશાને ધ્યાનપૂર્વક જોતા, તથા જુદાંજુદાં સ્થળોમાંથી મળતી ધાતુઓ, તેના માટેની શકયતાઓ અને ઉપયોગો, તથા એ સ્થળમાં કઈ જાતના ઉદ્યોગો થઈ શકે વગેરેની ચર્ચા કરતા. અમે સાથે મુસાફરીઓ કરી, કારખાનાં જોયાં; વિવિધ પ્રકારના માણસોને મળ્યા નાનીમોટી સમિતિઓમાં જુદાજુદા પ્રશ્નો ચર્ચ્યા અને એ રીતે એકબીજાને વધારે સારી રીતે જાણતા થયા. સમિતિના અન્ય સભ્યો તથા અમારા સતત સંપર્કમાં રહેતા બીજા માણસો પણ, પ્રશ્નોને ઝડપથી સમજવાની તથા તેનો સત્વર ઉકેલ લાવવાની અનંતની શક્તિ માટે મારી પાસે વખાણ કરતા. સમિતિની સભાઓને ચલાવવાની તેમની રીત ખૂબ જ સરસ હતી. સભાઓ દરમ્યાન તેમનું વર્તન પણ એટલું માયાળુ અને મિઠાશભર્યું રહેતું કે દરેક જણ પોતાના પ્રશ્નોને સારીરીતે સમજવામાં આવ્યા છે અને તેમની યોજના બરાબર પાર પડશે એવી અસર સાથે પોતાનું કામ પતાવીને પાછા ફરતા. જે જે તેમના સંપર્કમાં આવતા તેમનામાં તેઓ શ્રદ્ધા અને કાર્ય માટેનો ઉત્સાહ રેડતા.

તેમની સાથેના સંબંધથી મારું જ્ઞાન ઘણું જ વધ્યું છે. પૅનલનું મંત્રીપદ એ તો મારે માટે સામાજિક કાર્યનો પહેલો અનુભવ હતો. જુદાજુદા માણસો સાથે કેવી વર્તણુક કરવી એનું જ્ઞાન મને એ દ્વારા થયું ને મારી આત્મશ્રદ્ધા વધી. એમના કેટલાક અંગત મિત્રોને હું જાણતો થયો અને એમના સંપર્ક દ્વારા મને સમગ્રપણે લાભ થયો. માણસને શું મહાન બનાવે છે તેનું મને ભાન થયું.

માણસ પોતાની સમગ્ર જિંદગી દરમ્યાન ન મેળવી શકે તેટલી મહત્તા અનંતે ૧૯૪૫-૪૬માં ૩૮ વર્ષની વયે મેળવી હતી. અનંતે પોતાના જીવન દરમ્યાન જે કાર્ય કર્યું તે તો હજુ તેના જેવા શક્તિશાળી માણસને માટે કાર્યની શરૂઆત જ ગણાય, અને જે સિદ્ધિઓ મેળવી એ તો ભવિષ્યમાં કરવાનાં મહાન કાર્યો માટેની ભૂમિકારૂપ જ ગણાય. મોટીમોટી નદીઓને શુષ્ક ભૂમિ પર વહેતી કરી દેશની સમૃદ્ધિ માટે તેમનો ઉપયોગ કરવો, ખેતીની પદ્ધતિને અદ્યતન બનાવી દેશની ભૂખ અને જરૂરિયાતો સંતોષવા એન્જિનીઅરિંગનો ઉપયોગ કરવો, એ એમનું સ્વપ્ન હતું. તેમનું મુખ્ય ધ્યેય તો પાંચ કે છ એન્જિનીઅરોએ સાથે મળીને 'કન્સલ્ટિંગ એન્જિનીઅરિંગ સર્વિસ' શરૂ કરવાનું હતું. અત્યાર સુધી કામની શરૂઆતમાં જ પરદેશી સલાહકારોની મદદ લેવાનું બનતું આવ્યું છે; પરંતુ એ જરૂરનું નથી એમ તેમને હમેશાં લાગતું. જો હિંદી એન્જિનીઅરોને તક આપવામાં આવે અને પરદેશી એન્જિનીઅરો જેવી જ શરતોએ તેમની સલાહ લેવામાં આવે તો તેઓ, કદાચ પરદેશી નિષ્ણાતો જેટલું જ અથવા એમના કરતાં પણ વધારે સારી રીતે દેશનું કલ્યાણ કરી શકે એમ તેઓ માનતા.

પોતે યુવાન હોઈને યુવાન માણસોની શક્તિમાં એમને અથાગ વિશ્વાસ હતો. એ સાચી રીતે અને ખૂબ જ ભારપૂર્વક કહેતા કે માત્ર યુવાન ટેકનિશિયન જ આધુનિક એન્જિનીઅરિંગની પદ્ધતિઓ જાણે છે. જૂની પેઢીના ઇજનેરો તેમની નાની યોજનાઓ અને નાના પ્રશ્નોમાં એટલા બધા રોકાએલા રહે છે કે એન્જિનીઅરિંગના આધુનિક વિકાસથી તેઓ સાવ અજાણ હોય છે: 'યુવાનોએ જ યુદ્ધમાં જીત મેળવી છે અને યુવાનો જ આપણા દેશની સૂરત બદલશે.' સરકારી સત્તાધીશોની ચાલુ રીતરસમો મુજબ કામ કરવાનો એમને તીવ્ર અણગમો હતો. યુદ્ધ દરમ્યાન તેમની સાથે જે યુવાન એન્જિનીઅરો કામ કરતા તેમને એ હમેશાં સૂચવતા કે અનિશ્ચિત સરકારી નોકરી કરવા કરતાં કોઈ ખાનગી ઉદ્યોગોમાં જોડાઇ જવું, કારણ કે ત્યાં તેઓ તેમની શક્તિ ને જ્ઞાનનો સંપૂર્ણ ઉપયોગ કરી શકશે એમ તેઓ માનતા.

'આપણને મુખ્ય જરૂરિયાત અનુભવની છે. જે સત્તા નીચે આપણે કામ કરતા હોઇએ તે સત્તા આપણને એ અનુભવો લેવાની તકો ન આપે તો આપણે પોતે જ તકો ઊભી કરવી જોઈએ અને આપણે શું શું કરવા શક્તિમાન છીએ તે તેમને બતાવી આપવું જોઇએ. અંતે તો સત્તાધીશોએ આપણી પાસે જ આવવું પડશે.' એમણે કરવા ધારેલા અનુભવની કલ્પના જોકે બહુ વિશાળ હતી, છતાં પ્રથમ કક્ષાની 'કન્સલ્ટિંગ એન્જિનીઅરિંગ સર્વિસ' શરૂ કરવા માટે એ પૂરતો નહોતો એમ એઓ માનતા. 'આપણને જો કાંઈ પણ જરૂરિયાત હોય તો તે

અનંત દીપ

આ સૂર્યનું સરકતું અતિ રક્ત બિંબ,
છૂપી જતું ક્ષિતિજરેખ નીચે નમંત;
ઘેરાય છે તિમિર જયાં, અજવાળનાર
પૃથ્વીઉરેથી પ્રગટે છ અપૂર્વ દીપ.

અને વીત્યાં વર્ષો.

લઘુક બનિયો દીપક મહા
ખરે, રાત્રિસૂર્ય અભિનવ મહા ભારતતણો.
ઉષા ખીલી જેવી કનકકિરણે ફૂલ સરખી.
બુઝાયો જાણ્યો એ વિકલ પલની કાલઝપટે...
ત્યાં સૂર્યનું થઈ ગયું અતિમ્લાન બિંબ!

તારો થયો દુઃખદ અંત, અનંત દીપ!
હૈયે રહ્યો તદપિ અમૃત ને અનંત.

દેશળજી પરમાર

હોય એમ એ માનતા નહોતા. મેં જણાવ્યું કે હું એમના વિચાર સાથે સંમત નથી. જો શક્તિ, અનુભવ, એકનિષ્ઠા અને સેવાભાવનાવાળા જનોને દેશનાં મંત્રમંડળોમાં ભાગ લેવાનો અધિકાર ન હોય તો બીજા કોને હોય એ હું જાણતો નથી. એમણે એ સંબંધે વિચાર કરવા વચન આપેલું, પરંતુ એમને એમ લાગેલું કે ચારપાંચ વર્ષ સુધી તો એમણે ઇજનેરી કામો પર પોતાનું લક્ષ કેન્દ્રિત કરવું જોઈએ; અને આ ક્ષેત્રમાં પણ દેશના વિકાસમાં પોતાનો મોટો ફાળો તે આપી રહ્યા હતા એમાં શંકા નથી; અને ત્યાર બાદ પોતાની સેવાઓનો શ્રેષ્ઠ ઉપયોગ થાય તેવી દિશામાં એ સમર્પિત કરવા એઓ તૈયાર હતા.

ડૉ. પંડ્યા મને ઘણી વાર મારા બીજા એક સુજન મિત્રની યાદ આપતા: મારા બાલવયના ને પચાસ વર્ષ પર્યંતના એક મિત્ર, જે દુર્ભાગ્યે એ જ વરસમાં પરલોકવાસી થયા હતા. અમે બંને મૅટ્રિકની પરીક્ષામાં સાથે બેઠા હતા. જ્યારે પરિણામ જાહેર થયું ત્યારે હું બહારગામ હતો, એટલે મારા એ મિત્રે નજદીકની તાર ઑફિસે ઉતાવળે પહોંચી મને નીચે પ્રમાણે સંદેશો મોકલાવ્યો: 'તમે પાસ થયા, હું નાપાસ થયો!' આ છ શબ્દોમાં અંકિત થએલો પ્રેમ અને મિત્રભાવ હું કદી ભૂલી શકું નહિ. આ વિશૃંખલ અને નિસ્તેજ જગતમાં આવા પુરુષો જ જીવન ટકાવી રાખે છે, એ મહાનુભાવો જ આ પૃથ્વીનો સત્ત્વ-રસ છે; અને ડૉ. પંડ્યાની એ 'ભલા પરપીડભંજકો' (Good Samaritans)માં હું ગણના કરું છું.

ડૉ. અનંત પંડ્યા

એન. વી. મોડક

—મુંબાઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનના સ્પેશ્યલ એન્જિનીઅર—

યુવાન વયમાં જ ડૉ. પંડ્યાનું મૃત્યુ થવાથી એક જ્વલંત કારકિર્દીનો અંત આવ્યો છે; એન્જિનીઅરિંગ વિજ્ઞાનના વિકાસમાં એમણે આપેલો ફાળો ખૂબ મહત્ત્વનો છે એવા શક્તિશાળી ને આશાસ્પદ ઇજનેરની દેશને, ખરેખર, જલદી ન પુરાય તેવી ખોટી પડી છે.

ડૉ. પંડ્યાને પહેલી વાર હું કેવી રીતે અને ક્યારે મળ્યો તેનો મને ખ્યાલ નથી, પણ હું ધારું છું કે મુંબઇ યુનિવર્સિટીની બી. ઇ.ની ડિગ્રી માટેની પરીક્ષા પાસ કરી પરદેશમાંની એન્જિનીઅરિંગ તાલીમ માટેના મારા વિચારો જાણવા એ મારી પાસે આવેલા. એ વેળા મેં શી સલાહ આપેલી તેનો મને બરાબર ખ્યાલ નથી, પણ હું વિદ્યાર્થીઓને જે વારંવાર કહ્યા કરું છું કે ભવિષ્યમાં એન્જિનીઅરિંગની કઇ શાખા માટે પોતે કામ કરવા માગે છે તેનો તેમણે પહેલેથી વિચાર કરી લેવો જોઈએ ને એ જ વિશિષ્ટ શાખામાં અનુભવ લેવા પ્રયત્ન કરવો જોઇએ તથા એ પછી જ તે વિષયના વધુ અભ્યાસ—સૈદ્ધાંતિક તેમજ વ્યવહારિક—માટે પરદેશ જવું જોઈએ. આવા પ્રકારની મેં તેમને સલાહ આપી હશે એમ હું અનુમાન કરું છું.

પરંતુ એમની સાથે ગાઢ સંપર્કમાં આવવાની તક તો મને ૧૯૩૮માં મુંબાઇ મ્યુનિસિપલ કૉર્પોરેશન તરફથી અદ્યતન ગટર-યોજનાનો અભ્યાસ કરવા હું લંડન ગયો ત્યાં મળી. આ યોજના ઉપરાંત મ્યુનિસિપલ એન્જિનીઅરિંગના હાઉસિંગ (વસવાટ) સાથેના બીજા પ્રશ્નોમાં પણ મને રસ હતો. એ વખતે ડૉ. પંડ્યા કેટલીક 'હાઉસિંગ' યોજનાઓમાં રોકાએલા હતા અને એક અંગ્રેજી પેઢી તરફથી કામ કરતા હતા. મને તે પોતાનું કાર્ય જોવા એ સર્વ સ્થળે લઈ ગયા અને એમની દોરવણી નીચે જે કામ થઇ રહ્યું હતું તે જોઇને મારા મન પર ખૂબ જ સુંદર છાપ પડી. એ વખતે હાઉસિંગના વિષય માટે ખૂબ જ ઉપયોગી માહિતીઓ મેળવવાને હું શક્તિમાન થયો.

એન્જિનીઅરિંગની સભાઓ માટે મારે અનેકવાર કલકત્તા જવાનું બનતું. એ વખતે તેઓ બંગાળની સિબપુર એન્જિનીઅરિંગ કૉલેજના પ્રિન્સિપલ હતા. છેલ્લા વિશ્વયુદ્ધ દરમ્યાન જાપાને કલકત્તા પર બૉમ્બમારો કર્યો ત્યારે પણ હું ત્યાં હતો, અને કૉલેજમાંના તેમના નિવાસસ્થાને જાપાની ઍરોપ્લેનોના હવાઇ હુમલાઓની રાહ જોતાં તેમની સાથે એક રાત મેં ગાળી હતી!

ડૉ. પંડ્યાની કારકિર્દીને હું ખૂબ રસપૂર્વક નિહાળી રહ્યો હતો અને જ્યારથી તેઓ 'હિંદ કન્સ્ટ્રક્શન કંપની'ની પેઢીના ડાયરેક્ટર બન્યા ત્યારથી હું તેમની સાથે વધુ ગાઢ સંપર્કમાં આવ્યો હતો. આ પેઢીએ મુંબાઇ મ્યુનિસિપલ કૉર્પોરેશનની વૈતરણા યોજના અંગે નેહેરો ખોદવા માટે કૉન્ટ્રૅક્ટ કર્યો હતો. ડૉ. પંડ્યા ખૂબ જ વિશાળ ને રાષ્ટ્રીય વિચારો ધરાવતા, ને પોતે 'સલાહકાર ઇજનેર' તરીકે સ્થિર થવું ને 'રેન્ડેલ પામર ને ટ્રિટન'ની બ્રિટિશ પેઢીઓ જેવી નામના કાઢવી એ એમની મહત્ત્વાકાંક્ષા હતી. જો ઇશ્વરે તેમને દીર્ઘ આયુષ્ય આપ્યું હોત તો એન્જિનીઅરિંગનાં મોટાં સાહસો સાથે જરૂર એમનું નામ જોડાયું હોત.

પ્રેરણાદાયી સલાહકાર

હરિભાઇ પટેલ

—ડાયરેકટર ઈન ચાર્જ હિંદ કન્સ્ટ્રકશન લિ. અને પટેલ એન્જિનીઅરિંગ કં. લિ.

ડૉ. અનંત પંડયા સાથે મારો પ્રથમ પરિચય ઈ. ૧૯૪૫માં થયો. એ વર્ષના નવેમ્બરમાં તેઓ સરકારી નોકરી છોડીને ખાનગી ઇજનેરી ધંધામાં જોડાયા અને કલકત્તાની 'હિંદ કન્સ્ટ્રકશન કંપની'ના ડાયરેકટર તથા મુખ્ય સલાહકાર ઇજનેર તરીકે એમણે બાંધકામના ધંધામાં શરૂઆત કરી. થોડા સમયમાં જ એમને દેશના જુદાજુદા ભાગોમાં કામો મળવા લાગ્યાં, પરંતુ એમની નેમ નાનાં કામો હાથ ધરી તેમાંથી પૈસા કમાવાની નહોતી. એમનું મુખ્ય ધ્યેય તો જંગી ઇજનેરી કામો, જેવાં કે બંધો (dams), નહેરો (irrigation canals), બગદાઓ (tunnels), ધોરી રસ્તાઓ, મોટાં કારખાનાંઓનાં મકાનો, ગોડાઉનો વગેરે અંગે 'રચના-વિધાન' કરવા તથા તેવાં કામો પાર પાડવા માટેની કંપનીની વ્યવસ્થા કરવાની હતી. દેશમાં આવાં બાંધકામો કરનારી હિંદી પેઢીઓ ઘણી ઓછી છે. વળી તેઓની એવી દૃઢ માન્યતા હતી કે દેશની સમૃદ્ધિ વધારવા માટે મોટી યોજનાઓનો અમલ કર્યા સિવાય છૂટકો નથી. અમેરિકાનો દાખલો લઈએ તો ત્યાં આવાં કામો દાયકાઓ સુધી થયાં તો જ એ દેશ સમૃદ્ધ થયો. એવાં કામો કરનારી અમેરિકન પેઢીઓ પાસે વિપુલ સાધન અને પૂરતા અનુભવવાળાં માણસો હતાં અને છે. ડૉ. પંડયાની દૃષ્ટિ આવાં મોટાં કામો હાથ ધરવા પર કેન્દ્રિત થઈ હતી. અત્યાર સુધી જે થોડાં મોટાં કામો થયાં છે તે લગભગ બધાં વિદેશી કંપનીઓએ કર્યાં છે. ડૉ. પંડયાએ આવાં કામો કરવા માટે જરૂરી સાધનો અને લાયકાતવાળા માણસો એકત્રિત કરી પોતાની પ્રવૃત્તિઓ શરૂ કરી.

સૌથી પ્રથમ ૧૯૪૮માં જી. આઇ. પી. રેલવેનું બગદાઓ બાંધવાનું કામ હાથ લીધું અને તે બહુ જ સફળતાપૂર્વક તથા કામની અંતિમ તારીખ પહેલાં પૂરું કર્યું. પૂના જતાં રસ્તામાં ભોરઘાટની ટનલ આવે છે તેનું બાંધકામ એમની દેખરેખ નીચે થયું હતું આપણે ત્યાં અત્યાર સુધી ટનલનું બાંધકામ પરદેશી કંપનીઓ મારફત થતું. ડૉ. પંડયાએ પોતાની અપ્રતિમ આત્મશ્રદ્ધા અને સાહસિક સ્વભાવને લીધે આ કામ લેવા માટે પહેલ કરી. ટનલનું બાંધકામ અઘરું અને અટપટું હોય છે.

બીજું મોટું કામ પણ મુંબઇ મ્યુનિસિપાલિટીની 'વૈતરણા યોજના'ને લગતી ટનલના બાંધકામનું હતું. તેમાં લગભગ ૨૦,૪૦૦ ફીટ લાંબી ટનલ બાંધવાની હતી. અને એ ટનલનો વ્યાસ ૧૦ ફૂટનો હતો. મુંબઇ શહેરની વધતી જતી પાણીની જરૂરિયાતોને પહોંચી વળવા માટે મુંબઈ મ્યુનિસિપાલિટીએ વૈતરણા–તાન્સા યોજના ઘડી છે. આ યોજનાનો હેતુ વૈતરણા નદી પર પ્રચંડ કૉન્ક્રીટ-બંધ બાંધીને ત્યાં ૪,૬૦,૦૦૦ લાખ ગૅલન પાણીથી ભરેલું તળાવ બાંધવાનો છે; આ ઉપરાંત ૩,૭૦,૦૦૦ લાખ ગૅલન પાણી તાન્સાના તળાવમાં ભરાશે અને એ બન્ને તળાવોમાંથી રોજનું લગભગ ૨૨૦૦ લાખ ગૅલન પાણી મુંબઈ શહેરને પૂરું પાડવામાં આવશે. અત્યારે મુંબઈ શહેરને રોજ લગભગ ૧૧૦૦ લાખ ગૅલન પાણી આપવામાં આવે છે, એ ઉપરથી સમજી શકાશે કે આ યોજના કેટલી મોટી અને વિશાળ છે. આ યોજનાનાં ત્રણ મોટાં કામોમાંનું પ્રથમ ટનલનું બાંધકામ હતું. આ ટનલનો મુખ્ય ઉપયોગ તેમાં દસ ફૂટની પોલાદની નળીઓ મૂકી તે દ્વારા રોજનું ૧૧૦૦ થી ૧૨૦૦ લાખ ગૅલન પાણી મુંબઈને પૂરું પાડવાનો છે. આ પોલાદની પાઈપ લાઇન લગભગ ૬½ માઈલ લાંબી છે! તેનો બીજો ઉપયોગ વૈતરણાનું પાણી તાન્સા તળાવમાં વાળવાનો છે. આ કામ 'હિંદ કન્સ્ટ્રકશન' તથા 'પટેલ એન્જિનીઅરિંગ' કંપનીઓ માટે મેળવવામાં મુશ્કેલી હતી. એમનું ટેન્ડર લગભગ રૂ. ૪૦ લાખ જેટલું ઓછું હોવા છતાં મુંબઈ મ્યુનિસિપાલિટી એ કામ આ પેઢીઓને સોંપતાં અચકાતી હતી. પરંતુ ડૉ. પંડયા અમારા મુખ્ય સલાહકાર ઇજનેર હતા અને આખું કામ એમની દેખરેખ નીચે થવાનું હતું એટલે જ મ્યુનિસિપાલિટીએ પેઢીને કામ આપ્યું; અને સાનંદાશ્ચર્ય સાથે એ કામ સરળતાપૂર્વક નિશ્ચિત કરેલા સમય પહેલાં પૂરું થયું. આ કામની પૂર્ણાહુતિના ૫-૪-૧૯૫૨ના પ્રસંગે મુંબઇ મ્યુનિસિપાલિટીના ખાસ ઇજનેર શ્રી એન. વી. મોડકે કહ્યું હતું કે "મારે કબૂલ કરવું જોઈએ કે શરૂઆતમાં હિંન્દ કન્સ્ટ્રકશન લિ. તથા પટેલ એન્જિનીઅરિંગ લિ. (જેઓ આ કામના કંટ્રાકટરો છે અને આપના આજના યજમાનો છે) આવું મોટું કામ પાર પાડી શકશે કે કેમ એ માટે મને પૂરતો વિશ્વાસ નહોતો, કારણ કે અમે એ સમયે માનેલું તેમ એ પેઢીઓને આવાં કામોનો 'પરિમિત અનુભવ' હતો. પરન્તુ મને ખાતરી હતી કે એમને યોગ્ય દોરવણી મળે તો તેઓ તે પૂરું કરવા શક્તિમાન થશે. હવે જ્યારે ટનલનું ખોદાણકામ પૂરું થયું છે ત્યારે મને કહેતાં આનંદ

થાય છે કે આ પેઢીઓએ તેમનું કામ અત્યંત પ્રશંસાપાત્રરીતે પાર પાડ્યું છે. અને સૌથી હેરત પમાડે તેવી બીના તો એ છે કે એમનું ધ્યેય ઉચ્ચ પ્રકારનું કામ કરવાનું હતું અને બધા સંયોગોમાં એ કક્ષા એમણે જાળવી રાખી છે.'' આ પ્રસંગે ડૉ. પંડ્યાની ગેરહાજરી સૌને માટે અત્યંત ખેદજનક હતી. શ્રી મોડકે એમને અંજલિઆપતાં કહ્યું હતું કે 'આજે હું તમારી સમક્ષ મિશ્ર લાગણીઓ અનુભવી રહ્યો છું. આ અત્યંત વિકટ કામ—એટલેકે ટનલ ખોદાણનું કામ સફળતાપૂર્વક પૂરું થયું એથી મને આનંદ થાય છે, પરંતુ સાથોસાથ ડૉ. અનંત પંડ્યાની અહીં હાજરી નથી એથી મને અત્યંત ખેદ થાય છે. તેઓ એક ઉચ્ચતમ ઈજનેર હતા અને આ કામના કંટ્રાક્ટ અંગે વાટાઘાટો કરી એમણે જ કામની શરૂઆત કરી હતી. તેઓ આપણા વિશિષ્ટ ઈજનેરોમાંના એક હતા જે ખાતરીપૂર્વક માને છે કે જો હિંદી ઇજનેરોને યોગ્ય તક આપવામાં આવે તો ગમે તેવા પ્રસંગે તેઓ કામ કરી બતાવશે,એટલું જ નહિ પણ સિવિલ એન્જિનીઅરિંગના ક્ષેત્રમાંનું ગમે તેવું સંકુલ અને ગૂંચવણભર્યું કામ પણ તેમની શક્તિની બહાર હોવાનો સંભવ નથી. ગમે તેવું કઠિન કામ ઉપાડી લેવાની અપૂર્વ હિંમતવાળા આવા આશાપ્રદ ઇજનેરને ઈશ્વરે આપણી વચ્ચેથી ઉપાડીલીધા એથી ઈજનેરી ધંધાને ભારે ખોટ પડી છે.' મ્યુનિસિપાલિટીની આ યોજના સાથે સંકળાએલું બીજું કામ ૮ ફૂટ વ્યાસની પાઇપ બનાવી તાનસાથી મુંબાઈ સુધી નાખવાનું ડૉ. પંડ્યાએ મુંબઈની સ્ટ્રકચરલ એન્જિનીઅરિંગ કંપની સાથે હાથમાં લીધું હતું.

ત્રીજું કામ મહા નદો પરની યોજનાઓમાં પ્રથમ એમણે હીરાકુંડ યોજનામાં રાખેલું. પરંતુ એથી સંતોષ ન થતાં દામોદર વૅલી યોજનામાં કોનાર નદી પરના બંધનું રૂપિયા છ કરોડનું મોટું કામ હાથ ધર્યું. અનેક દેશી તથા પરદેશી પેઢીઓ સાથે હરીફાઈમાં ઊતરીને એમણે આ કામ પોતાની અપૂર્વ કાર્યશક્તિ તથા ઇજનેર તરીકેની ખ્યાતિને લીધે મેળવ્યું હતું. આ દેશના ઇતિહાસમાં આવડું મોટું કામ દેશી કંપનીના હાથમાં આ પહેલવહેલું જ આવ્યું ગણી શકાય. આ બંધ બાંધવામાં આશરે ૧૪ કરોડ ફૂટ માટીકામ, ૨½ કરોડ ફૂટ પથ્થરકામ અને ૧ કરોડ ફૂટ સિમેન્ટ-કોન્ક્રીટકામનો સમાવેશ થાય છે, અને આ કામની મુદત ત્રણ વર્ષની હોઈ તે ૧૯૫૩માં પૂરું થશે. આ બંધની લંબાઈ લગભગ ૨½ માઇલની ને તેની ઊંચાઇ લગભગ ૧૫૦ ફૂટની છે.

આ કામની સાથોસાથ બીજાં મોટાં કામો (૧) કંડલાના બંદરનું બાંધકામ (૨) ભખરા-નંગલની યોજના અંગેનું કામ વગેરે પર એમનું લક્ષ કેન્દ્રિત થએલું હતું. આવાં કામો માટે અન્ય દેશોમાં થએલાં મોટાં કામો તથા તેમાં ઉપયુક્ત થએલી છેલ્લામાં છેલ્લી પદ્ધતિઓ નિહાળવા તે ૧૯૫૦ ને ૧૯૫૧માં અમેરિકા, જર્મની, ઇંગ્લંડ, સ્વિટ્ઝર્લૅંડ વગેરે દેશોમાં ગયા હતા. ૧૯૫૧ના જાન્યુઆરીમાં દિલ્હીમાં 'વર્લ્ડ પાવર કૉન્ફરન્સ' ભરાઈ ત્યારે ત્યાં હાજરી આપવા ગએલા તે પ્રસંગનો લાભ લઈ એ ભખરા-નંગલની યોજનાનાં સ્થળો પણ જોવા ગયા હતા.

ડૉ. પંડ્યાએ ટૂંક સમયમાં પોતાની પ્રવૃત્તિ સારા યે દેશમાં વ્યાપક કરી દીધી અને દરેક મોટી યોજનાના અમલમાં ભાગ લેવાનો એમણે નિર્ણય કરી તે પર કામો ચાલુ કર્યાં. મોટાં, અઘરાં અને અટપટાં કામો હાથ ધરી તે બધાં સફળતાપૂર્વક પાર પાડવાનો યશ એમણે સંપાદિત કર્યો હતો. એમનાં ઉચ્ચતમ જ્ઞાન, વ્યાપક પ્રવૃત્તિઓ, કાર્યદક્ષ અને સફળ સંચાલન તથા મોહક વ્યક્તિત્વથી એમણે યુરોપ-અમેરિકાના વિખ્યાત ઈજનેરો તથા ઈજનેરી પેઢીઓનાં માન ને આદર સંપાદિત કર્યાં હતાં. એમનો આદર્શ તો એ હતો કે પોતાની પ્રવૃત્તિઓનું ક્ષેત્ર માત્ર હિંદમાં જ સંકુચિત ન કરતાં સમગ્ર અગ્નિ એશિયા અને દૂર પૂર્વના દેશોમાં પણ તેનો સંગીનરીતે વિસ્તાર કરવો. પરંતુ આ આદર્શ એમના મુખ્ય ધ્યેયને પાર પાડવા પૂરતો જ હતો. એમની મહેચ્છાઓ તો આ દેશમાં મોટાં ને અટપટાં કામો સફળતાપૂર્વક કરી શકે એવા ઇજનેરો તૈયાર કરવાની, પોતાના પ્રિય વિષયમાં વિસ્તૃત પ્રમાણમાં સંશોધન કરવાની, અને ઈજનેરી સલાહકાર તરીકે પોતાના દેશની અને દેશબાંધવોની સેવા કરવાની જ હતી. એમનામાં અગ્રેસરનાં દર્શન અને ઉત્સાહ હતાં ને એમનું સ્વપ્ન એવું હતું કે હિંદી ઈજનેરો એવી સુંદર તાલીમ તથા ઈજનેરી ધંધાનો એવો પરિપક્વ અનુભવ મેળવે કે જેથી હિંદ આ દિશામાં પરદેશી શિલ્પ-વિષયક પરતંત્રતામાંથી મુક્તિ મેળવે.

એમના અચાનક અવસાનથી અમારી પેઢીઓને કદી ન પૂરી શકાય તેવી ખોટ પડી છે, કારણકે અનેક મોટાં ઈજનેરી કામો અંગેની અમારી પ્રવૃત્તિઓનો ત્વરિત વિકાસ એમની પ્રેરણા, શાણી સલાહ ને શિલ્પ-વિષયક દોરવણીને આભારી હતો. અમારા એમની સાથેના સુયોગની સ્મૃતિ હમેશાં એમના ઉમદા આદર્શો ને ઉચ્ચ કક્ષાની પ્રામાણિકતાની યાદ આપતી રહેશે. આ આદર્શોને વફાદાર રહેવાની અમારી સદૈવ ફરજ છે. પ્રભુ એમના ઉચ્ચ આત્માને અમર શાંતિ આપો એવી પ્રાર્થના છે.

સ્વ. અનંત પંડ્યા

અનંતરાય પ્ર. પટ્ટણી
ભાવનગર રાજ્યના માજી દીવાન

ડૉ. અનંત પંડ્યા સ્મારક ગ્રંથ માટે લેખ મોકલવા મને નિમંત્રણ આપવામાં આવ્યું છે. એક કુટુંબીજન જેવા માટે લખવું મને મુશ્કેલ જણાય છે. મારા પિતાશ્રીએ એમને પુત્રવત્ રાખેલ; અમેરિકામાં અભ્યાસ કરતા પોતાના એક યુવાન પૌત્રને મારાં માતુશ્રીના દુઃખદ અવસાનના સમાચાર જાતે જઇને આપવા એમને ખાસ અમેરિકા મોકલેલ; અને થોડા સમય પછી જ્યારે મારા પિતાશ્રી અમેરિકા ગયા ત્યારે પોતાના મંત્રી તરીકે એમને સાથે લઈ ગએલા. મારે મન તો એ 'અનંત' જ હતા.

એક જાણવા જેવી છતાં શોચનીય બીના યાદ કરીએ તો એકવખત એવો હતો કે જ્યારે હિંદની ઇજનેરીપેઢીઓએમનેનોકરીમાં લેવા તૈયાર નહોતી, એટલે એમને ઇંગ્લંડ જવાનોનિર્ણયકરવોપડેલો અને ત્યાં એક મોટી કંપનીના ડિરેકટરોએ એમની સેવાઓ ખુશીથી અપનાવી લીધી હતી. રાષ્ટ્રવાહના ઉત્કર્ષ સાથે અને છેવટ સ્વરાજપ્રાપ્તિ પછી હિંદમાં એમનાં સુંદર ચારિત્ર્ય ને પ્રતિભાની કદરથઈહતી. ભાવનગર રાજ્યે પોતાનાં બંદરોના વિકાસને લગતા પ્રશ્નોની તપાસ કરવા માટે ઈંગ્લંડથી બે નિષ્ણાતોને ખાસ બોલાવેલા તેમની સાથે અનંતની સેવાઓનો ઉપયોગ કરેલો; અને મને યાદ છે કે પોતાનો રિપોર્ટ તૈયાર કરવામાં અંગ્રેજ નિષ્ણાતોને એમનું શિલ્પ-વિષયક જ્ઞાન અત્યંત મદદરૂપ જણાયું હતું.

જ્યારે મારા પિતા અને હું અમુક જરૂરી કામ માટે છેલ્લી વાર ઈંગ્લંડમાં હતા ત્યારે અનંત અને તેમનાં પત્ની લીલીબહેન વારંવાર અમને મળવા આવતાં અને ઘણી વાર અમારી સાથે આવીને રહેતાં એથી અમને બહુ આનંદ થતો. જ્યારે હું આંતરરાષ્ટ્રીય પ્રદર્શન જોવા પારીસ ગએલો ત્યારે તેઓ બંને પણ ત્યાં આવેલાં. અનંતને વૈજ્ઞાનિક અને શિલ્પવિષયક વિસ્તારોમાં ખૂબ રસ પડેલો, કારણકે એમણે કહેલું કે એ સર્વ સંશોધનની સામગ્રી આપણા દેશની આર્થિક સુધારણા માટે બહુ ઉપયોગી થાય તેવી હતી.

એક અમારું અંગત સંસ્મરણ, જે અમે બંને સરખા આનંદથી યાદ કરતા, તે ઇંગ્લંડમાં ૧૯૩૭માં ગાળેલા દિવાળીના દિવસો હતા. અનંત અને લીલીબહેન મારી સાથે 'ગ્રોવેનર હાઉસ'માં રહેતાં હતાં; અને દિવાળી પર્વના હિંદી ખાણા પ્રસંગે દાંડિયારાસનો સમારંભ રચવા અનંતનો આગ્રહ હતો. એમની સૂચના માન્ય રહી ને પરિણામે મારે દાંડિયારાસ 'આશાભર્યા તે અમે આવિયાં મારે વ્હાલે રમાડયાં રાસ રે' એ ગીતથી શરૂ કરવો પડ્યો. સૌએ તે એવી સુંદરરીતે ઝીલ્યો કે અમારા અંગ્રેજ મહેમાનો અને કેન્સિંગ્ટન રેસ્ટોરાંનો માલિક વિસ્મય પામ્યા, એટલું જ નહિ પરંતુ જે હિંદીજનોએ લંડનમાં દિવાળી પર્વની ઊજવણીમાં આવા 'દેશી' કાર્યક્રમની આશા નહિ રાખી હોય એમને પણ સાનંદાશ્ચર્ય થએલું.

૧૯૨૫ની સાલથી ઘણા યુવાન વિદ્યાર્થીઓ ભાવનગર રાજ્ય તરફથી પૂરી અથવા અરધી સ્કૉલરશિપ લઇને યુરોપ અને અમેરિકા આગળ અભ્યાસ અને તાલીમ માટે પરદેશ ગએલા. આ સ્કૉલરશિપો બક્ષિશ રૂપે હતી અને તેની સાથે કૈં શરતો જોડેલી નહોતી. મૂળ ઉદ્દેશ એ હતો કે ભાવનગરના આશાપ્રદ યુવાનોને સંગીન ઉચ્ચ કેળવણી મેળવવા અને એમની જીવનદૃષ્ટિ વિસ્તૃત કરવા આર્થિક સહાય આપવી કે જેથી તેઓ સ્વદેશ પાછા ફરે ત્યારે રાષ્ટ્રીય કાર્યનાં વિવિધ ક્ષેત્રોમાં ઉપયોગી નાગરિક બનીને પોતાનો ફાળો આપી શકે. મારા પિતાશ્રી

કરુણ અકસ્માતને લીધે ડૉ. અનંત પંડ્યાના યુવાન વયમાં જ મૃત્યુ પામ્યાના સમાચાર સાંભળી મને ખૂબ જ દુઃખ થયું છે. થોડાં અઠવાડિયાં અગાઉ મેં છાપામાં એ સમાચાર વાંચ્યા. એક એન્જિનીઅર તરીકેની તેમની કારકિર્દી માટે મને હમેશાં માન રહ્યું છે. તેઓ જેટલા મહાન હતા તેટલા જ નમ્ર હતા. અત્યારે જ્યારે આપણે ઔદ્યોગીકરણના પ્રશ્નો ઉકેલવામાં પડ્યા છીએ ત્યારે તેઓ તેમાં ભારે મૂલ્યવાન ફાળો આપી શક્યા હોત. એક વખત મેં એમને બનારસની એન્જિનીઅરિંગ કૉલેજના પ્રિન્સિપલ બનાવવાનું સ્વપ્ન સેવેલું, પરંતુ એના કરતાં પણ ઘણું અગત્યનું કામ કરવાનું તેમને માટે નિર્માણ થયું હતું તેથી એ વિચાર મેં પડતો મૂક્યો હતો. મને આશા છે કે એમનું ઉદાહરણ આપણા દેશના એન્જિનીઅરોને ખૂબ જ પ્રેરણાદાયી થઈ પડશે.

એસ. રાધાકૃષ્ણન્

સર સર્વપલ્લી રાધાકૃષ્ણન્ (બનારસ હિંદુ યુનિવર્સિટીના ભૂતપૂર્વ વાઇસ ચાન્સેલર ને ભારત પ્રજાસત્તાકના ઉપ-રાષ્ટ્રપતિ)ના શ્રી ગગનવિહારી મહેતા ઉપરના પત્રમાંથી

કહેતા કે 'આ વિદ્યાર્થીઓ જ આપણા સાચા દૂતો છે. તેઓ ભાવનગરની સારી નામના હમેશાં જ્વલંત રાખશે.' એ યુવાન 'ભાવનગર મંડળ'ના સ્વ. અનંત પંડ્યા એક અત્યંત તેજસ્વી અને સૌથી વિશિષ્ટ સભ્ય હતા.

હિંદને ડૉ. પંડ્યાના અવસાનથી એક રાષ્ટ્રીય ખોટ પડી છે. મને અને મિસિસ પટ્ટણીને વિશેષતઃ એ ઊંડા અંગત ખેદનો વિષય છે.

('ડૉ. અનંત પંડ્યા સ્મારક ગ્રંથ' માટેના અંગ્રેજી લેખનો અનુવાદ)

પ્રિય ભાઈશ્રી પંડ્યા,

તમારો કાગળ મને ચાલવાને આગલે દિવસ આમસ્ટર્ડામમાં મળ્યો. પણ છેલ્લા ત્રણ દિવસથી મને ત્યાં તાવ આવતો હતો એટલે કાગળનો જવાબ તરત લખી શક્યો નથી. આજે સહીસલામત જોધપુર પહોંચી ગયાના ખબર તારથી તમને આપ્યા છે,

અમેરિકામાં શશીને માટે તમે જે કર્યું છે તેને માટે ઉપકાર માનું છું. તમે મારી સાથે હતા એટલે મારી ત્યાંની મુસાફરી આનંદમાં ગઇ છે અને કોઇ જાતની મુશ્કેલી પડી નથી. તમારા સ્વભાવથી ઘણો જ આનંદ થયો છે. જ્ઞાન તો મગજ હોય તો મળી શકે છે, પણ હૃદય એ ઇશ્વરની આપેલી વસ્તુ છે. તમારામાં એ બન્ને ગુણો છે એથી મને ઘણો જ સંતોષ થયો છે. અને એ બંને ગુણોને લઇને તમારું ભવિષ્ય હું ઘણું સારું જોઉં છું. કદાચ તમે અમારે ખાતર ભાવનગર પણ આવો. મને બહુ કહેવાની ટેવ નથી.

મિસિસ પંડ્યાને મારા આશિર્વાદ કહેશો. એમનો સ્વભાવ પણ મને બહુ ગમ્યો. થોડાક દિવસ ભેળાં રહ્યાં છીએ એટલે અડવું તો લાગશે; પણ પરદેશની મુસાફરીઓમાં એ જ એક અવગુણ છે. શશિકાન્તનો અમેરિકાથી તમારા ઉપર કાંઇ કાગળ આવે તો મને મોકલશો અને કોઈકોઇ વખત તમે પણ લખતા રહેશો.

તમે ખુશીમાં હશો. હાલ તો એજ.

જોધપુર તા. ૧૬-૮-૩૭ લિ. શુ.

પ્રભાશંકરના ઘટિત અને આશિર્વાદ

(સ્વ. સર પ્રભાશંકર પટ્ટણીનો સ્વ. અનંત પંડ્યા ઉપરનો પત્ર)

ડૉ. અનંત પંડ્યા: એક સ્મરણાંજલિ

સર વી. ટી. કૃષ્ણમાચારી

—વડોદરા રાજ્યના માજી દીવાન • નૅશનલ પ્લાનિંગ કમિશનના સભ્ય—

સ્વ. ડૉ. અનંત પંડ્યાને જે સ્મરણાંજલિઓ આપવામાં આવી છે તેમાં હું પણ મારો નમ્ર ફાળો નોંધાવવા માગું છું.

ઇન્ડિયા ઑફિસે નીમેલી સમિતિએ સિબપુર કૉલેજના પ્રિન્સિપલની જગ્યા માટે ડૉ. પંડ્યાની ઇંગ્લંડમાં પસંદગી કરી હતી. એ પહેલાં એન્જિનીઅરિંગનો વ્યવહારુ અનુભવ મેળવવા માટે એમણે લંડનમાં સારી સ્થિરતા પામેલી પેઢીઓમાં કેટલાંક વર્ષ ગાળ્યાં હતાં અને તેમની આ સિદ્ધિઓને લીધે પ્રિન્સિપાલ તરીકેના સ્થાન ઉપર આવી ગએલા અને શક્તિશાળી વ્યક્તિઓ તરીકે નામના મેળવી ગએલા ગણ્યાગાંઠ્યા માણસોમાં તેમની ગણના થતી હતી. જે કૉલેજનો વહીવટ તેમને સોંપાયો હતો ત્યાં અપાતું શિક્ષણ અને તેની પદ્ધતિનું ધોરણ ઊંચું રાખવા માટે એમણે તન અને મનથી સેવા આપી હતી. કોઈ પણ માણસ પાસેથી સારા વર્તાવ દ્વારા કામ લેવાની તેમનામાં અજબ કુશળતા હતી ને એ કુશળતાને લીધે જ આ કાર્યમાં તેમને પ્રાધ્યાપકોનો હાર્દિક સહકાર મળી રહ્યો હતો. આ દિવસો દરમ્યાન જ કૉલેજની પ્રતિષ્ઠા વધી અને એની શક્તિ માટે એણે ખ્યાતિ મેળવી.

જ્યારે યુદ્ધ શરૂ થયું ત્યારે ડૉ. પંડ્યા વ્યવસ્થાશક્તિ અને ઉદ્યોગોની કોઈ પણ જરૂરિયાતનું સારું વ્યવહારુ જ્ઞાન ધરાવતા હોઈ તેમની સેવા લેવાનું હિંદી સરકારે નક્કી કર્યું. ને પુરવઠા ખાતામાં કામ કરવા તેમને આમંત્રણ આપ્યું. અને જે જે કામ તેમને સોંપવામાં આવ્યું તેની એકેએક શાખામાં તેમણે માન અને નામના મેળવ્યાં.

યુદ્ધની પૂર્ણાહુતિ પછી તેઓ ખાનગી ઉદ્યોગોમાં જોડાયા અને બાંધકામની વિશાળ યોજનાઓ—જેવી કે નહેરો, મકાનો વગેરે—તેમણે હાથ ધરી. આ કામમાં તેમનો વિશિષ્ટ અનુભવ, વ્યવસ્થાશક્તિ અને નાણાકીય ગણતરી ખૂબ જ ગણનાપાત્ર હતી. બીજી બધી બાબતો કરતાં પણ [illegible]ર તો એક બાબત પર જ મૂકતા કે જે કામ પે[illegible]ાં લીધું હોય તેને પ્રથમ પંક્તિની સફળતા મળવા જ જોઇએ.

જીવનના દરેક ક્ષેત્રમાં ડૉ. પંડ્યાએ અનેક મિત્રો મેળવ્યા હતા અને પોતાના સુમધુર વ્યક્તિત્વ અને વિશુદ્ધ ચારિત્ર્યથી એ બધાના પ્રીતિપાત્ર બન્યા હતા.

જ્યારે ડૉ. પંડ્યાની શારીરિક અને માનસિક શક્તિઓ ઉત્તુંગ શિખરો સર કરી રહી હતી એવા વખતે નીપજેલા એમના અકાળ મૃત્યુથી ભારતે પોતાના ગણ્યાગાંઠ્યા પ્રતિભાશાળી પુત્રોમાંના એકને ગુમાવ્યો છે.

અનન્ત પંડ્યા

ગગનવિહારી મહેતા
નૅશનલ પ્લાનિંગ કમિશનના માજી સભ્ય
યુ. સ્ટે. અમેરિકા ખાતે નિયુક્ત થએલા
ભારતના એલચી

For he is gone, where all things wise and fair
Descend;—oh, dream not that the amorous Deep
Will yet restore him to the vital air;
Death feeds on his mute voice, and laughs at our despair. —*Shelley*

વર્ષો પહેલાં, ૧૯૨૨ના ડિસેમ્બરમાં, ભાવનગરના દક્ષિણામૂર્તિ ભવનમાં મારા યુરોપના પ્રવાસ વિષે વિદ્યાર્થીઓ સમક્ષ મેં કંઈ કહ્યું હતું. વર્ષો પછી અનંત પંડ્યાએ મને કહ્યું કે 'તમે moving stairway (ચાલતા દાદર) વિષે કહ્યું હતું એ મને હજી યાદ છે!' એમણે એ વિષે સવાલ પણ પૂછેલો.

ક્વેટાના ધરતીકંપ પછી એક બાહોશ હિંદી ઇજનેરને સલાહ માટે સરકારે ઇંગ્લંડથી બોલાવ્યા છે, પછીથી લગ્ન કરીને એમનાં પત્ની સાથે એ પાછા વિલાયત ગયા છે, એવા ખબર સાંભળેલા. એ ભાવનગરના છે, હરગોવિંદભાઈ પંડ્યાના કુટુંબના છે, એમ પણ સાંભળેલું. એમને પહેલી વાર મળ્યો ત્યારે એનું સ્મરણ થયું.

૧૯૩૭માં લંડનમાં પહેલી વાર અમે—સૌદામિની અને હું—અનંત અને લીલીબહેનને મળ્યાં. ત્યારથી જ અમે એમને 'અંતુભાઈ' તરીકે સંબોધવાનું શરૂ કર્યું. એ પ્રથમ પરિચયે જ એમના પ્રતિભાશાળી ને મધુર વ્યક્તિત્વની છાપ અમારા પર પડી. અમે વારંવાર મળતાં. 'અસ-મૅન્સ હનીમૂન' નામનું નાટક જોવા ગયાં, એના છેલ્લા દસ્યમાં ખૂની વિચિત્રરીતેપકડાય છે એથી એ ખડખડાટ—બાળક પેઠે હસ્યા, એ હાસ્ય હજી મને સંભળાય છે. તે પછી તો એ હાસ્ય કેટલી યે વાર સાંભળ્યું. કંઈ રમૂજ કરીએ, મશ્કરી કરીએ, ત્યારે એવું હસે કે એમના નિર્મળ ને ઉદાર હૃદયનો જાણે એમાં પડઘો પડતો હોય! ઇંગ્લંડ ને પશ્ચિમના સમાજમાં સ્ત્રીપુરુષના સંબંધ વિષે સૌદામિનીએ થોડા સવાલો પૂછ્યા, એના એમણે વિના સંકોચે, સ્પષ્ટ જવાબ આપ્યા. ફરી સ્વદેશમાં જ મળીશું એ આશાએ જુદા પડ્યા.

યુરોપમાં યુદ્ધનાં નગારાં વાગતાં હતાં. અંતુભાઈએ મને લખ્યું કે બને તો હવે હિંદ પાછા આવવાની ઇચ્છા હતી. કલકત્તા (સિબપુર)ની બંગાલ એન્જિનીઅરિંગ કૉલેજમાં આચાર્યની જગ્યા ખાલી હતી ત્યાં આવવાની ઇચ્છા હતી. લંડનમાં એ વેળાની ઇંડિયા ઑફિસની ત્રણચાર અંગ્રેજોની કમિટીએ એમની જ પસંદગી કરી,—બીજા અંગ્રેજ ઉમેદવારો હોવા છતાં! આપણા દેશનાઇજનેરોની કમિટી હોત તો આમ બનત કે નહિ એ કહેવું મુશ્કેલ છે! અંતુભાઈ આ કૉલેજમાં આવ્યા એથી અમને ખૂબ ખુશાલી થઈ. એક તો આ સ્થાન પર ત્યાં સુધી અંગ્રેજો જ નિમાયા હતા; ને બીજું, કલકત્તામાં આવા શક્તિશાળી ગુજરાતી અને આવું સંસ્કારી દંપતી આવે છે અને ૩૧ વર્ષની નાની વયે આ મોટું સ્થાન દીપાવશે એથી પણ અધિક આનંદ થયો. એમની એ નિમણુક વિષે કલકત્તાના 'નવરોઝ' સાપ્તાહિકમાં મેં થોડું લખ્યું હતું. એમને એ દેખાડ્યું ત્યારે એમને ખાસ રસ ન પડ્યો. છાપાળવી જાહેરાતનો એમને શોખ નહોતો.

કરાંચીની કૉલેજમાં અને અમેરિકાની એમ.આઇ.ટી.ની સંસ્થામાં એમની કેવી ઉજ્જવલ કારકિર્દી હતી એ અહીં કહેવાની જરૂર નથી. જ્યાં અભ્યાસ કરતા ત્યાં એમને પારિતોષિક, ચંદ્રક, શિષ્યવૃત્તિ વગેરે મળતાં જ. પણ એ કેવળ પરીક્ષામાં ઉત્તીર્ણ થવા પૂરતી જ કુશળતા હતી એમ નહિ. બુદ્ધિની તીવ્રતા, ગમે એવા ગહન વિષયમાં પણ પારંગત થવાની શક્તિ, આડંબર વગર સરલ ને સ્પષ્ટ લખવાની કલા, એ સૌને પરિણામે એ જ્યાં હોય ત્યાં દીપી ઊઠતા. એમનું જ્ઞાન, એમની ચપળતા ને એમની સફળતાથી એમના સહાધ્યાયીઓ પણ આશ્ચર્ય પામતા. એમના એક અમેરિકન પ્રોફેસર સ્ટ્રૉઇકે મારી પુત્રી ઉમાને કહ્યું હતું કે 'અનેક વિદ્યાર્થીઓ મારા હાથ નીચે અભ્યાસ કરી ગયા છે, પણ ડૉ. પંડ્યા જેવો વિદ્યાર્થી મેં હજી સુધી નથી જોયો!' અને એ તો ગણિતના અધ્યાપક હતા, જે અંતુભાઇનો ખાસ વિષય પણ નહોતો! ૧૯૩૮માં આંતરરાષ્ટ્રીય પારિતોષિક એમને મળ્યું એ આપણા દેશ માટે ઓછા ગૌરવની વાત નહોતી.

કલકત્તામાં, સિબપુરની કૉલેજમાં થોડા જ વખતમાં એમણે વિદ્યાર્થીઓની અને શિક્ષકોની પ્રીતિ સંપાદન કરી. યુનિવર્સિટીની સેનેટ-સિન્ડિકેટમાં ને અનેક કમિટીઓમાં એ સભ્ય હતા. બંગાળમાં ઇજનેરી કેળવણીની સંસ્થાઓ તપાસવા એ ઢાકા, ચટગાંવ વગેરે સ્થળે પણ ગયા હતા. એ વેળાનું બંગાળનું વાતાવરણ વિષમ હતું. બંગાળીઓની પ્રાન્તિકતા, મુસ્લિમ લીગનું કોમી રાજ્ય, વિદ્યાર્થીઓની શિસ્તહીન વર્તણૂક એ બધાંની

વચ્ચે કામ કરવું સહેલું નહોતું. પણ અન્તુભાઇ એ બધાં વિઘ્નો ને મુશ્કેલીઓ છતાં પોતાની અસાધારણ શક્તિ, ચારિત્ર્યબળ ને મિઠાશથી બધાને આંજી નાખતા અને મન હરી લેતા. એમના જેવી આત્મશ્રદ્ધા મેં આપણા દેશમાં તો બહુ થોડા માણસોમાં જોઇ છે. જેમ કામ વધારે મુશ્કેલ, એમ એ માથે લેવું. આપણી શુદ્ધ બુદ્ધિ હોય, આપણામાં દઢતા ને હિંમત હોય તો પછી શા માટે અને કોનાથી ડરવું? કવિ બ્રાઉનિંગના શબ્દો એમને માટે યથાર્થ હતા:

Then, welcome each rebuff
That turns earth's smoothness rough,
Each sting that bids nor sit nor stand but go!
Be our joys three-parts pain!
Strive, and hold cheap the strain;
Learn, nor account the pang;
dare, never grudge the throe!

સિબપુરમાં મને એક વાર વાત કરતાં કહ્યું કે 'મારી પહેલેથી જ ખાતરી હતી કે જિંદગીમાં મને સફળતા મળશે જ. હજી તો આપણે જુવાન છીએ, હજી ઘણું કરવાનું છે, જોવાનું--જાણવાનું છે, દેશને મહાન કરવાનો છે!' બીજી જૂનની સવારે જ્યારે ખબર મળ્યા કે અદ્ભુત ચેતનવાળા, આશાભર્યા, નવજુવાન અંતુભાઈ સદાને માટે ચાલ્યા ગયા છે, ત્યારે એ શબ્દો મને ફરીફરી યાદ આવ્યા અને તીરની પેઠે હૃદયમાં ભોંકાયા! એ મનોરથોભર્યા જીવનને વિધિએ પૂર્ણ ન થવા દીધું, ભવિષ્યની એ આશાઓ રાખ થઈ ગઈ!

યુદ્ધના સમયમાં એમણે સપ્લાઇ ડિપાર્ટમેન્ટમાં નોકરી સ્વીકારી એ પહેલાં કોઈ હિંદીને નહોતું મળ્યું એવું સ્થાન (દારૂગોળો ઉત્પન્ન કરનાર કારખાનાંઓના નાયબ વડાનું) પણ એમણે મેળવ્યું. વિદ્યાનું મંદિર છોડીને, પરદેશી સરકારના ખાતામાં તે વખતે એ કામ કરવા ગયા એ મને સાલતું હતું અને અમે એ વિષે ચર્ચા પણ કરતા. પરંતુ ત્યાં પણ એમની કાર્યદક્ષતા, પ્રામાણિકતા અને સ્વદેશી ઉદ્યોગોને સહાય કરવાની તત્પરતાથી સૌકોઇ પર છાપ પાડી. એ વખતે પણ તે સમયના સપ્લાઇ ખાતાના મંત્રી સર રામસ્વામી મુદલિયારે મારી આગળ એમની ખૂબ પ્રશંસા કરી હતી એ મને યાદ છે.

એકવાર કલકત્તાથી દિલ્હી જતાં ટ્રેનમાં અમૃતસરની કોઈ નાની ઇજનેરી કંપનીના એક શીખ ભાઇ બીજા ઉતારૂ આગળ અંતુભાઇનાં વખાણ કરતા હતા એ સાંભળી મને બહુ આનંદ થયો. અનેક અમલદારો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, એમના કામની સ્તુતિ કરતા, છતાં મને લાગ્યા કરતું કે આ કંઈ એમના જેવા માટેનું કામ નથી.

૧૯૪૪માં જ્યારે આયોજન અને રાષ્ટ્રવિકાસનું ખાતું સ્થપાયું ને સર અરદેશર દલાલ એના મંત્રી હતા ત્યારે અન્તુભાઇને એ ખાતામાં લેવાની મેં સૂચના કરી હતી. સર અરદેશરે કહ્યું 'એના કરતાં શું વધારે સારું?' તરત જ એમણે નામ લખી લીધું ને અન્તુભાઇને પત્ર લખ્યો. પહેલાં ઈચ્છા હોવા છતાં ગમે તે કારણસર અન્તુભાઇએ ના પાડી. મને આથી જરા ખેદ થયો. આ વિષે મેં એમને પૂછ્યું. અન્તુભાઇએ કહ્યું કે એમના વિચાર જુદા હતા. સિબપુર કૉલેજમાં ફરી લેવા બંગાળ સરકાર તૈયાર હતી ને એમને સલાહ આપવાનું અંગત કામ કરવા દેવાની છૂટ આપતી હતી; પણ ત્યાં જવાની યે એમની ઇચ્છા નહોતી. એમણે કહ્યું: 'મારી ઇચ્છા તો એક મોટી બાંધકામ કરનારી ઇજનેરી સંસ્થા આપણા દેશમાં ઊભી કરવાની છે. બંધો, નહેરો વગેરે મોટાંમોટાં બાંધકામો માટે આપણે પરદેશી ઇજનેરોને પૂછવું પડે છે, એ બધા પ્લાન અને નકશા બનાવી આપે છે. એવું શા માટે હોવું જોઇએ? અમને થોડા જુવાન માણસોને અમેરિકામાં ભણતા હતા ત્યારથી આની હોંશ છે. પણ મારી પાસે પૈસા નથી; મારી પડખે અને સાથે કોઇ સાહસિક ધનવાન હોય જેને પણ આવો આદર્શ હોય અથવા જેની આમાં સહાનુભૂતિ હોય તો હું કંઇક કરી શકું. મારો વિચાર હાલ તો બાંધકામ કરવા માટે એક નવી ઇજનેરી કંપની કાઢવાનો છે. એ પરથી મને અનુભવ મળશે, આપણા દેશમાં આવી જાતનું કામ કરવામાં શી અડચણો છે એનો ખ્યાલ આવશે અને એ દ્વારા હું મોટાં કામો કરી બતાવીશ. મને તો મોટી ઈમારતો ચણાય, બંધો બંધાય, એ જોવાની હોંશ છે; દેશની આ રચનામાં ભાગ લેવો છે. હું કંઇ નવું નહિ યોજું ને નહિ રચું ત્યાં સુધી મને સંતોષ નહિ થાય!' જેમ શિલ્પી નવી પ્રતિમા ઘડવા માટે તલસે છે, ચિત્રકારને પોતાના અંતરની લાગણી મૂર્ત કર્યા વગર સ્વસ્થતા નથી થતી, એમ ઇજનેરને પણ નવી ઈમારતો ઘડ્યા વગર જંપ નથી વળતો એ ત્યારે મને સમજાયું. આને જ સર્જનનો આનંદ કહેવાય.

અન્તુભાઇએ નવી ઈજનેરી કંપની શરૂ કરી. એના મુખ્ય સંચાલક એ પોતે જ હતા. બે વર્ષમાં એને દેશભરમાં જાણીતી કરી. એમની કુશળતા અને અથાગ મહેનતનું એ પરિણામ હતું. પરંતુ મને લાગ્યા કરતું હતું કે આપણા દેશમાં ઇજનેરી કામ કંટ્રાક્ટ લેનારનું બની ગયું છે. નથી એની પ્રતિષ્ઠા, નથી એમાં સીધી રીતે કામ થતું. કંટ્રાક્ટરવર્ગ લોભી છે, અધિકારીવર્ગ પાસે કામ લેતાં અનેક જાતની લાગવગ લગાડવી પડે છે. પરંતુ કામ જેમ વધારે

કારણ એમ અન્તુભાઈ વધારે ઝંપલાવે એવા હતા. વિષમ સ્થિતિની દલીલ કરીએ તો કહે કે એ સ્થિતિ વિષમ છે માટે જ આપણે બદલવી જોઈએ; સારા માણસો એમાં નહિ પડે તો સ્થિતિ ક્યારે સુધરશે? આ વિષે અમારા મિત્ર ડૉ. સુધીર સેન જે દામોદર વૅલી કૉર્પોરેશનના સેક્રેટરી છે એમણે મને એક પત્રમાં લખ્યું છે એ સાચું છે:

'મારા છેલ્લા પત્રમાં જણાવ્યા મુજબ પંડયાનું માનસ બંધારણ ખરા એન્જિનિયરનું હતું. એનો આ અગ્રગામીપણાનો જુસ્સો જ એને બીજી નોકરીઓ છોડીને જંગી બાંધકામો માથે લેવા પ્રેરતો. એનું જાણે એક સૂત્ર જ થઈ ગયું હતું કે મોટાં કામ હમેશાં મોટીરીતે જ હાથ ધરવાં જોઇએ. તેમની આર્ષદૃષ્ટિએ એ જોઇ લીધું હતું કે આધુનિક પદ્ધતિપર યોજાએલી ને છેલ્લામાં છેલ્લી યાંત્રિકશક્તિઓ વાપરીને બાંધકામ કરી આપનારી તદ્દન અદ્યતન પેઢીઓ સ્થાપ્યા વિના આ દેશ પોતાની વિકાસદિશામાં કદી ઝાઝી પ્રગતિ કરી શકવાનો નથી.

તોપણ તેમણે જે ધંધો પસંદ કર્યો તેની મથાવટી મેલી હતી ને લોકો એમની આ પસંદગી પ્રત્યે વહેમથી જોતા. એમનો હેતુ બહુ જૂજ લોકો સમજી શકેલા. કેટલાક તો તેમના પ્રામાણિકપણા વિષે પણ શંકા ઉઠાવતા. પણ પંડયા તે વિષે લાપરવા હતા. તેને તો જંગી કામો પાર પાડવાનો કીમિયો જાણી લઇને આ દેશમાં તે અમલી બનાવવાની તાલાવેલી લાગેલી, એટલે એ આહ્વાન પણ ઝીલી લીધું. થોડા સમય પહેલાં બંગાળના ટાગોર કુટુંબે જેમ નૃત્ય અને સંગીતને અધોગતિની ખાડમાંથી બચાવી સામાજિક પ્રતિષ્ઠા આપી હતી અને તેમને સૌંદર્ય તથા આનંદનો બહુજનસમાજને આસ્વાદ કરાવતો રૂપાવતાર આપ્યો હતો, તેવી રીતે પંડયાને પણ આ કૉન્ટ્રેક્ટરના ધંધાને વિશુદ્ધ તથા ઉન્નત બનાવી પ્રામાણિકપણા અને ગૌરવની ઉચ્ચ કક્ષાએ મૂકવાના કોડ હતા. આ તેનું સ્વપ્ન હતું, અને મને તો લેશમાત્ર સંશય નથી કે જો એમને દીર્ઘાયુ મળ્યું હોત તો તેમણે તે પાર પાડયું જ હોત.'

મુંબઇને પાણી પૂરું પાડવાની યોજનામાં વૈતરણા નદીની ટનલના બાંધકામનું, બિહારમાં દામોદર નદીની ગંજાવર યોજનામાં કોનારનો બંધ બાંધવાનું કામ એમણે માથે લીધું. આ પ્રકારનાં કામ યુરોપ-અમેરિકામાં હાલ કેવાં થાય છે, એમાં છેલ્લાં દસ વર્ષમાં શી પ્રગતિ થઈ છે એનો અભ્યાસ કરવા ૧૯૫૧ના ઑગસ્ટમાં એ પરદેશ જઈ આવ્યા અને પુષ્કળ માહિતી મેળવી આવ્યા. કંડલા બંદરના બાંધકામ માટે પ્રયાસ કરતાં પહેલાં એ જાતનું કામ કેમ થઇ શકે એ જોવા માટે માર્ચમાં એમનાં પત્ની સાથે યુરોપ ગયા. એમની તૈયારી હમેશાં વિસ્તૃત અને ઝીણવટભરેલી હતી. ઘણા પરદેશીઓ સાથે સંબંધ રાખતા અને પત્રવ્યવહાર કરતા, પણ પરદેશ કે પરદેશીઓ ઉપર લાચારી રાખવાની વિરુદ્ધ હતા. પરદેશથી જ્ઞાન કે નિષ્ણાતો લાવવા ખરા, પણ ધારીએ તો એમનાથી પણ વધારે સારું કરી બતાવીએ એમ એ માનતા. કહેતા કે 'આપણા દેશમાં ખરા રાષ્ટ્રવાદી ગાંધીજી હતા. એમને આપણા દેશના લોકો પર શ્રદ્ધા હતી, આપણા ભાવિમાં વિશ્વાસ હતો. ગમે તેવા છીએ પણ એમાંથી જ આપણે ભવિષ્ય ઘડવાનું છે એમ એ માનતા. એ જ ખરો માર્ગ છે.'

દસમી મેએ મુંબાઇમાં—અંધેરીમાં મને મળવા આવ્યા ત્યારે યુરોપના છેલ્લા પ્રવાસની વાત કરી. કહે. 'આપણી ઋતુ ખરાબ છે એમ આપણે કહીએ છીએ ને કામ માટે પ્રતિકૂલ છે એમ ધારીએ છીએ; પરંતુ આ પ્રવાસ પછી મારી ખાત્રી થઈ છે કે એમ નથી. યુરોપ-અમેરિકાનો આકરો શિયાળો વધારે ખરાબ છે. મારા કામને અંગે હું ગામડાંમાં જાઉં છું ત્યાં જોઉં છું કે આપણે કેટલું કામ કરી શકીએ એમ છીએ. રસ્તા, નહેરો કે ગામડાંની શાળા કે એવાં મકાનો બાંધવાનો ઉત્સાહ લોકોમાં જાગૃત કરી, એમની શક્તિમાંથી જ ઘણું બળ ઊભું કરી શકાએ.'

૧૯૪૭માં રાષ્ટ્રીય સરકારની સ્થાપના થઈ ત્યારે ઉદ્યોગ અને પુરવઠા ખાતાના ડાયરેક્ટર જનરલની પદવી પર અન્તુભાઈને નીમવાની વાત હતી એ થોડાને જ ખબર છે. એમને પૂછવામાં પણ આવ્યું હતું. એમને આગ્રહ કરીને હા પડાવ્યા પછી ડૉ. જે. સી. ઘોષને એ સ્થાન આપવામાં આવ્યું હતું. આથી સ્વાભાવિકરીતે અન્તુભાઈને માઠું લાગ્યું હતું. છતાં બીજેજ વર્ષે બૅંગ્લોરની હિંદુસ્તાન ઍરક્રાફ્ટ કંપનીના જનરલ મૅનેજર તરીકે થોડા મહિના પણ કામ કરવાનો આગ્રહ કરવામાં આવ્યો ને સરદાર વલ્લભભાઈએ પણ કહ્યું ત્યારે એ કામ હાથ લીધું. ત્યાં પણ એમનું કામ દીપી નીકળ્યું. ૧૯૪૮ના સપ્ટેમ્બરમાં હું બૅંગ્લોર ગયો ત્યારે માઈસોરના મંત્રીઓ વગેરે એમના કામની પ્રશંસા કરતા હતા. ટાટા કંપનીના મુખ્ય સંચાલક શ્રી જે. આર. ડી. ટાટા હિંદુસ્તાન ઍરક્રાફ્ટ કંપનીના ડિરેક્ટર છે. એ મારી પર લખે છે:

'ડૉ. અનંત પંડયાના કરુણ અવસાનના સમાચાર સાંભળી મને અત્યંત આઘાત ને શોક થયાં. એ હિંદુસ્તાન ઍરક્રાફ્ટના જનરલ મૅનેજર હતા ત્યારે મારે એમની સાથે સારો પરિચય થએલો ને જે કોઈ એમના સંપર્કમાં આવતા એમને એમના વિષે ઊંચો અભિપ્રાય થતો, એમ મને પણ એમની કાર્યશક્તિ ને એમના જ્ઞાન વિષે બહુ

ઊંચો મત હતો. તે ઉપરાંત માણસ તરીકે પણ મને એ બહુ ગમી ગયા હતા. આપણા દેશમાં એમના જેટલા ઉચ્ચ કોટિના થોડાક જ ઇજનેરો છે, ને અકાળે એમના અવસાનાથી દેશને મોટી ખોટ પડી છે.'

ઈ. ૧૯૫૦ના ડિસેમ્બરમાં, 'ઇકોનૉમિક ઍન્ડ મિલિટરી કૉન્સીક્વન્સિઝ ઑવ્ અટમ બૉમ્બ' નામે પુસ્તકના લેખક અને વિખ્યાત વૈજ્ઞાનિક પ્રો. બ્લૅકેટે મને કહેલું કે: 'તમારા દેશમાં ડૉ. પંડ્યા વિરલ પુરુષ છે ને એમના જેવા વધારે માણસો હોય એમ હું ઇચ્છું છું.'

૧૯૫૦ના જાન્યુઆરીમાં દિલ્હી આવ્યા ત્યારે એમની સાથે 'ઇન્ટરનૅશનલ એન્જિનીઅરિંગ એક્ઝીબિશન' જોવાનો લાભ મને મળેલો એ હું કદી ભૂલીશ નહિ. એમના જ્ઞાનભંડોળથી, સરલરીતે સમજાવવાની શક્તિથી, બુદ્ધિની તીક્ષ્ણતાથી હું ચકિત થઈ જતો. એ વખતે દિલ્હીથી બસો માઈલ દૂર ભાખરાની યોજના જોવા લીલીબહેન અને એકાદ બે મિત્રો સાથે એ ગએલા. પાછા આવતાં મોટર નદીના પાણીમાં ખૂંચી ગઈ અને મોટરની અંદર પાણી ભરાઈ ગયું. પોતે બે માઈલ દૂરના ગામડામાં સાઈકલ પર જઇને માણસોને બોલાવી લાવ્યા અને દોરડાથી મોટર ખેંચીને ચલાવી. શિયાળાની કડકડતી ટાઢમાં મધરાતે ઘેર આવ્યા ત્યારે મેં કહ્યું, 'બહુ હેરાન થયા!' પણ એમણે તો માત્ર કહ્યું, 'અમારે ઇજનેરોને તો એવું ચાલ્યા કરે!' બીજે દિવસે સવારે દોડાદોડ કરવાનું શરૂ કર્યું. શક્તિ અને ઉમંગથી એ જાણે થનગનતા હતા.

અન્તુભાઇ પર પાશ્ચાત્ય કેળવણીની અને રહેણીકરણીની પુષ્કળ અસર હતી. એ વિજ્ઞાનમાં અને ખાસ કરીને શાસ્ત્રીય પદ્ધતિથી પ્રશ્નોનો અભ્યાસ તથા ઉકેલ કરવામાં માનતા. પરદેશ ભણી આવેલા યુવકોને ઘણી રીતે સહાય કરતા—એમને સલાહ આપતા, યોગ્ય સ્થળે ગોઠવી આપવામાં મદદ કરતા, એમના ભાવિમાં રસ લેતા. શિક્ષિત-યુવકોના એ જાણે નેતા હતા. વૉલ્ટ ડીઝનીનું 'ફૅન્ટાઝિયા' ઘણાં વર્ષો પર કલકત્તામાં અમે સાથે જોવા ગયા ત્યારે અમારા બંને પર ઊંડી અસર થઇ: આનંદની સાથે વિજ્ઞાનની અદ્ભુત શક્તિની ઝાંખી થઈ. અન્તુભાઈએ કહ્યું, 'વિજ્ઞાનની મદદથી આપણે ધારીએ તો શું કરી શકીએ એનો આ ફિલ્મથી ખ્યાલ આવે છે. મનુષ્યનાં જીવન પ્રફુલ્લ અને રસિક કરી શકીએ.'

When some beloved voice that was to you
Both sound and sweetness, faileth suddenly,
What hope? What help? What music
Will undo that silence to your senses?

—*Elizabeth Browning*

બીજી જૂનની સવારે હું ઑફિસમાં જવાની તૈયારી કરતો હતો ત્યાં મારી પુત્રી ઉમાએ બૂમ પાડીને—લગભગ ચીસ પાડીને કહ્યું કે કલકત્તાથી તાર છે કે મોટરના અકસ્માતમાં અન્તુભાઈ ગુજરી ગયા! હું સ્તબ્ધ થઇ ગયો, અવાક્ થઇ ગયો, મારા મન પર સંયમ ન રાખી શક્યો. આવા સમાચાર ક્વચિત જ ખોટા હોય છે એ કોણ નથી જાણતું? આવા શક્તિશાળી, જુવાન, હોંશીલા અન્તુભાઇ આમ અચાનક હમેશ માટે ચાલ્યા ગયા? આ શું બન્યું, આવું શી રીતે બને એ પૂરું સમજાતું પણ નહોતું! આ સાચું છે એમ જાણવા છતાં મન માનવાની ના પાડતું હતું. કંઇ ભૂલ હશે, નામમાં ભૂલ હશે, હજી બચી ગયા હશે, એવા વ્યર્થ તર્કો થયા કર્યા. રાતને વખતે એ ગ્રાન્ડ ટ્રંક રોડ પર શા માટે મુસાફરી કરી? ડ્રાઇવર કદાચ ઝોકાં ખાતો હશે? કે જોરથી મોટર ચાલતી હશે? એમને તે વખતે કેવું લાગ્યું હશે? આવાઆવા અનેક વિચારો સ્વજનોને આવે છે. એમની મોટર જરા વળી નહિ એમાં દેશે એક રત્ન ગુમાવ્યું, મિત્રોએ અને કુટુંબીઓએ એમને સદા માટે ખોયા! અનેક મનોરથો મનમાં રહ્યા ને આશા નષ્ટ થઇ ગઇ! વિધિનો આ કેવો ન્યાય? પ્રકૃતિની કેવી ઘટના? જગતમાં આ કંઈ પહેલો અકસ્માત નથી. જિંદગીમાં આ કંઈ પહેલું અવસાન નથી, એ જાણીએ છીએ છતાં પ્રિયજનને આવું થાય છે ત્યારે મનનું સમાધાન કે સાંત્વન થતું નથી. એ બનાવને બીજે દિવસે ડૉ. સુધીર સેને મારા પર લખ્યું:

'દસ વરસ પર સિંગાપોરમાં તમે પંડ્યા સાથે મારી ઓળખાણ કરાવી આપી ત્યારથી હું અવારનવાર તેમને મળતો. છેલ્લાં બે વરસમાં તો હું તેમના ખૂબ પરિચયમાં આવ્યો; ને જેટલો વધુ તેમના સંપર્કમાં આવતો ગયો તેટલો વધુ ને વધુ હું તેમને ચાહતો ગયો. તેમની નિશ્ચયાત્મક વિચારણા, તેમની આત્મશ્રદ્ધા, તેમની આશાવાદી જીવનદૃષ્ટિ, તીવ્ર બુદ્ધિ અને જવાનીના જોમનો તેમનામાં થએલો વિરલ સંગમ, દેશદાઝ ને દૃઢ નિશ્ચયબુદ્ધિથી કોઈ પણ કામ પાર પાડવાનો ઉત્સાહ—આ બધાંને કારણે તે એક આકર્ષક ને રંગદર્શી વ્યક્તિ બની રહ્યા હતા. મારી તો એ આશા ને માન્યતા હતી કે એક દિવસ પંડ્યા સમસ્ત હિંદી ઇજનેરોના અગ્રણી બની રહેશે, અને તેમનામાં પ્રગતિવાદનો પ્રાણ સીંચીને તેમને અભિનવ માર્ગો સુઝાડશે. એક ખરા અગ્રગામીનું તેમનું માનસ-બંધારણ હતું હિંદી ઇજનેરી જગતમાં આજે સર્વસામાન્ય બની રહેલી સંકુચિત અને સ્વાર્થી વૃત્તિની સામે જે સખત લડત લડવી પડવાની તેને નિર્દેશીને તે આત્મશ્રદ્ધાપૂર્વક કહેતા કે 'યુગબળ આપણી તરફેણમાં છે.'

આ બધી આશાઓનો હવે એકાએક અંત આવી ગયો. એક અત્યંત આશાસ્પદ અને ઉજ્જ્વલ કારકિર્દી ભર જવાનીમાં અધવચ્ચેથી કપાઈ ગઈ. એ ખોટ કદી જ નથી પુરાવાની. વિચાર ને દૃષ્ટિબિંદુની એકતાએ અમને બહુ નિકટ લાવી મૂકેલા હતા; એટલે હું તો એમના આમ એકાએક ઊપડી જવાથી એક ભારે અંગત ખોટની શૂન્યતા અનુભવી રહ્યો છું.'

અંગ્રેજીમાં ઉક્તિ છે કે દેવોને જે પ્રિય હોય છે એ વહેલા ચાલ્યા જાય છે. શા માટે દેવો આશાભર્યા યુવાનને આમ લઇ લે છે એ મને ખબર નથી. અકસ્માતનું કારણ પણ કોણ કહી શકે? રૂઢ શબ્દોમાં આપણે સૌ એકબીજાને આશ્વાસન આપીએ છીએ કે 'ઇશ્વરેચ્છા!' 'દૈવનું નિર્માણ થએલું.' 'કાળનું ચક્ર કદી પાછું ફરતું નથી,' 'સમય કોઇ માટે થંભતો નથી.' 'દુઃખનું ઓસડ દહાડા' એ કેવું ક્રૂર વચન છે? પ્રિયજનને પણ આપણે ભૂલી જઇએ છીએ, જીવંત વ્યક્તિ માત્ર સ્મરણમાં રહે છે.

Alas! that all we loved of him should be,
But for our grief, as if had not been,
And grief itself be mortal!

જેઓ અન્તુભાઇને ઓળખતા, જેમને એ પ્રિય હતા, જેમને એમને માટે આદર ને માન હતાં એમના જીવનમાં તો એવી ખોટ પડી છે, એમનાં હૃદયમાં એવી ઊણપ આવી ગઈ છે કે જે એ સૌ જીવશે ત્યાં સુધી કદી નહિ પુરાય.

ડૉ. અનંત પંડ્યા

એડવર્ડ ગ્રુનર અને જ્યૉર્જ ગ્રુનર
—કન્સલ્ટિંગ એન્જિનીઅર્સ · બાલ (સ્વિટ્ઝર્લાંડ)—

ડૉ. અનંત પંડ્યા સાથેનો અમારો પરિચય જોકે અલ્પજીવી હતો, છતાં એનાથી અમારાં જીવન સમૃદ્ધ બન્યાં હતાં. બાલમાં ૧૯૫૧ના ઇસ્ટરના દિવસો ડૉ. પંડ્યાએ અમારી સાથે ગાળેલા ત્યારે અમારાં બન્નેનાં કુટુંબોને પરસ્પર ગાઢ સંપર્કમાં આવવાની જે તક મળેલી એ અમને હમેશાં યાદ રહેશે. આ સમય દરમિયાન વાતચીતમાં હવાઇ મુસાફરીનાં જોખમ વિષે ઉલ્લેખ થતાં ડૉ. પંડ્યાએ સમજાવેલું કે કોઈ મનુષ્ય સ્વેચ્છાથી પોતાનું ભાવી બદલી શકતો નથી; ત્યારે અમને સ્વપ્ને પણ ખ્યાલ ક્યાંથી હોય કે ડૉ. પંડ્યાની જીવનકલા યુવાવસ્થામાં આવી સુંદર પ્રગતિ સાધીને થોડા જ સમયમાં સંકેલાઈ જશે! આ ટૂંકા સમયમાં થયેલા પરિચય તથા પરસ્પરની સહાનુભૂતિથી જન્મેલું સ્મૃતિ-ચિત્ર નીચેના કાવ્યમાં નિરૂપ્યું છે. અમને આશા છે કે એ દ્વારા અમારા વિચારો અને ઊર્મિઓ એમના સ્નેહીઓ અને સંબંધીઓ સમક્ષ વ્યક્ત થશે.

કુસુમ-કુંજ

એક સ્મરણાંજલિ

(અનુષ્ટુભ પૃથ્વી)

લાગે છે સ્વપ્નની લીલા!
કે શું હશે વિસ્મૃતિના ક્ષિતિજે દૃશ્ય પાંગર્યું!
હશે આ સ્વપ્ન શું સાચે?
કથે છે કોઈ જેને શું આ તે જીવનની કલા!

થતો ઉદય સૂર્યનો, કિરણ સૌમ્ય વ્યાપી રહ્યાં
વહે બની પ્રફુલ્લિત, સકલ વિશ્વમાં ચોદિશે;
બિછાઇ પૃથિવી પરે ધુમસની ઘટા ગાઢ જ્યાં
દિસે સુભગ એક માત્ર વસતું તરુ ઉન્નત!
તુરે તિમિરની ઘટા, જયમ પ્રકાશ વાધ્યે જતો
અને ક્ષિતિજના પટે ધસતી આકળી વાદળી
ઉડે નવીન ભર્ગમાં સકલ પૃથ્વી શુભ્રાંગના
નરી છતી થતી દિસે કુસુમકુંજની દિવ્યતા!
ઉભેલ ત્યહિં મધ્યમાં તરુ વિશેષ સૌંદર્યમાં
ઉંડાં તરુ મૂળો બધાં પ્રસરી પૂર્વ ને પશ્ચિમે

ધરે અવનવીન ગુચ્છ પચરંગી પુષ્પો તણા.
અહો! તરુવરે વરી સરલ ભવ્યતા કુંજની!
લચી રહી હવા બધે નવ પરાગના સૌરભે
ગુલાબ તણી માલથી તરુશરીર શોભી રહે
નીચે શીતળ છાયમાં સૂરજમુખી ખીલી રહ્યાં
અને કુદરતે દીપે જીવનસૌખ્ય, સૌંદર્ય ત્યાં.
અચાનક ત્યહિં ઉડે સખત આંધિ વૃષ્ટિ તણી;
કનિષ્ઠ સહુ પ્રાણીઓ નમી પડે, ગ્રહે આશ્રય;
પડે તરુ તુફાનમાં, સમૂળ નાશ પામે અને
છવાઈ તરુક્યારીમાં કરુણ મેઘની કાલિમા!

ભલે આ સ્વપ્ન કે સત્ય; નક્કી આ ઉર્ધ્વ જીવન
ગયું એ દૃશ્ય; થોડાંએ જોયું એ બડભાગી તે.

ડૉ. અનંત પંડ્યા: એક સ્મરણ

એલ. એફ. હર્ઝા
હર્ઝા એન્જિનીઅરિંગ કં., કન્સલ્ટિંગ એન્જિનીઅર્સ, શિકાગો, યુ. સ્ટે. અમેરિકા.

દામોદર વૅલી કૉર્પોરેશનના ઇજનેરી કામ સંબંધે ૧૯૫૦ના ઉનાળામાં મને સ્વ. ડૉ. અનંત પંડ્યાની પ્રથમ ઓળખાણ થએલી. એ વેળા અમારી વચ્ચે બંધાએલી મૈત્રી એમના અકાળ અવસાનને લીધે અલ્પજીવી નીવડી, પરંતુ તેમ છતાં એ ખૂબ ગાઢ ને સહૃદય હતી.

ડૉ. પંડ્યા કરતાં વધારે પ્રતિભાશાળી વ્યક્તિત્વ, ચારુતા અને સહૃદય ભાવનાવાળા માણસને હું કદી મળ્યો હોઉં એવું મને યાદ નથી. ડૉ. પંડ્યા એક એવા વિરલ પુરુષ હતા કે જેમને અત્યારના નિષ્ઠુર ને સ્વાર્થપરાયણ જગતમાં મળવાનું કોઇને જવલ્લેજ સુભાગ્ય પ્રાપ્ત થાય.

ઘણા પ્રસંગે મને એમણે કહેલું: 'મારો ગરીબ દેશ! એને સુધારવા હું શું કરું?' પોતાના દેશને કોઈપણ રીતે ઉપયોગી થવાની એમની સહૃદય ભાવના સ્પષ્ટ હતી. જો એમનું આયુષ્ય લંબાયું હોત તો હિંદની સુધારણામાં તેઓ અગત્યનું પ્રેરક બળ બની રહેત એમ મને લાગે છે.

આટલા આશાપ્રદ પુરુષનું આવું અકાળ મૃત્યુ થાય તે એક અગમ્ય કરુણ ઘટના છે. એમના જવાથી એમના કુટુંબને, મિત્રોને અને દેશને ભારે ખોટ પડી છે.

ડૉ. અનંત પંડ્યા: ટૂંક પરિચય

એ. એમ. કોમોરા
દામોદર વૅલી કૉર્પોરેશનના ચીફ એન્જિનીઅર

ડૉ. અનંત પંડ્યાનો પરિચય મને ૧૯૫૦ના ડિસેમ્બરથી ૧૯૫૧ની ૧લી જૂને થએલા એમના અકાળ અવસાન સુધી રહેલો. એ અલ્પ સમય દરમિયાન એમના તરફ એક મહાનુભાવ તરીકે મને ખૂબ પ્રશંસાની લાગણી થએલી; અને એક ઈજનેર તરીકે મને એમના માટે ઘણું માન હતું.

હિંદમાં મારા આગમન પછી તુરત લગભગ એ અઠવાડિયાં સુધી દામોદર વૅલીમાં કોનાર બંધ અંગે કેટલાક અટપટા સવાલોનું નિરાકરણ કરવાનું હતું. ડૉ. પંડ્યા ને એમના સાથીઓ આ મોટી યોજના પર કામ કરતા હતા. આ પ્રશ્નોની ચર્ચાઓમાં ડૉ. પંડ્યાએ પોતાનું મંતવ્ય કેવી સચોટ રીતે સ્થાપિત કર્યું હતું એ સ્પષ્ટ જણાઇ આવતું હતું. ત્યાર પછી ઘણી વાર યોજનાની પ્રગતિ ખાતર એમણે નાણાંકીય નફાને જતો કર્યો હતો અને તેઓ વારંવાર કહેતા કે એમનો મુખ્ય હેતુ આ યોજના સફળતાપૂર્વક પૂરી થાય એ જોવાનો જ હતો.

૧૯૫૧ના જાન્યુઆરી માસમાં વર્લ્ડ પાવર કૉન્ફરન્સમાં પ્રતિનિધિ તરીકે આવેલ મારા જેટલા સાથીઓને ડૉ. પંડ્યાને મળવાની તક સાંપડેલી તે સૌના મન ઉપર તેમના વ્યક્તિત્વ અને ચારિત્ર્યની ઊંડી છાપ પડી હતી.

ઇશ્વરે ધાર્યું હોત તો ડૉ. પંડ્યાએ હિંદમાં, ને કદાચ વિશ્વમાં પણ, એક સૌથી અગ્રગણ્ય ઇજનેર તરીકે ખ્યાતિ મેળવી હોત. એમના અવસાનથી પડેલી ખોટ પૂરી શકાય તેવી નથી.

ડૉ. અનંત પંડ્યા અને જર્મની

ડૉ. હાંસમેયર હાઈનરીશ
ડૉ. એન્જિનીઅરિંગ · ફ્રાંકફુર્ટ (જર્મની)

ભારતની વસતિનું પ્રમાણ ઝડપથી વધતું જાય છે. તેમાં લોકોને અન્નની જરૂરિયાત છે અને તેનાં ખેતરોને પાણી જોઇએ છે. આ કીમતી પાણી એકઠું કરવા માટે અત્યારે તો દુનિયાના કોઇપણ દેશ કરતાં વધુ પ્રમાણમાં બંધો અને નહેરો બાંધવાની ભારત માટે જરૂર છે. હિંદી એન્જિનીઅરોએ આ પ્રશ્ન ભારે કુશળતાથી ઉપાડી લીધો છે. તેઓ બરાબર સમજે છે કે પોતાના દેશની સમૃદ્ધિ અને વિકાસની ચાવી તેમના હાથમાં છે.

ડૉ. પંડ્યા ભારતના અગ્રગણ્ય એન્જિનીઅરોમાંના એક હતા. આ અગત્યના કામમાં મદદગાર અને સહકાર્યકર્તાઓ તરીકે ભાગ લેવા માટે હાઇડ્રોલિક એન્જિનીઅરિંગને લગતા જર્મન નિષ્ણાતોને બોલાવવા એ ડહાપણભરેલું છે એમ સહુથી પહેલા વિચારનારાઓમાંના ડૉ. પંડ્યા એક હતા એ નિઃશંકપણે કહી શકાય તેમ છે. આ રીતે ડૉ. પંડ્યાના સંપર્કમાં આવવાનું સદ્ભાગ્ય મને મળ્યું. The Philipp Holzmann Aktiengesellscha St. નામની સંસ્થા, જેના મૅનેજિંગ બોર્ડમાં હું ઘણાં વર્ષથી કામ કરું છું, એ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં સારીરીતે જાણીતી છે. સો વર્ષ કરતાં યે વધારે વરસની એની કારકિર્દી દરમ્યાન મારી સંસ્થાએ

જગતના લગભગ બધા જ દેશોમાં એન્જિનીઅરિંગને લગતાં અગત્યનાં કામો, રસ્તાઓ, આગગાડીના માર્ગો, વાયુમાર્ગો, અને જળમાર્ગો, બંદરો, વીજળીઘરો અને બુગદાઓ બાંધવામાં સારો ફાળો આપ્યો છે. ડૉ. પંડયાના આમંત્રણને અમે પાછું વાળી શકયા નહિ. અને એન્જિનીઅર તથા આયોજક તરીકે તેમની આદર્શપરાયણતાએ, તેમની શક્તિએ તથા તેમના જ્ઞાને અમારી વચ્ચે બહુ ઓછા વખતમાં સમજૂતી અને સુમેળ સધાવ્યાં. અમે જર્મનીમાં સાથે ફર્યા તથા ભારતમાં પણ લાંબી મુસાફરી કરી, અને એ દ્વારા આ દેશની પરિસ્થિતિ તથા પ્રજાનું અમે બહોળું જ્ઞાન મેળવ્યું. પોતાના દેશનું સૌન્દર્ય, એની પ્રાચીન સંસ્કૃતિ, રીતભાત, વસતિ, સમૃદ્ધિ અને તેની તાત્કાલિક જરૂરિયાતો તરફ અમારી આંખો અને અમારું અંતર ખોલવાની–વાળવાની તેમનામાં અપૂર્વ કુશળતા હતી.

જો આ દેશમાં માત્ર વેપારીઓ તરીકે નહિ પણ એન્જિનીઅરો તરીકે ભારતની જરૂરિયાતો પૂરી પાડવાની અગત્યની યોજનાઓમાં ભાગ લેવા માટે જ અમારું આવવાનું બન્યું હોય–ને એમ જ છે એવી મારી આશા છે–તો અમારા એક મિત્ર, સાથી અને અગ્રેસર એવા ડૉ. પંડયાને અમે ખરેખર ગુમાવ્યા છે. પણ પોતાના દેશભાઈઓ માટે ઉત્તમોત્તમ સેવા કરવાનો જે આદર્શ દેશભક્ત એન્જિનીઅર ડૉ. પંડયાએ અમારા હૃદયમાં મૂકયો છે તે કાયમને માટે જીવન્ત રહેશે એવી અમારી ખાતરી છે.

અનંત

યશવંત પંડયા

આમ તો અમારે ત્રણ પેઢીનો પરિચય. શ્રી નાનાભાઈ ભટ્ટે દક્ષિણામૂર્તિની સ્થાપના કરી ત્યારે ભાવનગરમાં તેમને બે 'મોટાભાઈ' હતા–ગામમાં અનંતના દાદા શ્રી હરગોવિંદદાસ પંડયા; જ્ઞાતિમાં શ્રી ગીરધરલાલ પંડયા, મારા દાદા. આ બન્નેની સેવા દક્ષિણામૂર્તિને સાંપડી હતી અને એના પુરાવા પણ અવશેષ દક્ષિણામૂર્તિમાં પડયા છે. અનંતના પિતા અને મારા પિતા પણ બાળગોઠિયા પછી. અનંત અને હું ગુજરાત કૉલેજમાં સાથે: પણ અમારા રાહ ન્યારા. પરીક્ષામાં પ્રથમ આવવું એ અનંતને રમતવાત: મારે પસાર થવામાં પંચાત. છતાં અમારી વચ્ચે જે મૈત્રી રચાઇ હતી તે વધતી જ જતી હતી. અમે એક ગામના, એક અવટંકના અને લગભગ સરખા ઉચ્ચારના નામના એટલે દિલ્હી-કલકત્તા આવતા-જતા પરપ્રાન્તના સમાન ઓળખીતા પૂછતા કે અમે ભાઇઓ છીએ કે કેમ? શરૂઆતનાં વરસોમાં સત્યને ખાતર અમે ના પાડતા: પણ પાછળથી સુગમતાને ધ્યાનમાં લઇ હા ભણવાનું બન્નેએ નક્કી કરેલું!

અનંતમાં જે વિચારની સ્પષ્ટતા અને વાણીની નિખાલસતા હતાં તે મેં જૂજ મિત્રોમાં જોયાં છે. એનાં ઉદાહરણ હું આપી શકું એમ છું: પરંતુ સ્મારક-અંકમાં કદાચ કોઇને અસ્થાને લાગે એટલે માંડી વાળું છું.

અનંતની ધંધાદારી કારીગરી અને કારકિર્દી વિષે વાત કરવાનો અધિકાર એ દિશાના નિષ્ણાતોનો છે. હું તો આટલું જ જાણું છું–જે મેં ભલભલાના મોંએ સાંભળેલું છે–કે ઇજનેરી કલાશાસ્ત્રમાં આપણા દેશને આખી દુનિયાનાં માન અપાવે એવી શક્તિ એમનામાં હતી.

મોટીમોટી સરકારી ને ખાનગી સંસ્થાઓમાં ઉચ્ચ હોદ્દે જોડાયા હતા: છતાં નોકરી તે નોકરી એ હકીકત એમને ખૂચતી. એમની અંતરેચ્છા સ્વતંત્રપણે કાર્ય કરી બતાવવાની હતી. દેશને સેવારૂપ થવાની એમને હૈયે હોંશ હતી. ભરયુવાન વયે એ અચાનક ચાલ્યા ગયા એથી એમની મનની મનમાં રહી ગઈ. ખરું નુકસાન તો સ્વતંત્ર ભારતને થયું કે આજની પંચવર્ષીયથી માંડીને અનેકવિધ ઉપયોગી યોજનાઓમાં એમની સેવાનો લાભ ન રહ્યો. ઇશ્વરેચ્છામાં જેમને સાચી શ્રદ્ધા છે તેમનેય અનંતનો અંત ઊંડા વિચારમાં નાખી દે એટલો કરુણ અને ક્રૂર છે.

শ্রীচরণকমলেষু।

সাবকাকা, আমি অনেক দিন হইতে আপনাকে বাংলাতে একখানি পত্র লিখিবার ইচ্ছা করিতেছি, কিন্তু সময়ের অভাবে এত দিন পর্য্যন্ত লিখিতে পারি নাই। আমার এখানে আসিবার পর আমি বাংলা শিক্ষার অভ্যাস আরম্ভ করিয়াছি এবং এখন আমি মনে করি যে আমি ভাল রূপে পড়িতে ও বুঝিতে পারি। কথা

બંગાળ એન્જિનીઅરિંગ કૉલેજના પ્રિન્સિપલ હતા તે ગાળામાં સ્વ. અનંતે બંગાળી ભાષા પણ શીખી લીધી, અને તરત પોતાના કાકા (શ્રી મસ્તરામ પંડયા)ને પત્ર લખ્યો, તે એમના બંગાળી હસ્તાક્ષરોમાં.

—વડોદરામાં ભરાએલી ૨૯મી **'ઇન્ડિયન સાયન્સ કૉન્ગ્રેસ'**ના એન્જિનીઅરિંગ વિભાગના—
પ્રમુખપદેથી તા. ૩ જાન્યુઆરી ૧૯૪૨ના રોજ કરેલા

ડૉ. અનન્ત પંડ્યાના પ્રવચનમાંથી કેટલાંક અવતરણ

સામાન્યતઃ આપણા દેશમાં કેળવણી વિષે એક એવી ટીકા થઈ રહી છે કે અત્યારે અપાતી કેળવણી દેશની ખરેખરી જરૂરિયાતથી છૂટી પડી ગઈ છે તેમજ ઇતિકર્તવ્યતા વડે સંતુષ્ટ રહેવાથી તેની પદ્ધતિ પણ અતિવિદ્રત્પૂર્ણ બની ગઈ છે. જુદાજુદા કેળવણીકારો તેમજ કેળવણીના પ્રશ્નોમાં રસ લેનારાઓ ખાસ કરીને ઉચ્ચતર કેળવણીની ખૂબ જ ટીકાઓ કરી રહ્યા છે. આનો માત્ર એક જ ઉપાય એ દેખાય છે કે કેળવણીની પ્રાથમિક કક્ષા વખતે વિદ્યાર્થીને વ્યવસાયશીલ બનાવીને તેના વિકાસને પોષવાના પ્રયત્નો આદરી દેવા અને માધ્યમિક તેમજ ઊંચી કક્ષા વખતે કેળવણીની પદ્ધતિ સાંકેતિક (ટેકનિકલ) જ્ઞાન સાથે સુસંવાદિત બનાવવી જોઈએ. આ સુસંવાદિતતાથી વિદ્યાર્થીઓનો શંભુમેળો થતો અટકશે અને તેમાંથી ઉદ્‌ભવતી તથા સામાન્યરીતે ઊંચી કેળવણીમાં માલૂમ પડતી બેકારી પણ અટકશે; એટલું જ નહિ પણ સાંકેતિક અને સાદી કેળવણી વચ્ચેના ભેદભાવમાંથી જન્મતી અસમાનતા પણ દૂર થશે. બ્રિટિશ બોર્ડ ઑવ એડ્યુકેશનના પ્રમુખ લૉર્ડ યુસ્ટાસ પર્સીએ એક વખત કહ્યું હતું તે આપણા દેશ માટે પણ સાચું ઠરે છે કે 'ધંધાની સાચી પસંદગીનો ઘણો જ ગંભીર પ્રશ્ન દેશની સામે તેમજ સમસ્ત ઔદ્યોગિક દુનિયાની સામે આવીને પડેલો છે. ક્રૂર સત્ય તો એ છે કે (પારકલના શબ્દોમાં કહીએ તો) 'મનુષ્યના જીવનમાં અગત્યની વસ્તુ, એ પોતાના ધંધાની પસંદગી; આવી ધંધાનીપસંદગીમાટેવિદ્યાર્થીઓનેતૈયારકરવાનીદિશામાં અત્યારની કેળવણીની પદ્ધતિએ કાંઇ જ કર્યું નથી!' આ વાત આપણા દેશ માટે પણ કેટલી બધી સાચી ઠરે છે!

સાંકેતિક કેળવણીમાં હવે સામાન્ય જનતા રસ લેવા લાગી છે, કેમકે ઉદ્યોગપતિઓને હવે ભાન થવા લાગ્યું છે કે માત્ર વિજ્ઞાન ભણેલા વિદ્વાનો વડે દેશના ઉદ્યોગો ખીલવાના નથી, પરંતુ દરેક વિષયમાં નિષ્ણાત બનેલા સાંકેતિક જ્ઞાનવાળાઓના સહકારની પણ પૂરી આવશ્યકતા રહેવાની છે; કેમકે ઉદ્યોગ અને વિજ્ઞાન બન્ને વચ્ચે ખાસ સાંકેતિક તાલીમ પામેલાઓ એક કડીની ગરજ સારે છે. અને દેશના તમામ ઉદ્યોગોને સાચી સાંકેતિક તાલીમ પામેલાઓ પૂરા પાડવાનું કામ આધુનિક શાસ્ત્રીય કેળવણીની સંસ્થાઓનું છે.

આપણે ત્યાં દર વર્ષે સંખ્યાબંધ વિદ્યાર્થીઓ સાંકેતિક ઉપાધિ (ડિગ્રી) મેળવીને બહાર પડે છે અને તેમાંના બહુ ઓછાને ઉદ્યોગના ક્ષેત્રમાં જવાબદારીવાળું કામ સોંપવામાં આવે છે. આમ થવાનું મુખ્ય કારણ એ છે કે કેળવણીની સંસ્થા સાથે ઉદ્યોગપતિઓનો ઓછો સંપર્ક હોય છે, ને સાંકેતિક ઉપાધિ કેવળ અનુભવહીન હોય છે.

ઊંચી નિર્માણ-કેળવણી(એન્જિનીઅરિંગ)માં આપણા દેશની કેટલીક ક્ષતિઓ જોવામાં આવે છે:

(૧) ઊંચી કેળવણી માટેની સંસ્થાઓમાં જોડાતાં પહેલાં વિદ્યાર્થીઓમાં બુનિયાદી તાલીમ ઘણી અધૂરી ને અનુચિત હોય છે; (૨) અભ્યાસક્રમ વધારેપડતો સમૃદ્ધ અને ગીચ રાખવામાં આવેલો હોય છે; (૩) સ્નાતકોત્તર (પોસ્ટ ગ્રૅજ્યુએટ) અને અન્વેષણ(રીસર્ચ) કેળવણી માટેની સગવડનો સદંતર અભાવ હોય છે; (૪) વિદ્યાર્થીઓ માટે આધુનિક આવશ્યક સાધનો અને પૂરતા દ્રવ્યનો અભાવ હોય છે; (૫) ઉદ્યોગો સાથેનો સતત અને નિકટ સંપર્ક હોવો જોઇએ તેટલો નહિ હોવાથી વિદ્યાર્થીઓને અનુભવજન્ય જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી.

નિર્માતા(એન્જિનીઅર)ની વ્યાખ્યા ડૉ. કાર્લ કૉમ્પટને આ પ્રમાણે આપેલી છે: 'સાચો નિર્માતા તે છે કે જે પોતાનાં ગણિત, પદાર્થવિજ્ઞાન (ફિઝિકલ સાયન્સ) અને પ્રાણીવિજ્ઞાન (બાયૉલૉજિકલ સાયન્સ), અર્થશાસ્ત્ર વગેરેના જ્ઞાનનો ઉપયોગ વ્યવહારમાં કરીને તેની સહાય વડે નિરીક્ષણશક્તિ કેળવે છે, અનુભવ મેળવે છે, વિજ્ઞાનની શોધ કરે છે અને શોધોનાં પરિણામ વડે પ્રાપ્ત થઈ શકે તેટલાં સાધનોનો ઉપયોગ કરીને કુદરતમાં રહેલાં તમામ તત્ત્વોનું નિયંત્રણ કરે છે અને એ રીતે સમાજના હિતનાં કાર્યો હાથ ધરે છે.

જાણીને આશ્ચર્ય થયા વિના નહિ રહે કે 'કૅલીફૉર્નિયા ઇન્સ્ટીટ્યૂટ ઑવ ટેકનૉલૉજી' પોતાના ચાર વર્ષના અભ્યાસક્રમનો ચોથો ભાગ, એટલેકે લગભગ એક વર્ષ તો જગતનાં ઉત્તમ સાહિત્ય, અર્થશાસ્ત્ર, રાજકારણ, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન ને નીતિશાસ્ત્રના અભ્યાસ પાછળ ગાળે છે,—એટલેકે વિશાળ દૃષ્ટિએ જોતાં, જગતના ઇતિહાસના જ્ઞાનની પ્રાપ્તિ પાછળ ગાળવામાં આવે છે. સાથેસાથે અર્થશાસ્ત્રમાં શ્રમનું મહત્ત્વ જરા યે ઓછું થતું નથી એમ પણ બરાબર સમજાવવામાં આવે છે; અને એ રીતે જ્ઞાન અને શ્રમ એ જગતના અતિ અગત્યના પ્રશ્નો છે એવું સિદ્ધ કરવામાં આવે છે.

જેના સાચા જ્ઞાનને અભાવે આપણે અજાણ્યે આપણા શરીરનો ભુક્કો બોલાવીએ છીએ

અંગ-સ્થિતિ (Posture)

કાયાની કસરત · ૨૩

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી


હાડકાંનો માળો અને એના ઉપર મઢાઈ રહેલી માંસપેશીઓને લીધે દેહને ઘાટ અને આકૃતિ પ્રાપ્ત થાય છે. આ રીતે બંધાએલા પુદ્દ્ગળનો બાંધો ત્રણ પ્રકારનો હોય છે : (૧) સપ્રમાણ (Normal), (૨) પાતળો (Lanky) અને બાંધી દડીનો (Stocky). સપ્રમાણ શરીરમાં છાતીની લંબાઇ-પહોળાઇનાં માપ મધ્યમસરનાં હોય છે. નવમી પાંસળી પાસે છાતીના આગળ-પાછળના તેમજ આડા માપનું પ્રમાણ ૨ : ૩નું હોવું જોઇએ. પાતળા શરીરમાં તે ઓછું ને જાડા શરીરમાં વધારે હોય છે. પાતળા શરીરનો બાંધો નાચો અને નાજુક કે ઊંચો અને પાતળો હોય છે, જ્યારે બાંધી દડીનું શરીર ટૂંકું અને જાડું હોય છે. આ શરીરમાં ચરબી વધારે, ગરદન ટૂંકી અને ખભા પુષ્ટ, પહોળા અને સીધા તથા ચામડી જાડી હોય છે. સપ્રમાણ શરીરવાળાઓની જેમ પાતળા અને બાંધી દડીના શરીરના ચોખ્ખા નમૂનાઓ તો ભાગ્યે જ જોવા મળે છે. ઘણાખરા તો એકબીજા પ્રકારમાં ભળતા અને ચડતાઊતરતા કદના હોય છે.

શરીરનો બાંધો ગમે તે પ્રકારનો હોય પણ તે કેટલું કામ ઉપાડે છે અને કેવું રહે છે એનો આધાર જીવનાવશ્યક (vital) અંગોના યોગ્ય રીતે કામ ઉપાડવા ઉપર અવલંબે છે. જો તે ખીચોખીચ ગોઠવાયાં હોય ને સ્થાનભ્રષ્ટ થયાં હોય તો એમની કાર્યક્ષમતા જોખમાય છે, શક્તિનો હ્રાસ થાય છે અને વારંવાર 'શરીર ઠીક ન હોવા'ની લાગણી ઊભી થાય છે.

આ બધાના મૂળમાં એક જ કારણ સમાએલું છે અને તે બેસતી, ઊભાં રહેતી ને ચાલતી વખતે રહેતી આપણા શરીરની સ્થિતિ છે, જે 'અંગસ્થિતિ' કે બેઠક (posture)ના નામે ઓળખાય છે. શરીરની કેટલી યે અગમ્ય દેખાતી ફરિયાદો, રોગો અને ખોડો વાંકા વળીને, ઢગલો થઇને કે કઢંગી રીતે બેસવાની અને ચાલવાની કુટેવમાંથી ઉત્પન્ન થએલી હોય છે.

અકસ્માતો, સ્પર્શજન્ય રોગો અને વિવિધ ચેપી રોગો બાદ કરતાં જ્યાં સુધી યોગ્ય અંગસ્થિતિ જળવાય ત્યાં સુધી શરીર આરોગ્યપૂર્ણ રહે છે. જેવી શરીરની વિપરીત અંગસ્થિતિ થવા દીધી કે તરત અંગો ને અવયવોના અરસપરસના સંબંધની સ્થિતિમાં ફેરફાર થવા માંડે છે, લોહીના ભ્રમણમાં અંતરાયો ઊભા થાય છે, મળ અને વ્યયદ્રવ્યોનો નિકાલ ઓછો થાય છે કે કામચલાઉ બંધ પડે છે અને અનારોગ્ય ઉપજાવનારા ઘણા સંજોગો ઊભા થાય છે.

માનવીનું શરીર સીધું ઊભું રહી ચાલવા માટે સરજાયું જ નથી. આ તો ઉત્ક્રાન્તિના વિકાસ દરમિયાન માનવીએ હમણાં જ પ્રાપ્ત કરેલી સ્થિતિ છે. સીધા-ટટ્ટાર રહેવા માટેની જોગવાઇઓ સારુ શરીરની રચના અને ખાસ કરી મેરુદંડ અનુકૂળ નથી. આપણે જોઈ ગયા કે કરોડ ૩૩ મણકાઓનો ૧૫૦ સાંધાઓવાળો નમનીય અને સ્થિતિસ્થાપક દંડ છે. તે બહારથી અને અંદરથી વળાંકમાં રહી, સર્પાકાર બની, ધડની સમતુલા સાચવે છે. કરોડની આ સપ્રમાણ સ્થિતિ થોડાઓમાં જ કાયમ રહે છે. ઊલટું દરેકમાં થોડાવત્તા અંશે એમાં વિચલન (deviation) થાય છે. એ વિચલનમાં પીઠનો અંદરનો ને કમરનો બહારનો વળાંક વધે છે-ઊંડો થાય છે કે સીધો મેરુદંડ બાજુમાંથી વાંકો વળે છે (scoliosis).




ઊભા રહેવાની સાચી રીત — ખોટી રીત


આપણી ઊભા રહેવાની સ્થિતિ જો સાચી હોય તો ઓળંભાની કલ્પિતરેખા (ગુરુત્વકેન્દ્ર) આપણા માથામાંથી પસાર થઇ કાન, ખભા, કમર, ઢગરા, ઢીંચણ અને ઘૂંટીના મધ્યમાંથી જતી હોવી જોઈએ. એમાં જેટલી ખામી આવતી હોય તેટલી આપણી ઊભા રહેવાની સ્થિતિમાં ભૂલ.

આ સ્થિતિ પ્રાપ્ત થવાનાં કારણોમાં બરડાની માંસપેશીઓ અને અસ્થિબંધનોની અશક્તિ, અપૂરતું પોષણ, હાડકાંના વિકાસમાં અટકાવ, બેસવા-ઊઠવાની કઢંગી ટેવ તથા થાક, અને ક્ષય, બાળલકવો, સાંધાઓનો દુઃખાવો વગેરે રોગો છે.

આ ઉપરાંત બાળપણમાં કરોડ ઉપર ઊંચકવો પડતો વધુ પડતો બોજો પણ એક મુખ્ય કારણ છે. છોકરીઓએ કેડમાં નાનાં ભાઈબહેન કે પાણી ભરેલાં વાસણ ઊંચકવાં, ફેરિયાએ વર્તમાનપત્રોનો થોકડો ટેકવવો, વગેરે કામોમાં શરીરનો



શરીરની કેટલીયે અગમ્ય દેખાતી ફરિયાદો, રોગો અને ખોડો, વાંકા વળીને ઢગલો થઈને કે કઢંગી રીતે બેસવાની અને ચાલવાની કુટેવમાંથી ઉત્પન્ન થએલી હોય છે. એ ફરિયાદો દૂર કરવા માટે ઘણી જ અગત્યની ટેવ ટટ્ટાર બેસવા, ઊભા રહેવા તથા ચાલવાની છે. એની વિગતવાર સમજણ આ સાથેના લેખમાં આપી છે. ઉપરાંત આપણા શરીરના માનદંડ સમા કરોડરજ્જુનું એ બાબતનું બધું મહત્ત્વ સમજાવતાં આ પાંચે ચિત્રો ઝીણવટથી જોવા-વાંચવાની ભલામણ છે. (આલેખન: ગુજરાત કલાસંઘ ચિત્રશાળા)





ઉપર: કમર મરડીને લખવા બેસવાની આપણી આરામભરી લાગતી આ આદત કેવું ભયંકર પરિણામ લાવે છે તેનું આપણને ભાન રહેતું નથી. પણ જમણી તરફ જોશો તો એ કરોડરજ્જુ વાંકી વળી જઇને પાંસળીઓ કેવી કઢંગી બની ગઇ છે તે સમજાશે. આવી હાલતથી તેમાં રહેલાં ફેફસાં, હૃદય, હોજરી વગેરે પણ સંકોચાઇ ઠરડાઈ-મરડાઇને કેવુંક કામ આપી શકે? એ જ રીતે કેડમાં બાળક તેડવાની અને ચોપડીઓનો ભારો ઊંચકવાની ટેવનો ચાલુ બોજો પણ એ જ વિકૃતિ આણે છે.

એક ભાગ સતત વપરાયાથી કરોડ વાંકી વળે છે.

વળી દરજી, મોચી, સોની, ઘડિયાળી વગેરે ધંધાદારીઓને તેમના ધંધાને લીધે કરોડનો વળાંક પ્રાપ્ત થાય છે. ભણેલાઓમાં જે લખવાનું કામ કરે છે તેઓ પણ આ દશાના ભોગ બને છે. અત્યારે મોટા ભાગે શિક્ષિતો ટેબલ કે યંત્ર ઉપર બેઠાડુ જીવન ગુજારે છે. આમાં લાંબા વખત સુધી કરોડ એક જ સ્થિતિમાં અક્કડ રહે છે; અને વળી ધંધા ઉપરથી ફારેગ થયા બાદ પણ તે આરામખુરશીમાં કે ખાટલામાં પડી આરામ ભોગવે છે. કરોડને નિષ્ક્રિય રાખતા આવા જીવનવ્યવહારને લીધે એમાં જલદી બગાડો થાય છે.

આ અવદશાના ખરા ભોગ તો વિદ્યાર્થીઓ બને છે. તેઓ નિશાળમાં રોજના પાંચ કલાક લેખે ઘણાં વરસો ગાળે છે. તેમને બેસવાનું સાધન જો સગવડભર્યું અને બરાબર ના હોય તો તે આપોઆપ વાંકા, ખૂંધા કે નમીને બેસે છે. એમને બેસવાનું સાધન એવું હોવું જોઇએ કે એમના પગ ભોંયથી ઊંચા લટકતા ના રહે. બેઠકની પીઠ અને મેજની રચના એવી હોવી જોઇએ કે બાળક ટટ્ટાર બેસી ડોક સીધી રાખી વાંચી શકે, અને ખૂંધા થયા વગર કે એક ઢેકા ઉપર બેસી એક ખભો ઊંચો કર્યા વગર લખી શકે. નમીને કે ખૂંધા વળીને વાંચવા-લખવાથી આંખ ઉપર બોજો પડે છે. આથી થાક લાગે છે ને બાળક સ્વાભાવિકરીતે બેઠકમાં ઢળીને બેસે છે. આ રીતે આંખનો બોજો અને બેસવાની કુટેવનું દુષ્ચક્ર ચાલ્યા કરે છે. આ હકીકત મોટેરાંઓને પણ આટલી જ લાગુ પડે છે.

આ ઉપરાંત ઢીલા ખાટલામાં સૂવું, ઓશિકાંઓનો અવિવેકભર્યો વપરાશ, ઢીલા કે ચુસ્ત જોડા અને કપડાં પહેરવાં અને તારુણ્યમાં પ્રવેશતી કન્યાનું સ્તનપ્રદેશ નાનો દેખાડવા માટે ખભા અંદરથી વાળીને ચાલવું વગેરે કારણો અંગસ્થિતિને બગાડવામાં અગત્યનો ભાગ ભજવે છે.


આ બધાં કારણોથી મેરુદંડનું વિચલન થઇને અંગસ્થિતિ બગડે છે. યોગ્ય અંગસ્થિતિમાં છાતી, થાપા ને સ્થિર પગ ઉપર માથું સીધું રહે છે. દાઢી અંદરથી ખેંચાએલી, છાતી ટટ્ટાર અને અદ્ધર ઉચકાએલી, પેટ સપાટ કે અંદરપડતું અને કરોડના યોગ્ય વળાંકો કાયમ રહે છે. આ સ્થિતિમાં ગુરુત્વાકર્ષણના કેન્દ્રની માથાના મધ્યમાંથી પસાર થતી કાલ્પનિકલીટી કાન, ખભો, થાપો ઘૂંટણ અને ઘૂંટીની મધ્યમાં થઇને પસાર થાય છે, જ્યારે અયોગ્ય અંગસ્થિતિમાં આવું કશું જ થતું નથી.

અયોગ્ય અંગસ્થિતિવાળી વ્યક્તિને બાજુમાંથી જોઇએ તો માથું છાતી કરતાં આગળ, છાતી સપાટ કે બેસી ગએલી પેટ શિથિલ અને ડોઘલા જેવું આગળપડતું, અને કરોડના વળાંકોમાં વિકૃતિ નજરે પડે છે. આના લીધે બરડે ખૂંધ, ખભામાં ગોળાઈ, કમરમાં ખ ડો અને લચકતી, લથડતી ઠેકડા મારતી કે ઝૂકતી કઢંગી ચાલ પ્રાપ્ત થાય છે.

આવા બેડોળ બનેલા શરીરમાં દેહની આવશ્યક ક્રિયાઓમાં અંતરાયો ઊભા થાય છે અને અદૃશ્ય એવા ફેરફારો થવા માંડે છે, જેના પરિણામે આરોગ્ય જોખમાય છે.

ગોળ ખભા અને બેઠેલી સપાટ છાતીમાં છાતીની બખોલ નાની બને છે. આમ થતાં ફેફસાં સંકોચાય છે. શ્વાસ લેતી વખતે તેમને ફૂલવા માટે જોઇએ એટલી જગા રહેતી નથી. આથી શ્વાસોચ્છ્વાસની ક્રિયા બરાબર થતી નથી. સંકોચાએલાં -લોચો વળેલાં ફેફસાંનું દબાણ હૃદય ઉપર પડે છે. આથી તેના કામમાં પણ અંતરાય ઊભો થાય છે. વળી આવું જ નીચાપડતું દબાણ ઉદરપટલ ઉપર થતાં પેટ અને પેઢાના અવયવોની કામગીરીમાં ડખલ ઊભી થાય છે.

આના પરિણામે શું થાય છે? ફેફસાંમાં પૂરતા પ્રમાણમાં હવા નહિ આવવાથી પ્રાણવાયુ પણ ઓછો આવે છે, જે પેશીઓની કામગીરી માટે ખાસ જરૂરી છે. એના અપૂરતા પ્રમાણને લીધે પેશીઓની કામગીરી ખોટકાય છે. આવી જ રીતે દેહમાંના વ્યયદ્રવ્ય કાર્બન ડાયોક્સાઈડ ને બીજા વાયુ-



દોડતી વખતે ડાબીબાજુના ચિત્ર પેઠે ટટ્ટાર રહેવું જોઇએ; બાજુની જેમ ઝૂકેલા નહિ.

એનો બરાબર નિકાલ ન થતાં શરીરમાં જ એકઠા થવાથી ચેન, આળસ, થાક વગેરે ચિહ્નો દેખા દે છે. ફેફસાં પૂરે પૂરાં ભરાય અને ઠલવાય એવી શ્વાસોચ્છ્વાસની ક્રિયા ન થવાના પરિણામે ક્ષય-રોગના જીવાણુઓને ફેફસાંમાં કાયમનું ઘર કરવાનું સુગમ થઈ પડે છે અને ક્ષય લાગુ પડે છે.


ચોવીસ કલાકમાં હૃદય દસ ટન જેટલું લોહી ધકેલવાનું કામ ઉપાડે છે. આવી સખત કામગીરી ઉપાડતા અવયવ ઉપર ભીંચડાઇને આવેલાં ફેફસાંનો વધુકો બોજો આવી પડે છે. વળી, ખોટી અંગસ્થિતિ ઊભા રહેવા કરતાં બેસવામાં વધારે છતી થાય છે, એટલે આ સ્થિતિ હૃદય ઉપર વધારે બોજો નાખનારી છે. હૃદય ઉપર પડતા વધારાના બોજાના લીધે તે કદમાં વધે છે, જે હાઈ બ્લડપ્રેશરનું એક મુખ્ય કારણ છે.

ટટાર બેસવાથી મગજને શુદ્ધ થએલું લોહી પૂરતા પ્રમાણમાં મળે છે. ખોટી રીતે બેસવાથી છાતીના ઉપલા ભાગની અને ગરદનમાંથી જતી લોહીની નળીઓ દબાણને લીધે સંકોચાવાથી મગજને પૂરતું લોહી મળતું નથી. પરિણામે મગજ થાકવાથી બગાસાં આવે છે અને ઊંઘ ચડવા માંડે છે.

વાંકા વળીને કે ખૂંધા બેસવાથી ઉદરપટલ નીચે ધકેલાય છે, જેનાથી પેટના અવયવો ઉપર દબાણ થાય છે. આથી, આ અવયવો સ્થાનભ્રષ્ટ થાય છે, પેટ આગળ વધે છે, અને વધારે ખરાબ તો નળ (મોટા આંતરડાનો આડો ભાગ) લચી પડી છેક પેઢુમાં જાય છે. આથી બંધકોષ થઈ એમાં જમા થએલા મળમાંથી પેદા થયેલું વિષ લોહીમાં ભળે છે. સ્ત્રીઓની કમરના દુખાવાની અને બીજી ફરિયાદો ખોટી રીતે બેસવાની કે ઉભા રહેવાની ટેવને લીધે ઉત્પન્ન થએલી હોય છે.

ટટાર થવાના પરિણામે માનવીને પૃથ્વીના પ્રબળ અદૃશ્ય બળ ગુરુત્વાકર્ષણનો સતત સામનો કરવો પડે છે. આ બળ એને કેડમાંથી નમાવતું અને પૃથ્વી ભણી નીચું ખેંચતું જ રહે છે. જ્યારે બેસવાની કે ઊભા રહેવાની ખોટી રીત ધારણ કરવામાં આવેલી હોય છે ત્યારે વળી આ બળનું જોર અધિક હોય છે. તેનો પ્રતિકાર કરવા માટે અમુક માંસપેશીઓને વધુ-પડતો બોજો ઉપાડવો પડે છે. પરિણામે લાંબા ગાળે તેમની શક્તિનો હ્રાસ થતાં તે અશક્ત બને છે. એક ઉપર એક ગોઠવાએલાં હાડકાંને સ્થિર અને સમતોલ રાખતી માંસપેશીઓ અશક્ત થવાને લીધે શરીરનો માચડો ઝૂકી પણ જાય છે. આથી શરીરે ધારણ કરેલી ખામીભરેલી સ્થિતિ ખોડ રૂપે કાયમી બને છે. ઘડપણમાં માનવી કમરમાંથી વાંકો વળી જાય છે તે બરડાની માંસપેશીઓ અશક્ત કે જીર્ણ થવાના પરિણામે જ છે.

ટટાર બેસવામાં, ઊભા રહેવામાં અને ચાલવામાં જ સાચી અંગસ્થિતિ સમાએલી છે. ટટાર એટલે ફોટો પડાવવા માટે અક્કડ બેસીએ એવું નહિ. આમ બેસવાથી તો માંસપેશીઓ સખત સંકોચાએલી રહીને લોહીનું ભ્રમણ તથા જ્ઞાનતંતુઓને મળતું લોહી અટકી પડે છે. પણ ટટાર બેસવું એટલે



સરસ શરીર ધરાવનારનું માથું તેની છાતી, ઢગરા ને પગની સાથે સીધી રેખામાં જ રહે છે. પહેલી આકૃતિ સાથે સામાન્ય, નબળા અને કઢંગા શરીરની આકૃતિ ૨-૩ ૪ સરખાવતાં ઢીલાં પેઢુ નીચી મૂંડી ને પીઠના વળાંકનો ખ્યાલ આવશે. નં. ૫ના કઢંગા શરીરને, ખોટી આદત પ્રત્યે તકેદારી રાખી કેટલું સુધારી શકાય તે નં. ૬ ૭માં દર્શાવ્યું છે, નં. ૮માં એ જ શરીરનો પીઠ પાછળનો દેખાવ છે.

કરોડ સીધી રાખીને, કમર કે બરડામાંથી વાંકા વળ્યા વગર શરીરનું સમતોલપણું જાળવીને બેસવું તે. શરીરનો બધો ભાર શરીરનાં બધાં ગાત્રો ઉપર વહેંચાતો રહે, અમુક માંસપેશીઓ ઉપર વધારે પડતો બોજો ના પડે એવી રીતે समं काय शिरोग्रीवं धारयन्नचलं स्थिरः [કાયા (કટિ), ડોક અને માથું સમરેખામાં સ્થિર રહે એવી રીતે] બેસવું જોઇએ.

અને ચાલતી વખતે શરીરનો ભાર પગનાં તળિયાં ઉપર થઈ સપાટ પહોળાં પથરાએલાં આંગળાં ઉપર વહેંચાઇ જાય એમ થવું જોઈએ. આગળ કે પાછળ ઝૂકયા વગરની સીધી અને સ્થિર ગરદન, સીધી નજર, નમેલા યા બરડા ભણી ઢળતા ખભા, સીધી કરોડ અને કેડ રૂપી ધરી ઉપર જાણે પગ ને પાની એકલાં જ શરીરનો ભાર વહેતાં હોય એવી ગતિમાં, ઢીંચણ વળ્યા વગર સ્થિર પગ રાખી પૃથ્વીને દબાવતાં પગલાં પાડવાં જોઈએ. હાથી, ઘોડા, કૂતરાં આદિ બધાં પશુઓના પગ પૃથ્વી દબાવતા ચાલે છે. આજ ચાલ નૈસર્ગિક છે.

સીધી કરોડ, ઊંચું માથું, સીધી નજર અને સ્થિર ધડ રાખી ફક્ત પગની ગતિના આધારે દોડવામાં ઔચિત્ય અને સફળતા સમાએલાં છે. આમાં હૃદય અને ફેફસાંની ક્રિયાશક્તિ તથા શરીરનું બળ મુખ્ય સહાયક નીવડે છે.

અંગસ્થિતિનો આધાર મેરુદંડ ઉપર છે. તેને સીધો રાખવો જોઈએ. આ ટેવ નાનપણથી જ પાડવી જોઇએ. મોટપણે મહાવરાથી અને વ્યાયામથી એ પ્રાપ્ત થાય છે. એક વ્યાયામ માથા ઉપર ભાર ઊંચકવાનો છે. આથી બરડા અને કરોડની નાનામાં નાની ને નાજુક માંસપેશીને વ્યાયામ મળે છે. માથા ઉપર ભાર વહેવા ટેવાએલી ગામડિયણ કે રબારણની ચાલ કદી નિરખી છે ખરી? કેવી છટાભરી, ગૌરવભરી ને ચપળ એ ચાલ હોય છે! આ બધો પ્રતાપ એની કસાએલી કરોડનો છે. વ્યાયામથી બરડાની બાજુની અને પેટની માંસપેશીઓનો વિકાસ થતાં કરોડ અને આખું શરીર ટટાર રહે છે. આવા સુદૃઢ શરીરનું બેસવું, ઊભા રહેવું અને ચાલવું પ્રાકૃતિક હોય છે.

મનોમંથન

કાકાસાહેબ કાલેલકરનાં

તરુણ કાળનાં સંસ્મરણોની ('સ્મરણયાત્રા'ની અનુગામી) લેખમાળા



૭ મારા બે નેતા

કૉલેજમાં ગયા પહેલાં હું કોઈ રાજનૈતિક દળમાં જોડાયો નહોતો. વચ્ચેવચ્ચે છાપાં વાંચતો રહેતો, એટલે દેશમાં શું ચાલી રહ્યું છે તેની માહિતી રહ્યા કરતી, પણ રાજનૈતિક વિચારો કે સિદ્ધાંતોનું મેં કદી ચિંતન નહોતું કર્યું.

અંગ્રેજો આપણા દુસ્મન છે, અહીંથી તેમનું રાજ કાઢવું જોઇએ, અંગ્રેજોની વિરુદ્ધ કાવત્રાં રચવાં એ જ સાચી દેશભક્તિ છે, એવા પણ વિચારો મનમાં આવતા; અને મહારાણી વિક્ટોરિયાની ડાયમંડ જ્યૂબિલી ઊજવાઈ કે સાતમા એડવર્ડનો રાજ્યારોહણ ઉત્સવ ઊજવાયો ત્યારે તેમાં પણ ભાગ લેવાની મારા મનની તૈયારી હતી. હું મને મનાવતો કે જે રાજવીના હાથમાં કોઈ અધિકાર જ નથી એને આપણે અહીંના ગોરાઓના અન્યાય-અત્યાચાર માટે જવાબદાર શા માટે ગણવો જોઇએ? રાજા કે તેના તાજ પ્રત્યે આપણી નિષ્ઠા આપણે જાહેર કરીએ તેનો કંઈ એવો અર્થ નથી થતો કે આપણને તેનું રાજ્ય પણ પસંદ છે. મારા મનમાં ત્યારે એ ખ્યાલ ન આવ્યો કે જેના હાથમાં મારું ભાગ્ય નથી એ વ્યક્તિ પ્રત્યે નિષ્ઠા વ્યક્ત કરવી અને તેના કાલ્પનિક સદ્ગુણોનાં ગુણગાન ગાવાં એ કયો ધર્મ છે? આજ હવે લાગે છે કે મારામાં ઇંગ્લંડના રાજા કે એના મુકુટ પ્રત્યે રજમાત્ર શ્રદ્ધા કે નિષ્ઠા નહોતી, પણ સ્વભાવથી હું ઉત્સવપ્રિય હતો એટલે જ રાજ્યારોહણના ઉત્સવમાં હું ભળેલો.

કૉલેજમાં જતાં પહેલાં મારા ગુરુજનોએ મને શિખામણ આપી રાખેલી કે પૂનાનાં રાજનૈતિક આંદોલનથી અલગ રહેજે. ત્યાંના 'જહાલ' પક્ષના લોકો સારા નથી. જુવાનોને બહેકાવે છે ને સમાજજીવનના પાયા ઢીલા કરે છે. ગુરુજનોની શીખ મેં શિરોધાર્ય તો ગણેલી, પણ મારા મનમાં તે ઊતરેલી નહિ.

એવામાં એક દિવસ અમે કેટલાક મિત્રો ભેગા મળી દસે દિશાની વાતો કરતા હતા, એટલામાં દામલેએ પ્રસ્તાવ મૂક્યો કે 'દરેક જણ ઈમાનદારીથી પોતે જેને પોતાના નેતા માનતો હોય એનું નામ દે.' આ સૂચના મને તો જરા યે પસંદ ન આવી.

આપણે ત્યાં રિવાજ છે કે છોકરીઓ પોતાના પતિનું નામ નથી લેતી. જ્યારે દસબાર સાહેલીઓ ભેગી મળી જાય છે ત્યારે બેએક તોફાની છોકરીઓ દ્વારપાળ બની જઇને કહે છે કે જે પોતાના પતિનું નામ લેશે તેને જ ઘેર જવાની રજા મળશે. પછી કોઇ કાવ્યની કડી કે ઉખાણાની પેઠે કોઇ અનુપ્રાસયુક્ત પંક્તિ બોલીને તેમાં પોતાના પતિનું નામ ખૂબીથી ગોઠવી દેવાની શક્તિ બતાવવી પડતી. આમ, પતિનું નામ લેવું એ પણ કાવ્યમય વિધિ હોય છે.

પોતાના નેતાનું નામ કહેવાનું આ આમંત્રણ પણ મને એવું જ વાહિયાત લાગ્યું. પણ બધા મિત્રો તો આનંદમાં આવી ગયા હતા. કોઇએ એકનું નામ દીધું, બીજાએ બીજા કોઈનું. કોઇએ કહ્યું કે 'મેં હજી મારો કોઈ નેતા જ પસંદ નથી કર્યો.' એક મિત્રે વળી એમ કહ્યું કે, 'મેં પસંદ તો કર્યો છે, પણ તેનું નામ નહિ કહું.' બસ, બધા તેની પાછળ પડયા કે નહિ કેમ કહો? ને એ પર મોટી ચર્ચા જામી.

મોટા ભાગનાએ લોકમાન્ય તિલકનું નામ દીધેલું. જ્યારે મારો વારો આવ્યો ત્યારે મેં કહ્યું, 'મારા બે નેતા છે: તિલક અને ગોખલે.' અમારા મિત્રમંડળમાં હું કંઈક ગંભીર પ્રકૃતિનો હતો, એટલે એકબે મિત્રોએ મોં પર કૃત્રિમ ગંભીરતા ધારણ કરી કહ્યું, 'ઠીક છે; સંભવિત છે.' અને એમ કરીને કોઈ બીજાને તેના નેતાનું નામ પૂછવા મોં ફેરવ્યાં, એટલે આપણે માન્યું કે બચી ગયા. પણ તિલક પક્ષના લોકોથી મારો આ જવાબ સહન ન થઇ શકયો, ને ચિડાઇને ગર્જી ઊઠયા કે 'એ કેમ બને? તિલક અને ગોખલે! એ તો બંને એકબીજાના શત્રુ છે! એક નરમ દળના નેતા અને બીજા ગરમ દળના નેતા. બંને તમારા નેતા કેવી રીતે થઈ શકે? તમે તો અમને બનાવો છો.'

મેં કહ્યું. 'હું શું જાણું? દિલમાં જે હતું તે કહી દીધું.' પણ એથી થોડો જ એમને સંતોષ થવાનો હતો? બધા મારી પાછળ પડયા. હું છેડાઈ પડયો અને મારી વાક્ધારા ચલાવી. મેં કહ્યું, 'સાંભળો ત્યારે સાચી વાત. તમારા તિલક અને ગોખલે બંનેને હું નાલાયક સમજું છું. બંનેમાં સંગતિની ખામી છે. એમના વર્તનમાં ક્યાં યે મેળ દેખાતો નથી. તમારા તિલક જ લો. અંગ્રેજો સામે કેવા સિંહ બની જાય છે! એટલે સુધી કે અંગ્રેજોની એકે ચીજ એમને સારી નથી લાગતી. દર મંગળવારે અંગ્રેજો વિરુદ્ધ કંઈ ને કંઈ ઝેર ઓકે જ છે. પણ એ મહાન સિંહ સમાજ સામે કેવા બિલ્લી બની જાય છે? હું જાણું છું કે તિલક રૂઢિવાદી નથી. રૂઢ સનાતન હિંદુ ધર્મમાં એમને વિશ્વાસ નથી. એમના દાર્શનિક વિચાર જોઇએ તો તેઓ અજ્ઞેયવાદી યા સંશયવાદી છે; પણ લોકોને પોતાની સાથે રાખવા તેમની ખુશામત કરે છે. બધી સનાતની રૂઢિઓનું તે સમર્થન કરે છે. સનાતની બ્રાહ્મણોને ખુશ કરવા એક વાર એમણે પ્રાયશ્ચિત્ત પણ કર્યું છે. બ્રાહ્મણોના આશીર્વાદ માગે છે અને રૂઢિગ્રસ્ત સમાજનું મન રાજી રાખે છે, ને પોતાની જાતને છેતરે છે.

આ બાજુ ગોખલે લો. તેઓ છે સુધારક દળના. ઘરની રૂઢિ વિરુદ્ધ એ પણ શેર બને છે; સનાતની રૂઢિઓનો વિરોધ કરતાં એમને બહુ જોશ ચડે છે; હિંદુ ધર્મના દોષોની વાતો બહુ બહાદુરીથી કરે છે; પણ જ્યારે અંગ્રેજોનો સવાલ આવે છે ત્યારે ભીંજાએલી બિલાડી જેવા નરમ બની જાય છે. અંગ્રેજો ને તેમની રાજવ્યવસ્થા તથા તેમના સાહિત્યની તો બડાઈ જ કરે છે.'

(જુઓ અનુસંધાન પૃષ્ઠ ૩૧૩ ઉપર)

બૅગ અને બિસ્તરા

—નિર્બંધિકા—

બકુલ ત્રિપાઠી



'બે રૂપિયા.'

'બે એ...રૂપિયા?...પણ બધા દાગીના આવી ગયા? ...કેટલા હતા?...હાં, સત્તર. એક, બે, ત્રણ, ચા...ર, બેગ પાં...ચ, ને કૂજો છ, ને આ સાત...આઠ...એઇ! આ તો સોળ જ થયા...દાગીના તો સત્તર હતા! એક ક્યાં ગયો? જો, જો આમ બાઘા જેવો જુએ છે શું? જો...કયાંક રહી ગયો હશે! આ એક, બે...ને ત્રણ, ને...ચાર... બરાબર, એક ખૂટ્યો. કૂજો? કૂજા સાથે જ સોળ થયા. ત્યાં...ત્યાં પેલા બાંકડા પર જો...નથી? હેં?... કચાં ગયો?... હવે છોડને તારા બે રૂપિયાની મ્હોકાણ...એક દાગીનો ગયો...'

હમણાં અમે એક પ્રવાસ કર્યો. જોકે મુસાફરી તો નાનકડી જ હતી—એકાદ અઠવાડિયાની, પણ એમાં મઝા બહુ આવી. એક સ્ટેશને (કયું સ્ટેશન એ તો કોણ જાણે) અમારી ગાડી ઊભી ન ઊભી ત્યાં તો ધબ દઇને એક નાનકડો બિસ્તરો બારીમાંથી આવ્યો! 'શું થયું? આભ ફાટયું કે ધરતી ધ્રૂજી?' એનો વિચાર કરીએ ત્યાં તો ધડ્ધડ્ કરતા એક પછી એક દાગીનાનો વરસાદ વરસ્યો: બૅગ, બિસ્તરા, ટ્રંક, ડબ્બો, પોટલાં, કૂજો, કરંડિયો, ટિફિનબૉક્સ, એક ખાટલાના પાયા અને ઈસ-ઊપળાનો ભારો, લાકડીઓ અને છત્રીઓ, છબિઓની ફ્રેમોનું બંડલ ... મને થયું કે સૃષ્ટિ પર પ્રલય થવાની ઘડીઓ ગણાતી હોય, આપણને કોઈ સલામત દુનિયામાં લઈ જવા એક ખાસ વિમાન આવ્યું હોય, જોઇએ એટલો સામાન સાથે લેવાની છૂટ હોય, ને જે ધમાલથી આપણે એ વિમાનમાં ધૂસીએ એ ધમાલનું જાણેકે રીહર્સલ થઈ રહ્યું હતું.

'આવી ગયું?...હેં...બધું આવી ગયું?...બિસ્તરો... બિસ્તરો...હેં? બિસ્તરો કચાં...? જો. જો, જરા જો! એ હા, આ રહ્યો...હં...બસ...મૂક, મૂક, મૂક! બરાબર, હં...બૅગ? નથી?...કચાં ગઇ?...હમણાં હતીને?...ખસેડો તમારો પગ જરા...હં, આ રહી બૅગ...એ લાવો અહીં...અહીં માઇ જશે ...અહીં, અહીં...હંમ્, ધક્કેલો...હંઅંઅં...અરે, જો! કરંડિયો સંભાળજે...અરરર...હં...હજી અંદર! હા...આ...શ...'

છાપરા પર બરફના કરા પડતા હોય એમ કડકડાટ એમની વાગ્ધારા વહી રહી હતી. અંતે એકાદ ઝાપટું પડયા પછી સૂરજનો તડકો દેખાય ને જેવી શાંતિ થાય એવી શાંતિ પ્રસરાવતા એ ભાઇ બેઠા ને બેસથી પંખો ખાતાંખાતાં ચારે બાજુ પોતે પ્રસારેલી 'દાગીના'ની માયા પર પ્રેમાળ દૃષ્ટિ ફેરવી રહ્યા. ત્યાં પોર્ટરે પૈસા માગ્યા : 'શેઠ! પૈસા?'

'હં...કેટલા?'

આખા ડબ્બામાં ખળભળાટ થઇ ગયો. દરેકે પગ ઊંચા લઇને પોતાની પાટલી નીચે જોવા માડ્યું. કો'કે ઉપરની છાજલીના દાગીના ખસેડવા માંડયા. કોઈ પરોપકારીએ સૂચવ્યું કે પહેલેથી જ સોળ દાગીના હશે,—ભૂલમાં સત્તરનો ખ્યાલ રહી ગયો હશે. પોર્ટરે કંઇક એવું જ પુરાણ ચલાવવા માંડ્યું. ત્યાં 'આ બૅગ તમારી છે?' એમ ડબ્બાને એક છેડેથી કો'કે પૂછ્યું. 'ના...એ તો અમારી છે.' બીજે છેડે બેસી કેળું ખાતાંખાતાં એક બિરાદરે બૂમ પાડી. તો કોઈ વળી ફરી ગણવા મંડી પડેલું, 'એક, બે, ત્રણ, ચાર...કેટલા કહ્યા તમે? કેટલા હતા? સત્તર? તે સત્તર નથી? એક ખોવાયો એમ ને?'

'અરે, દાગીના જેવો દાગીનો જાય કચાં? બરાબર સત્તર હતા. મને યાદ છે ને!' પેલા ભાઈ ગભરાતા હતા.

'તમે તમારી જાતને તો સત્તરમો દાગીનો નહોતી ગણીને?' કોઈએ ટહૂકો કર્યો!

'હેં? ના...પણ...'

'આ તમારા હાથમાં છત્રી છે તે...'

'હેં? હા હા, બરાબર...છત્રીનેય મેં દાગીનામાં ગણી'તી બરાબર...એ સાથે સત્તર હતા... ભઇ, જડી ગઈ, હોં.'

'કયાંથી? કયાંથી?'

'એમના હાથમાં છત્રી છે ને, એ. કુલ સત્તર થઇ ગયા.'

'જડી ગઇને?'

'હો; બરાબર સત્તર થઇ ગયા. તને, અલ્યા, કેટલા રૂપિયા આપવાના છે?' પેલા મહાશયે હવે ફરી પોર્ટર જોડે વાટાઘાટો શરૂ કરી. ત્યાં કો'કે પૂછ્યું, 'કચાં જાવું તમારે?'

'વલસાડ.'

'વલસાડ? વલસાડ તો પેલી ગાડી. આ નહિ!'

'હેં?!'

'આ તો વીરમગામની!'

'હેં? એઈ પોર્ટર...પોર્ટર...એઇ, લે...આ એક... ઉતાર 'લ્યા, ઉતાર જલ્દી...આ બૅગ-બૅગ-બૅગ લે પહેલાં...ધીરે નાખ, ધીરે...આ કૂજો...જો સમાલજે...બિસ્તરો...બિસ્તરો ...અલ્યા બિસ્તરો રહી ગયો...એક, બે, ત્રણ, ચા...ર, ...છ...દસ...એક્કે રહી નથી ગયું ને?...કેટલા થયા? સોળ? વળી એક ખૂટ્યો—ખૂટ્યો એક? સત્તર હતા ને સોળ કેમ થયા? હં...હા પેલી નાની બૅગ ક્યાં, બૅગ? હેં?...બૅગ ક્યાં ગઇ?—ખોવાઇ બૅગ—બૅગ—'

આ બધો તાલ જોઇને મને કવિ સુન્દરમ્‌ની પેલી સરસ ગીતપંક્તિ યાદ આવી ગઇ:

'સુન્ના ન લિયા, રૂપા ન લિયા,
ન લિયા સંગ જવાહર હી,
ખાખ ભભૂતકી ફૂલ સરીખી
બાંધ ગઠરિયાં મૈં તો ચલી!'

ક્યાં 'ખાખભભૂતકી ફૂલ સરીખીવાળી ગઠરિયાં' અને ક્યાં દાગીના નંગ સોળ વત્તા એક છત્રી!

આપણે ય કોઇ અજબ લોક છીએ. ટ્રેઈનની મુસાફરીમાં આપણે જે રંગત લાવી શકીએ છીએ તે કદાચ જગતભરની કોઈ પ્રજા નહિ લાવી શકતી હોય. આપણા કંઠની શક્તિ જાણે એ ધમાલ માટે પૂરતી ન હોય એમ બૅગ અને બિસ્તરા, ગાંસડાં અને પોટલાં, એ સૌનો બને એટલો મોટો રસાલો સાથે લીધા વિના આપણને ચેન નથી પડતું.

ગાયકવાડી સરકારના રાજ્યચિહ્ન પરનું સૂત્રવાક્ય હતું 'જીન ઘર, જીન તખ્ત.' કહેવાતું કે ઘોડો જ એમનું સિંહાસન હતું, ને ઘોડો જ એમનું ઘર હતું. આપણે પણ કંઈ ગાયકવાડી રાજાઓ કરતાં ઊતરીએ એમ છીએ? આપણે ય ટ્રેનને (એમાં હોઈએ છીએ એટલો વખત) 'અપના ઘર' જ ગણી લઇએ છીએ. જે અદાથી આપણે ટ્રેનમાં વર્તીએ છીએ,— બોલીએ છીએ, ચાલીએ છીએ, ભોજન કરીએ છીએ, ગંદકી કરીએ છીએ, ઊંઘીએ છીએ, લડીએ છીએ, ધમાલ કરીએ છીએ, બિસ્તરાની, નાસ્તાની, પાનસોપારીની ને પત્તાંની રંગત જમાવીએ છીએ, એ જોતાં આપણે કોઈ સાર્વજનિક સ્થળે નહિ પણ આપણા ઘરમાં જ નિરાંતે બિરાજ્યા હોઈએ એમ લાગે છે.

ટ્રેનના ડબ્બામાં સામાનના ગંજથી આગવી સૃષ્ટિ ઊભી કરી દેવાનાં અનેક કારણોમાંનું એક કારણ, ટ્રેઈનને ઘર ગણવાનું આપણું આ માનસ પણ છે. મુસાફરીએ નીકળ્યા એટલે કંઇ ત્રાંબાના પતરા પર લખી આપ્યું છે કે કોઇ પણ વસ્તુ વિના ચલાવી લેવું? ઘેર રહેતા હોઈએ એવી જ સરસ ઓશીકારજાઈ સાથે શય્યા બિછાવવી, એવું અને એટલું જ ભોજન, એટલી જ સુખસગવડો—બાળકને સૂવાની ઘોડિયાની ઝોળી સુદ્ધાં મુસાફરીમાં પણ હોવી જોઈએ એમ ઘણા માને છે. ટ્રેઇનમાં પ્રવેશીને પંદર મિનિટમાં તો કમ્પાર્ટમેંટને પોતાનું ઘર બનાવી દેનાર પૅસેન્જર-કુટુંબો તો તમે પણ જોયાં હશે. નાના મોટા અનેક દાગીનાઓની વચ્ચે, બાળકોથી વીંટળાએલા દાદા જેવા ગૌરવ સાથે એ લોકો બિરાજે છે. એમનો ટ્રેનમાંનો પહેલો કલાક એ બધું ગોઠવવામાં, બિસ્તર બિછાવવામાં, કૂજામાં પાણી ભરવામાં અને ઢોળવામાં જતો રહે છે. છેલ્લો એક કલાક આ બધી માયા સંકેલવામાં જતો રહે છે, અને વચલા કલાકો જાય છે એ વિસ્તારનું રક્ષણ કરવામાં, કાં તો સામાનની લે-મૂક તથા ઉઘાડ-વાસમાં!

મને એક બીજા સદ્‌ગૃહસ્થ પણ આવા જ મળી ગએલા. મારો રિવાજ છે કે તરશ લાગે ત્યારે સ્ટેશનના નળે ખોબેથી જ પાણી પી લેવાનો લ્હાવો જતો ન કરવો. એટલે એક સ્ટેશને જલપાન કરવા ને સાથેસાથે એકાદ લટાર મારી લેવા ઊતર્યો.

'કેમ, ક્યાં ચાલ્યા?' એમણે પૂછ્યું.

'અહીંનું પાણી ચાખવા.' મેં કહ્યું.

'પ્યાલા વિના?' એમણે આશ્ચર્યથી પૂછ્યું.

'હાસ્તો, કેમ?'

'અરે એમ હોય? લ્યો, હું પ્યાલો આપું. ઊભા રહો, હોં...અરે બેબી? જરા ઝોળીમાંથી પ્યાલો કાઢ તો...'

'બાપુજી, ઝોળીમાં નથી.'

'તે તમે પેલી બૅગમાં મૂક્યો હશે. જરા જુઓ તો ખરા?' એમનાં શ્રીમતીએ પાન બનાવતાં બનાવતાં કહ્યું.

'એક મિનિટ હોં...' કહીને એમણે બૅગ ઉઘાડવા માંડી. બધાં કપડાં ઊંચાંનીચાં કર્યાં, પણ પ્યાલો ન જડ્યો. હવે, બૅગનાં કપડાંનું એવું છે કે પહેલી વાર મૂકતી વખતે બધાં કપડાં બરાબર સમાઈ જાય છે, પણ જો એક વાર એને ઊંચાંનીચાં કર્યાં તો ફરીથી એ બરોબર નહિ સમાવાનાં! બેચાર કપડાં અંદર સમાવાની ચોખ્ખી ના પાડી દેવાનાં! એમણે એવાં ત્રણેક સત્યાગ્રહી કપડાંને ઝોળીમાં નાખ્યાં ને બૅગ બંધ કરી: 'બૅગમાં તો નથી; તો ક્યાં મૂક્યો હશે?'

'તરત મળે એમ રાખ્યો'તો...જુઓને, પેલા બેડિંગના પાકીટમાં તો નથી?'

'ઉહું.' દરદીનું પેટ દબાવતા ડૉક્ટરની અદાથી બિસ્તરાનો એક્કે એક ભાગ દબાવતાં એમણે જાહેર કર્યું અને એકદમ ઉમેર્યું, 'ઓહ યસ, ડબ્બામાં હશે. ડબ્બો-ડબ્બો ક્યાં છે?... ભાઈ, જરા પગ ઊંચા લો તો...હં; પણ બેબી, ડબ્બાની કૂંચી?'

'કૂંચી બા પાસે!'

'મારી પાસે શેની હોય? તમારી પાસે હશે.'

એમણે કોટ લઇને એમાંથી પાકીટ કાઢ્યું. પાકીટમાં ન મળી એટલે બીજાં ખિસ્સાં તપાસવા માંડ્યાં, ને એક પછી એક ચીજો બહાર કાઢવા માંડી. એટલામાં તપખીરની ડબ્બી બહાર નીકળી પડી ને તપખીર વેરાઈ ગઇ તે ભેગી કરવામાં બેબી ગુંથાઈ, અને એમણે 'ચક્ ચક્ ચક્ ચક્' કરતાં બંડીનાં ખિસ્સાં જોવાં માંડ્યાં. 'અહીં પણ નથી.'

'બેબી, તારી પાસેની પેલી સફેદ થેલી ક્યાં ગઇ? એમાં તો ચાવી નથી?'

'હા, હા, એમાં જ એમાં જ મૂકી છે. પણ બા, એ ઝોળી તો મેં ડબ્બામાં જ મૂકી છે.'

'એટલે? ડબ્બામાં જ કૂંચી રાખીને તેં ડબ્બાનું તાળું બંધ કરી દીધું, હેં?'

'પણ, મને શી ખબર...'

હું ડબ્બાના બારણા પાસે ઊભોઊભો આ બધા રંગ જોતો હતો. અંતે મેં કહ્યું, 'કંઈ નહિ. હોય એ તો. ઈશ્વરને જે ગમ્યું

તે...' પણ મારું સાંભળે કોણ? એટલામાં એન્જિનની ચીસ સંભળાઇ અને એ સ્ટેશનનું પાણી ચાખ્યા વિના અમે ઊપડ્યા.

મને થાય છે, મુસાફરીને રોજિંદા જીવનમાંથી મળતી રજા શા માટે ન ગણવી? એને આપણી હમેશની જિંદગી વચ્ચે નવી જ રીતે જીવવા મળતું એક નાનકડું બેફિકર જીવન ગણીને, બને એટલી સગવડોના ભારને એટલા સમય પૂરતી તિલાંજલિ શું કામ ન દઈ દેવી? કદાચ એકાદ રાત પાટિયા પર સૂતા તો ગોદડાંને શું ખોટું લાગી જવાનું હતું? એકાદ ટંક માત્ર કેળાં ને કૉફીની મોજ ચાખીએ તો એમાં શું ટિફિન બાસ્કેટનું હૈયું ભરાઈ આવવાનું હતું? પણ એ તો ભાઈ, तुंडे तुंडे मतिर्भिन्ना।

બાકી સામાનના ઢગલાથી વીંટાવાની આપણી વૃત્તિ મુસાફરી પૂરતી જ પ્રગટ થાય છે એવું નથી. આપણાં લગ્નોમાં યે (આપણાં એટલેકે આપણા સમાજનાં લગ્નોમાં) શું છે? ઓહોહોહો! એટલી બધી વિધિઓ, એટલાં બધાં વળગણો કે એ બધું સમેસૂતરે પાર ઉતારતાં દમ નીકળી જાય. આપણાં દેવદેવીઓની પૂજા પણ એવી. આ મંત્રો ને તે મંત્રો, આમ આચમન ને તેમ જલસિંચન, આ વિધિ ને તે ક્રિયા, ચંદનચર્ચા ને આરતી,–પૂજા કરનાર બીચારો ઓછામાં ઓછી એકાદ ઠોકર ખાધા વિના જ ન રહે એવી આખી યોજના હોય છે.

આપણું આખું જીવન આવું અવળચંડું છે. મોજથી, લહેરથી જિંદગી જીવ્યે જવાને બદલે અનેક વળગણોનાં જંગલો આપણે ઊભાં કરતા જઇએ છીએ. આપણને બધું જ જોઇએ છે: આરામ જોઇએ છે, સમૃદ્ધિ જોઇએ છે, મોજ જોઇએ છે ને મોભો જોઇએ છે; અસામાન્ય હોવાનું ગૌરવ જોઇએ છે ને સાથે જ સામાન્યો જેવી સલામતી જોઈએ છે; ધાર્મિકપણું જોઈએ છે ને જોડે વ્યહવારુ અનીતિની સગવડ પણ જોઈએ છે,—સાદી, સરળ અને સરસ જિંદગી જ માત્ર નથી જોઈતી. આપણને જોઇએ છે બધું જ, પણ ત્યાગ કશાનો ય કરવા જેટલી ખુમારી આપણામાં નથી. અને એટલે જ ઘરનો બધો જ સાજસરંજામ બગલમાં દબાવીને જીવનની મુસાફરી કરવાના લોભમાં આપણે આખી ટ્રેનમાં ધમાલ મચાવી મૂકીએ છીએ, ખોવાયું-જડયુંની ગડમથલમાં દાગીના ગણ્યા કરીએ છીએ ને આપણી જાતને ફલ્લુ બનાવતા વીરમગામને બદલે વલસાડની ટ્રેઈનમાં ચડી બેસીએ છીએ! અને ખરી મઝા તો એ છે કે ધારેલી જગ્યાને બદલે બીજે ક્યાંક ટ્રેન ઊપડી જાય છે પછી જ—જિંદગીમાં ઘણે મોડે મોડે આપણને ભાન થાય છે કે આપણે જવું'તું ક્યાંક, ને ચાલ્યા ક્યાંક બીજે જ; થવું'તું કંઈક ને થઇ ગયા કંઈક. પણ તે ઘડીએ ખભે ઝૂલતા એકમાત્ર થેલા સાથે બારી બહાર કૂદી પડી સાચે પંથે પડવાની આપણામાં સ્વસ્થતા જ નથી રહેતી. આપણે જ ઊભી કરેલી બૅગ-બિસ્તરા અને દાગીનાની જંજાળે આપણી એ સ્વતંત્રતા ક્યારની ય ઝૂંટવી લીધી હોય છે.

પેલા મુસાફરનો આવો રંગ જોઇને મને મોજ આવી, આપણા સૌની જિંદગીના આ ઢંગ જોઈને ઇશ્વરને ય (ઈશ્વર જેવું કોઈ હશે તો) મઝા આવતી હશે, નહિ?

મનોમંથન (અનુસંધાન પૃષ્ઠ ૩૧૦થી)

કોઈકે કહ્યું, 'ગોખલે તો રાજનૈતિક વાતો જ કરતા આવ્યા છે. સામાજિક સુધારાની વાતો તો તેઓ ક્યારેક જ કરે છે.'

હું ચિડાઇને બોલી ઊઠયો કે 'એ તો એથી યે ખરાબ. છે સુધારક દળના, પણ કોઇને નારાજ કરવા નહિ ઈચ્છતા હોય. હું તો એવો નેતા ઇચ્છું છું કે જે સામાજિક ક્ષેત્રમાં હોય કે રાજનૈતિક ક્ષેત્રમાં, પણ એકસરખો તત્ત્વનિષ્ઠ અને એકસરખો સ્વાતંત્ર્યવાદી હોય. એવા નેતા આપણા મહારાષ્ટ્રમાં કોઈ છે નહિ, એટલે મેં ધાર્યું કે એક નવા જ ગણપતિ બનાવી લઉં. હાથીનું લીધું માથું અને માણસનું લીધું શરીર ને કવિઓએ બનાવી લીધા ગણપતિ; તો હું યે મારા વિનાયક કેમ ન કરી લઉં? મને તિલકના રાજનૈતિક વિચારો પસંદ છે અને ગોખલે પક્ષના સામાજિક વિચારો ગમે છે. મને તો ખાતરી છે કે આપણા દેશમાં એવા નેતા જરૂર ઉત્પન્ન થશે, જે રાજનૈતિક અને સામાજિક બંને ક્ષેત્રમાં એકસરખા નિર્ભય ને એકસરખા તત્ત્વનિષ્ઠ હોય. હું અંગ્રેજોનો દુશ્મન છું, એમનું રાજ્ય નથી જ ઈચ્છતો, પણ જ્યારે ને ત્યારે તેમની નિંદા જ કર્યા કરવી મને પસંદ નથી. એવી નિંદાથી અંગ્રેજોનું કંઈ નુકસાન નથી થતું, પરંતુ આપણે નીચા પડીએ છીએ અને ગુણ ગ્રહણ કરવાની શક્તિ પણ ખોઈ બેસીએ છીએ. જરૂર પડયે કોઈ પણ અંગ્રેજનું ખૂન કરવા હું તૈયાર છું; પણ એથી એને વગોવ્યા જ કરવો શું જરૂરી છે? તે પોતાના દેશની કેટલી નિષ્ઠાથી સેવા કરે છે? હું તો એને વંદન પણ કરીશ, અને આપણા દેશમાં રાજ્ય કરવા આવવા માટે હાંકી પણ કાઢીશ. પૂનામાં સૌ એકબીજાની નિંદા જ કર્યા કરે છે એ મને સારું નથી લાગતું. જેને પ્રતિપક્ષી ગણ્યો તેની નિંદા જ કર્યા કરવી એ શું આપણને શોભે છે? મને છેડશો મા. મારી વાત તમને નહિ ગમે. મને મારે રસ્તે જ જવા દો.'

વખત પણ થઈ ગયો હોવાથી એ વાત તો ત્યાં એમની-એમ રહી ગઈ, પણ મારા મિત્રોએ ફરી ક્યારે યે એ સવાલ મારી સામે છેડયો નહિ. વાચક એમ ન સમજે કે આજે પણ તિલક, ગોખલે અને પૂનાની બાબતમાં મારા વિચારો હજી એવા ને એવા જ છે. જુવાનીનો સ્વભાવ જ એવો હોય છે કે ઝટઝટ વિચારવું અને ઝટઝટ બોલી નાખવું. આજે તો મારા વિચારો ઘણાખરા સૌમ્ય થયા છે, પણ એ દિવસોમાં હું જે વિચારતો હતો એ જ અહીં તો રજૂ કર્યું છે. (ચાલુ)

મનુ: મારો દાંત સખત દુખે છે.

કનુ: મારો દુખતો હોત તો તો હું ખેંચી જ કાઢત.

મનુ: તારો દુખતો હોત તો તો હું યે ખેંચી કાઢત.

રાધા: હું હોઉં તો તારી પેઠે આમ રોઉં નહિ.

મેના: (ડૂસકાં લેતી) તું ભલે તારી રીતે રો; મારી રોવાની રીત તો આ છે.

મા: પછી તમે બે ભાઇઓએ ત્રણે કેરી વહેંચી લીધી ને?

બેટા: હા મા, પણ ત્રણના ભાગ કેમ પડે તેની મૂંઝવણ હતી; એટલે એક હું પહેલાં ખાઈ ગએલો.



ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

'યમલ'માં સૉનેટ ચૌદ, અને દરેક સૉનેટ લીટી પણ ચૌદ, એટલે એની કિંમત પણ મેં બાલિશ ભાવે ચૌદ આના રાખી! બે ત્રણ ચિત્રકારનાં ચિત્રો તથા બે રંગમાં આર્ટ પેપર ઉપરનું પૂઠું વગેરે ભભકાથી છપાવ્યું તો ખરું, પણ ચૌદ સૉનેટની ચોપડી વેચાતી કોણ લે? હજાર નકલ છપાવી, ત્રણસો-ચારસો મફત વહેંચી, અને વેચાણ આજ સુધીમાં ચૌદેકની ગંજાવર સંખ્યાથી વધ્યું નહિ હશે! બાકીની નકલ ક્યાંક અટવાઇ ગઈ હશે. એ તો ઠીક; પણ એનું પ્રેસ-બિલ આપવાનું એનું શું?

અર્પણ કરી 'મા'ને. એની પહેલી નકલ મોકલાવી. પછી મિત્રોમાં વહેંચી. પણ બજારમાં કોણે લીધી? જેને મફત વહેંચેલી એમાંથી કોઇએ કાઢી નાખેલી એક નકલ તો ફૂટપાથના એક જૂની ચોપડીઓ વેચનારા ફેરિયા પાસે ભોંય પડી બે આને વેચાતી હતી, તે બે આને લેખકે જાતે જ ખરીદી!

હા, પણ એ બે આનામાં કંઇ પ્રેસબિલ અપાય? સારું હતું કે પ્રેસબિલની રકમ બહુ મોટી નહોતી; પણ ચૂકવવાની તો ખરી જ? ભુલાભાઇને એક નકલ જે દિવસે આપી તે દિવસે તો 'ઓહો! ઓહો! કવિ બન્યા!' કહી ઠીક પીઠ થાબડી હતી. પણ હું નહોતો ધારતો કે એમાંની એકે કવિતા એમણે વાંચી હોય! પણ એક દિવસ સવારના પહોરમાં લૉન પર આંટા મારતા હતા ત્યારે એકાએક એમાંની એક લીટી બોલી ગયા; અને ધીમેથી અચાનક, 'અરે પણ ચન્દ્રવદન! એના છપાવવાના પૈસાનું શું? આવી ચોપડી વેચાય ક્યારે ને તમને પૈસા મળે ક્યારે? પ્રેસને પૈસા આપ્યા છે કે?' મેં નીચે જોયું. 'જમીનદાર! જમીનદાર!' (એમના સેક્રેટરી) 'આમ આવોની;—જુઓ, આપણે પેલી રાતે કવિતાઓ વાંચી (કંઈ વાંચેલી નહિ) તેના પ્રેસના રૂપિયા તો ચૂકવેલા જ નહિ. અને તમારે મફત કવિતાઓ વાંચવી છે? કાં તો રોકડી રકમ એમને આપો, નહિ તો એ કહે તેટલાનો ચેક એ પ્રેસને બારોબાર મોકલી આપો.' ભુલાભાઈ સાહેબની વ્યવહારુ બુદ્ધિ અને મમતા જોઇ હું તો ઠંડો જ થઇ ગયો. પહેલી ચોપડીનું ઋણ આમ ચડ્યું અને આમ પત્યું.

આ અરસામાં (જોશી લોકોના કહેવા મુજબ) ભાગ્યોદય થવાનો હતો તેનો હવે રંગ જુઓ. ૧૯૨૬ની નાતાલમાં મોટી ફિયાટ ગાડીમાં ધીરુ, ઉપેન્દ્ર, મહેરઅલી અને હું ચાર જણા અજન્તા-ઈલોરા જોવા ઊપડ્યા. સોલી બાટલીવાળા આવનાર હતો, પણ છેલ્લી ઘડીએ એનું ફસકી ગયું—આવવાનું. નાતાલ ચાલીસગામમાં બૅરિસ્ટર સોમજી ભાઈઓને ત્યાં ઊજવી. ભુલાભાઇના એ બંને શિષ્યો. ઉપરાંત એમનું એક જીન ત્યાં ચાલે. ત્યાં અમારો કાફલો એ બાજુની કડકડતી ઠંડીમાં ઠરી ઠામ પડ્યો. કોઇ અફલાતૂન રસોઇ કરાવી હતી, અને દૂધમાખણનું તો પૂછવું જ શું? ખૂબ મઝા કરી, ને બીજે દિવસે થોડા વધારે થરમૉસ અને બીજી સામગ્રી સાથે કૂચ અજન્તા તરફ ઊપડી. ભીખો અમારો ડ્રાઇવર, ભલો અને કુશળ. અમને વખતસર અજંતાના બહારના ડાક-બંગલામાં પહોંચાડી દીધા. બપોરનું ખાઇ કરી એ અદ્ભુત ગુફાઓમાંનાં ચિત્રો જોવા ઊપડ્યા. એવો રળિયામણો ડુંગરાળ પ્રદેશ સુંદર વાંક વળામણાં, એમાં આ કયા ઉપાસકોએ અહીં જ્ઞાનસિદ્ધિ સાથે કલાસાધના કરવાનું આવું પુણ્ય સાહસ કરી સૈકાઓ સુધી અજરઅમર રહે એવી સમૃદ્ધિ સરજી હશે, એના વિચારમાં ગૂંથાયા.

સાથે ગાડી હતી એટલે આસપાસ પણ બહુ ફર્યા. હાથ-કાગળનો હુન્નર જ્યાં ખૂબ ખીલેલો એ કાગઝાબાદ ગામ પણ જોયું, અને ઔરંગઝેબની સાદી કબર પણ જોઇ. જેટલો સાદો એ હિંદનો શહાનશાહ હતો એવી જ સાદી એની કબર છે.

પછી ગાડી દોડાવી ઇલોરા ગયા. એક સુંદર ગિરિમાળાની કોતરેલી કોર એ.બંગી, ઇલોરા પહોંચી, ત્યાં પણ ડાકબંગલામાં રહ્યા. પાસેનો દૌલતાબાદનો (બાગલાણનો) કિલ્લો જોયો, ને કરણઘેલો યાદ આવ્યો. દેવગિરિ ઉપરથી દખ્ખણનો વિશાળ પ્રદેશ જોવાની શી મઝા આવે છે! અહીં અંદરનાં ભોંયરાં જોઇ એમાંથી ઉપર અમદાવાદના સોનીના નામની તકતીવાળી તોપ જોઈ, અને તે સાંજે કિલ્લા ઉપરથી સૂર્યાસ્ત જોતાં કરણનો 'સંધ્યાકાલ'નો નાટક લખવા વિચાર ગોઠવ્યો. એ આ પાસેની ગુફાઓમાં જ સંતાયો હશે? કોણ જાણે.

અહલ્યાબાઈનું મંદિર જોયું, અને ઇલોરા—વેરૂળની ત્રણે વિભાગની અદ્ભુત કોતરણીવાળી શિલ્પસમૃદ્ધ ગુફાઓ જોઈ. મને અજન્તા કરતાં ઈલોરામાં વધારે મઝા આવી. સીધા ખડકમાંથી, ઉપરથી નીચે કોતરેલા કૈલાસ મંદિરને ઓટલે બેસી કૈંક લાંબા કાગળો લખ્યા. એ વળી રવિભાઈના હાથમાં ગયા, એટલે એમાંના ફકરા 'કુમાર'માં છાપી પણ દીધા.

મહેરઅલી એટલે તમે શું સમજો છો? એક વૅગન ભરીને થોથાં સાથે લાવ્યો હતો. હાથમાં ત્રણચાર વૉલ્યુમો લઇને નીકળે. હૅવલ કે માર્શલ કે કુમારસ્વામી, જેણે જેણે જે કંઇ અજંતા ઈલોરા ઉપર લખ્યું હોય તે બધું રાતે વાંચે, સવારે નોંધ કરે, પછી જુએ, વળી પાછી નોંધો કરે અને અમે મજાકો કરીએ! એમાં એને અમે બહુ ચીડવતા. પણ મિયાં એવો ઠંડો કે મારો વ્હાલો જરાકે ચિડાય નહિ! એ તો ભગતની માફક શાસ્ત્રપોથી ખોલી, એનાં લખાણ મુજબ જ જોયા કરે, અને એકલો એકલો ફર્યા કરે.

ડિસેમ્બરની ૩૧મીની રાત્રે દૌલતાબાદના ડાક-બંગલા-

માં અમે આખરી ખાણું લીધું. મહેરઅલીભાઇ તો અહીંની કળાથી ઉશ્કેરાએલા તે એનો કલારસિક જીવડો હવે સાંચી જોવા ઝંખે. અમારું કહ્યું માને જ નહિ તે, એટલે એણે તો રાતની ગાડી પકડી એનાં થોથાંપોથાં સાથે રૂખસદ લીધી. ટાઢ તો કહે મારું કામ. અને અમે વહેલી સવારે ઊપડી અહમદનગર થઇ મુંબાઈ આવવા નક્કી કર્યું.

નીકળ્યા. વચ્ચે જળભરી ગોદાવરી બળદો વડે મોટર ખેંચાવી ઓળંગી. ૧૯૨૭ની જાન્યુઆરીની પહેલી તારીખ, ને ડાબે પડખેની ડુંગરમાળની ઉપર ખાસ્સો સવારનો સૂરજ તોળાયો, અને સરરર જતી અમારી મોટર એક નાના પૂલની એક બાજુની ભીંત સાથે જોસબંધ અફળાઇ, ઊંચે ઊછળી, ઉપરથી જ અવળાઇને ગુલાંટ ખાઇ, બરાબર ઊંધી થઇને પડી!—એવી કે પડતાં જ ઇલેક્ટ્રિક હૉર્ન દબાતાં એની અણ-અટકી ચીસ શરૂ થઈ ગઇ!

ઉપેન્દ્ર અને હું પાછળ આરામથી બેઠા હતા. અને આ હોનારતમાં હસવું હોય તો હસવા જેવું એ થયું કે બડી ફજરે નદી ઓળંગી ત્યારે અમે નદીમાં ચાલેલા, એટલે લેંઘો ભીનો ભચ્ચ, તે મેં ગાડી પાછળ સુકાવવા ટાંગી દીધો હતો ને અંગ ઉપર ફક્ત ગરમ ઓવરકોટ જ પહેરી રાખેલો; એટલે ગાડીએ હવામાં 'લૂપિંગ ધ લૂપ' યાને અરધી ગુલાંટ ખાધી તે સાથે જ સાથીદાર ઉપેન્દ્ર બાજુની કાંટાળી ઝાડીમાં,—બચ્ચું હિંડોળે એમ—જઇને પડ્યા, અને હું પથરાળ નદીના સુકાએલા તટ પર વાંસા ઉપર સપાટ પડ્યો, ને ઓવરકોટ ક્યાં ય ઊડી ગયો! ધીરુભાઈ અને શૉફર ભીખો ગાડીની નીચે! ચારે બચી જાત, પણ કમનસીબે ભીખાનું ડોકું ગાડી બહાર! ખુલ્લી ગાડી, એટલે ગાડીમાં શરીર ને ડોકું બહાર, ને ઉપર ગાડીની બ્રિમ–કઠેરો–કિનાર; એટલે એ તો તરત જ લગભગ છૂટું પડી ગયા જેવું! ને ધીરુભાઇ આખા અંદર પણ અવળા,–માથું નીચે ને પગ ઉપર. આમ સૌનો ઘડો લાડવો થઈ ગયો!

હું ધારું છું કે બેત્રણ મિનિટ સુધી તો અમે બધા મૃત્યુ-વશ જ હતા; પણ પછી જમે એક જ ભોગ લઈ અમને જતા કર્યા. પહેલું ભાન પેલા ચાલુ વાગતા હૉર્નના અવાજથી આવ્યું. પછી હું ઊભો થયો અને ચાલવા મંડ્યો ત્યારે મારામાં કંઈક જીવ છે એવી ખાત્રી થઇ. ગાડીને ઊંધી વળેલી જોઈ ત્યાં ગયો, તો બહાર ભીખાભાઇનું કરુણ મોં જોતાં જ કંપારી આવી ગઈ! અને ધીરુ ગાડી નીચે! એની તરફ જઈ બે અક્ષર વાત કરી, પણ જીવ ઠેકાણે પડે નહિ! આ ગંજાવર ગાડી કંઇ ઊપડે એમ તો હતું જ નહિ. પછી સાબુત રહેલાં હાડકાંવાળા ઉપેન્દ્રને ભોંકાતા કાંટામાંથી બહાર કાઢ્યો, એટલે અમે એકના બે થયા ને ધીરુભાઇને બહાર લાવવાના વિચારમાં અફળાવા લાગ્યા.


હૉર્નની ચીસો તો ચાલુ જ હતી, એટલે એ સાંભળીને માઇલેક દૂરના ગામડામાંથી થોડું લોક દોડતું આવતું હતું, અને અમે ધીરુભાઈને ધીરજ રાખવા કહ્યા કરતા હતા. પાછળ પેટ્રોલની ટાંકીમાંથી પેટ્રોલ બહાર ટપકતું હતું એનો ભડકો ન થાય એની પણ કાળજી રાખવાની હતી. બેડિંગ બધાં તેલે લચકો થઈ ગયાં હતાં, તે પાંચ કલાક પછી લેવા જતાં કેવળ ફાટેલાં ચીંથરાં જ હાથ આવ્યાં.

હં! બેડિંગ! પણે ધીરુભાઈનું બેડિંગ થઇ રહ્યું છે એનો તો વિચાર કર. એને અમે કહ્યું કે તમારી પાસે કંઈ અંદર ઓજાર હોય તો ત્યાં ખાડો ખોદો, અમે બહાર ખોદીએ, અને એમ બોભણ થાય એમાંથી તમે નીકળી આવી શકો. એમ નક્કી કરી અમે ખોદવાનાં ફાંફાં મારવા મંડ્યા ત્યારે છેક બધાંની બુદ્ધિ પૂરી જાગ્રત થતાં ગાડીના બારણાના હાથા પર નજર ગઇ, અને ઊંધી ગાડીનું અવળું થએલું બારણું ઉઘાડવા મથામણ કરી. એ ખુલ્યું, અને એટલી નાનકડી જગ્યામાંથી ધીરુભાઇને બહાર કાઢ્યા. દરમ્યાન ઠીક સંખ્યામાં ગામડાના રહીશો ત્યાં એકઠા થઈ ગયા હતા, એમની મદદથી માંડગાડ એક બાજુથી ગાડી ઊંચકી ભીખાને બહાર કાઢ્યો અને એની ઉપર ચાદર ઓઢાડી દીધી. ભીખો ભીખો જ ક્યાં રહ્યો હતો હવે!

પછીની કેટલીક ઘડીઓ ઘણી કરુણ પસાર થઇ ગઈ. ધીરુ બાળકની માફક ભાંગી પડ્યો. છાનો રાખ્યો ન રહે. બીજી બાજુ જંગલમાં મૅજિસ્ટ્રેટ શોધી મરનારની અંત્યેષ્ટિ કરવાની. ચા કે પાણી, પેટમાં કંઇકે આશરો,–કશું જ નહિ; બધું જ ઇશ્વરને આશરે હતું. આ અમારા ત્રણની ઘાત ભીખાએ વહોરી લીધી એ જ એક અજબ અને દુઃખદ વાત બની ગઇ હતી

અમે અમારી બનતી રીતે એની આખરી વિધિ કરી અને છેક સાંજે સાત-આઠ વાગ્યે પરવારી ત્યાંથી એક જ વખત જતી-આવતી બસમાં છેક મોડી રાતે અહમદનગર પહોંચ્યા. રાતે હવે હાડકાં કહ્યું તો શું કરે, પણ એવાં કળતાં હતાં! ખાસ્સો તાવ પણ ચડી આવ્યો. એમ તો શરીરે ઊઝરડા પણ ઠીક પડેલા. બીજી તારીખે બપોરે બેપાંચ રહ્યાંસહ્યાં કપડાં લઇ, ટ્રેન-માં નીકળી, ત્રીજીએ સવારે મુંબાઈ આવ્યા. દરમ્યાન છાપાંમાં હોહા થઈ ગઇ હતી અને સૌના જીવ તાળવે ચોંટ્યા હતા. બોરી-બંદર પરનો દેખાવ તો ઘણો જ કારમો હતો. સોલી દાદરથી અમારી સાથે દાખલ થયો હતો, પણ કોઇ એકે અક્ષર બોલ્યું નહિ. બોરીબંદર પર ભીખાનાં સગાંવહાલાં અને ભુલાભાઈના બંગલાનું આખું નોકરમંડળ હાજર; પણ ખાલી હાથે આવેલા અમે શું મોં બતાવીએ? એકબે છાપાવાળા સવાલ જવાબ કરવા આવ્યા હતા તે પણ દેખાવ જોઇ પાછા વળી ગયા. કોઇ કશું બોલી જ શક્યું નહિ. આખરે એકાદ જણે–મીઠલાએ–પૂછ્યું, 'ભાઇ! કંઈ છેલ્લું બોલેલા?' કોઈની હિંમત ન ચાલી; અને ત્રણેએ મૂગે મોઢે ધીમેથી ડોકું હલાવી ના પાડી, ત્યારે બધાનો ડૂમો છૂટી પડ્યો અને એકસામટો ફૂકવો સંભળાયો! કેટલી જીવલેણ અને ગળું રૂંધનારી એ ઘડી હતી!

ભુલાભાઈ અને મંગળદાસ પકવાસા ત્યારે કલકત્તા હતા; મારાં માબાપ વલસાડ. કલકત્તાથી દોડતા બંને મુંબાઇ આ-વ્યા. મારી બાએ સત્યનારાયણની કથા પણ ગોઠવી દીધેલી અને જેવો હું વલસાડ ઘેર પહોંચ્યો કે એ તો ધડધડ દાદર ઊતરી અધવચ્ચે જ મને બાઝી પડી. માને મન હું શું હોઇશ એનો પૂરો ખ્યાલ આજે યે એનું સ્મરણ થતાં મને આવે છે. ૧૯૨૮ સુધીમાં પણ ભાગ્યોદય તો ન થયો; પણ એ સાલમાં અદ્ભુત સૂર્યોદય મેં જોયો. દાર્જીલિંગ વિષે તો હું શું લખું? 'ધૂમકેતુ' અને ડૉ. હરિપ્રસાદે વારંવાર લખ્યું છે. એ સુંદર છે. એકાએક ત્યાંથી તાર આવ્યો કે મંગળદાસ પકવાસાના



૧૯૨૮માં દાર્જીલિંગમાં · ખુરશીમાં : સ્વ. ભુલાભાઈ દેસાઇ; પાછળ ઊભેલા—ડાબી બાજુથી : શ્રી સોલી (સોરાબજી) બાટલીવાળા; શ્રી મંગળદાસ પકવાસા (મધ્ય પ્રદેશના માજી ગવર્નર); સ્વ. ધીરુભાઇ દેસાઈ, (સ્વિટ્ઝર્લૅાડ ખાતે-ના ભારતના એલચી); પ્રો. ગુલાબભાઈ જોષી; નીચે બેઠેલા : શ્રી અરવિંદ પકવાસા અને લેખક (ચન્દ્રવદન)

ચિરંજીવી અરવિંદને લઇને સીધા દાર્જીલિંગ આવો.

અરવિંદ ભરડા માસ્તરની નિશાળમાં ભણતો નિશાળિયો. કોણ જાણે કેવોક તોફાની હશે. અને આપણે માસ્તરગીરી કરેલી, એથી પહેલેથી જ ગાડીમાં બેસતાં જ જરા ડોળો ચમકાવીને વાત રાખેલી. પણ કલકત્તા પહોંચતાં સુધી તો માલૂમ પડી ગયું કે છોકરો વધારેપડતો શાંત છે. ચાંપશીભાઇની મહેમાની ચાખી, શિશિર ભાદુરીને ફરી જોઇ અમારી સવારી આગળ વધી. દાર્જીલિંગ પહોંચતાં અગાઉ નીચે હિમાલયની તળેટી આગળ સિલિગુરીમાં સવારે ખાસ્સો નાસ્તો કીધો. -સાડા બારે કે એમ દાર્જીલિંગ પહોંચ્યા, ત્યાં પહેલો સોલી અને તરત જ ધીરુ, ભુલાભાઈ, મંગળદાસ પકવાસા ચડી આવ્યા. મંગળદાસ પકવાસાને બરાબર આ વખતે ઓળખ્યા. અને પછી તો અમે એમને મંગળકાકા જ કહેવા લાગ્યા. ભુલાભાઇ પૂછે કે 'કેમ, રસ્તે બધું બરાબર હતું ને?' 'જી હા.' 'અને સિલિગુરી પર નાસ્તો-બાસ્તો કીધો કે એમ જ ભૂખા છો?' અમે બંને ડુંગરો ચડતાં કહેવા લાગ્યા કે બરાબર ખાધું ફ્રાઈડ ઈંડાં, અને બટાકા, અને ચા.—'પછી તો ત્રણ-ચાર વાર ભુલાભાઈ અને પછી મંગળકાકા અને સોલી એ નાસ્તાની જ વાત કરે: ભાવ્યો કે નહિ? સારો હતો? સારું કીધું! વગેરે બંગલે જમવા બેઠા ત્યાં સુધી ચાલ્યું.

સિલિગુરીના રેલવે રેસ્ટોરાંનો બ્રેકફાસ્ટ ત્યારે ઘણો મશહૂર ગણાતો, અને બધા એ હોંસેહોંસે ખાતા. જેને અમે હલ્લુઓએ બટાકા માની ખાધેલા તે બેકન (આથેલું ડુક્કરનું માંસ) હતું એનો સ્ફોટ જમ્યા પછી જ થયો.

એ બંગલામાં ટાગોર રહેતા એ જાણીને તો પહેલી વર્ષાએ ડમરો મહેકે એવી સુરખી હૃદયમાંથી ઉદ્ભવી શરીરમાં પ્રસરી ગઈ! પણે હેમાવતી; સોલી બતાવે. અને સાંજે સાથે ફરવા પણ લઇ જાય. ત્યાં લજામણીના છોડ ઉપર સર જગદીશચન્દ્ર બોઝ પ્રયોગો કરી વિશ્વવિખ્યાત બનેલા. આઠેક દિવસ પછી તો એ મહાન વૈજ્ઞાનિક એમનાં પત્ની સાથે ત્યાં

આવીને રહ્યા ત્યારે અમે તો એમને મળવા ચડી ગયા. સામે સર રાધાકૃષ્ણ રહે, એ વારંવાર ભુલાભાઇ પાસે આવે અને અજબની વાતો લ્હેરાય. અમારી ટોળીમાં પ્રો. ગુલાબભાઈ ન. જોષી પણ હતા. એમને ચીડવવાની પણ મઝા આવતી.

અહીં ડુંગરાઓએ અજબ સોગઠાંબાજી ગોઠવી છે. વચગાળે ચાના બગીચાઓની સુંદર હરિયાળી જાજમો પાથરી છે. ક્યાંક ગિરિકંદરાઓમાં વિવિધ ફૂલોના ગુચ્છા દીપી નીકળ્યા છે, તો ક્યાંક પુણ્યશાળી જીવડાઓએ કરેલાં તપને પરિણામે મનહર પંખીઓ આનંદથી કલરવ કરી રહ્યાં છે. અને સામે ઊભો પેલો મહાગિરિ: અનેક જલપ્રપાતો, ઝંઝાવાતો, પ્રલયપ્રકોપોનો સર્જક કિં-ચોન-જૅંગ—કાંચનગંગા! સવારના દેખતાં જ છાતી ઠરી જાય! એ ધારે તો પોતાની આખી ભૌગોલિક રચના અલાયદી રચી શકે એટલું એનામાં સામર્થ્ય છે. કિં-ચોન-જૅંગ: તાંડવોનો દેવ! પણ જ્યારે બધું શાંત હોય ને સૂરજદેવ પ્રકાશતા હોય ત્યારે નીચેની અહીંની બખોલમાંથી નીકળી પેલી ગિરિમાળમાં, અને પણે એકાદા શિખરની આસપાસ, કંઠમાળા ગૂંથવા દોડતી જતી, વિવિધરૂપની, રમતિયાળ, ભમતી-ઊડતી સોહામણી, રૂપેરી, સફેદ, ધવલ નાનીનાની વાદળીઓની સંસારલીલા—જોવાની તો એવી મઝા આવતી! સર જગદીશ લજામણીને બોલાવે છે, તો એકાદ દિવસ આ વાદળીને પકડી એની પાસે જરૂર ગવડાવશે!

એક સાંજે વહેલા જમી, જિંદગીમાં પહેલી જ વાર ઘોડેસવારીનો લ્હાવો લીધો! ધીરુ, સોલી, અરવિંદ, ગુલાબભાઇ ને હું. પહેલા બે બહાદુરો સારા ઘોડા પલાણી આગળ ઊપડ્યા. પાંચમાંનું તદ્દન અડિયલ, નબળામાં નબળું, દુણાયલું ટટ્ટુ મેં પસંદ કર્યું. માળું પાડી તો નહિ નાખે! ગબડાવે તો બીજી બાજુ ખીણમાંથી એકે હાડકું પાછું ન જડે! ગુલાબભાઇ જોશીએ જરા જોશીલો ઘોડો લીધો, બાકી પર અરવિંદકુમાર સવાર થયા ને અમારો કાફલો પંદરેક માઈલની મજલે ઊપડ્યો. વચગાળે નાના અરવિંદે જે ચાબુક ચમકાવી તે આગળ ચાલતો પ્રોફેસરનો ઘોડો ચમક્યો, અને દોડ્યો તે સીધો તિબેટને જ રસ્તે બેત્રણ માઈલ દૂર ઊંચે બીજે માર્ગે જઈ ઊભો રહ્યો! ગુલાબભાઇ તો રાતાપીળા થઇ ગયા હતા, પણ શું થાય? પછી તો ઘોડાવાળો સાથે હતો તે ગયો, અને પેલા ઘોડાને પંપાળી પટાવી પાછો લઈ આવ્યો. આમ કરતાં અમે ખાસ્સા કલાકેક મોડા પહોંચ્યા; પણ સૂર્યોદય માટે તો ઘણા વહેલા હતા!

એ ટેકરીનું નામ 'ટાઇગર હિલ'. ત્યાં સવારે લગભગ ત્રણેક વાગ્યે પૂર્વમાં ચિતરામણો જણાવા લાગે. અરાંપરાં પરગટવાં શરૂ થાય. અને જેવું એકાદું કિરણ રાતનાં અંધારાં છેદી આ દિશા તરફ પ્રગટ્યું કે કોણ જાણે ક્યાંથી, ખૂણેખૂણાનાં નાનાંમોટાં જીવજંતુઓ ને પંખીગણો ચીંચીં-ટુહૂ ટુહૂથી કલશોરતું સંગીત શરૂ કરી દે! અને મગદૂર છે સૂરજદાદાની કે એમના કિલ્લોલે એ વહેલા નહિ આવે?! રતૂમડા, તમે જોયા જ કરો...જોયા જ કરો એવા, પ્હો વિસ્તારતા સૂરજ ભગવાન ઊગે ત્યારે તો શિખરે શિખરે હિમરાશિઓ રંગબેરંગી દીવડા પ્રકટાવી, સહસ્ર સહસ્ર કિરણે એની મંગલ આરતી ઉતારે. એ કલાક-દોઢ કલાકની, ગૂઢમાંથી પ્રકાશમાં, ઊંડા અંધારામાંથી પરમ તેજમાં, નિગૂઢ શાંતિમાંથી પ્રફુલ્લિત આનંદમાં લઈ જવાની અહીં જે કુદરતી ક્રિયા થાય છે, તે માણતાં સૌકોઇના હૃદયમાં ઉપનિષદની ઋચાઓ સ્વયંભૂ સ્ફુરતી હશે.

એ રસ્તો ત્યાંથી થોડા માઇલ પર આવેલા ઘૂમ સ્ટેશને થઇને જવાનો છે. ઘૂમ તે ધુમરાયલું, હમેશાં વાદળાંઓથી ઘેરાએલું ગામ છે. એ સિવાય પણ સૂર્યોદય જોવાનાં દૂરદૂર જગ્યાઓ છે. જ્યાંથી જુઓ ત્યાંથી, માઇલો દૂર વિસ્તરેલા હિમપ્રદેશ પરની શ્વેત અટારી વચ્ચે ડોકિયાં કરતાં અસંખ્ય શિખરો તેજચમકારે ઝળકી ઊઠે છે ત્યારે જે દર્શન લાધે છે, એ જીવનનો એક અનેરો લ્હાવો છે. અને જો એ લ્હાવો મેળવવાને માણસ ભાગ્યશાળી થયો હોય તો પછી બીજો ભાગ્યોદય તે વળી કેવોક થતો હશે? ભાગ્યોદય એટલે નોકરું મળે, યા વેપાર ખેડાય, અને એ બધામાં હાથમાં પૈસો આવે એ જ ભાગ્યોદય? આવા સૂર્યોદયનાં દર્શન તે સૌભાગ્ય નહિ?

એ જોયા પછી કુદરતમાં ભવ્ય અને રમ્ય એ શું છે એનો પૂરો ખ્યાલ આવ્યો. દિવ્ય તો બધું જ છે, પણ જીવનમાં કહે છે તેમ 'જીવ્યા કરતાં જોયું ભલું' એ સૂત્રે, આઠ દિવસનું ઉત્તર ધ્રુવે ઉષાકમળ ન્યાળવા ક્યારનું મન થયા કર્યું છે. નૉર્વેસ્વીડનથી ઉત્તરે થોડે દૂર જઈ છ મહિના પછી જે સૂર્યોદય થાય તે જોયા જ કરીએ. હિમપગથાર પર એનાં કિરણો પથરાય ત્યારે જે રંગ-સાથિયા પુરાતા હશે, તેનાં દર્શન કર્યા જ કરીએ, એવું ઘણી વાર થયા કર્યું છે. એ ભાગ્યોદય ક્યારે થશે એ તો કોણ જાણે! કોઈ કહેશે એ માટે પૈસા જોઇએ. ઠીક છે. ઘણાની પાસે પૈસા તો છે, અને છાશવારે યુરોપ રખડે રવડે પણ છે. કેટલાએ એ ધ્રુવપ્રદેશનું ઉષાકમળ જોયું?

ઉમાશિખર યા ગૌરીશિખર પણ ત્યારે જ નિહાળ્યું. માકાલુ પણ જોયું. કેવાં અણનમ અને ભવ્ય આનંદ સમાધિમાં ગરકાવ એ શૃંગો! ત્યારે મેં માઉન્ટનીઅરિંગ (ગિરિઆરોહણ) પર એકે પુસ્તક વાંચ્યું નહોતું. પણ પછી જે શોખ લાગ્યા તે સ્વેન હેડનથી માંડી છેક આખરના—યંગહસ્બન્ડ, રટલેજ, હાવર્ડબરી, શિપ્ટન, નૉરીન, સ્મિથ વગેરે ભલભલાનાં થોથાં વાંચી નાખ્યાં. ફ્રેન્ક સ્મિથ (કે સ્માઇધ Smythe જે કહેવું હોય તે) એણે 'કામેટ કૉન્કર્ડ' અને 'ઍસૉલ્ટ ઑવ કંચનજંગા' નામનાં બે સુંદર પુસ્તકો લખ્યાં છે. એમાં કંચનજંગા વિષે—એની સર્વોપરી સત્તા વિષે, એનાં પ્રલય-તાંડવો વિષે ઘણું લખ્યું છે, ને એમાં જ સાતઆઠ ફૂટ લાંબાં પગલાંવાળાં ગિરિમાનવીઓની હયાતી વિષે પણ લખ્યું છે. એવો કોઇ યક્ષ કિન્નર છે કે નહિ તે તો કિં-ચૅાન-જૅંઘ જાણે; હું એ વિષે કંઈ લખું તો તમે હસો, એટલે સ્મિથનું જ લખાણ વાંચી લેજો.

પણ સ્મિથની અતિ સુંદર ચોપડી તે તો 'સ્પિરિટ ઑવ ધ હિલ્સ.' ડુંગરીને પણ જીવ છે, દયા છે, એનું પણ વ્યક્તિત્વ છે. એની સાથે દોસ્તી કરતાં આવડી તો એના જેવો કોઇ મિત્ર નહિ. ગિરિવરો ધારે તો આપણી સાથે વાતચિત પણ કરી શકે છે,—એની બારાખડી શીખી લ્યો તો. પહાડખેડુઓ માટે, શિખરિણીઓ માટે આ વાચા જાણવી જરૂરી છે, ડુંગરડુંગરનો આત્મા ઓળખવો અગત્યનો છે. મેં પણ પહાડો સાથે દોસ્તી પાડી છે અને એને ખોળે બેસી કંઈક કથની

કહી છે, સાંભળી છે. પણ એ તમે નહિ માનો, એટલે જ હું રિમથનાં મંતવ્યો અને અનુભવો ટાંકુ છું. ગિરિ ખૂંદનારી ન્યાતમાં એની આબરૂ સારી છે, ને લખવાની કળા પણ સારી જાણે છે. 'સ્પિરિટ ઑવ ધ હિલ્સ' વાંચશો તો તમારી નજીકના નાના ડુંગરાઓ સાથે વાતો કરવાનું તમે શરૂ કરી દેશો.

સોલીએ બધાથી આગળ અહીં આવીને શહેરનો સારો અભ્યાસ કર્યો હતો. પેલા બધા ડુંગરા ખૂંદવા જાય ત્યારે સવારના અમે બે બજારમાં જઈએ, અને ગોરી રતૂમડી ભુટિયા યા શેરપા શાકવાળીઓ સાથે ગમ્મત કરી વતો કરીએ; સરસ મઝેનું ફ્રૂટ લઈ ત્યાં જ ખાઈએ.

કંજી એક વિલક્ષણ શાકવાળી હતી. શાક કરતાં ફ્રૂટ વધારે વેચતી. દેખાવડી. અરધોએક કલાક ખૂબ હોંસ-જોરમાં આવીને વાતો કરે. પછી પા—અરધો કલાક એકાએક જાણે રિસાઈ ગઈ હોય અને ભારેનું ખોટું લાગ્યું હોય એવો દેખાવ કરે. દિવસે દિવસે એ એક કોયડો થતો ગયો. અમે તો પછી સવાર બજારમાં જ ગાળવા માંડી. આમતેમ ફરીહરી એની સાથે વાતે ચડતા. ધૂનમાં હોય ત્યારે સારી વાતો કરતી. ઠીક જેવું હિંદુસ્તાની બોલતી, ને અમે પણ મતલબી હિંદુસ્તાની ચલાવતા.

એવામાં એકાએક ભૂલાભાઈ સાહેબને પાલીતાણાના કેસ માટે સીમલા જવાનો તાર આવ્યો અને મંગળકાકા તથા એ બંને તરત જ જવા નીકળ્યા. અમારે થોડા દિવસ વધારે રહી સીધા મુંબાઈ જવાનું હતું. એક દિવસ સવારે જમતાંજમતાં ભૂલાભાઈ કહે, 'ચાલો ત્યારે છોકરાઓ, મઝા કરજો. બને તેટલી ચૉકલેટ ખાજો, હરજોફરજો. અને ગુલાબભાઈ, તમે બધામાં મોટા છો તે બરાબર દેખરેખ રાખજો.' એવી કંઈ હસતાંરમતાં વાત કરી જમી ઊઠયા.

જવાને દિવસે સવારે, દોઢ બેએક વાગ્યે ગાડી ઊપડે તે પહેલાં, સોલીને અને મને ભૂલાભાઈ બાગના એક ફૂલમંડપમાં, જાણે અનાયાસ ત્રણે ત્યાં એકઠા થઈ જતા હોય તેમ, મળી કહે, 'કેમ? આજે સવારે તમે ફરવા નહિ ઊપડયા?'

'પણ ભાઈ! તમે આજે જવાના ને, એટલે?'

'તે જાણે તમે મારો સામાન બાંધવાના હતા? જુઓ, પેલી શાકવાળીની શી બાબત છે?' અમે તો ચકિત જ થઈ ગયા! પણ એમની કદી બીક તો લાગતી જ નહિ. આપણી સાથે એવા તો હળીમળી જતા! અને મીઠી મજાકમાં એક્કા, એટલે અમે તો ફક્ત જરા શરમાયા જેવું કરી હસી પડયા.

'બીજું કંઈ નહિ; મારે એ આખી વાત જાણવી છે. ભલે તમે મને બધું મુંબાઈમાં કહેજો. અને કંઈ પૈસાની જરૂર પડે તો અચકાતા નહિ. લે તો થોડા આપજો; ચાલો ત્યારે.' એટલું જ કહી હસીખુશીથી છૂટા પડયા.

અમે તો બીજી સવારે અગારી રોજિંદી મજલ પર ઊપડયા. પણ બંગલાનો ચાર્જ ગુલાબભાઈએ લઈ લીધેલો, એટલે એ તો 'કયાં જવાના છો? બધાએ સાથે જ જવાનું' એવો હિસાબ કાઢવા બેઠા. નાનો અરવિંદ તો ઠીક છે, તે અમે એને વળગાડી આપતા; ધીરુભાઈ પાસે તો એનું ક્રિકેટ-બૅટ, એટલે એ એની કંઈ મૅચની જ ધમાલમાં લીબાંગ કે એમ રમવા જાય; અને અમે હવે એલએલ. બી. સુધી પહોંચીશી વટાવી પહોંચેલા બે ગોઠિયાઓ ઉપર આ તે જબરદસ્તી!

ગુલાબભાઈ સાહેબ તો ઘાંટા પાડતા રહે અને અમે તો કયાંના કયાં રફુચક્કર થઈ જઈએ. પણ પાછા સાંજે જમતી વખતે આખો હિસાબ માગે. ઓત્તારી! અમે પણ ગમેતેમ તાળા મેળવી પતાવીએ. સોલી તો કહે કે આ કાં આફત!

તે દિવસે અમે કોઈ બપોરે ઘરમાં જમવાના નહોતા. ધીરુભાઈ તો સવારના મૅચ રમવા ઊપડી ગયા, અને અમે રસોઇઆઓને હરવાફરવાની રજા આપી દીધી. ત્યાં ત્રણચાર સારાં રેસ્ટોરાં હતાં. પણ સોલીએ કહ્યું કે અમે તો ધૂમ જઈ, ત્યાં 'પાઇન વુડ્ઝ'માં જમી લઈશું. અને એમ કહી સટકયા.

બજારમાંથી કંજી જોડે અમે એને ત્યાં જવાના હતા. પણ એ અમે શા માટે કોઈને કહીએ? જે દેશમાં નાનીનાની આડીઅવળી વ્યક્તિગત બાબતોમાં આજુબાજુના યા અણજાણ્યા માણસો હજાર જાતની પૂછપરછ કરે, પંચાત કરે, નહિ લેવાદેવા હોય ત્યાં યે નાક ઘાલે, ખોટી જિજ્ઞાસાઓ ધરાવે, ત્યાં એવું જૂઠું તો બોલવું જ પડે. બીજું શું થાય?! હા, આશ્રમવાસી માફક સત્ય જ કહેવું જોઈએ એ સિદ્ધાંત બરાબર છે. અને એમ કહ્યું હોત તો શું કોઈ અમારા પર ઘોડા છોડી દેવાના હતા? પણ એવી અમારી કેળવણી યે નહોતી, અને એવું અમારું વાતાવરણ પણ નહોતું. અને આખરે બધું તો અમે ભૂલાભાઈને કહેવાના જ હતા. અત્યારે સત્ય જ કહીએ તો જઈ જ ન શકીએ.

બજાર આછો થતાં અમે નીકળ્યા. કંજીને શું? રોજના પાંચસાત માઈલ ચાલવા એ તો જાણે બિલાડી અહીંથી તહીં સરકી. એ ધૂમ પાસેના ગામડામાં રહે. નાના કરોળિયાની જાળ જેવી પગથીના રસ્તે હીંડતી દરમાં ભરાઈ જાય. તબિયત, સુરખી, વાચાળતા, બુદ્ધિ બધું હતું; પણ એનામાં જીવ જ નહોતો છતાં બહારની સુરખી રાખતી; એકલી રહેતી. પોતે એને ઘેર અમને ખવડાવવાની હતી. રસ્તે અમે બહુ ગપ્પાં માર્યાં. આડીઅવળી વાત કર્યા કરે, પણ મૂળ વાત પર આવે જ નહિ. સામેથી એના ઓળખીતા બેપાંચ જણ મળ્યા, તેની સાથે પણ એણે છટાથી ડુંગરાળ ભાષામાં વાતો કરી લીધી. અમારા ટાંટિયાની કઢી થઈ ગઈ ત્યારે અમે એના પતરાના, બાંબુવાળા, થોડા લીંપણના પણ સ્વચ્છ દર જેવા ઘરમાં પહોંચ્યા. આમતેમ કરી જરીમાં એણે તાપણું તપાવી, એકાદ બે વસ્તુઓ પકાવી હતી તે ગરમ કરવા મૂકી દીધી.

મુંબાઈનું જે કોઈ પણ દાર્જિલિંગ આવે એ સૌમાં કંજીને રસ. એમને મળવા એ પ્રયત્ન કરે, મળે, ન મળાય તો ગમગીન થઈ દિવસો પસાર કરે. એને ઊગતી જુવાનીમાં એક પુત્રી અવતરેલી,—કુન્તીને કર્ણ અવતરેલો એમ. પણ કર્ણની જેમ એણે એને પેટીમાં મૂકીને તરતી નહોતી મૂકી દીધી. પુત્રીને પાસે રાખી ઉછેરી, મોટી કરી. આવું બધું થયું એટલે જરા હોહા તો થઈ, અને જે કંઈ એનો નાનકડો સમાજ, તે પણ જરા ઉશ્કેરાયો. એટલે એ પ્રદેશમાં મોટી સંખ્યામાં ફરતા પ્રભુના ફિરસ્તાઓએ—મિશનરીઓએ એને પાંખમાં લીધી, અને પરણાવી પણ આપી.

પરણનાર ઇશુપ્રેમી તો બન્યો, પણ એનો અક્ષીણપ્રેમ

વધારે હતો. એમાં એ પ્રિયતમાની સંભાળ કેમ લે? અને ઉપરાંત સાવકી પુત્રી! એટલે પ્રભુએ એનો કંઇ બરાબર મેળ ઘટાવ્યો નહિ. કંજીએ તો આ બધાથી દીકરીમાં જ પોતાની દુનિયા ડુબાવી દીધી, અને એને ઘટતી રીતે ઉછેરવામાં ધ્યાન દેવા મંડી. એનું નામ એણે મુન્ના રાખેલું. એક દિવસ મુન્ના ઘરમાં ન મળે! એ નાસી નહોતી ગઇ, એને કોઈ ઉઠાવી ગયું હતું! બિચારી કંજી તે કઈ રીતે એની ખબર કાઢે? પણ બેત્રણ જણાએ એને થોડે ગાળે કહ્યું કે ઉઠાઉગીરોએ એને ક્યાંક લઈ જઈ વેચી દીધી છે, અને કોઇકે એને મુંબાઇમાં જોઈ પણ હતી. બસ, પંખી પાંખ પછાડે એમ એણે તે દિવસથી માથુ અફાળ્યા કર્યું છે: મુંબાઈ! મુંબાઇ! ક્યાં છે, કેવું છે, ત્યાં કેટલી વસતિ છે, કોણ ઓળખીતું આવે છે, જાય છે,—બધાને એ એક જ વાત કહેતી: 'મુન્ના મળે તો મને ખબર દેજો.' અમને અરધીપરધી વાત એણે બજારમાં કરેલી, પણ મોટે ભાગે તો અમે આસપાસથી સાંભળી હતી. પરંતુ તે દિવસે એણે કડીબદ્ધ આ વાત કરી.

એની કાંજી અને એણે રાંધેલું શાક તે અમને ખરેખર ભાવ્યાં. કાંજી કરતાં શાક વધારે સારું લાગ્યું. માટીના ઠીબામાં ખાવાની ખૂબ મઝા પડી. પૈસા તો એ શેની લે? છતાં અમે કંઈક કરામત કરી. પણ એને તો એક જ રટ હતી: 'બુંબઇમેં મુન્ના મિલેગી. મિલેગી તો ડાક ભેજો; હમ આ જાઉંગી.'

ત્રણચાર વર્ષો વીત્યાં હતાં, છતાં એનો વલોપાત આકરો હતો. એનામાં બુદ્ધિ હતી તે વ્યગ્ર બની એને વિહ્વળ બનાવ્યા કરતી. એ ગાંડી જ કેમ ન થઈ ગઇ એ જ અજાયબી હતી.

એનો ધણી અફીણ તો ખાતો, પણ એક વિચિત્ર કિસ્સામાં સંડોવાઇ જતાં એ દાર્જીલિંગ છોડી નાસી ગયો હતો. 'ભાવાલ સંન્યાસી' નામે હિંદમાં લાંબામાં લાંબા મુકદ્દમા તરીકે મશહૂર બનેલા કિસ્સામાં ઝેર આપી કરાયલા ભાવાલના કુમારના ખૂન પછી એની લાશને દફે વગે કરવામાં એનો સાથ હોવાનું મનાયું હતું. એ કહેવાતું ખૂન દાર્જીલિંગમાં થયું, અને એની લાશને બાળવા લઈ જતાં વરસાદે અને વાયુએ પ્રચંડ તોફાન કર્યું. પરિણામે લાશને અધવચ્ચે મૂકી ઊંચકનારા ચાલ્યા ગયા. એ લાશ કોઈ સાધુને પગે અથડાતાં, એ મરનાર વ્યક્તિ પાછી જીવતી થઇ, પણ એની સ્મૃતિ ચાલી ગઇ. બારે વર્ષે એ સ્મૃતિ સજીવન થઇ અને કેસ મંડાયો. આ કંઈ પરીકથા નથી, હિંદમાં બનેલી ને કલકત્તા કોર્ટે તેમજ પ્રીવી કાઉન્સિલમાં વર્ષો સુધી લડાએલી કથા છે. મેં એ કિસ્સાને 'ખમા બાપુ'માં વણી લીધો છે. આ કથા ભુલાભાઇને કાને દાર્જીલિંગમાં પડેલી, અને એથી એમને એ હકીકતમાં રસ હતો.

ઝેર આપી મારી નાખવાના કાવત્રામાં ભાઈબહેનનો હાથ હતો એ એની વિશિષ્ટતા હતી. કંજીના ધણીને અને બીજાને પૈસા આપી લાશને ઠેકાણે પાડવાના કામમાં લેવામાં આવ્યા હતા એવી લોકવાયકા હતી. જે હો તે, મરનાર તો સ્મૃતિ ભૂલી જીવતો થયો, પણ કંજીને એણે વિસ્મૃતિનું દાન દીધા વિના લગભગ મારી નાખી. બારે વર્ષે પેલા સંન્યાસીને સંસ્મૃતિ પાછી આવતાં, એણે સંન્યાસ છોડી રાજગાદીનો દાવો કર્યો. અહીં કંજીને બારે વર્ષે પણ વિસ્મૃતિ મળે યા સંન્યસ્ત મળે એવાં ચિહ્નો જણાતાં નહોતાં.

અજબ છે આ દુનિયાના રંગ! બહેન ભાઇને મળી ધણીનું ખૂન કરે છે; બધાં રાજવંશી છે; મરનાર જીવતો થઈ સાધુ થાય છે; બારે વર્ષે સાધુત્વ છાંડી રાજા થવા દાવો કરે છે; ફેંસલો આવતાં લગભગ બધાં મરી પરવારે છે. અહીં કંજીના કિસ્સામાં પ્રેમી પુત્રીદાન દઇ પ્રિયતમાને છાંડી દે છે, એ ધર્મનો અંચળો ફેરવી બીજા ધણી સાથે ઘરસંસાર માંડે છે, અને આખરે દીકરી ને ધણી બંનેને માનવજાત છૂટાં પાડે છે. સ્ત્રીને નથી રાજપાટ કે સંન્યાસ જોઈતાં, ફક્ત પુત્રીનું મોં જોવું છે. વ્યથાગ્રસ્ત દિલે અકેલી જીવનવ્યવહાર ચલાવે છે. ક્યાં, કેમ, કોને, કેવીરીતે ભાવી ઘસડે છે એ તો જુઓ! (ચાલુ)

કલાકાર શાંતિલાલ શાહ

આ અંકમાં જેમનાં થોડાં ચિત્રો આપ્યાં છે તે ભાઈ શાંતિલાલ શાહની કલાથી 'કુમાર'ના વાચકો અજાણ નથી. અગાઉ અંક ૨૮૧ તથા ૨૯૫માં અનુક્રમે એમનાં 'અભિસારિકા' તથા 'શાહી દંપતી'નાં રંગચિત્રો આવી ગયાં છે. તેમના પિતાશ્રી એક નાના ગામડાના ચારિત્ર્યશાળી મહેતાજી હોઈ પુત્રોમાં તેમણે સંસ્કારનો ઉત્તમ વારસો આપેલો છે. ઘરની તંગ સ્થિતિ છતાં પોતાના પુત્રોને વિદ્યાભ્યાસ કરાવવાનો શુદ્ધ આગ્રહ રાખી અમદાવાદના ચી. ન. વિદ્યાવિહારમાં મૂક્યા અને ત્યાં ભાઈ શાંતિલાલે પોતાનો જીવનવિકાસ સાધ્યો. ત્યાં ચિત્રાચાર્ય શ્રી રસિકલાલ પરીખના વર્ગમાં તેમનો ચિત્ર પ્રતિનો શૉખ પ્રકટ થયો અને મૅટ્રિક થવાનું મોકૂફ રાખી ગુજરાત કલાસંઘ ચિત્રશાળામાં શ્રી રવિશંકર રાવળની સીધી દેખરેખ નીચે વિશેષ અભ્યાસ કરી ચિત્રકાર્યમાં પ્રવીણતા મેળવી. ૧૯૪૨ની રાષ્ટ્રીય લડતમાં એક સરઘસ સાથે નીકળતાં આઠ માસ સુધી જેલવાસનો લ્હાવો લીધો. પરંતુ ત્યાં પણ જેલજીવનનાં ચિત્રો કરી વિકાસ તો ચાલુ જ રાખ્યો. બહાર આવ્યા પછી કેટલાંક સારાં ચિત્રોનું સર્જન કર્યું અને કુટુંબની જરૂરિયાતને લઇ ધંધાદારી ચિત્રકાર તરીકે જીવન શરૂ કર્યું. તેમાં ઠીકઠીક સ્થિરતા થઈ, એવામાં કેટલાક મિત્રોની પ્રેરણાથી વિશેષ સાધના કરવા ખાતર મદ્રાસની સરકારી કળાશાળામાં જોડાઇ હમણાં બે વર્ષથી તેઓ ત્યાંના પ્રિન્સિપલ અને પ્રસિદ્ધ કલાકાર દેવીપ્રસાદ રાયચૌધરીના હાથ નીચે તાલીમ લે છે.

ભાઈ શાન્તિલાલે ખાસ કરીને તસ્વીર-આલેખનમાં વિશેષ શક્તિ બતાવી છે. મદ્રાસમાંનાં છેલ્લાં પ્રદર્શનોમાં રજૂ થએલાં તેમનાં ચિત્રો મદ્રાસ અને મ્હૈસૂરનાં ચિત્રાલયો માટે ત્યાંની સરકારોએ ખરીદ્યાં છે ઉપરાંત સારાં ઈનામોથી તેમની કળાની કદર થઇ છે. ગુજરાત ગર્વ લઈ શકે એવા થોડા તરુણોના મંડળમાં તેમની ગણત્રી થાય છે.

કલાચાર્ય અવનીંદ્રનાથ ઠાકુરની આત્મકથા જોડાસાંકોર ધારે

૯ જોડા-સાંકોની સૃષ્ટિ

બંગાળી ઉપરથી અનુવાદક **રમણિક મેઘાણી**

છીરૂ મહેતરનું ઘર એટલે ગાર-માટી ને ખપેડાથી છાએલાં ભીંતડાં. એ ખૂણો દિવસ આખો આમલીની છાયામાં જ હોય. મેં ત્યાં કદી યે તડકો દીઠો નથી. ભૂડાંભૂખ જેવાં કૂતરાં ને કુરકુરિયાંઓનો અવાજ એ દિશામાંથી કાને પડતો જ હોય. કૂતરાંનાં ઘુરકાટથી ભયત્રસ્ત કૂકડાં-કૂકડી રહીરહીને 'કચૅાક' 'કચૅાક'ની કિકિયારી કરી રહ્યાં હોય. એ છાયાના અંધારા વચ્ચેથી છીરૂ મહેતરનું ઘર દેખાતું, એનું આંગણું વર્તાતું. એક બાજુ પાણીનું મોટું માટલું. એ પણ અરધે સુધી માટી લીંપેલું હતું. છીરૂ કામકાજથી પરવારીને એ ઠંડા માટલાના પાણીથી નહાતો. વાને શામળો હોવા છતાં છીરૂનો ચહેરો સોહામણો હતો. ઝુલ્ફાં વાંકડિયાં ને મુખાકૃતિ પણ ઘાટીલી. વિલાયતી દારૂ પીવાની એને આદત હતી,—દેશી દારૂને તો એ અડકતો પણ નહિ! વિલાયતી દારૂ પીધા પછી એના મોંમાંથી ફટાફટ્ ગરમાગરમ અંગ્રેજી ગાળો નીકળવા માંડતી. 'ડૅમ યૂ રાસ્કલ' વગેરે અંગ્રેજી વાણી એના મોંમાંથી સાંભળતાં જ સમજી શકાતું કે આજે ભાઈએ ઢીંચ્યો છે. અંદર અને બહારના માર્ગ સાફસૂફ રાખવાનો ભાર એના ઉપર હતો. સામેનો રસ્તો વાળીને એ જાય ત્યારે ધૂળમાં જાણે રંગોળી પૂરી હોય તેવી લહરી-ભાત તેમાં દેખાતી. ઝાડુ કાઢવાની ને પાણી છાંટવાની એની કરામત હતી. એને કલાકાર ઝાડુવાળો કહી શકાય.

અમારા જોડાસાંકોના મકાનમાં વસનારા સૌ—રસોયા, ખાનસામા સુદ્ધાં—બાબુશાહી ઢબ-છબથી ટેવાએલા હતા. કોઈ સદ્‌ગૃહસ્થ ઘેર આવે તો તેને આગતાસ્વાગતા કરી બેસાડવા કરવાનું વગેરે તેઓ જાણતા. આજે એવા નોકરો મળવા દુર્લભ છે. નવા નોકરો જૂના નોકરો પાસેથી કામકાજની રીતભાત કઇ રીતે શીખતા તે જોવા જેવું છે. બાપુજીનો એક નોકર મદ્રાસી હતો. નવોનવો આવેલો એ. એક દિવસ તે છાનોછાનો બાપુજીના ખાસ પ્યાલામાં બરફનું ઠંડું પાણી પીતો જૂના નોકર બુધ્ધુની નજરે પડચો. શેઠના પ્યાલામાં પાણી પીધું? બેસાડો પંચાયત, ને કરો દંડ! બીચારો રડી-રડીને રાંક બની ગયો. પંચાયત બેઠી; મોડી રાત સુધી વાટાઘાટ ચાલી; આખરે મૂંડી નીચી કરી એક વખત સૌને જમાડવાનો ખર્ચ આપીને ચોટલી રાખવાની સજા સ્વીકાર્યા પછી તેનો ઉગાર થયો! આવા રીતસરના દંડના પૈસા ક્યાંથી આવેલા એ કહી શકશો? બાપુજી પાસે જઈને એણે પોતાનો ગુનો કબૂલી લીધો અને કાલાવાલા કરીને આ દંડના પૈસા માગી લાવેલો! નોકરોની બાબુશાહી રીતભાત અને સજાનો ખર્ચ પણ આ રીતે બાબુઓએ જ વહેવો પડતો.

અમારો બુધ્ધુ બેરો (બેરર) સારો માણસ હોવા છતાં બાપુજીની ચીજવસ્તુઓ વિષે અતિશય ખબરદાર હતો. જે રૂમાલમાં લવંડરની ગંધ જુએ એ રૂમાલ લઇને બાપુજીના કબાટમાં મૂકી દે. એક દિવસ આ રીતે એણે મણિકાકાનો રૂમાલ બાપુજીના કબાટમાં મૂકી દીધો. કહે કે આમાં બાબુજીની ખુશ્બૂ છે ને? મણિકાકા કહે કે તારી વાત ખરી, પણ એ તો મેં માગીને મારા રૂમાલમાં નાખેલું; રૂમાલ તો મારો જ છે. એના ઉપર ધોબીનું નિશાન જો... અને ત્યારે જ બુધ્ધુએ તે રૂમાલ મણિકાકાને પરત કર્યો! બહુ ભરોસાપાત્ર માણસ હતો. આજકાલ એવા માણસો બહુ ઓછા મળશે. બાપુજીની એક પણ ચીજ કદી યે એ આડીઅવળી થવા ન દેતો. એ કેટલો ભોળો ને ગભરુ માણસ હતો તે સાંભળો. એક વખત બાપુજી કોઇ અંગ્રેજી નાટક જોવા ગએલા. હાથમાં હીરાની વીંટી પહેરેલી. હીરો પણ કીમતી હતો. અને હાથમાં હતી એક લાકડી. એને માથે કટગ્લાસની એક લાંબી એસન્સની શીશી બેસાડેલી હતી. ખાસ શૅાખથી બનાવેલી એ લાકડી હતી. બાપુજી પાછા ફરીને એ લાકડી ને વીંટી બુધ્ધુના હાથમાં સોંપી સૂઈ ગયા હતા. કેટલાક દિવસ પછી વીંટી કચેરીમાં મોકલવાની વેળા આવી ત્યારે જોયું તો હીરો ન મળે! ન મળ્યો તે ન જ મળ્યો. ઘણા દિ' સુધી શોધખોળ કરવા છતાં તેનો પત્તો ન મળ્યો. એટલામાં ઉનાળો આવી પહોંચ્યો. ઉનાળાની શરૂઆતમાં દર વરસે બાપુજી જાતે પોતાનો કબાટ ખાલી કરતા તે રીતે એ વખતે પણ ખાલી કરવા લાગ્યા. એમના હાથમાં ઝભ્ભા, ધોતિયાં વગેરે જે કંઈ આવતું તે કાઢીકાઢીને એ બહાર નીચે ફેંકતા, ને ત્યાં ઊભેલાંમાં જેને ભાગે જે આવે તે લઇને ચાલ્યા જતા. આમ કબાટ ખાલી કરતાંકરતાં છેવટે બાકી રહ્યાં કેટલાંક સાદાં ધોતિયાં ને ઝભ્ભા. એની નીચેથી પેલો ગુમ થએલો હીરો મળી આવ્યો. બાપુજીએ એ હાથમાં લઇને કહ્યું, 'બુધ્ધુ, આ તો પેલો હીરો! તેં અહીં મૂકી દીધેલો, ને એ માટે તો કેટલી ખોળાખોળ થઈ!' બુધ્ધુએ કહ્યું, 'તે હું શું જાણું કે આ હીરો છે. સવારમાં ઘરમાંથી મળી આવેલો. મેં તો ધાર્યું કે ઝુમ્મરનો કાચ હશે, એટલે અહીં રાખી મૂકેલો!'



હવે રસોડાની વાત કહું. ગલીમાં નાનકડી ઓરડી. ત્યાં બેઠીબેઠી અમૃત દાસી ઘંટીમાં મગની દાળ ભરડતી હોય કે સીલ-પત્થર ઉપર કંઈક વાટતી હોય. બાળપણમાં ત્યાં જઇને ઊભોઊભો ચૂપચાપ ચિત્ત દઇને એને ઘંટી ફેરવતી જોતો. સોનાવરણી મગની દાળ ઘંટીની ચારે બાજુ ઝરણાંની જેમ

ઝરઝર કરતી ઝરતી. ક્યારેકક્યારેક દાસી મુઠ્ઠીએક દાળ ગારા હાથમાં આપીને પૂછતી કે 'ખાઈશ, બાબા? લે, ખા!' હું થોડીથોડી કરીને એ દાળ મોંમાં મૂકી ચાવતો. મઝાની લાગતી. અમૃત દાસીનું આખું જીવન એની પાછળ જ વીત્યું છે. એનું સંગીત હતું ઘંટીનો ઘર્ઘર નાદ. સોનાવરણી દાળ અને સીલ-પત્થર પરની હળદરનું પાણી વહ્યાં જાય છે.

રસોડા ઉપર અમારું મંદિરઘર હતું. ત્યાં નાનાં ફઈબા બેસતાં. કથાકાર મહિમ કથા કહેતો. સિંહાસન ઉપર ભગવાન-ની મૂર્તિને શણગારી કરીને પધરાવવામાં આવતી. ભગવાનને માથે રૂપાનો મુગટ પણ હોય જ. આજે એ બધું યે છે: માત્ર નાનાં ફઇબા નથી, ને કથાકાર મહિમ નથી. ત્યાં પુરાણની વાર્તાઓ કહેવાતી. ત્યાંથી નીચે આવી નાનાં ફઈબાના ઘરમાં ચિત્રો જોતો. થોડી વાર પહેલાં જે વાતો ઉપર સાંભળી હોય તેનાં જ ચિત્રો ત્યાં નજરોનજર જોતો. એવી પુરાણની થોડીક પોથી આજે પણ મારી પાસે પડી છે; છોકરાંએ એ થોડા દિવસ પહેલાં જ કો'ક ખૂણેથી એ શોધી કાઢી હતી. જોતાં જ જાણી ગયો કે એ તો પેલા મહિમ કથાકારની પોથી છે! મહિમ એક એક પાનું વાંચી જતો અને નજર સામે એક એક



ચિત્ર ઉપસી આવતું. લાલ બનાતની ચાદર વીંટીને એ પોથી વાંચવા બેસે. હાથમાં રૂપાની વીંટી હોય, હાથવતી અભિનય કરતોકરતો એ કથા કરતો ને એની રૂપાની વીંટી ઝબકારા કરતી. એ ઝબકારો આજે યે જોઈ શકું છું. ચીતરતાં શીખ્યા પછી એક ચિત્ર એનું પણ ચીતરેલું.

બાપુજીની સવારની બેઠક જામતી પહેલા માળના દખ-ણાદા વરંડામાં. દખણાદા બગીચામાં ભાગવત માળી કામ કરતો હોય. ભાગવત બાપુજીનો ખાસ માળી હતો. એમણે જાતે એને ભણાવીગણાવીને એ દિશામાં પાવરધો કર્યો હતો. ક્યાંકથી પણ કોઈ દુષ્પ્રાપ્ય છોડ મળી જાય તો બાપુજી એને પોતાના આ બગીચામાં વાવતા જ. બાગાયત વિષે વિવિધ જાતનાં અનેક પુસ્તકો વાંચીને એમણે બગીચા વિષયક જ્ઞાન મેળવેલું. બાગાયત એ એમનો મુખ્ય શૉખ હતો. શું સુંદર રચનાવાળો હતો અમારો એ બગીચો? વૃક્ષનું પાંદડેપાંદડું ઝગઝગારા કરતું. હૉર્ટિકલ્ચરના એક સાહેબ અમારે ત્યાં આવેલા. વાતવાતમાં એમણે કહ્યું કે અહીં હિંદમાં 'ટુલિપ' ફૂલ ઊગતાં નથી. એને માટે ઘણી મહેનત કરી જોઇ છે. બાપુજી કહે, ભલે, પણ હું એ ઉગાડીશ. ને પછી તો વિલાયતથી એનો છોડ મંગાવાયો, વિવિધ જાતનું ખાતર એના ક્યારામાં પુરાયું ને ઉપરથી એને કાચનું કે કશુંક એવું ઢાંકણ પણ કરવામાં આવ્યું. ઉદ્ભિજ્જવિદ્યા વિષેની બાપુજીની ઘણી ચોપડીઓ—મોટા મોટા ગ્રંથો ભોંયતળિયે કબાટોમાં ઠાંસેલા પડયા છે. દેશપરદેશથી મંગાવીમંગાવીને કેટલાં યે પુસ્તકો એમણે વાં-ચ્યાં હતાં. વૃક્ષો વિષે જે ચોપડી એ સર્વદા વાંચતા તે લીલા ચાગડાના પાકા પૂંઠે મઢેલી ને સોનેરી અક્ષરે નામ લખેલી કવિતાની કોઈ અતિ મહામૂલી ચોપડી જેવી હતી. મોટા થઇ-ને મેં જોયું તો એ ઈંગ્લંડની હાર્પર કંપનીનું વિવિધ ફળ-ફૂલના છોડનાં બી વગેરેનું સચિત્ર સૂચિપત્ર હતું. પેલો ટુલિપનો છોડ વાવેલો તેમાં રોજ શું શું કેમ કરવું તે બાપુજીએ ભાગવતને બતાવી આપેલું. બાપુજી પોતે પણ દિવસમાં એક બે વાર એ છોડનું નિરીક્ષણ કરી જતા. આખરે એક દિવસ એમાં ફૂલ ઊગ્યું—એક જ ફૂલ. 'ફૂલ ઊગ્યું, ફૂલ ઊગ્યું'–ચારે બાજુ એ ફૂલ વિષે કલશોર મચી ગયો. સૌ એ જોવા આવતાં. અહીં આ દેશમાં જે ફૂલ ઊગી શકતું જ નથી તે આખરે ઊગ્યું તેથી બાપુજીને ખૂબ જ આનંદ થયો. ફૂલ ઉગાડવાનું મન થયું હતું અને આખરે એ ઊગ્યું. પેલા સાહેબને ખબર પડતાંવેંત એ આવ્યા. એ તો દંગ જ થઈ ગયા! કેટલી યે મથામણ કર્યા છતાં એ ફાવ્યા નહોતા. એમણે કહ્યું કે આને તો પ્રદર્શનમાં મૂકવું જોઇએ. તુરતમાં જ એક 'હૉર્ટિકલ્ચર એક્ઝિબિશન' ભરાવાનું હતું. ભાગવત ધોએલાં કપડાં પહેરી, રંગીન ચાદર ઓઢી તૈયાર થઇને આવ્યો. એની સાથે જ પેલું ફૂલ મોકલાવાયું. પ્રદર્શન તરફથી એ ફૂલ માટે બાપુજીને એક સુવર્ણચંદ્રક મળેલો! એ સુવર્ણચંદ્રક ને કલમ કાપવાની એક સરસ કાતર બાપુજીએ ભાગવતને બક્ષિશ આપ્યાં ને કહ્યું કે લે આ ચાંદ; ભલે તારા ગળામાં જ શોભતો. એ ચાંદ ગળાવીને એણે કંઈક ઘરેણું બનાવેલું, પણ કાતર એણે ક્યારે ય અળગી નહોતી કરી. તે ઘણી વાર મને કહેતો કે 'આ તો બાબુજીએ આપેલી કાતર છે.'

સાંજ થતાં જ બગીચામાં બાપુજી માટે ખુરશી-હોકો ગોઠવાઇ જતાં. ભાગવત ફુવારો ખોલી દેતો ને હોજમાં સાચે-સાચાં જીવતાં હંસ-માછલાં તરતાં ફરતાં. બાપુજીને નીચે ઊતરી બગીચામાં આવીને બેસતા જોઈ પાડોશી કાલાચાંદ બાબુ,—માથે બુલબુલ જેવા થોડાક વાળ લઇ, છાતી ઉપર એક ફૂલ ખોસી, ગળામાં કરચલી પાડેલી ચાદર ઝુલાવી, વાર્નિશ કરેલાં જૂતાં પહેરી ચપચપ કરતા સોટી ફેરવતા ડોલતા ડોલતા આવે ને બગીચાની મજલિસમાં બેસે. દર શનિવારે ઑફિસ છૂટ્યા પછી મોતીલાલબાબુ બાપુજી પાસે આવતા. માછલી પકડવા-નો એમને બહુ શૉખ. એને જોતાં જ બાપુજી કહેતા કે 'આ આવી પહોંચ્યા લાલ મોતી. મઝામાં છો ને?' એને લાલ મોતી કહીને જ બોલાવતા. પેલી બાજુના મોટા તળાવ ઉપર એ માછલાં પકડતા. ક્યારેકક્યારેક બાપુજી પણ એમને સાથ પુરાવતા. એ પેલું જ જૂનું તળાવ, જેની પેલી બાજુ જબ્બરદસ્ત

વડ છે તે-રવિકાકાએ 'જીવન-સ્મૃતિ'માં જેના વિષે ઉલ્લેખ કર્યો છે તે. નાનો હતો ત્યારે એ વડથી હું ખૂબ બીતો. દાસી વાત કરતી કે જટાળી ડોશી ને બ્રહ્મદૈત્ય વગેરે કૈં કેટલું યે ત્યાં છે.

ખેર. ત્યારે, એ સાંજ વેળાએ, બગીચામાં એક બાજુ બાપુજી વગેરેની મંડળી જામતી ને બીજી બાજુ અમે બાળકો નિશાળ-નિશાળ રમતાં. આ મકાન ને પેલા મકાનની વચ્ચેની કચેરીઘર સામેની શેરીવાળી જગ્યા અમારું રમતનું સ્થળ હતી. ક્યાંકથી એક ભાંગલો બાંકડો લાવી તેના ઉપર ધક્કામુક્કી કરીને અમે કેટલાક છોકરાઓ બેસતા. દીપુદા' અમારા માસ્તર થતા. શેરીને છેડેથી એ જ વખતે ફેરીવાળા સાદ દેતા આવતા દેખાતા. ચિના...બદામ, ગુ...લાબી રેવ...ડી ...ચણા ચોર...ખાટી મીઠી પીપરમેન્ટ, લોજેન્જીસ વગેરે. જેમ ખાધાપીધા પછી યે પંખીની આંખ વન ભણી જ મંડાએલી રહે છે તેમ બધું પતાવી કરીને બાંકડે બેઠા હોવા છતાં અમારી નજર તો ફેરીવાળા તરફ જ રહેતી કે ક્યારે ગુલાબી રેવડીવાળો આવીને દેવડીએ ઊભો રહે! એ આવે કે તરત અમે નિશાળ-નિશાળ રમવાનું પડતું મેલી ત્યાં દોડી જતા. દીપુદા' એક ભાંગેલી ખુરશી પર બેસી ગંભીર થઇને કહે 'સૌ પોતપોતાના પાઠ કરો'. પણ પછી વળી પાઠ શેના? ખોળામાં થેલી રાખી સહુ ચિના બદામ ખાઈએ. દીપુદા'ના હાથમાં પણ કાગળની થેલી હોય, અને એ પણ ખાતા હોય. એમ થતી અમારી નિશાળ-નિશાળની રમત. એક દિવસ વળી ઇનામનો સમારંભ કર્યો! ઈનામ કોને હાથે અપાવવાં? ઉપર વરંડામાં રવિકાકા આંટા મારતા હતા. એ અમારી સાથે ખાસ બહુ ભળતા નહિ. એમના જેવડા બીજા છોકરાઓ અમારી સાથે રમતા, પણ રવિકાકા ત્યારથી જ એક રીતે એકાકી રહેતા. એકલા આંટા મારતા, ને ક્યારેક ક્યારેક ત્યાંથી જ અમારી રમત જોતા. જઇને પકડ્યા એમને. 'અમારી શાળાનો ઇનામ-સમારંભ કરવાનો છે; તમારે આવવું પડશે.' જરા હસીને રવિકાકા નીચે આવ્યા. ઇનામો વહેંચાયાં. ઈનામમાં હતાં ગુલાબી રેવડી—ચિના બદામ વગેરે. ઈનામ વહેંચ્યા પછી એમણે ઊભા થઇને અત્યંત શુદ્ધ ભાષામાં એક ભાષણ આપ્યું હતું. આજે એ યાદ નથી નહિ તો તમને ખૂબ મઝા પડત.

કાળે કાળે એ જોડાસાંકોનું મકાન કેટલુંક પલટાતું. અમારે વખતે જે ભડારિયું હતું તે પછી નાટકશાળા બની ગએલું. ભિસ્તીખાનામાં પછી ભોજન-ગૃહ થએલું. દફતર-ઘર પછી ગ્રીન-રૂમમાં પલટાએલો. દેવડી તો નીકળી જ ગઈ. ત્યાં બધું તોડીફોડીને એક લાંબો ઓરડો ઊભો કરવામાં આવ્યો. ટાઢા પહોરનાં ગપ્પાં હાંકવાના શોખીનો ત્યાં ભેગા મળતા. એક વાર ઘરનાં બાળકોએ મળીને 'વૈકુંઠનો ચોપડો' નાટક ભજવેલું. ગાડી-વરંડામાં જ્યાં દરવાનો હોળી ઊજવતા ત્યાં જ મોટું એવું સ્ટેજ ઊભું કરેલું ને તેમાં ઘોડા સાથેની ગાડી અમે સ્ટેજ પર લાવેલા! ટન ટન-કરતા ઑફિસેથી પાછા ફરતા અવિનાશબાબુ તેમાંથી ઊતર્યા. આ બધું જોઇને પ્રેક્ષકો દંગ થઇ ગએલા.

કેટલી યે રમતો રમી, કેટલાં યે નાટકો કરી, સુખદુઃખના કેટલા યે દિવસો ત્યાં વિતાવી આખરે જોડાસાંકોનું એ મકાન એક મારવાડી શ્રીમંતને વેચી સાટીને જે દિવસે મારે મારા કુટુંબનાં નાનાંમોટાં સૌને લઈને એ મકાનમાંથી નીકળવું પડયું ત્યારે આમલી તળેના ગહેતરનાં પૌત્ર-પૌત્રી ને પુત્રવધુઓ—માત્ર તેઓ જ—અમને ઘેરીને ક્રંદન કરવા લાગ્યાં. એમનો જન્મ ત્યાં જ થએલો અને એમાંના કેટલાંકનું મૃત્યુ પણ ત્યાં જ નીપજેલું. દેશમાં ઘર જેવું કંઈ તેમને હતું નહિ. કહે 'હવે અમારું શું થશે બાબુ? અમને અહીંથી કાઢશે તો અમે ક્યાં જશું?' મેં કહ્યું હતું કે 'ચાલો અમારી સાથે બારાનગર, ત્યાં તમને ઘર બાંધી દઈશું. ત્યાં રહેજો ને અહીં કરતા હતા તેમ ત્યાં કામ કરજો.' પણ એ જમાનાજૂના આમલી-તળની માયા તેઓ મૂકી શક્યાં નહિ. તેઓ આજે પણ ત્યાં છે કે નહિ તે તો કોણ જાણે.

કેવા સુખનું એ સ્થળ હતું! કેવી સુખી હવા અમારા એ જોડાસાંકોના નાના શા મકાનમાં વા'તી હતી! ત્યાંની માયા ફક્ત મને જ લાગી હતી તેમ નહોતું. નોકર-ચાકર, દાસ-દાસી, નાનાં-મોટાં સૌને લાગેલી. એક પ્રસંગ કહું છું તેના પરથી એ સમજાશે. મનોરંજન બાબુ જેસોરના અમારા કુટુંબી હતા. કચેરીમાં કામ કરતા. વાને અંગે એક પગે પાંગળા હતા. આમલી તળે અમારા કામદારોના નિવાસમાં એક નાની ઓરડીમાં એ રહેતા. થોડા વખતમાં જ એમનો પેન્શનનો સમય થવાનો હતો. એવામાં ડોસા દારુણ માંદગીમાં પટકાયા. મને ખબર



પડી કે તુરત તેમને જોવા ગયો. નાનું ઘર, ને જાળીવાળું એક જ બારણું. ભીંતમાં ક્યાં ય બારીબાકોરું પણ નહિ કે બહારની હવા ત્યાં પ્રવેશી શકે. મને લાગ્યું કે ડોસાના દિવસો હવે ત્યાં જ પૂરા થશે.

'કેમ છે? કો'ક બીજા સારા હવાઉજાસવાળા ઓરડામાં પથારી ફેરવોને.' મેં કહ્યું.

'જી, અહીં મઝાનું છે. એકાદ બે દિવસમાં સાજો થઈને કામે ચડી જઈશ.' એણે જવાબ આપ્યો.

'આવ્યો છું ત્યારે જરાક અહીં નજર તો કરતો જાઉં.' કહી હું ચોમેર જોવા લાગ્યો. જોતાંજોતાં નજર પડી: કબૂતરના માળા જેવી એક જ ખખડી ગએલી ભીંત પર, જાળિયાવાળા બારણાંની ઉપરની બાજુએ એમણે લખ્યું હતું—સુંદર મરોડદાર અક્ષરોમાં: 'મનોરંજન કારાગાર!' હું ઘેર પાછો ફર્યો. વળતે દિવસે સાંભળ્યું કે મનોરંજન બાબુનો 'મનોરંજન-કારાગાર'-વાસ પૂરો થયો છે!

હવે જોડાસાંકોનું અમારું મકાન કેવું, શું હતું તે વિચારી જુઓ, કારાગાર હોવા છતાં યે મનોરંજન! જોડાસાંકોને પેલે પાર હશે મનોરંજન-કારાગાર? (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં



અંક ૪૪
શ્રાવણ ૧૯૮૩

કૃષ્ણની માતા દેવકીમાં આપણા પુરાણકારોએ હિંદુ સ્ત્રીઓ માટે સહનશીલતાનો જે આદર્શ આપ્યો છે તેનું ટૂંકું પણ સચોટ નિરૂપણ શ્રી દેશળજી પરમારે આ અંકમાં કરાવ્યું હતું: 'માબાપનું સુખ જોયા વિના તે પોતાના ભાઈ કંસને આશરે ઊછરી. પરણીને તે પતિ વસુદેવ સહિત ભાઈના કારાગારમાં પડી. ત્યાં પોતા સમક્ષ સાતસાત સંતાનોની હત્યા સહન કરી છતાં 'ક્ષમયા ધરિત્રી'ની જેમ તેના દુઃખનો અંત ન આવ્યો. આઠમા બાળકને બચાવવા એણે પુત્રને પારકો કર્યો. વર્ષોનો પુત્રવિયોગ વેઠી એ આઠઆઠ સંતાનો થયા છતાં વાંઝણી જેવી રહી.


દીકરી તરીકે તેણે માબાપનું સુખ ન જોયું, બહેન તરીકે ભાઈનું સુખ ન ભાળ્યું, ગૃહિણી તરીકે ઘરસુખ ન જાણ્યું, માતા તરીકે પુત્રસુખ ન માણ્યું. ગાળ્યું માત્ર દુઃખનું તપોમય જીવતર. કેટલી સહનશીલતા, કેટલું ધૈર્ય ને કેટલું સમર્પણ.

આટઆટલાં દુઃખ છતાં એ વીરસૂએ શ્રીકૃષ્ણ જેવા બલવાન આત્માને જન્મ આપ્યો, જેણે કંસનો વધ કર્યો, જુલમી રાજ્યતંત્રનો અંત આણ્યો, માતપિતાને બંધનમુક્ત કર્યાં, સમસ્ત પ્રજાને સ્વતંત્રતા અર્પી, અને પોતે જીવનવિકાસમાં 'પૂર્ણ પુરુષોત્તમ' થયા.

શ્રીકૃષ્ણની માતા દેવકી એ સ્ત્રીજીવન માટે સહનશીલતાનો આદર્શ છે. દેવકીનંદનની જન્મદાત્રી તરીકે દેશના સૌભાગ્યની પરમ ભાવના બનીને તે અહોધન્ય બની છે.

"પોતાના વિદેશી દેહ ઉપર હિંદી શૈલીની રેશમી સાડી પહેરેલાં, પગમાં ચંપલ ચડાવેલાં અને કોણી સુધી ખુલ્લી પહેલવાની ભુજાઓના અભિનય વડે મોટા મરદોને પણ ડારતાં એક ડોશીમાને તમે જોયાં છે? બેઠી દડીના એ પોલાદી દેહ ઉપર જરાક બંકી છટાથી નમાવેલી મસ્ત ગરદન; એક વખત જે મુખ પર નિર્દોષ તરુણાવસ્થાની સુંદર સુકોમલ લાવણ્ય-રેખાઓ અંકાએલી હતી તે મુખ પર સો સો સમરાંગણોના ઘા પડીપડીને ખાડા થઈ ગયા હોય તેવી કરચલીઓ; આત્મશ્રદ્ધા અને અસ્મિતાના તણખા ફેંકતી તીક્ષ્ણ બે આંખો; અને હજારો શ્રોતાઓ વીણીવીણીને ઉપાડી લે તેવા સ્પષ્ટ રણકારા મારતા શબ્દોનો મહાનદ ઘૂઘવતો હોય એવો એ વૃદ્ધાના કંઠમાંથી ધસમસતો વાણી ધોધ: આવાં તત્ત્વોની બનેલી એંશી વર્ષની ડોશીને દેખી હોય, તો એ સ્ત્રી હશે કે પુરુષ, તેની સમશ્યા તમને નથી થઈ? અબલાનો દેહ શું આટલો જાજરમાન? કેમ ન હોય? પંચાવન વર્ષના અખંડ બ્રહ્મચર્યની એરણ પર, માનવસેવાના હથોડાના પ્રહારોથી પીટાએલું અને સંસારી સુખ-દુઃખો ને જયપરાજયોની સદા સળગતી ભઠ્ઠીમાં તપીતપીને ઘડાએલું એ યમદૂતને પણ ભુલાવામાં નાખનારું શરીર છે.

આવી શરીર-સમૃદ્ધિ જો કદી નજરે પડે, તો જાણજો કે એ બાઇનું નામ 'ઍની બેસંટ' છે. મદ્રાસ નગરી પાસેની ઊંડી ને પહોળી અદ્યાર નદીના કિનારા ઉપર એક રમણીય ગંભીર વનરાઈ ઊભી છે. એ વનરાઈની કુંજઘટામાં શ્વેત પક્ષીઓ વિખરાઇને ક્રીડા કરતાં હોય તેવાં સાદાં રૂપાળાં ઘરોનો બનેલો એક આશ્રમ છે. એ આશ્રમની અંદર તપોવનની શાંતિ, દેવાલયની વિશુદ્ધિ, કલાગૃહની રસિકતા અને રાજમંદિરની કડક નિયમવશતા, સાથે મળીને એક અનેરું વાતાવરણ સરજે છે. ત્યાં વસીને



પક્ષીઓનો પરિચય ગુજરાતી માસિકોમાં પહેલવહેલું કરાવનાર 'કુમાર'. શ્રી ગજાનન ભટ્ટે લખેલી 'પક્ષીનિરીક્ષણ'ની માળામાં આ અંકમાં કોયલનો પરિચય હતો. એને વિષે એક વાત ઘણા હજી નથી જાણતા કે માદા અને નર કોયલનાં રૂપરંગમાં ઘણો ફેર હોય છે; અને જે ટુહૂકાર કરે છે તે માદા નહિ પણ નર. ઉપર ડાબી બાજુ માદા છે, અને જમણી બાજુ નર.

કેવળ રોજના પાશેર ચોખા ને કોપરાનાખમણનો આહાર લેતી અને બે વાર ચાહ કોફીનો એકેક પ્યાલો પીતી એ બાઈ પરોઢના ચારના ટકોરાથી જાગી રાત્રિના બરાબર અગિયાર બજ્યા સુધી, ઘડિયાળના કાંટાની માફક—બલ્કે સૂર્ય, ચંદ્ર ને તારાની અચૂક નિયમિતતા મુજબ અખંડ કર્મયોગનું આરાધન કરે છે. આશ્રમમાંથી ગાઉ-બે ગાઉ પરના મદ્રાસ નગરમાં જતી હોય તેટલી સહેલાઇથી એ ડોશી દુનિયાભરના દેશોમાં અઠવાડિયાં – અઠવાડિયાંનાં પ્રયાણો ગોઠવીને આથડે છે; મિત્રોને કાગળની ચબરખી લખતી હોય એટલી લ્હેરથી ઊંડા તત્ત્વજ્ઞાનના લેખો ને પુસ્તકો લખે છે; બાળકપાટી પર લીટા કાઢતું હોય તેટલી ઝડપથી મોટીમોટી વિશ્વવ્યાપી યોજનાઓ આંકે છે. ભારતવર્ષને એણે પોતાની માતૃભૂમિ કહી અપનાવી છે અને દેવદૂતની દૃઢ વાણી સંભળાવી દીધી છે કે 'હું વૃદ્ધ થઇ છું. પણ હિંદને સ્વરાજ મળેલું જોયા વિના જવાની નથી.''

આ રીતે ઉઘાડ કરીને શ્રી ઝવેરચંદ મેઘાણીએ પોતાની તેજીલી ને પ્રેરક બાનીમાં આ અંકમાં ઍની બેસંટનું વિસ્તૃત ચરિત્ર આપેલું, જે પછીના અંક સુધી ચાલેલું.

રામનારાયણ નાગરદાસ પાઠકે 'શિવાજી મહારાજના દેશમાં' એ નામની દક્ષિણની યાત્રાની એક માળા આ અરસામાં લખેલી. તે પૈકી સતારાનો પરિચય:

'સતારા પુરાણી રાજધાની છે. રાજધાની માટે આવી સુરક્ષિત જગ્યા પસંદ કરવામાં બુદ્ધિની કસોટી છે. અઝીમતારાનો કિલ્લો એનો રક્ષક છે. મજબૂત ને ઠીકઠીક ઊંચો છે. બાંધણી બેઠા ઘાટની છે. એનું મૂળ નામ વસંતગઢ. ઔરંગઝેબના શાહજાદા અઝીમે એનું નામ અઝીમતારા પાડયું. કેટલાક એને અજિંક્યતારા પણ કહે છે.

વસંતગઢ ફરતો ઊજળો ઇતિહાસ વીંટળાઈ રહ્યો છે. ઔરંગઝેબ પોતે સૈન્ય લઇ ચડી આવ્યો. વીર નાયક પ્રયાગજી અનંત કિલ્લેદાર હતો. બાદશાહે ગઢને ઘેરી લીધો. વીસ હજારની સેના! પ્રયાગજી પાસે માંડ બે હજાર હશે! ગઢ પડવાની અણી ઉપર આવી ગયો. બચવાનો કોઇ ઉપાય ન રહ્યો. પ્રયાગજીએ છેલ્લી જુક્તિ અજમાવી. ગઢના ભોંયરામાંથી સંઘરેલા સાપ મંગાવ્યા. વીંછીના ટોપલા આવ્યા. ગઢ ઉપરથી ટોપલા ફેંકયા. મોગલ સૈન્ય રાડ નાખીને ભાગ્યું. અવ્યવસ્થા થઇ ગઇ. પ્રયાગજીએ ઠેઠ તંબૂ સુધી તગડી મૂકયા ફરી હલ્લો કરવાનો વિચાર કરે તે પહેલાં બાદશાહ માંદો પડયો અને પ્રયાગજી અનંતનો વસંતગઢ અજિંક્ય રહ્યો–અજીત રહ્યો.

જૂનો રાજમહેલ જોવા ગયા. એની વિશાળતાનાં વખાણ કરવાં મિથ્યા છે. એની શોભા, કળા, કારીગરી અદ્ભુત છે. ત્રણ હજાર માણસ સહેજે બેસી શકે એવો ભવ્ય દરબાર છે. પાછલા ભાગમાં ભવાની માતાનું જબરું મંદિર છે. રૂપેરી કમાડ, રૂપેરી પૂજાપાત્ર, રૂપેરી મૂર્તિ; બધું રૂપેરી! પૂજારી પણ મળી શકે તો રૂપેરી જ રાખે! શિવાજી મહારાજ જુદ્ધે ચડતા ત્યારે ગળામાં ભવાની માતાની સોનેરી છબિ રાખતા. આજ પણ એ છબિ જ અહીં પૂજાય છે.'

સુભાષિત

· અનુષ્ટુપ ·

गौर्गौः कामदुधा सम्यक्प्रयुक्ता स्मर्यते बुधैः ।
दुष्प्रयुक्ता पुनर्गोत्वं प्रयोक्तुः सैव शंसते ॥

વાણી કામદુધા ગૌ, જો વિચારી શુભ વાપરે;
કુ-રીતે બોલનારાને એ વાણી આખલો કરે.

[વિવરણ: વાણીનો મહિમા ગાતા આ શ્લોકમાં 'ગૌ' કે 'ગો'ના અર્થ વાણી, ગાય ને બળદ ત્રણે થાય છે, એ અહીં શ્લેષ અને શબ્દચમત્કૃતિ છે. વાણીનો મહિમા તો આપણા ઘણા કવિઓએ ગાયો છે. ભવભૂતિ 'ઉત્તર રામચરિત'માં લવકુમારના મુખમાં સારી અને ખરાબ વાણી માટે બે સુંદર શ્લોકો મૂકે છે, અને સારી વાણીને કામધેનુ જેવી 'માતરં-મંગલાનામ્' કહે છે. વળી, ખરાબ વાણીને ઋષિઓ રાક્ષસી વાણી કહે છે અને તે ઉન્મત્ત, અભિમાની ને મિજાજી લોકો વાપરે છે તથા તે સર્વ વૈર તથા અનર્થનું મૂળ છે, એમ એ કહે છે:

ऋषयो राक्षसीमाहुर्वाचमुन्मत्त दृप्तयोः ।
सा योनिः सर्ववैराणां सा हि लोकस्य निष्कृतिः ॥

તુમાખી મત્તની વાણી, 'રાક્ષસી' ઋષિઓ કહે,
એ સર્વ વૈરની ધાત્રી, લોકની મૃત્યુકારિણી.

ભગવદ્ગીતામાં अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् એમ કહી, વાણી સત્ય, પણ સામાને ઉદ્વેગ ન કરાવે એવી પ્રિય અને હિતકારી હોવી જોઈએ એમ ભગવાન શ્રીકૃષ્ણ ઉપદેશે છે. પણ એ જ ભગવદ્ગીતાનો પાઠ કરનારા આજે કેટલા પ્રિય અને સત્ય વાણી બોલે છે, અને મિજાજ નથી કરતા? આ માટે રાજર્ષિ ભર્તૃહરિનો શ્લોક તો ખૂબ પ્રસિદ્ધ છે:

केयूरा न विभूषयन्ति पुरुषं, हारा न चंद्रोज्ज्वलाः
न स्थानं, न विलेपनं, न कुसुमं, नालंकृता मूर्धजाः ।
वाण्येका समलंकरोति पुरुषं या संस्कृता धार्यते
क्षीयन्ते खलु भूषणानि सततं वाग्भूषणं भूषणम् ॥

બાજૂબંધ ન, સ્થાન, લેપ, કુસુમો ના હાર ચંદ્રોજ્જ્વલા,
ના માથે પટિયાં અલંકૃત કરે, સ્નો ક્રીમ કે પૌડરો;
શોભાવે નરને સદા શુભ ગિરા સંસ્કારવાળી ખરે,
વાણી ભૂષણ એક સત્ય જગમાં, ખોટાં ઘરેણાં બધાં.

(આ અનુવાદમાં જરા છૂટ લઈ આજના જમાનાના યુવાનોનાં શણગારસાધનોને લીધાં છે.) વાણીએ કેટલાં કલ્યાણ સાધ્યાં છે ને કેટલા અનર્થો તેનાથી ઉપજ્યા છે એનાં ઉદાહરણો તો ઈતિહાસ અને સાહિત્યમાંથી થોકબંધ મળશે. કાણાને કાણો ન કહેતાં 'ભાઈ! આંખે શું થયું' કહેવું, એ પ્રિય અને અપ્રિય વાણીનાં સાદાં વ્યવહારુ ઉદાહરણો છે. સદ્ગત આચાર્ય આનંદશંકરભાઇને માટે કહેવાતું કે એમની વાણી એવી તો મીઠી હતી કે એમની સાથે લડવા ગએલો માણસ પણ કાંઇ બોલી જ ન શકે અને પાછો આવે. વાણી તો એવી ગાય છે કે જે મારે કે તારે. આપણા પણ એક કવિએ કહ્યું છે કે:

નહિ અન્ન જે લાગે કઠણ અતિ ચાવતાં દાંતો તળે,
વાણી નહિ જે સાંભળી દુભાઈને મન ઊછળે. ૨. ભી.]



માધુકરી

સમુદ્રમંથન કરી જનારા જવાબ દે આ સવાલ કેરો !
ગયું હતું પી કોઈ તો ક્યાંથી હલાહલ આવી ભળ્યું જીવનમાં?
મરણ પછી શું થશે ન જાણે, મરણ પછી શું મઝા જીવનમાં?
સવાલ આ છે અરે જીવનનો, જવાબ દેવો ઘટે જીવનમાં

—અમૃત ઘાયલ


શ્રી સોમાલાલ શાહ

અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી દર વર્ષે ગુજરાતી સાહિત્ય અને સંસ્કારિતાને પોષક વિશિષ્ટ સેવાઓ માટે અપાતો વિખ્યાત 'રણજિતરામ સુવર્ણચંદ્રક ઈ. ૧૯૪૯ના વર્ષ માટે, 'કુમાર'ના વાચકોના આજ પચ્ચીસેક વર્ષથી સુપરિચિત કલાકાર શ્રી સોમાલાલ શાહને હમણાં અપાયો. આપણી સંસ્કૃતિનાં ઉત્થાન-આંદોલનોમાં જે થોડા કલાકારોનો ઉલ્લેખનીય ફાળો છે તેમાં શ્રી સોમાલાલ ચુનીલાલ શાહનું નામ આગલી હરોળમાં રહેશે.

લગભગ પા સદીથી પોતાની રંગભરી ચિત્ર-અર્ચનાઓ વડે ગુજરાત સૌરાષ્ટ્રને શણગારીને ગૌરવાન્વિત કરનાર અને દેશવિદેશમાં આપણા નામને ઉજળું કરનાર એ કલાકારનો જન્મ કપડવણજમાં ઇ. ૧૯૦૫ની ૧૪મી ફેબ્રુઆરીએ ખડાયતા વણિક જ્ઞાતિમાં થએલો. પિતા અનાજની દુકાન ચલાવતા. એ દુકાને બેસીને કલાના મનોરથો ઘૂટતાંઘૂટતાં મૅટ્રિકનો ઊંબરો વટાવી તેઓ કૉલેજનો અભ્યાસ કરવા અમદાવાદ આવ્યા ને ખડાયતા બોર્ડિંગમાં રહ્યા. અહીં પણ તેમની કલાસાધના તો ચાલુ જ હતી. કોઈ ઉત્કટ લગનીના પ્રેર્યા, કપડવણજની જેમ અહીં પણ એ સ્વયંસ્ફૂર્તિથી ચિત્રો કર્યાં જ કરતા. આખરે એક દિવસ શ્રી રવિશંકર રાવળના ચિત્રગૃહમાં એ પાતળા શામળા વિદ્યાર્થીએ દેખાવ દીધો. કોઈ પણ શાળા-પઠિત વિદ્યાર્થી કરતાં પણ વધુ સરસ રંગલેપિત એ ચિત્રો જોતાં જ કલાકાર-જીવનની દીક્ષા માટેની તેમના અંતરની અધીરતા શ્રી રાવળે પારખી. દરમ્યાન, ઉગરેઠમાં ભરાએલા વિદ્યાર્થી-પ્રદર્શનમાં તેમણે પોતાનાં કલ્પિત ચિત્રોનો મોટો જથ્થો રજૂ કર્યો અને ત્યાં તેમને સુવર્ણચંદ્રક મળ્યો. ઊગતી અવસ્થાના એમના એ કામમાં પણ સાધના અને સંવેગનું જે દર્શન થતું હતું તે જોઈ કપડવણજના સાધુચરિત શિક્ષક આચાર્ય સ્વ. હરિભાઈ દેસાઇએ તેમને આ ઇશ્વરપ્રેરિત દિશામાં દૃઢપણે ડગ ભરવા પ્રેરણા અને માર્ગદર્શન આપ્યાં, ને થોડા જ્ઞાતિજનો તરફથી નજીવી છાત્રવૃત્તિ મળતાં તેઓ મુંબઇની કલાશાળા સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં દાખલ થયા. ત્યાં તેમણે પોતાની આગવી અને આગ્રહભરી કલાસાધના વડે ત્યાંના આચાર્ય કૅપ્ટન સૉલૉમનનું પણ ધ્યાન ખેંચ્યું. એ જ વર્ષે એમના 'પ્રભુચરણે' નામ-



માસમાસનાં પંખી [૭૯]



સુગરી

નીડ-રચનામાં સર્વશ્રેષ્ઠ 'સુગરીના માળા' વિષે આપણે જાણીએ છીએ એટલું ખુદ એ પંખીને વિષે નથી જાણતા!

ખુલ્લા પ્રદેશમાં જ રહેતું હોઈ પાણી નજીકના કોઇ સ્થળે ઝાડની ડાળીએ આરામ લેતાં બહુ મોટી સંખ્યામાં તે દેખાય છે. જાડી ચાંચ ને સહેજ ટૂંકી પૂછડીવાળાં નરમાદા બંને ચકલી જેવાં જ લાગે, પણ સંવનનકાળે નરના રંગો ભભૂકી ઊઠે છે. આંખની નીચેથી લઈ છાતીની ઉપર સુધીનો ભાગ, પાંખો, પૂછડી તથા સમગ્ર પીઠ રતાશપડતાં ઘેરાં કત્થાઇ; માથું તદ્દન પીળું; છાતી પણ એવી જ, પણ પેટ તરફ ઢળતાં સફેદ થતી જઈ પેટ સફેદ બની જાય છે.

આહાર પણ ચકલી જેવો: અનાજના કણ વગેરેનો; પણ બચ્ચાંને ઝીણી ઈયળો વગેરે ખવડાવવામાં પરેજી રાખતું નથી. ચકલી પેઠે તે અવાજ પણ 'ચિટ્ ચિટ્' એવો જ કરે છે, પરંતુ સંવનનકાળે તેમાં ફેર પડી જઇ, માળો ગૂંથતાં ગૂંથતાં છેલ્લે 'ચીંઇઇ' જેવો લાંબો સૂર કાઢતા અનેક નર એકી સાથે સંભળાય છે.

મેથી સપ્ટેમ્બર દરમિયાન, પરાળ કે છૈયાના રેસા વગેરેથી ગૂંથેલા, અંદર પ્રવેશવાની લાંબી લટકતી નાળ વાળા તેના અનેક માળા જોવા મળે છે. માળા ગૂંથવાનું લગભગ બધું કાર્ય નર કરે છે. માળો પૂરો થવા આવે ત્યારે માદા તે જોવા આવે છે, ને બાકીનું કામ પોતાને અનુકૂળ રીતે પૂરું કરી લઈ તેમાં થોડી માટી પણ ચોડે છે. ત્યાર બાદ માદા તેમાં બેથી ચાર, રંગછાંટ વિનાનાં, તદ્દન શ્વેત ઇંડાં મૂકે છે. માદા આ ઈંડાં સેવતી થાય કે તરત નર તેને છોડી બીજો માળો ગૂંથવો શરૂ કરે છે, જ્યાં વળી કોઇ બીજી માદા પહેલીની રીતે જ આવી પ્રજનન કરે છે. આમ, ક્યારેક તો નર નવાનવા માળાઓ ગૂંથતો રહી બે, ત્રણ કે તેથી વધુ ઘર માંડતો ફરે છે.

ના એક ચિત્ર માટે આઠમી સાહિત્ય પરિષદ તરફથી એમને સુવર્ણચંદ્રક મળેલો. પરંતુ ત્યાંની જડ અને રૂઢિચુસ્ત શિક્ષણ-પદ્ધતિમાં બધાઈ રહેવું એમને ગમ્યું નહિ. અને ભારતીય પરંપરાના આધાર પર નવવિધાન કરતી તથા વિદ્યાર્થીની આંતરિક શક્તિઓને મુક્ત વિકાસ આપતી શાંતિનિકેતનની કલા-શાળામાં જવા એમણે વિચાર્યું. એવામાં ડૉ. જેઇમ્સ કઝિન્સનાં કલાપ્રવચનોથી પ્રેરાઇને વડોદરા રાજ્યે પોતાના કલાભવનમાં બંગાળી કલાકારશ્રી પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાયની નિમણુક કરી હતી. કલકત્તા જેટલે દૂર જવાને બદલે અહીં ઘેર બેઠાં મળતી એ જ પ્રકારની શિક્ષા-દીક્ષાનો લાભ લેવાની શ્રી રાવળે એમને સલાહ આપી. અને તેઓ તથા શ્રી કૃષ્ણલાલ ભટ્ટ ઈ. ૧૯૨૭માં વડોદરા કલાભવનમાં જોડાયા. શ્રી પ્રમોદબાબુની પ્રતિભા જૂની ને જડ રીતિઓમાં ફસેલા બીજા વિદ્યાર્થીઓ અને શિક્ષકો તો સમજી શક્યા નહિ, પરંતુ આ બે વિદ્યાર્થીમાં પોતાના આદર્શોને ઝીલવાની શક્તિ જોઈ તેમણે તેમના પર પોતાનાં કાર્યશક્તિ અને પ્રેરણા કેંદ્રિત કર્યાં અને બે જ વર્ષમાં તેનું સચોટ પરિણામ અને સિદ્ધિ મેળવ્યાં. આ પછી શ્રી સોમાલાલ છએક માસ કલકત્તાની ડૉ. અવનીન્દ્રનાથ ઠાકુર સ્થાપિત 'ઓરીએન્ટલ આર્ટસોસાએટી' તરફથી ચાલતા કલાવર્ગોમાં જઇને વધુ પરિપક્વતા લઇ આવ્યા.

એ જ અરસામાં ભાવનગરમાં શ્રી નાનાભાઈ ભટ્ટ પોતાની શિક્ષણસંસ્થા શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાં કોઈ ઊંચા કળાકારને સ્થાન આપવાને ઇંતેજાર હતા, તેમણે એમને ત્યાં રાખી લીધા. એથી શ્રી સોમાલાલની કલાવૃત્તિને ધંધાનું સ્વરૂપ ન લેવું પડયું, અને એ શિક્ષણસંસ્થાની ઓથે સતત વિકાસ ને સર્જન ચાલુ રાખવા ઉપરાંત એમણે ઘણા ભાવિ કલાકારોને તાલીમ આપી, જે પૈકી આજે વડોદરા યુનિવર્સિટીના કલા-વિભાગના ડીન થએલા શ્રી માર્કંડ ભટ્ટ તથા ગ્રાફિક આર્ટ્સની તાલીમ માટે ઇંગ્લંડ ગએલા શ્રી વિનાયક પંડ્યા પ્રસિદ્ધ છે. દક્ષિણામૂર્તિ સંસ્થાનું સંકોચન થયા બાદ, ભાવનગરને જ એમણે પોતાનું સ્થાયી નિવાસસ્થાન બનાવ્યું હોઈ તેમને ત્યાંની આલ્ફ્રેડ હાઇસ્કૂલમાં ચિત્રશિક્ષક તરીકે જોડાવું પડયું છે. જીવનનાં વ્યવહાર-પાસાંનો મેળ મેળવવા કોઈવાર ધંધાદારી-આલેખનો પણ તેઓ કરી લે છે, પરંતુ પોતાની કલા-અર્ચના પર એનું આક્રમણ કદી નથી થવા દીધું. પોતાનાં લલિત ચિત્રસર્જનો ઉપરાંત ભાવનગર નરેશ માટે તેમણે આપણાં પક્ષીઓનાં ચિત્રોનો કરેલો મોટો સંપુટ તો તેમની સચોટ અવલોકનશક્તિ અને આલેખનના પુરાવા રૂપ બની એમને જગપ્રસિદ્ધિ અપાવે એવો છે. એ જોવાનું સુભાગ્ય જેમને મળે તેઓને જ તેમની તૂલિકાની તાકાતની પ્રતીતિ થઇ શકે.

શ્રી સોમાલાલનું જીવન શાન્ત, સ્થિર જળભર્યા નાનકડા સરોવર સમું છે. નથી તેમાં તોફાન કે નથી ઉછાળા, પણ રસમય ઊર્મિઓ ત્યાં લહેરાય છે. તે આગળપડતા કે ધૂસણિયા નથી. કન્યા જેવી લજ્જાળુતા એ કાઠીદાર ઊંચા શ્યામવર્ણા જુવાન માટે માન અને પ્રેમની લાગણી પેદા કરે છે. એમના વિદ્યાર્થીઓ એમની પાસે લાડ ને મમત્વ અનુભવે છે. સ્વભાવ અને ચારિત્ર્યનાં સર્વ લક્ષણોના વધતા-ઓછા પડછાયા તેમની કૃતિઓને અડયા વિના રહ્યા નથી. ઉત્તેજક માદકતા વિનાનાં તથા માનવજીવનની પ્રેરક બાજુઓ ને નિર્દોષરમ્ય પ્રસંગોનાં એમનાં ચિત્રોમાં તેમજ ભાવના-મધુર દશ્યોમાં રંગાવટની મિઠાશ ને સુકોમળતા છતાં વેગવાન ને સાર્થ રેખાંકન જોવા મળે છે. ભાવોર્મિવાળાં ચિત્રાલેખનો એ એમનું પ્રધાન વલણ છે, છતાં લોકજીવનના કેટલા યે સુંદર પ્રસંગો એમણે ચિત્રિત કર્યા છે, જેમાંનું લંડન પ્રદર્શનમાં મુકાએલું 'છેયો' તેના સુસ્પષ્ટ અને મુગ્ધકર આલેખન દ્વારા જીવનના એક મોઘા પ્રસંગને સાકાર કરી રહે છે. 'ભૈરવ રાગ', 'દેવયાની', 'ગોવાલણ', અને 'નાગદમન' જેવાં એમનાં ચિત્રો ગુજરાતની ઉચ્ચ કલાસાધનાનાં પ્રતીક સમાં છે. એમનું 'ગોવાલણ' પરદેશી એલચીખાતા માટે ને 'નાગદમન' રાષ્ટ્રીય ચિત્રાલય માટે મધ્યસ્થ સરકારે ખરીદ્યાં છે. એમની કલા વાસ્તવિક છતાં કવિતાભર્યું માર્દવ દર્શાવે છે. વિવિધ વર્ણભંગી અને રેખાવિન્યાસોથી એમનાં ચિત્રોમાં જાણે સંગીતનું વાતારણ છવાઈ રહે છે. (શ્રી રવિશંકર રાવળે લખેલા પરિચયલેખ વગેરેને આધારે)

સંગીતકારોની નગરી ગ્વાલિયર

હિંદુસ્તાની સંગીતના ઇતિહાસ સાથે ગ્વાલિયરનો ખાસ સંબંધ છે. કહેવાય છે કે દિલ્હી દરબારમાં તાનસેનને સંગીતરત્નનું સ્થાન મળ્યું તે પહેલાં, એ ગ્વાલિયર આવતાજતા રહેતા. ધ્રુપદની ગાયકી અહીં ખીલી હતી ને ખ્યાલની ગાયકી પણ અહીં રણકી હતી. સંગીતકલાની જેમણે સેવા કરી છે એવા ભાતખંડેને ગ્વાલિયરના ગુણીજનોએ ઘણુંઘણું આપ્યું છે.

સુલતાન હુસેન શર્કી, રાજા બાજબહાદુર, ચંચલસેન, ચાંદખાં, સૂરજખાં ને ગુલામ રસૂલનાં નામો ગ્વાલિયર સાથે સંકળાયાં છે. ખ્યાલની ગાયકીને પ્રિય બનાવનારા ગુલામ રસૂલના કંઠમાં કોયલે જાણે માળો બાંધ્યો હોય એવી મિઠાશ હતી. કહેવાય છે કે ગુલામ રસૂલ તબિયતમાં આવીને સૂર લગાડતા ત્યારે બાગનાં બુલબુલો સંગીતખંડ પર દોડી આવતાં. એના પુત્ર ગુલામનબીએ 'ટપ્પા'ની ખૂબીઓ પહેલી ચમકાવી.

ગુલામ રસૂલના સગા અને શિષ્ય મખનખાંએ મહારાજા ઉપરાંત પ્રજાના કાન પર શુદ્ધ સંગીત મૂકયું. એમનો ઘરાનો ગાતો રહ્યો અને ગ્વાલિયર સાંભળતું રહ્યું. આ સંસ્કારને લઈને એમ કહેવાયું કે ગ્વાલિયરનું બચ્ચું રૂએ તો એમાં ય સૂર હોય!

દિલ્હીના તાનસેનની તારીફ થઇ, તો ગ્વાલિયરના અનેક 'કાનસેનો'ની પ્રશંસા થઈ. એટલે કે, ગ્વાલિયરવાસીના કાન સંગીત માટે સરસ થયા. આવા કાનસેન વિના તાનસેનની પણ કિંમત કેટલી? સંગીત યોગ્ય રીતે સંભળાવવું જોઈએ ને? સંગીત માટે કાન સાફ કરવાની ક્રિયા ગ્વાલિયરમાં ખૂબ થઈ. ગુલામ રસૂલના શિષ્ય મખનખાં, એમના પુત્ર નથન પીરબક્ષ, એમના લડકા કાદરબક્ષ અને એમના બે પુત્રો હદુખાં અને હસુખાં. એમના પુત્ર રહેમતખાં. રહેમતખાંની રેકર્ડ જેણે સાંભળી હશે એમને ખ્યાલ આવશે કે એ ઘરાનામાં સંગીતના જે કણ હતા એ અદ્ભુત હતા.

ગ્વાલિયરનો આવો ઈતિહાસ છે. આવતી કાલનું ગ્વાલિયર આ પરંપરા જાળવશે ખરું? સંગીતને જો સ્થાન મળે, આ કલાને યોગ્ય માન આપવામાં આવે તો, સંગીતકલા વહેતી

રહેશે. ભારતની આઝાદી આ ગુણીજનોની વધુ ને વધુ કદર કરે અને આપણા તેજસ્વી ઘરાનાઓની ગાયકીને ઉત્તેજન આપે તો, આ ઘરાનાઓમાં સંઘરાએલાં રત્નો ઝળકતાં રહેશે; નહિતર આ ઝગારો આથમી જશે. એ આથમશે તો જગતને મહાન સંગીતની ખોટ પડશે એટલું નોંધી લેજો. (વંદેમાતરમ)

અજબ ઘડિયાળોનું પ્રદર્શન

લગભગ પાંચ સદીથી—એટલેકે સ્વિટ્ઝર્લૅંડે જ્યારથી ઘડિયાળો બનાવવાનો ઉદ્યોગ શરૂ કર્યો ત્યારથી તે પોતાના એ રાષ્ટ્રીય હુન્નરનું અવારનવાર પ્રદર્શન કરતું રહ્યું છે. દુનિયાના લગભગ ૬૦ દેશના ઘડિયાળીઓ ને ઝવેરીઓ તેની મુલાકાત લે જ છે. આ વર્ષે પણ 'બાલ' મુકામે ભરાએલા ઔદ્યોગિક મેળામાં એવું એક પ્રદર્શન થએલું. એમાં અદ્‌ભુત કરામતો તથા રૂપરચનાવાળી ૧૨,૦૦૦ ઘડિયાળો પ્રદર્શિત થએલી! તેમાં નિયત સમયે ઉઠાડનારી ઝીણો મંજુલ રણકાર કરતી કાંડા ઘડિયાળો, કલાક ને મિનિટના ટકોરા પાડતી ઘડિયાળો, સેકંડના પણ વિભાગો અતિ ચોક્કસાઇથી બતાવતી, રમતગમતો અને શરતોમાં વપરાતી 'સ્ટૉપ વૉચ'ની રચનાવાળી સંયુક્ત ઘડિયાળો, દુનિયાના જુદાંજુદાં સ્થળોના સમયનો તફાવત દર્શાવતી ઘડિયાળો, તેમજ 'લીપ ઇઅર'ની આપમેળે જ ગણતરી કરી લઈ વાર, તારીખ, મહિના અને વર્ષ સાથે ચંદ્રની કળા તથા ભરતીઓટના જુવાળ દેખાડતી ઘડિયાળો પણ રજૂ થઈ હતી. વળી, વિવિધ કારીગરો માટે તેમના ધંધાને અનુરૂપ સગવડોવાળી—જેવી કે ઈજનેર માટે ઘરામાં જ લાંબા પાતળી ફૂટપટ્ટી વીંટાળેલી ઘડિયાળો જેવા પણ નમૂનાઓ હતા. એવી જ રીતે કદમાં પણ અનેક વૈવિધ્ય જોવા મળતું હતું. જેમાં મધ્યમાં ફક્ત દોઢ જ મિલિમિટરની ચાલવાળું સૌથી પાતળું ખિસ્સાઘડિયાળ ને એને આંટી દે તેવું ફક્ત દીવાસળીના ટોપકા જેવડા ચંદાવાળું ૧૮ કૅરેટ સોનાનું નાજુક ઘડિયાળ ખાસ ધ્યાન ખેંચે તેવાં હતાં. ઉપરાંત, વીંટી, કફનાં બટન, સાડીની પિન અને એવાં નાનાવિધ ઘરેણાંમાં ગોઠવેલી પણ અનેકવિધ નાજુક ઘણી ઘડિયાળો રજૂ થઇ હતી. તેમાં પ્લૅટિનમના બ્રેસલેટમાં ગોઠવેલી ૨૩૨ હીરાકણી જડેલી એક નાજુક ઘડિયાળ એટલી તો કિંમતી હતી કે જેના મૂલ્યમાંથી ઊંચામાં ઊંચી ત્રણ અદ્યતન મોટરો ખરીદી શકાય! આવી કિંમતી ઘડિયાળો પૈકી એક ખાસ ધ્યાન ખેંચે તેવી હતી. તેના ચંદાની મધ્યમાં પ્લૅટિનમ ને હીરાના બનાવેલા એક વહાણની તેમાં રચના હતી, અને બાજુમાં ગોઠવેલી કળ દાબતાં વહાણનાં હલેસાં સમય દર્શાવે તેવી તેમાં યુક્તિ કરેલી!

અને હવે એથી યે અજબ એની વિગતો

ઘડિયાળી આંકડાશાસ્ત્રીઓએ હમણાં અંદાજ કાઢ્યો છે કે એક સારી 'જ્યુવેલ-લીવર'વાળી ઘડિયાળ તૈયાર કરતાં તેના પર ઓછામાં ઓછી ૨૪૦૦ જુદીજુદી ક્રિયાઓ કરવી પડે છે. ઘડિયાળનું બૅલેન્સ ચક્ર એકલું જ એક કલાકમાં ૧૮,૦૦૦ ચાલ ચાલે છે; એટલેકે દિવસમાં ૪,૩૨,૦૦૦ વખત અથવા તો વીસ માઈલની મુસાફરી કરે છે. બરાબર ગોઠવાએલી એક સામાન્ય ઘડિયાળ સહેજે પચીસ વર્ષ સુધી તેના એક પણ ભાગને બદલ્યા વિના ચાલે છે. આટલા કાળમાં તેનું બૅલેન્સ ચક્ર લગભગ ૯૦,૦૦૦ માઇલની મુસાફરી ખેંચી કાઢે છે! સારી એવી ઘડિયાળમાં ૧૮૦ જેટલા જુદાજુદા ભાગો હોય છે, જેમાંનો નાનામાં નાનો ભાગ નરીઆંખે તો માત્ર ધૂળના કણ જેવડો જ લાગે. છતાં તે આંકા પડી, પૉલિશ કરીને સંપૂર્ણ રીતે તૈયાર કરેલો એક ઝીણો સ્ક્રૂ હોય છે, જેનો વ્યાસ ઈંચના ૪,૦૦૦મા ભાગનો હોય છે! સીવવાની એકાદ અંગૂઠીમાં આવા ૫૦,૦૦૦ સ્ક્રૂ સમાઇ શકે છે!

જન્માષ્ટમીની પ્રસાદી : પંજરી

આપણું શાસ્ત્ર એટલું બધું ઊંડુ ઊતરેલું છે ને વિજ્ઞાનથી ભરેલું છે કે કયારે, કયાં, કયે વખતે, શું ખાવું, કેટલું ખાવું, કેવી રીતે ખાવું, કેવી રીતે રાંધવું વગેરે ઝીણામાં ઝીણી વાત તેણે ચર્ચી છે, અને તે જીવનમાં ઉતારવા માટે આપણા ઉત્સવો તથા દિનચર્યા આયુર્વેદના આધારે ગોઠવેલાં છે. દેવમંદિરોમાં થતા ઉત્સવો, તે પ્રસંગે દેવને ધરાવાતા વસ્ત્રાલંકારો, તેમને ધરાવાતાં નૈવેદ્ય તથા વિવિધ ઉપચારોથી જનતા પરિચિત રહેતી. દેવોને ધરાવેલાં નૈવેદ્યનો પ્રસાદ સર્વેને મફત, કોઈ પણ જાતની ફી ચાર્જ કે ટૅક્સ વિના વહેંચવામાં આવતો અને આ રીતે જુદીજુદી ઋતુમાં જુદાજુદા દેવોના પ્રસાદમાં વિવિધતા રહેતી. ગમે તેટલી મોંઘી, ન મળતી ચીજ પણ દેવને ધરાવવામાં આવે અને તેનો પ્રસાદ સર્વને મળે. આ પ્રથાનો આર્થિક દૃષ્ટિએ પણ વિચાર કરવા જેવો છે. વૈષ્ણવ મંદિરોના પ્રસાદ તેમના પૂજારીઓ વેચે છે તેની બે બાજુ છે. એક બાજુ જોતાં તેમાં ગરીબ વર્ગને સસ્તામાં પૌષ્ટિક અને સાત્ત્વિક ભોજનની પ્રાપ્તિ થાય છે.

અત્યારે મૅલેરિયાની સીઝન થતાં ક્વિનાઇન વહેંચે તે તો દાનવીર કહેવાય. અમુક ઋતુઓ આવતા તે ઋતુમાં થતા રોગ ન થાય તે માટે તેવી જાતનાં ખાનપાન સાધનસંપન્ન માણસ તો કરી શકે, પરંતુ ગરીબ વર્ગ ન કરી શકે. ગરીબને પણ તેનો લાભ મળે તે માટે શાસ્ત્રમાં એવી ગોઠવણ કરેલી છે કે મંદિરોમાં તે સમયે તેવાં જ નૈવેદ્ય ધરાવાય અને તેનો પ્રસાદ વહેંચાય.

વર્ષાઋતુમાં આવતો મુખ્ય તહેવાર જન્માષ્ટમી. તેની આ પ્રકારની પ્રસાદી પંજરીનો અહીં વિચાર કરીએ.

વર્ષામાં વિશેષ કરીને શરીરમાં ભિનાશ રહે છે. તેની શાંતિને અર્થે કડવા અને કષાય રસોનું સેવન કરવું જોઇએ. વર્ષા શીતળ, વિદાહી, અગ્નિને મંદ કરનારી અને વાયુ કરનારી છે. એટલે આ ઋતુમાં જાગૃતિ આવે અને શક્તિ રહે, ભૂખ લાગે અને અગ્નિ મંદ ન થાય તથા ઝાડામરડો વગેરે અગ્નિમંદતાના કારણે થતા રોગો ન થાય તે માટે શું કરવું?

આયુર્વેદ દરેક વસ્તુમાં છ રસો છે તેમ માને છે અને તે રસો પંચભૂત (પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, અને આકાશ) તત્ત્વના ઓછાવત્તા મિશ્રણથી પેદા થાય છે. તેથી અમુક નક્ષત્ર વીત્યા પછી અમુક ખવાય નહિ, અમુક સમય વીત્યા વગર ભાજી રીંગણ લીલોતરી ખવાય નહિ, વગેરે આજ્ઞાઓ શાસ્ત્રે કરી છે તો આ ઋતુમાં કેવા રસ લેવાથી પથ્ય થાય તેનો પ્રજાને પ્રત્યક્ષ પાઠ મળે, તેનો સ્વાદ મળે તે માટે ભગવાનને પંજરી ધરાવાય છે.

આ પંજરી શબ્દ 'પંચાજીરી' ઉપરથી અપભ્રંશ થયેલો છે.

પાંચ જાતનાં જીરક એટલેકે પાંચ પ્રકારનાં બીજનું મિશ્રણ તે પંજરી. ધાણા, સૂવા, અજમો. ખસખસ અને સૂંઠ. આ ઉપરાંત તેમાં સ્વાદ તથા વિશેષ ગુણ લાવવા માટે ખાંડ, ખારેક અને કોપરું નંખાય છે. ધાણાને અગ્નિ પર ધીમી આંચે શેકીને દળી, બધી વસ્તુઓ મેળવી કરેલું ચૂર્ણ તે પંજરી. આ પંજરીમાં કેટલા અને કેવા ગુણો છે તે તેની દરેક વસ્તુઓના ગુણદોષ જોવાથી જણાશે. વર્ષાઋતુમાં આનું સેવન રાખવાથી રોગના ભોગ ન થવાય તે એક મોટો ગુણ છે. જન્માષ્ટમીના ઉત્સવના દિવસે બટાટા, સૂરણ, રતાળુ, કેળાં, શીંગોડાં, રાજગરો, ખાંડની બરફી, પેંડા વગેરે મિઠાઇ ખાઈને વાયુની વૃદ્ધિ કરવી, અને રોગને આમંત્રણ આપવું તેના કરતાં આ ચૂર્ણમાં થોડા પ્રમાણમાં ઘી નાખી ખાવાથી પુષ્ટિબળ અને સ્ફૂર્તિ આવે છે, વાયુ નાશ પામે છે તથા ભૂખ લાગે છે. જન્માષ્ટમીથી પાંચ દિવસ સુધી ભગવાન પારણામાં ઝૂલે છે. ત્યાં સુધી રોજ પંજરી ધરાવાય છે અને તેનો પ્રસાદ વહેંચવામાં આવે છે. આ પાંચ દિવસના પ્રયોગમાં દરેક માનવી રોજ બબ્બે તોલા પંજરી ખાય તો ૦। શેર પંજરી તેના પેટમાં જાય અને અગ્નિમંદતા દૂર થાય. આ પંજરી બનાવવાનું પ્રમાણ નીચે પ્રમાણે છે: ધાણા તોલા ૨૦, અજમો તોલા ૨, સૂવા તોલા ૨, સૂંઠ તોલા ૨, ખસખસ તોલા ૨, ખારેક તોલા ૨, કોપરું તોલા ૨, ખાંડ તોલા ૧૦. ('પ્રભાકર'માંથી) —રમણલાલ અ. ભટ્ટ

કોર્ટિઝોન

ત્રણ વર્ષ પહેલાં જ શોધાયેલા આ ચમત્કારિક ઔષધે સંધીવાનો ભોગ બનેલા હજારો દરદીઓને ફાયદો કર્યો છે. જીવ જતો રહેતો લાગે એવા શૂળ ભોકતા દુખાવાને હળવો કરવા ઉપરાંત આ દવા બીજો ઘણો ફાયદો કરે છે. જિંદગીભર પૈડાંવાળી ખુરસીમાં કે પથારીમાં જ પડયા રહેવું પડશે એવી ખાતરીવાળા અનેક દરદીઓ એથી કામ કરતા થઇ ગયા છે!

આ કીમતી ઔષધની શોધનો યશ મેયો ક્લિનિકના રસાયણશાસ્ત્રી એડવર્ડ સી કેન્ડલ અને ફિલિપ એસ. હેન્ચને ફાળે જાય છે. આ મહાન શોધ માટે ૧૯૫૦નું 'ઔષધો અને શરીરરચનાશાસ્ત્ર' અંગેનું નોબેલ પારિતોષિક એમને મળેલું.

ઈન્સ્યુલીન, પેનીસિલિન અને એવી બીજી દવાઓની જેમ કોર્ટિઝોન પણ તબીબી સંશોધનને ક્ષેત્રે અનેરો વિજય છે.

પર્યટનપ્રેમી 'અરણ્યપંથીઓ'

અમેરિકાની ગિરિમાળાઓ અને એમાંનાં જંગલોની પગદંડીઓ દર વરસે શહેરોમાં વસતાં અનેક પર્યટન-શોખીનોને આકર્ષે છે. યુનાઇટેડ સ્ટેટ્સના પૂર્વ પ્રદેશમાં ઍપેલેશીઅન ગિરિમાળની કરોડરજ્જુ સમી ૨૧૦૦ માઇલની પગદંડી તથા રૉકી પર્વતના પ્રદેશમાં ૨૨૨૫ માઇલની પગદંડી પર લોકો પગે ચાલતાં જાય છે. આ બે લાંબી પગદંડીઓ ઉપરાંત હજારો માઇલની બીજી નાનીનાની પગદંડીઓ પર નગરવાસીઓ ગિરિપ્રદેશની મજા માણવા આવે છે.

આ પગદંડી પરનો કોઇ નિસર્ગ-રમણીય વિભાગ પસંદ કરીને સહેલાણીઓ ખભે થેલો નાખીને નીકળી પડે છે અને એકબે અઠવાડિયાંમાં પર્યટન પૂરું કરે છે. આ સહેલાણીઓ 'હાઇકર'ને નામે ઓળખાય છે. તેઓ હાઇકિંગ ક્લબનાં સભ્ય હોય છે. અમેરિકામાં આવી ડઝનબંધ ક્લબો છે. શાળા-કૉલેજોમાં પણ વિદ્યાર્થીઓ ને શિક્ષકો-અધ્યાપકો આવી ક્લબો ઊભી કરે છે. આ 'હાઇકર' અરણ્યપંથીઓ પોતાની સાથે ઓછામાં ઓછાં સાધનસામગ્રી રાખે છે: બિસ્તર-થેલો, હળવો રેઇનકોટ, એક કુહાડી અને એક બત્તી. પ્રવાસ દરમિયાન આ લોકો સૂકવણી કરેલી વસ્તુઓ વધારે પસંદ કરે છે. એ સૂકવણીમાં પર્વતનાં ઝરણાંનું પાણી ઉમેરાતાં સ્વાદિષ્ટ ખોરાક તૈયાર થઈ જાય છે.

આવાં પર્યટનોની પણ મોસમ હોય છે. પૂર્વ અમેરિકામાં ૧લી જૂનથી ૧૫મી નવેમ્બર સુધીમાં અઢી લાખથી યે વધુ સહેલાણીઓ નીકળે છે. પશ્ચિમની રૉકી ગિરિમાળાઓમાં આ મોસમ જુલાઈથી સપ્ટેમ્બર સુધીની જ હોય છે.

વિકસતું વિજ્ઞાન

ભવિષ્યમાં મોટરોમાં તેલને બદલે વપરાય એવું એક રાસાયનિક પ્રવાહી અમેરિકા તૈયાર કરી રહ્યું છે, જેમાં વધુ બળ ઉત્પન્ન કરવાની શક્તિ હશે અને તેનાથી સામાન્ય બળતણ કરતાં વધારે માઇલ ગાડી દોડી શકશે.

ઑફિસોમાં પરિપત્રો વગેરે જાહેરખબરના સાહિત્યને ગડી વાળવાનું ખર્ચાળ અને કંટાળાભરેલું કામ કરવા હવે ટાઇપરાઇટરના કદનું એક ગડી વાળવાનું ફોલ્ડિંગ મશીન શોધાયું છે જે એક કલાકે ૫૦૦૦ ગડીઓ વાળી શકે છે.

અમેરિકાના ઇનામલના એક કારખાનાએ ઇનામલને તપાવવા માટેની ભઠ્ઠીમાંથી નીકળતા દુર્ગંધી ધુમાડાને એકઠો કરી લઈને, તેને યુક્તિપૂર્વક ગાળીને, તેમાંથી નીકળતી ગરમી ફરી પાછી યંત્રો ચલાવવાના ઉપયોગમાં લેવાની શોધ કરી છે. આથી તેનું ૯૦ ટકા બળતણ બચી ગયું છે. એનો શોધક જણાવે છે કે આ જ સિદ્ધાંત ઉપર બીજાં કારખાનાં તથા ઘરમાં પણ કોલસા વગેરેનું બળતણ બચાવી શકાશે.

પાણીમાં તરતાં ન આવડતું હોય તેવા લોકો પણ ગમે તેટલા ઊંડા પાણીમાં તરી શકે એવો પોશાક બ્રિટનની એક પેઢીએ શોધ્યો છે, જે પહેરવાથી પાણીમાં ડૂબી જવાતું નથી.

ધાતુઓને કોઈ વાસણમાં મૂક્યા વિના અવકાશમાં અદ્ધર રાખીને જ ઓગળવાની એક નવી રીત અમેરિકાની વેસ્ટિંગહાઉસ ઇલેક્ટ્રિક કૉર્પોરેશને શોધી છે તેમાં ધાતુને મૂકવા માટે કોઇ વાસણની જરૂર પડતી નથી; તેથી ઓગળતી ધાતુઓ પર વાસણના પદાર્થોની પણ જે રાસાયનિક અસર થઈ જવાનો સંભવ રહેતો એ હવે આ નવી પદ્ધતિમાં દૂર થશે. આ નવી પદ્ધતિમાં ધાતુના કકડાને ઇલેક્ટ્રો મૅગ્નેટિક 'ફીલ્ડ' વડે ટાંગવામાં આવે છે અને વીજળીના જોરદાર પ્રવાહ વડે એને ઓગાળી નાખવામાં આવે છે.

વિનિપાત (અનુસંધાન પૃષ્ઠ ૨૫૭થી)

પૂરણ૦: તો હવે ?

અવિ૦ : રાત ઘણી વીતી છે, પૂરણ. આ બધું જેમનું તેમ પડી રહેવા દો. પ્રથમ તો હું નિરાંતે આ લાંબો પત્ર વાંચવા માંગું છું. પછી પોલીસને ખબર આપીએ.

જમના : અહીંથી હવે બાર નીકળીએ પૂરણભાઇ.

સોમે૦: મને તો અહીં ઊંડે ઊંડે કંઇક થાય છે ક્યારનું.

પૂરણ : અરે પણ મારા માલિક, મારા શેઠ, તમે ક્યાં છો? ક્યાં છો તમે ?...

પ્રવેશ ત્રીજો

[બૅરિસ્ટર અવિનાશનું દીવાનખાનું]

અવિ૦ : આવો ડૉ. લલિતમોહન.

લલિત૦ : તમારો સંદેશો મળ્યો કે તરત આવ્યો.

અવિ૦ : મેં તમને લખ્યું હતું તેમ આ આખી યે ઘટના ખૂબ આશ્ચર્યજનક છે અને ડૉક્ટરનો એકરારનો પત્ર વાંચ્યા પછી મને થયું કે એ આખી વાત એમના એક ખૂબ નજીકના મિત્ર તરીકે તમને જણાવવી જોઇએ.

લલિત૦ : અરે એ તો કેવો બુદ્ધિશાળી અને વિચક્ષણ ને મમતાળુ માણસ! નાનપણથી અમે સાથે અભ્યાસ કરતા અને ધંધામાં પણ સાથે જ હતા. કેવો નર્યો સલુકાઈભર્યો એમનો વર્તાવ હતો!

અવિ૦ : પણ વૈજ્ઞાનિક બાબતોમાં તમારાં દૃષ્ટિબિંદુ—

લલિત૦ : હા, એમાં અમારી વચ્ચે તીવ્ર મતભેદ ખરો જ. એ બાબતમાં તો એ એક અજબ ધૂની માણસ.

અવિ૦ : મારા મત પ્રમાણે તો એ એક તબીબ કરતાં પણ વૈજ્ઞાનિક તરીકે વધુ આગળપડતા.—ખરુંને?

લલિત૦ : હા, પણ ઘણી વાર તો વિચિત્ર નાપાયાદાર વાતો એ કરતા.

અવિ૦ : નાપાયાદાર ?

લલિત૦ : હાસ્તો; દાખલા તરીકે એમનું કહેવું એમ હતું કે આ માનવ-શરીર એવાં રસાયણોનું મિશ્રણ છે કે જેના જુદાજુદા વિકારોને લઇને માણસનું સારાપણું ને બૂરાપણું પ્રગટે છે! કેવી બેહૂદી વાત?!

અવિ૦ એ વાત બેહૂદી નહોતી, ડૉક્ટર.

લલિત૦ : (સાશ્ચર્ય) તો ?!

અવિ૦ : એમનો જન્મ એક અસાધારણ ધનિક કુટુંબમાં થયો હતો એ તો તમો જાણો છો ને?

લલિત૦: હા;પણ એને ને આ માન્યતાને શું લાગે વળગે ?

અવિ૦ : એ જ હવે હું કહું છું. આજથી બે-અઢી વર્ષ પહેલાંની આ વાત છે. ખૂબ ધનિક હોવાથી મોજશોખ તરફ એમનું ધ્યાન વિશેષ જતું, પણ એમના સંસ્કારો એમને સમાજના જ્ઞાની પુરુષો તરફ ખેંચી જતા.

લલિત૦ : એ તો હું બરાબર જાણું છું. એમનું સમગ્ર જીવન સુંદર અને ઉજ્જ્વલ બને એવા બધા જ ગુણો પણ એમનામાં ક્યાં નહોતા?

અવિ૦ : પરંતુ એમનામાં પેલી મોજશોખ માટેની લાલસા... એ દોષ જો એમનામાં ન હોત તો—

લલિત૦ : તો તો આ દેશના મહાન પુરુષોની હરોળમાં એ ક્યારના યે બેસી શક્યા હોત—

અવિ૦: બરોબર. એથી એ પોતે પણ માનતા થયા કે મનુષ્યના જીવનને બે બાજુઓ હોય છે: એક સારી, બીજી નરસી...

*　　*　　*

શુભદા : ડૉક્ટર જયાનંદ, ચાલો ઊઠો... કામે લાગો. હું શુભદા તમને બોલાવું છું.

શાકિની : બેસોને ડૉક્ટર, જવાય છે. આખો દિવસ બસ કામ, કામ ને કામની જ વાતો. ચાલો જરા દિલ બ્હેલાવીએ... મને ન ઓળખી ? હું શાકિની.

શુભદા : ના, ના, ડૉક્ટર એ ન ચાલે. તમારા સંસ્કારો, તમારી પ્રતિભા, તમારી કારકિર્દી—એનો તો વિચાર કરો. ચાલો કામે લાગો. કાર્ય એ યજ્ઞ છે; વિલાસ એ વિનિપાત.

શાકિની : એ બધી ડાહીડાહી વાતો છોડો ડૉક્ટર; જુઓ ચારે બાજુ આ જગત કેવું રંગભર્યું છે!

શુભદા : તમે તબીબ છો જયાનંદ! માનવજાત અનેક રોગોથી પીડાય છે એનો તો ખ્યાલ છે ને? થાઓ, ઊભા થાઓ, તમારા ધંધાનું તો એ ધ્યેય છે કે ગરીબ દુઃખી રોગાર્ત દુનિયાને તંદુરસ્ત અને સ્વાસ્થ્યપૂર્ણ બનાવવી.

શાકિની : ચંદ રોઝની આ જિંદગી છે ડૉક્ટર. ધંધો તો છે જ ને? અને તમારે શી ઊણપ છે? આ યૌવન, આ દોલત—ચોમેર ઊભરાતું આ સૌંદર્ય—એનો આનંદ માણો જયાનંદ. અને તમારું નામ સાર્થક કરો: જય આનંદ!

શુભદા : ના, ના, ડૉક્ટર. એમાં કાંઈ તમારો જય છે?

શાકિની : ચાલો ચાલો જયાનંદ.

શુભદા : ના ડૉક્ટર!

શાકિની : હા જયાનંદ!

શુભદા : ના—ના.

શાકિની : હા—હા.

જયાનંદ: ઓહ! આ ?! આ તે કેવું જીવન? આ બુરાઇ દૂર ન થઇ શકે શું? મારા સંસ્કાર, મારી કેળવણી, ડૉક્ટર તરીકેનું મારું ધ્યેયલક્ષી જીવન?—શા માટે મને બીજું કોઈ પણ બળ મારી ફરજોમાંથી દૂર ઘસડી જાય?

શુભદા : હું તમને કહું એનું કારણ, ડૉક્ટર. હું તમારામાં વસેલું સારાપણું છું: તમારા આખા યે સત્ત્વનો એક ભાગ.

જયાનંદ : એક ભાગ? અનોખો ?

શુભદા : હા, હા; તદ્દન નિરાળો.

શાકિની : અને હું તેનો બાકીનો ભાગ. તમે જેને સારું ગણો છો તે જતાં બાકી રહ્યું તે હું. પ્રલોભન, જૂઠ, પ્રપંચ. દગો, દ્વેષ, અહંકાર, તિરસ્કાર, પાશવી બળ, હિંસા...

શુભદા : અને સચ્ચાઇ, નિષ્ઠા, પરહિતાર્થે આત્મસમર્પણ, દયા, માયા, શ્રદ્ધા, કરુણા—તે હું.

જયાનંદ: પણ આ બધું મારામાં છે, તેથી તો હું માનવી છું.

શુભદા : બરોબર છે. બંનેનું મિશ્રણ છે માટે જ તમે માનવી રહ્યા છો. પણ એમાંથી એકને ટાળીને દૂર કરીને તમે બીજાને તમારું બનાવી શકો છો...તમારે સમગ્રભાવે સારા નથી બનવું? મહામાનવ નથી બનવું?

શાકિની : એ બધી તો ઠાવકી વાતો જયાનંદ. એમાં તમારું પ્રેય શું ? એના કરતાં મારી આરાધના કરો. હું તમને સત્તા આપીશ, તાકાત આપીશ. એ શક્તિ ને સત્તાથી તમે આખા જગતને જેર કરી શકશો. દોર ને દમામ, અમર્યાદ હકૂમત, અફાટ ઐશ્વર્ય અને ભરચક્ક ભોગવિલાસથી નીતરતું જીવન... અરે તમે માગો તે બધું જ—

જયાનંદ : ના, ના. એ બધું તો—

શુભદા : તો પછી હું તો કહું જ છું કે તમારામાં રહેલાં એ બધાં નરસાં તત્ત્વોને હડસેલીને મને અપનાવો. તમારી સંસ્કારસૌરભ ફોરી રહેશે, તમારી પ્રતિભા પ્રકાશી ઊઠશે અને તમે બનશો લાખ્ખોનાં હૈયાંના આશિષ ઝીલતા પર-દુઃખભંજન ડૉ. જયાનંદ.

જયાનંદ : પણ એ કયી રીતે બને ?

શાકિની : [ખૂબ જોરથી તિરસ્કારનું હાસ્ય હસીને] હો... હોં... હો... હો... એ તો સહેલું છે. અમે બંને તમારામાં મિશ્ર રૂપે વ્યાપી ગયાં છીએ. તમે તો તમારી જાતને મોટા વૈજ્ઞાનિક માનો છો ને ? તો અમને છૂટાં પાડો. અને પછી અમારામાંથી જે તત્ત્વ વિશેષ પ્રબળ હશે—

જયાનંદ : તે...?

શાકિની : તે તમારા ઉપર અમલ ચલાવશે.

જયાનંદ : [ખુમારીથી] એ વાતમાં શો માલ છે ? હું વૈજ્ઞાનિક છું. એટલે સારી ને નરસી વૃત્તિઓને છૂટી તો પાડીશ જ; પણ પછી મારી ઈચ્છા મુજબ જ તેમના પર મારી અનુકૂળતા પ્રમાણે હું શાસન ચલાવીશ. આજથી એ છે મારું ધ્યેય.

*   *   *

અવિનાશ: અને તે દિવસથી ખાધાપીધાની પરવા કર્યા વિના ડૉ. જયાનંદ એમની પ્રયોગશાળામાં પ્રયોગે લાગી ગયા.

લલિત૦ : સાચેસાચ ? આવું બધું તમે પણ માનો છો બૅરિસ્ટર ? આ બધું શું તર્કશુદ્ધ છે ?

અવિ૦ : માનવું પડે એવું જ છે ને ? નરસાથી સારાને છૂટું પાડવાના વિષય ઉપર પ્રયોગો કરતાં કરતાં એમને સમજાયું કે કપડાંથી વીંટાએલું માનસ શરીર ખરીરીતે તો એક જાતના સૂક્ષ્મ આવરણથી ઢંકાએલું છે. અને એમને લાગ્યું કે માનવ દેહના સ્થૂળ અવયવો ઝંઝાવાતથી ઊડી જતાં પાંદડાંની માફક દૂર ફેંકી દઈ શકાય અને ફરી પાછા ભેગા આણી શકાય.

લલિત૦: અશક્ય ! એ વાત હું જરાયે માનવા તૈયાર નથી.

અવિનાશ : પણ વસ્તુસ્થિતિ એ છે કે પ્રયોગો કરતાંકરતાં એક દિવસ એ મહાન શોધમાં એમને સફળતા મળી !

*   *   *

[ઊકળતું પ્રવાહી, સળગતો સ્ટવ, પ્રયોગશાળાનાં કાચનાં સાધનો ખખડવાં—ખૂબ ઝડપથી કોઈ પ્રયોગ ચાલી રહ્યો હોય તે જાતનું વાતાવરણ—]

જયાનંદ : હુમ્...આખરે આ પ્રવાહી હાથમાં આવ્યું ખરું. આ જ લે લાલઘૂમ પ્રવાહી ને તેના ઉપરનું ભૂરું ફીણ. આહ !...આજે એ પ્રયોગની પરીક્ષા મારી જાત ઉપર જ થશે ...પણ જોજે ડૉક્ટર ! માત્રા એક રતિભાર પણ વધી ગઈ તો મૂઓ સમજજે...[આછું હસે છે] હું ઉં...ઉં..ઉં...મૃત્યુ ? છાને આવે ! એથી ડરવાનું શું છે ?—ચાલ, ડૉ. જયાનંદ, આજે એક-વૈજ્ઞાનિક તરીકે તારો જયજયકાર બોલાશે. પી જા-પી જા એ રસાયણ. થંભે છે શા માટે ? ડર લાગે છે ?... ના રે ના. થંભું છું ક્યાં ! આ પાર કે પેલે પાર. એ...લે, આ પીધું. (ગટગટાવી જાય છે. કાળી બળતરા થતી હોય તેવી એક કારમી ચીસ પાડી ઊઠે છે) ઓહ ! બાળી નાખ્યો કે શું ? આવી કાળી બળતરા ? (ઓકારી આવતી હોય તેમ) ના...ના... (હાંફતાં હાંફતાં) એ દવાનું એકેએક બિંદુ મારી રગેરગમાં વ્યાપી જાઓ....હિંમત રાખ ડૉક્ટર... શાબાશ વૈજ્ઞાનિક જયાનંદ!...શાબાશ ડૉક્ટર ! [હાંફ ઊતરે છે અને ઉશ્કેરાટનું વાતાવરણ સરજાય છે] હુંમ્ હુંમ્ હુંમ્ [જંગલી પશુનો હુંકારો જાણે સંભળાય છે] કોણ છે તું ? [ઘેરો શુષ્ક કર્કશ અવાજ] હું ? હું ? મદમસ્ત યૌવન, નિર્બંધ શક્તિ. ચાલ બચ્ચા જયાનંદ લૂંટાય તેટલી મોજ લૂંટી લે...આ જગત તારી પાસે બાળકું છે. એને તારી બાથમાં સમાવી લે...શાબાસ વૈજ્ઞાનિક, શાબાશ ...પીએ જા, પીએ જા, જીવનમસ્તીના ઘેરા ઘૂંટ પીએ જા. તારી ભૈરવી ભુજાઓથી આ જગતના સમગ્ર સુકુમાર સૌંદર્યને બાથમાં લઈને ભીંસી નાખ, તારી કરાલ દંતાવલિ એની મસૃણ કાયામાં પરોવી દે, અને ચૂસ, ચૂસ, એનું મઘમઘતું ઊષ્ણ રક્ત. એ છે જીવનની મોજ. પીએ જા...શું તારી સત્તા સામે એ પડકાર ફેંકે છે ? તો જોઈ શું રહે છે ? ચૂંથી નાખ, કચડી નાખ, ચોળી નાખ ! [અટ્ટહાસ્ય] જોયુંને તારું બળ ? તારી અસીમ શક્તિ ? હો હો હો હો...તારા અંગઉપાંગ સામે તાકી શું રહ્યો છે ? શું ? એ આવાં બરછટ કેમ ?–શરીરનો વર્ણ આમ બદલાઈ કેમ ગયો, એમ ? [વધુ ભયંકર અટ્ટહાસ્ય] તારે તારું રૂપ જોવું નથી ? ચાલ. પેલા અરીસામાં તારી નવી મુખાકૃતિનાં દર્શન તો કરી જો...અરે, એમ પાછો કાં પડે છે ? એ જ તો તારું અસલી રૂપ છે...એ તું જ નગ્ન રૂપે ઊભો છે... હા એ જ રુક્ષ, રૂંવાડાંભર્યું તારું મુખ; એ કરચોલી પડેલું તારું સાંકડું કપાળ; એ ઉપસી આવેલી નસોવાળા તારા ભૂરા કઠણ હાથ; બહાર ધસી આવતી કરાલ દંતાવલિ; ઠીંગણું કદરૂપું શરીર...માનવપશુ...હો હો-હો...[અટ્ટહાસ્ય] જગત ભોગવવા-ચૂસવા માટે તારું એ સશક્ત પાશવી રૂપ...

*   *   *

લલિત : ડૉ. જયાનંદના પ્રયોગની આવી સિદ્ધિ ? તો પછી એમનું પોતાનું શું થયું ?

અવિ૦ : કેમ ? એ રસાયણની સામે એમણે પ્રતિ-ઔષધ તૈયાર રાખ્યું હતું ને ? તે જુદા રસાયણથી એ પોતાની ઈચ્છા મુજબ અસલી ડૉ. જયાનંદનું સ્વરૂપ મેળવી શકતા.

લલિત: અદ્ભુત ! આ તો ગજબની શોધ કહેવાય !

અવિ૦ : ગજબની સ્તો. ખરેખરા ગજબની ! એ રાત પછી ડૉ. જયાનંદની હાલત બદલાઈ. બે જુદાજુદા સ્વભાવ અને આકૃતિના હવે એ માલિક થવાથી એમનું સદાચારી મન ઝપાટાબંધ પતનને પંથે પળ્યું.

લલિત : એ શી રીતે ?

અવિ૦ : આ નવી મેળવેલી શક્તિ એમને વારંવાર લોભાવવા લાગી. થોડું ઔષધ પીધું એટલી જ વાર, ને ડૉ. જયાનંદ

ગાયબ ! દવા પીવાની સાથે જ એમનું આખું કલેવર બદલાઇ જતું, ન વર્ણવી શકાય એવો ઉન્માદક, મનગમતો અનુભવ એમને થતો, નસેનસમાં ભોગલાલસા ભભૂકી ઊઠતી.

લલિત: એ તો શરીરના ફેરફારની વાત થઇ. પણ મન તો એમના કાબૂમાં ખરુંને ? એમની આ પલટાતી માનસિક સ્થિતિથી એમને ઉદ્વેગ નહોતો થતો ?

અવિ૦ : એ ઉદ્વેગ પલટાતા શરીર સાથે પલટાતી મનોવૃત્તિમાં ક્યાં યે મળી જતો. શરીર અને મનની એ ખરાબી–એ અધોગતિમાં એમને રસ પડવા માંડયો !

લલિત : કેવો ભયંકર વિનિપાત!

અવિ૦ : દુષ્કર્મની કોઈ અણજાણ ઊંડી અંધારી ખાઈ તરફ ખૂબ વેગથી, દારૂના નશામાં ચકચૂર ભાન ભૂલેલો કોઇ માણસ ધકેલાયે જાય તેમ, એ ધસ્યે જતા હતા. એ શોધનું પરિણામ એમને જીવનની કૃતકૃત્યતા સમું લાગવા માંડયું...અને આ નવી મૂર્તિનું નામ એમણે 'હૈદર' રાખ્યું.

લલિત : [ચોંકી ઊઠીને] હૈદર? જેણે સર કીર્તનલાલનું ઠંડે કલેજે ખૂન કર્યાનું કહેવાય છે તે જ ?

અવિ૦ : હા તે જ. એની ભયંકરતાનો માત્ર એ એક જ દાખલો છે એમ ન સમજશો.

લલિત : તો?

અવિ૦ : એવામાં તમે કદાચ સાંભળ્યું હશે ડૉ. લલિત,–છાપાંમાં પણ આવ્યું હતું, કે એક વહેલી સવારે, શહેરની મુખ્ય સડકને પશ્ચિમ છેડે એક કુમળી છોકરીનું કચડાએલું શરીર મળી આવ્યું હતું.

લલિત : હા વાંચ્યું તો હતું.

અવિ૦ : અને 'હૉટેલ સિલેશ્ચિયલ'માંનું પેલું ઘૃણાજનક ખૂન—ચમકો છો કેમ ડૉક્ટર?—એ હત્યા પણ આ નરપશુ હૈદરને હાથે થએલી...અને એવાં તો બીજાં કેટલા યે...પણ હવે એના પાપનો ઘડો છલોછલ ભરાઈ ચૂકયો હતો.

લલિત : કેમ ?

અવિ૦ : કુદરત તેનું કામ કર્યે જતી હતી. પહેલાં તો જ્યારે ઇચ્છા થાય અને નવી શોધેલી દવાનું સેવન કરે ત્યારે જ એમનું સ્વરૂપ બદલાતું : ડૉ. જયાનંદની જગ્યાએ અર્ધ પશુ હૈદર પોતાની અમાનુષી પ્રવૃત્તિઓ કરવા હાજર થતો; અને એ પ્રવૃત્તિઓને અંતે પ્રતિ-ઔષધનું સેવન કરીને પાછા તે સમાજના આધારસ્થંભ સમા સુઘડ સંસ્કારી ડૉ. જયાનંદ અસલ સ્વરૂપમાં જગત સમક્ષ પ્રગટ થતા...પણ એક દિવસ—

લલિત : શું થયું ?

અવિ૦ :સર કીર્તનલાલનું ખૂન થયાને બેત્રણ માસ વીત્યા હશે. એક રાતે અર્ધ જાગ્રત અવસ્થામાં વહેલી સવારે ડૉ. જયાનંદની નજર પોતાના હાથ ઉપર પડી.

લલિત : તો ?

અવિ૦ : પોતાનો હાથ એમને તદ્દન બરછટ લાગ્યો, નસો બધી ઉપસી આવી હતી ને હાથનો રંગ ભૂરો બની ગયો હતો!

લલિત : જેવો હૈદરનો હાથ ?

અવિ૦ : માત્ર હાથ જ નહિ; ઊંઘમાં ને ઊંઘમાં આખી કાયાપલટ થઈ ગઇ હતી. એમણે જોયું કે ઔષધ લીધા સિવાય 'જ રાતોરાત પોતે ડૉ. જયાનંદમાંથી હૈદર બની ગયા હતા!

લલિત : એટલેકે સૂતા ડૉ. જયાનંદના રૂપમાં ને જાગ્યા–

અવિ૦ : અજવાળું થવા આવ્યું હતું, એટલે નોકરચાકરો જાગી જાય તે પહેલાં જ એ પ્રયોગશાળામાં ઘૂસી ગયા અને પ્રતિ-ઔષધ પીને ડૉ. જયાનંદ સ્વરૂપે બહાર તો આવ્યા, પણ તે દિવસથી એમને હૈયે ચેન નહોતું.

લલિત : પણ આમ બન્યું શાથી ?

* * *

શાકિની : હો-હો-હો—[અટ્ટહાસ્ય] કેમ ડૉ. જયાનંદ? જય તારો કે મારો ?...હુંમ્...પણ આમ ચિંતામાં કેમ જણાય છે? મેં તને જીવનમાં શું નથી આપ્યું? અપ્રતિમ શક્તિ, ભરપટ્ટે મોજ, અનંત ભોગવિલાસ...

જયાનંદ : પણ–પણ એને હું શું કરું, જો એ શક્તિ મારા કાબૂની બહાર જઈને મારા ઉપર જ સવાર થઇ જાય તો."

શુભદા : તો અધઃપતન,—વિનિપાત; જીવનની સઘળી મહત્ત્વાકાંક્ષાઓ અને સમગ્ર શ્રેયનો વિનાશ. નહિ રહે તમારી પાસે કોઈ મિત્ર, કોઈ સગાંસંબંધી, કોઇ પ્રિયજન; એવું શાપિત જીવન તમારાથી જીરવાશે ?

જયાનંદ : ના–ના–ના ! એ તો કેમ વેઠયું જાય ?

શાકિની : [અટ્ટહાસ્ય] પેલી રાતની મહેફિલ ભૂલી ગયો ડૉક્ટર? હૈદર રૂપે તેં તારીખ ૨૭મી ઑક્ટોબરની મધરાતે 'હૉટેલ સિલેશ્ચિયલ'માં, રૂમ નંબર ૩૮માં...

જયાનંદ : ના, ના, એ ભયંકર ઘટના યાદ ન કરાવશો...

શાકિની : અરે એમ તે હોય, હૈદર? મુક્ત યૌવનના થનગનાટવાળું એ રંગીલું જીવન ફરીફરીને યાદ આવે એવું નથી ?

જયાનંદ : યાદ તો આવે, પણ—

શુભદા: હજી યે બધું ભૂલી જાઓ ડૉ. જયાનંદ! એ ભયંકર દૈત્યને છૂટો ન મૂકશો; એવાં દુષ્કર્મો, એવું ગાંડપણ તમારા જેવાને શોભે ? ક્યાં તમારી કલ્યાણકામના ને ક્યાં આ...

શાકિની: એ બધી ચાંપલી વાત છોડ, હૈદર. ચાલ્યો આવ, ચાલ્યો આવ...પેલી સુકોમળ ભુજાઓનો મુલાયમ પાશ, પેલા રતૂમડા હોઠોનો મદભર સ્પર્શ, વંટોળ સમા ગાંડાતૂર નિર્બંધ થનગનાટનો રોમાંચ... ચાલ્યો આવ હૈદર, કોની તાકાત છે કે તને રોકે? છાતી ચીરી નાખે એવો હુંકાર કરીને ચાલ્યો આવ, ધસ્યો આવ...એ શ્રેય ને સંસ્કારિતાના, ચાંપલાં બંધનો ફગાવી દઇને નાસી આવ, દોડયો આવ...

હૈદર: [ગજબનું પ્રચંડ અટ્ટહાસ્ય] હો...હો...હો... આવું જ છું ત્યારે. મુક્ત મસ્ત વંટોળની જેમ, મદ છલકતા ઐરાવતના જેવો, આ સૃષ્ટિના સૌંદર્યને ચશચશાવીને ભોગવવા, ભેટવા, ભીંસવા માટે, એના અંશેઅંશને મનભર માણીને આનંદના ઓડકાર ખાવા માટે—આ આવ્યો તારો હૈદર આ આવ્યો...

* * *

અવિ૦: એ રીતે દિવસે દિવસે પોતાની દુર્વૃત્તિને વશ થઇને ડૉ. જયાનંદ હૈદર રૂપે ઘૂમવા માંડયા. કોઇ વાર—કવચિત્ એની સંસ્કારિતા જાગી ઊઠતી અને કરેલાં અપકૃત્યો માટે પશ્ચાત્તાપ થતો; પણ તરત વળી દુર્વૃત્તિ એમને આકુળવ્યાકુળ કરી મૂકીને નિર્બંધ થવા ખેંચી જતી.

લલિત: આમ ક્યાં સુધી ચાલ્યું?

અવિ૰: સૌ પ્રથમ પ્રયોગ વખતે એમણે જે પ્રતિ-ઔષધ તૈયાર કર્યું હતું તે ખૂટવા આવ્યું ત્યાં સુધી. હવે તો વળી ઈચ્છા કરે કે ન કરે તો પણ, ગમે ત્યારે, ગમે ત્યાં હોય ત્યારે, ડૉ. જયાનંદમાંથી એમનું હૈદરમાં રૂપાંતર થઇ જતું! એ પરિસ્થિતિ ટાળવા માટે વધુ ને વધુ પ્રતિ-ઔષધનો ઉપયોગ એમને કરવો પડતો. અંતે એક દિવસ—

લલિત: એક દિવસ શું?—

અવિ૰: એમણે જોયું કે જૂનું રસાયણ તદ્દન જ ખલાસ થઇ ગયું હતું એટલે નવું ઔષધ બનાવવા માંડ્યું. પણ નવી આફત ઊભી થઈ. તાજાં રસાયણો મંગાવી મંગાવીને પ્રયોગો ઘણા યે કરી જોયા, પણ નિષ્ફળતા! ફરીથી નવાં રસાયણો-નવી દવાઓ મંગાવી, ફરીથી પ્રયોગો કર્યા, પણ—

લલિત: અસર જ નહોતી થતી શું?

અવિ૰: ના, બિલકુલ નહિ. પ્રયોગો કરતાં એમને જણાયું કે પ્રથમ જે રસાયણો વાપરેલાં તે શુદ્ધ નહોતાં. કોઈ બીજા અજાણ્યા પદાર્થોનો એમાં ભેગ હોઈ એમાંથી આકસ્મિકરીતે જે પ્રવાહી ઉત્પન્ન થયું હતું તેવું હવે ફરીથી નહોતું બનતું.

લલિત: બિચારા ડૉકટર...

અવિ૰: જૂનાં રસાયણો મેળવવા દરરોજ એ પૂરણને આખા શહેરમાં રખડાવતા, પણ કાંઇ ન વળ્યું.

* * *

શુભદા: કેમ જયાનંદ?

હૈદર: (હતાશાથી) જયાનંદ? ક્યાં છે જયાનંદ?

શુભદા: મારું માન્યું હોત તો?

હૈદર: તે વખતે મસ્ત હતો, બેફામ હતો; અને હવે ખૂબ મોડું થયું; હવે એ બધું યાદ કરીને શું?

શુભદા: પણ હૈદર તરીકે જીવોને! શો વાંધો છે? પેલી મોજ, પેલી મસ્તી, પેલું ઐશ્વર્ય...

હૈદર: [ચીસ પાડી ઊઠે છે] અને પેલું ફાંસીનું દોરડું... અરે ઓ...ઓ દેખાય...રાતના અંધારા ઓળા ઊતરે છે—પૂરવ દિશામાં મોંસૂઝણું થવા આવે છે અને પેલા માચડાની ટોચે, ઝેરી સાપના ગૂંચળા જેવું દોરડું દેખાય છે: ભલા સર કીર્તનલાલના ખૂની હૈદરને—નિર્દોષ કૂંળી બાળાને ક્રૂરતાથી કચડનાર દૈત્ય હૈદરને ગળે ભરડો લેવા એ તૈયાર છે...ના, ના હૈદરના શાપિત સ્વરૂપમાં તો આ દુનિયાને હવે શું મોં દેખાડું?

શાકિની: તો નાસી છૂટ, હૈદર. હું તો છું ને તારી મદદે?

હૈદર: તારી મદદ? તારી મદદ એટલે વધુ દુષ્કૃત્યો, વધુ પાપાચાર, વધુ ખૂનો...ના, ના, ના...

શાકિની: તો પેલું ફાંસીનું દોરડું તારી રાહ જોઇને લટકે જ છે.

હૈદર: બસ, બસ, પિશાચિની! ડૉ. જયાનંદને તો તેં ખતમ કર્યો, હવે આ હૈદરને પણ?—

શાકિની: કાં તો મારી સાથે, ને કાં તો ફાંસીને માચડે—

હૈદર: ના, ના, એ કરતાં તો આ હળાહળ ઝેર પીને મારી આ કરુણ સ્થિતિનો અંત આણીશ.

શુભદા: રહેવા દો–એવું ન કરશો, ડૉક્ટર જુઓ સાંભળો તો—બહાર કોણ બારણાં ઠોકે છે? [બારણાં પર ઘા થાય છે.]

હૈદર: ના, ના; એમને આ બિહામણું મુખ શી રીતે બતાવું?

શુભદા: અરે પણ એ તો તમારા મિત્ર અવિનાશ તમને બોલાવે છે. બારણાં ખોલો, નહિતર એ લોકો તોડીને અંદર દાખલ થશે. [જોરથી ઘણના ઘા સંભળાય છે] સાંભળો છો ને કેવા ઘા પડે છે બારણાં પર?

હૈદર: મારે હૈયે પણ આજે એવા જ ઘા પડે છે. કાળાં પિશાચી કૃત્યો કરનાર હું હવે કયી રીતે અવિનાશની સામે, જગતની સામે ઊભો રહું?

શાકિની: તો પછી ફાંસીનું દોરડું—

હૈદર: એ કરતાં તો આ ઝેર શું ખોટું? તત્કાલ જ મારી બધી યાતનાઓમાંથી હમેશને માટે મને ઉગારશે. (ગટગટાવી જાય છે) ઓહ! કેવી બળતરા...હુંમ..હુંમ...ઓહ...ઓહ ..(શ્વાસ ચડે છે અને હાંફીને પછાડ ખાય છે.) આ...વ...જે ...જયાનંદ...આવજે...ડૉકટર જયાનંદ...

* * *

અવિ૰: અને આમ ડૉકટર જયાનંદની યાતનાભરી જિંદગીનો નાશ થયો. આ છે એમની કરુણ કથની, ડૉ. લલિત.

લલિત: છાયા અને પ્રકાશ—ઘોર રાત્રિ અને ઉજ્જવલ દિવસ સમું, પાપપુણ્ય કે સુર-અસુરના શાશ્વત દ્વંદ્વ સમું આ માનવજીવન! સાચી જ વાત. પ્રભુ, ડૉકટરના આત્માને જ્યાં હોય ત્યાં શાંતિ આપજો.

(રૉબર્ટ લૂઇ સ્ટીવન્સનની વિખ્યાત અંગ્રેજી નવલને આધારે)

કવિતા (અનિયતકાલિક)નો બીજો મણકો બહાર પડી ગયો. (પહેલો અંક ખલાસ થયો છે.) આ શ્રેણીની યોજના એવી છે કે એક સંગ્રહનું ખર્ચ નીકળી જાય એટલું વેચાણ થાય, એટલે તે આવકમાંથી બીજો મણકો પ્રગટ કરવો. છતાં ચાર અંકની કિંમત (પોસ્ટેજ સાથે ૧–૩–૦) અગાઉથી લેવાનું હવે રાખ્યું છે. છુટક નકલની કિંમત ૦·૪·૦ ને પોસ્ટેજ ૦·૦·૯ ગળીને ૦·૪·૯ મોકલવા. વી. પી. નથી થતાં. માત્ર એટલું રાખ્યું છે કે ચાર મિત્રો પોતપોતાની નકલો અલગઅલગ ન મંગાવતાં દરેક મણકાની ચારે નકલો એક જ સરનામે મંગાવે તો પોસ્ટેજ બચતું હોઈ તેના રૂ.૧·૦-૯ લેવા. લખો: 'કુમાર'ના તંત્રીને, રાયપુર, અમદાવાદ.

વિજ્ઞાન-લેખો માટે પારિતોષિક

'કુમાર'માં પ્રકટ થનાર સૌથી શ્રેષ્ઠ વિજ્ઞાન-લેખ માટે વડોદરાના શ્રી પદ્મકાન્ત શાહ તરફથી વિજ્ઞાનનાં ચાર અંગ્રેજી પુસ્તકો તથા પોતાનું રચેલું ગુજરાતી પુસ્તક 'વિજ્ઞાનનાં વ્યાપક સ્વરૂપો' એમ પાંચ પુસ્તકો ભેટ આપવાની જાહેરાત ૩૧૩મા અંકમાં કરવામાં આવી હતી. તદનુસાર એ ઈનામ ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીને તેમની શરીરશાસ્ત્ર ઉપરની લેખમાળા 'કાયાની કરામત' માટે આપવાનો એમણે નિર્ણય કર્યો છે એ જાહેર કરતાં અમને આનંદ થાય છે. એ માટે ડૉ. શિવપ્રસાદને અમે અભિનંદન આપીએ છીએ અને શ્રી પદ્મકાન્ત શાહનો, તેમની આવી શુભ ભાવના માટે સ-ધન્યવાદ આભાર માનીએ છીએ.

આગસ્ટ ઇતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: ડૉ. મૉન્ટેસોરી



બાળકેળવણીની સૌપ્રથમ ક્રાંતિકારક કાયાપલટ કરીને સંસારભરનાં શિશુઓની મહાન સરસ્વતી બનનાર ડૉ. મારિયા મૉન્ટેસોરીનો જન્મ ૧૮૭૦ની ૩૧મી ઑગસ્ટે થએલો. સામાજિક બંધનો સામે થઈને પણ તેમણે ખૂબ અભ્યાસ કર્યો. એન્જિનીઅરિંગનો વિષય લઇ તે સમર્થ ગણિતશાસ્ત્રી બન્યાં. એ પછી ૧૮૯૪માં એમ. ડી.ની ઉપાધિ મેળવી એ પ્રથમ ઇટાલિયન સ્ત્રી-ડૉક્ટર થયાં.

૧૮૯૬માં રોમના પાગલખાનામાં નિમણૂક થતાં ત્યાં ગાંડાઓની સાથે રખાતાં મૂઢ બાળકોએ એમનું ધ્યાન ખેંચ્યું. એમને માટે ઔષધોપચારને બદલે સારી કેળવણીની જરૂર જણાતાં, ૧૮૯૮માં તૂરીનમાં ભરાએલી કેળવણી-પરિષદમાં પોતાના એ વિચારો દર્શાવી એ ક્ષેત્રમાં એવો નવો પ્રકાશ પાડ્યો, કે રોમના વિદ્યાધિકારીએ તેમને મૂઢ મનનાં મનુષ્યોને સુધારવાની સંસ્થાના વિદ્યાધિકારીપદે નીમ્યાં. ત્યાં બે વર્ષ સુધી સખત પરિશ્રમ લઇ મંદબુદ્ધિનાં બાળકો માટે નવી જ શિક્ષણ-પદ્ધતિ યોજીને તેમણે એવી અપૂર્વ ફતેહ મેળવી કે કેળવેલાં એ બાળકો શાળાની પરીક્ષાઓમાં બીજા સામાન્ય વિદ્યાર્થીઓ કરતાં યે સારાં પરિણામો લાવ્યાં.

એવામાં ગરીબ ઇટાલિયનો માટેની સસ્તાં ઘરોની યોજનામાં માબાપની ગેરહાજરી દરમિયાન બાળકોને તોફાનો કરતાં વારી અભ્યાસમાં રોકી રાખવા માટે યોજેલા બાલગૃહમાં કોઇ યોગ્ય દૃષ્ટાની જરૂર હોઇ ૧૯૦૭માં ત્યાં જોડાયાં અને ત્યાંથી પોતાની શિક્ષણ પદ્ધતિના જે સફળ પ્રયોગો કર્યા તેની ખ્યાતિ વીજળીવેગે દુનિયાભરમાં ફેલાઈ ગઈ. અને આજે તો લગભગ બધા દેશોએ એ પદ્ધતિ અપનાવી લીધી છે. ૮૧ વર્ષની પાકી વય સુધી પોતાના કાર્યમાં રત રહી ૧૯૫૨ની છઠ્ઠી મેએ તે અવસાન પામ્યાં.

દિનવિશેષ

તા. ૧ નિકલનો એક આનાનો સિક્કો હિંદમાં પહેલવહેલો ચાલુ થયો, ૧૯૦૭.
તા. ૩ જેને પરિણામે અમેરિકા શોધાયો તે (મૂળ તો હિંદ શોધવા માટેની) સફરે કોલંબસ ત્રણ વહાણ લઈ સ્પેનની સહાયથી પાલોસ બંદરેથી ઉપડ્યો, ૧૪૯૨.
તા. ૭ ભારતના અભિજાત કલાકાર સ્વ. અવનીન્દ્રનાથ ટાગોરનો જન્મ, ૧૮૭૧. અને તેમના જ કાકા જગવિખ્યાત કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું અવસાન, ૧૯૪૧.
તા. ૧૦ થર્મોપિલીના ઘાટનું ઇતિહાસપ્રસિદ્ધ ભીષણ યુદ્ધ. ઈ. સ. પૂર્વે ૪૮૦.
તા. ૧૨ વરસે છવ્વીસ લાખ રૂપિયા ભરવાના બદલામાં અંગ્રેજ સરકારે મુઘલ સલ્તનત પાસેથી બિહાર, બંગાળ અને ઓરિસ્સાના પ્રાંત પડાવી લીધા, ૧૭૬૫.
તા. ૧૫ યુરોપ-વિજેતા નેપોલિયન બોનાપાર્ટનો કોર્સિકા ટાપુમાં જન્મ, ૧૭૬૯.
તા. ૨૧ જહાંગીરના દરબારમાં પ્રથમ અંગ્રેજ એલચી હૉકિન્સ સૂરત ઊતર્યો, ૧૬૦૮.
તા. ૨૨ હિંદમાં મધ્યવર્તી સરકાર સ્થપાઈ, ૧૯૪૬.
તા. ૨૪ વિસૂવિયસ જ્વાળામુખી ફાટવાથી પૉમ્પીઆઈનો મહાવિનાશ, ૭૯.
તા. ૨૫ સુભાષબાબુએ સિંગાપોરમાં આઝાદ હિંદ ફોજનું નેતૃત્વ લીધું. ૧૯૪૩.
તા. ૨૭ હિંદી સંઘની લોકસભામાંથી અલગ મતાધિકાર રદ થયો, ૧૯૪૭.
તા. ૨૮ દરિયામાં દોરડાં નાખી પ્રથમ સબમરીન ટેલીગ્રાફ મોકલાયો, ૧૮૫૦.

જુલાઈ (૧૯૫૨)ની તવારીખ

તા. ૭ મ્હૈસુરમાંથી અનાજની માપબંધી દૂર થઇ; **તા. ૯** શ્રી કે. પી. મેનનની રશિયા ખાતેના ભારતીય એલચી તરીકે નિમણૂક; **તા. ૧૨** શ્રી ગગનવિહારી મહેતાની અમેરિકા ખાતેના ભારતીય એલચી તરીકે નિમણૂક; **તા. ૧૭** કલકત્તામાં ડાબા પક્ષોની સંયુક્ત દુષ્કાળસમિતિના આદેશાનુસારની સામાન્ય હડતાળમાં મોટાં તોફાનો; **તા. ૧૯** ફિનલૅન્ડના પાટનગર હેલસિંકી મુકામે ૧૫મી ઑલિમ્પિક રમતોનો સામારંભ, જેમાં ૭૧ દેશોના ૮૦૦૦ હરીફોએ ભાગ લીધો; **તા. ૨૬** મિસરના સેનાપતિ જનરલ નજીબે લશ્કરી બળથી રક્તપાત વિના ક્રાંતિ કરીને રાજા ફારૂકને પદભ્રષ્ટ કરી દેશવટો આપ્યો અને સાત માસના તેના પુત્રને મિસર તથા સુદાનનો રાજા જાહેર કરી અલી મહેર પાશાને રાજ્યના વડા પ્રધાનનું પદ આપ્યું; **તા. ૩૧** કરાચી કોર્પોરેશનના લાગટ બાર વર્ષ સુધી મેયર રહેનાર અને ભારતભરમાં લોકપ્રિય જનસેવક તરીકે જાણીતા શ્રી જમશેદ નસરવાનજી મહેતાનું ૬૮ વર્ષની વયે અવસાન.

પ્રસંગવિશેષ: પનામાની નહેર ખુલ્લી મુકાઇ · ૧૫મી ઑગસ્ટ ૧૯૧૪

આટલાંટિક અને પાસિફિક મહાસાગરોને જોડતી ૪૦॥ માઇલ લાંબી આ નહેર ખોદવાનું જંગી સાહસ પણ, સૌપ્રથમ તો સુએઝની નહેર ખોદનાર લેસેપ્સે જ કરેલું; પણ ફ્રાંસની આર્થિક મુશ્કેલી, ને ખાસ તો ત્યાંની રોગિષ્ટ આબોહવાએ લીધેલા ૨૫,૦૦૦ માણસોના ભોગને લીધે તે પડતું મુકાયું. પછી અમેરિકાએ તે હાથ ધરીને સૌપહેલું ત્યાંના જીવલેણ પીળા તાવનું કારણ શોધી તેમાંથી બચવાના ઉપાયો યોજ્યા. તે પછી નહેરનું કામ હાથ લઇ, દસ વર્ષે સફળતાથી તે પાર પાડી, ૧૯૧૪ની ૧૫મી ઑગસ્ટે એ ખુલ્લી મૂકી. તેમાંથી પસાર થતું જહાજ ઈજનેરી કૌશલથી બનાવેલી પાણીનાં પગથિયાં જેવી યોજના દ્વારા સમુદ્રની સપાટીથી ૮૫ ફૂટ જેટલે ઊંચે ચડી સામે છેડે જવા નીચે ઊતરે છે. આ નહેર થતાં અમેરિકાને પૂર્વમાં આવવા માટે લેવો પડતો દક્ષિણ અમેરિકાનો ૮૦૦૦ માઈલનો ફેરો ટળવા ઉપરાંત યુરોપથી ઑસ્ટ્રેલિયા જવા માટેનો પણ ટૂંકો માર્ગ બન્યો. અને વળી, પીળા તાવના ઉપાયો પણ આ નિમિત્તે જ શોધાયા.

નિર્ધન ને વળી બહુ ધની જેને વેર ઘણાં ય,
સુખે ન સૂએ માવડી, તે તો ચાર જણાં ય.

સંત અબુ અલી શકીકે બાદશાહ હારૂન-અલ-રશીદને પૂછ્યું કે 'કોઈ રણની વચ્ચે તમારા પ્રાણ તરશે તરફડતા હોય ત્યાં કોઈ ઠંડા પાણીના એક પ્યાલાના બદલામાં તમારું અરધું રાજ્ય માગે તો તમે આપો ?' બાદશાહે કહ્યું 'હા '

'અને એ પાણી પીવાથી તમને એવો ભયંકર રોગ થાય કે તમારો જાન જવાની જ વાર હોય, એ વેળા કોઈ હકીમ આવીને તમને સાજા કરવાના બદલામાં બાકીનું અરધું રાજ્ય માગે તો ?' બાદશાહે કહ્યું, 'તો હું તે પણ આપી દઉં.'


'તો પછી પ્યાલા પાણીના બદલામાં જે આપી દેવું પડે એવા રાજ્યનું તે અભિમાન શું ?' સંતે કહ્યું. અને સંતની આ સચોટ શીખથી હારૂન-અલ-રશીદની આંખમાં આંસુ આવી ગયાં.

અનેકાર્થી શબ્દ: **તોડો**=પગનું ઘરેણું; હજાર રૂપિયાની થેલી; પૂણી કાંતતાં પડેલો ફોદો; કેરી, કોઠું વગેરે કાચું તોડેલું ફળ; ટોલ્લો; મિનારો, શિખર કે કાંગરો; વાવની ઉપરની દીવાલ; ચણતરમાં દીવાલની જાડાઈની દિશામાં મુકાતી ઈંટ; બંદૂકની જામગરી.

કહેવતોના અર્થ: 'મારે મિયાં ને ફુલાય પીંજારો.' એકના કરેલાનો લાભ બાજા લઈ જાય તે દર્શાવવા માટે વપરાતી આ કહેવતનો અર્થ તો સ્પષ્ટ છે. એને મળતી બીજી કહેવતો: 'આંધળું દળે ને કૂતરું ચાટે'; 'કીડી સંચે ને તેતર ખાય;' 'સુતર મારા પેશકાર, જશ પાયા જમાદાર'; 'લેંશ ચારે ભાણજી ને વરત ખાય વાલજી'; 'વાવે વાલજી ને લણે લાલજી'; આંધળે વણ્યું ને પાડે ગળ્યું; વગેરે.


એક ઘનફૂટ મધપૂડામાં શુમારે નવ હજાર છિદ્ર હોય છે... જાપાનમાં છોકરાંઓને બને હાથે લખતાં શીખવાય છે.

ગણિતગમ્મત: કોઈ પણ રકમ ધારો; તેને પાંચે ગુણો; પછી ત્રણ ઉમેરો; સરવાળાને બેએ ગુણો; ત્રણ ઉમેરો; જે આવે તેનો છેલ્લો નવડો કાઢી નાખશો તો બાકી ધારેલી સંખ્યા રહેશે.




આ ૧૫મી ઑગસ્ટથી અમલમાં આવતા, પ્રાદેશિક સૈન્ય માટેના બે ચન્દ્રકોની રાષ્ટ્રપ્રમુખે જાહેરાત કરી છે. જમણી તરફનો ચન્દ્રક વીસ વરસની સ્તુત્ય સેવા કરનાર કમિશન્ડ ઑફિસરને અને ડાબી તરફનો ચાંદ નાયબ કમિશન્ડ કે નૉન કમિશન્ડ ઑફિસરો કે ઓછામાં ઓછી બાર વરસની કાબેલ સેવા કરનારને મળશે. વચ્ચે પંચકોણ તારક ને કમળવેલવાળો ચંદ્રક રૂપાનો હોઈ તારક ઉપર સોનાનું રાષ્ટ્રચિહ્ન છે અને તેની પાછળ, વચ્ચોવચ કમળફૂલ તથા કળી-પાંદડીના સુશોભન ઉપર કમાનાકારે 'અચ્છી સેવાકે લિયે' એવા શબ્દો છે. મથાળાની રેશમની ફીતમાંની પાંચ પટ્ટી પૈકી વચલી મોટી કેસરી ને ચાર નાની બ્લુ રંગની છે. બીજા રૂપાના ચાંદમાં વચ્ચે રાષ્ટ્રચિહ્ન અને પાછળ 'અચ્છી સેવાકે લિયે' લખાણ છે.

છગન : રતનનો પગ કેમ કરતાં ભાંગ્યો ?
મગન: પેલા દાદરનાં પગથિયાં તેં જોયાં?
છગન : હા.
મગન : એ એણે નહોતાં જોયાં તેથી.



ફિનલૅન્ડના પાટનગર હેલસિંકીમાં આ મહીને જ્યાં ૧૫મી ઑલિમ્પિકમાં રમતગમતનો સમારંભ થયો તે ક્રીડાંગણનો ૨૩૫ ફીટ ઊંચો સ્ટૅડિયમ-ટાવર, જે આખા હેલસિંકીમાં ઊંચામાં ઊંચું સ્થાપત્ય છે. ૧૯૪૦માં બંધાએલા એ સ્ટૅડિયમમાં ૭૦,૦૦૦ પ્રેક્ષકોને સમાવવાની સગવડ છે, જેમણે ત્યાં એકઠા મળેલા ૭૧ દેશોના ૮૦૦૦ હરીફોની રમતો નિહાળી. આ પ્રસંગે હેલ્સિંકીએ એક નવું પગરણ કર્યું હતું. રમતોમાં ભાગ લેનાર દરેક દેશ પાસેથી રમતગમતોને લગતાં ત્રણ ચિત્રો, ત્રણ શિલ્પો તથા ત્રણ સ્થાપત્યોનાં આલેખનો મંગાવી તેનું પણ પ્રદર્શન ભર્યું હતું.

દુનિયાની ઝડપી લઘુલિપિ-લેખિકા સ્કૉચ કન્યા મેરિયન ઍન્ગસ એક મિનિટના ૩૧૫ શબ્દો લખી શકે છે; ને પાટિયા પર ચાક વડે ૧૪૦ શબ્દોની ઝડપે લખી શકે છે.



કલાકણિકા: ગુજરાતનાં ઘણાં જૂનાં ઘરોનાં ઓતરંગ આવાં હોય છે.

'કુમાર'ના વાચકોને સુપરિચિત આ સુશોભન અમદાવાદના એક ઘરના બારણાના ઓતરંગ (ઉપલા બારસાખ) ઉપરથી છે.

નવાં પુસ્તકો

નવજીવન કાર્યાલયનાં નવાં પુસ્તકો

સરદારવલ્લભભાઇને[બાપુના પત્રો-૨]:૮-૭-'૨૧થી૨૯-૧૨ '૪૭ દરમિયાનના લગભગ સાડી છવ્વીસ વર્ષોના લાંબા ગાળા વચ્ચે ગાંધીજીએ સરદારશ્રીને લખેલા પત્રો, જે આપણા એ કાળના રાજકીય જીવનની પશ્ચાદ્‌ભૂમિની ઝાંખી કરાવવા સાથે ગાંધીજી અને સરદાર વચ્ચેના સંબંધો કેવી રીતે વિકસતા ગયા તેનું સુંદર દર્શન કરાવે છે. સંપાદક: મણિબહેન પટેલ, ૩-૦-૦; **ગોસેવા :** આપણા રાષ્ટ્રહિતના એ એક મહત્ત્વના અંગ પરના ગાંધીજીના વિચારો ઉપરાંત અન્ય લેખકોનાં લખાણોના ઉમેરા સાથેની વધારેલી નવી આવૃત્તિ; ૧-૮-૦; **ધર્મોદય :** ધર્મ અંગેના આત્માનુભવો અને વિચારો; **જીવનનો આનંદ :** કલા અને કુદરતવિષયક એ કવિતામય ગદ્યલેખોની સુધારેલી-વધારેલી-ઘટાડેલી નવી આવૃત્તિ; બંનેના લેખક: કાકાસાહેબ કાલેલકર, કિંમત અનુક્રમે ૧-૪-૦ ને ૪-૦-૦; **हमारे अुस पारके पडोशी** : કાકાસાહેબે કરેલા અઢી માસના આફ્રિકાના પ્રવાસના તેમના ગુજરાતી પુસ્તકનો રામનારાયણ ચૌધરી કૃત હિંદી અનુવાદ; ૩ ૮ ૦.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયનાં નવાં પુસ્તકો

રંગ અને દીવા : ચંદુલાલ પટેલની બાવીસ વાર્તાઓનો સંગ્રહ, ૧-૮-૦; **અત્તરના દીવા :** વેણીભાઇ પુરોહિતની સત્તર વાર્તાઓ; ૧-૮-૦; **શ્રી કૃષ્ણ ચરિત્ર :** કવિ મૂળશંકર મૂલાણીનું વિખ્યાત ત્રિઅંકી નાટક, ૧-૮-૦; **ગદાધારી ભીમ :** 'ભીમનાં પરાક્રમો'નું અનુગામી પ્રકાશન; લેખક : માધવજી ગો. પટેલ, ૨-૮-૦; **મહાભારતની નીતિકથાઓ**નું બોધક સંપાદન, પ્રયોજક: **શંકરદત્ત** પા. શાસ્ત્રી, ૧-૮-૦; **સંત નઝીર**નાં કવિતોનું સાર્થ સંપાદન, કરનાર : અનવર આગેવાન, ૦-૮-૦; **ગિરિધર કવિરાય**ના નીતિવ્યવહારના ૮૩ કુંડળિયાનો સંગ્રહ,૦-૩-૦; **સંત દાદૂ** : પ્રેમ-મસ્તીના ભક્તશ્રેષ્ઠ એ કવિની કેટલીક પ્રસાદી, સંપાદક : અનવર આગેવાન, ૦-૪-૦; **ગંગામાતા :** ભારતની સંસ્કૃતિમાં ઊંચું સ્થાન ધરાવનાર એ લોકમાતાને લગતી **રસમય** હકીકતો અને તેને વિષેનાં સ્તોત્રોનું સંપાદન, કરનાર: જનાર્દન ના. પ્રભાસ્કર, ૦-૬-૦; સંવત ૨૦૦૯નું ગ્રહલાઘવીય શુદ્ધ **કાર્તિકી પંચાંગ** કર્તા : શાસ્ત્રી હિમ્મતરામ મહાશંકર જાની, ૦-૮-૦.

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડનાં નવાં પ્રકાશનો

સાગરનાં છીપાં : જુદાજુદા દેશોની શ્રેષ્ઠ ગણાએલી એકાંકી નાટકકૃતિઓ, લેખક : અશોક હર્ષ, ૩-૦-૦; **ઇલા કાવ્યો, રતન અને બીજાં બધાં** : ચંદ્રવદન ચી. મહેતાનાં, ભાઈ બહેનનાં નિર્મળ પ્રેમનાં હૃદયસ્પર્શી કાવ્યો, 'રતન'નું કથાકાવ્ય તથા એમના બીજાં કાવ્યોનું એકીકરણ, ૪-૦-૦; **કિમિયાગરો** પેટ માનવજીવનની કથિરતા દૂર કરવા મથતી ૧૮ વ્યક્તિવિશેષનાં કલમચિત્રો, ૨-૮-૦; **ઘેલો બબલ** દૈનિક 'હિંદુસ્તાન'માં હપતે હપતે છપાએલું માર્મિક નાટક, ૧-૮-૦, બંનેના લેખક : યશોધર ન. મહેતા; **પુણ્ય પરવાર્યું નથી** તેની પ્રતીતિ આપતી કેટલીક સત્ય ઘટનાઓ પરથી રચેલી પ્રેરક કથાઓ, લેખક : ગુલાબદાસ બ્રોકર, ૨-૮-૦; **કાશ્મીરની રાજકુમારી**ની સુંદર બાલવાર્તા, લેખક : 'દોસ્ત', ૧-૦-૦; **વીર બેની :** જોમ અને જોશભરી બોધક બાલવાર્તા, અને એવી જ મીઠી, દયા અને પ્રેમની ભાવનાભરી બાલવાર્તા **હઠીલો કુંવર :** બંનેના લેખક : જીવરામ જોષી, બંનેની કિંમત ૦-૧૨-૦; **ગદલ અને બાદલ :** સાહસ અને ખેલદિલી ભરેલા બિનજવાબદાર બાલપણના પ્રસંગો પરથી લખેલી વાર્તા, લેખક : વ્રજલાલ ત્રિવેદી, ૦-૧૦-૦.

બાલજીવન કાર્યાલય(બાજવાડા વડોદરા)નાં નવાં પ્રકાશનો

કરડકણી કૂતરી, લોભી લાલો, તીતરનું તરકટ અને જળદેવી: સરળ ભાષામાં સંપાદિત કરેલી બોધક વાર્તાઓ, સંપાદક: રમણલાલ ના. શાહ, દરેકના ૦–૧૦–૦; **મદાલસા ને ધર્મપુત્ર યુધિષ્ઠિર**: ધર્મનીતિ પુસ્તક માળાનાં બે પ્રકાશનો, લેખકો: અનુક્રમે રવિશંકર પાઠક અને સોમાભાઇ ભાવસાર, કિંમત અનુક્રમે ૦–૪–૦ અને ૦–૬–૦; **બહાદુર બાણાવળી**: સરળ અને પ્રેરણાદાયી છ બાલનાટકો, લેખક: ધનંજય ર. શાહ, ૦–૧૦–૦; **સાગરસમૃદ્ધિ**ની અવનવી માહિતીઓ આપતું સચિત્ર પ્રકાશન, ૦–૬–૦; **ઝાંસીની રાણી**ની ઐતિહાસિક કથા, ૦–૮–૦, બંનેના લેખક: મોહનલાલ જ. પાઠક; **રૂપારાણી**: બાલભોગ્ય વાર્તા, લેખક: રવિશંકર ના. પાઠક, ૦–૪–૦.

ઇતર પ્રકાશનો અને નવાં પાઠ્ય પુસ્તકો

દિ.બા.કૃષ્ણલાલ ઝવેરી લેખસંગ્રહ: ગુજરાતી તથા ફારસી ભાષા અને સાહિત્ય, ફારસી ઉર્દૂ અને ગુજરાતીના શબ્દભંડારની સિદ્ધિ ને ઈતિહાસ, તેમજ ગુજરાતના સર્વાંગી ઇતિહાસના કેટલાક પ્રદેશો પર પ્રકાશ પાડતા વિવિધ વિષયો પરના લેખોનું ભરપૂર સંપાદન, કરનાર: મંજુલાલ ર. મજમુદાર, પ્રકાશક: ફાર્બસ ગુજરાતી સભા, ૩૬૫ વિઠ્ઠલભાઈ પટેલ રસ્તો, મુંબાઈ-૪, ૬–૦–૦; **સોનેરી છાયા**: વિ. સ. ખાંડેકરની રૂપકકથાઓનો અનુવાદ, કરનાર: ગોપાળરાવ ગ. વિદ્વાંસ, ૪–૦–૦; **પુષ્પોની સૃષ્ટિમાં**: રમણલાલ વ. દેસાઇની પાંચ નવી નાટિકાઓ, બંનેના પ્રકાશક: આર. આર. શેઠની કંપની મુંબાઈ-૨; ∅ વાર્તામંજરી: માધ્યમિક શાળાઓના ઉપલા વર્ગોમાં ઇતર વાચન માટે ઉપયોગી ગુજરાતના અગ્રગણ્ય લેખકોની ટૂંકી વાર્તાઓનું સંપાદન, કરનાર: પુરુષોત્તમ છ. શાહ ને રમણભાઈ ઉમરવાડિયા, પ્રકાશક: એન.એમ. ત્રિપાઠી લિ., મુંબાઇ-૨, ૧–૧૨–૦; ∅ **સંયુક્ત રાષ્ટ્રસંસ્થા-સ્વરૂપ અને કાર્યપદ્ધતિ**ની માહિતી આપતું ટૉમ ગોલ્ટનું સચિત્ર પુસ્તક; **અમેરિકા**ની પિછાણ આપતું સ્ટીફન વિન્સેન્ટ બેનેટનું પુસ્તક તથા **અમેરિકાની વિદેશનીતિ** વિષે સંક્ષિપ્તમાં ચોખવટ કરતી પ્રોફે૦ ડ્યુમેને લખાવેલી પુસ્તિકા (કિંમત ૦–૪–૦), ત્રણેના પ્રકાશક: યુનાઈટેડ સ્ટેટ્સ ઇન્ફૉર્મેશન સર્વિસ; ∅ **बातचीत भाग २**: હિન્દી સંવાદમાં માર્ગદર્શક થઇ પડતી પુસ્તિકા, ૦–૪–૦; **हिन्दी पाठावली तीसरी किताब**: ૧–૮–૦ બંનેના લેખક તથા સંપાદક: ગિરિરાજ કિશોર તથા નાનુભાઇ બારોટ; **પાણી**: સામાન્ય લખી-વાંચી જાણનારને તથા પ્રાથમિક-માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને પણ સમજાય તેવી પાણી વિષે અવનવી માહિતી આપતી સરળ પુસ્તિકા, લેખક: બંસીધર હીરાલાલ ગાંધી, ૦–૧૪–૦, ત્રણેના પ્રકાશક: ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૯.